# બપ્પભટ્ટસૂરિ અને આમરાજા

ભાગ-૧

❖ લેખક ❖

મણિલાલ ન્યાલચંદ શાહ

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

# બપ્પભટ્ટસૂરિ અને
# આમરાજા

## ભાગ-૧

❖ લેખક ❖

મણિલાલ ન્યાલચંદ શાહ

❖ પૂર્વ પ્રકાશક ❖

શ્રી જૈન સંસ્તી વાંચનમાળા - ભાવનગર

❖ પુનઃ પ્રકાશક પ્રેરક ❖

દીક્ષા દાનેશ્વરી આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.

આ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.

❖ પુનઃ પ્રકાશક ❖

જિન ગુણ આરાધક ટ્રસ્ટ

પ્રતિ :- ૧૫૦ વિ.સં. ૨૦૭૪

## ॥ श्रुत भक्ति ॥

विक्रम संवत २०७१ ज्येष्ठ शुक्ला १३ दिनांक ३१-०५-२०१५, रविवार के दिन अहमदाबाद (राजनगर) में दिल्ली के उद्योगपति मंडार निवासी संघवी भंवरलालजी रुगनाथमलजी दोशी, की ऐतिहासिक दीक्षा का आयोजन अहमदाबाद एज्युकेशनल ग्राउंड में निर्मित विशाल संयम जहाज में हुआ। इस प्रसंग पर ४१ आचार्य भगवंत, १५०० से अधिक साधु-साध्वीजी भगवंत तथा १ लाख से अधिक श्रावक-श्राविकाओं की उपस्थिति थी। नूतन दीक्षित मुनि **श्री भव्यरत्न विजयजी म.सा.** प.पू. त्रिशताधिक दीक्षा दानेश्वरी आचार्य भगवंत **श्रीमद् विजय गुणरत्नसूरीश्वरजी म.सा.** के १०८ वे शिष्य घोषित किये गये।

**प.पू.आ. श्री गुणरत्नसूरीश्वरजी म.सा.** की प्रेरणा से दीक्षा के ज्ञान खाते की उपज में से इस ग्रंथ का मुद्रण का लाभ संघवी रुगनाथमलजी समरथमलजी दोशी रिलिजियस ट्रस्ट की ओर से लिया गया। खूब खूब हार्दिक अनुमोदना...

- यह ग्रंथ ज्ञानखाते की रकम में से छपा हुआ है। अतः कोई भी गृहस्थ इसकी मालिकी न करें।
- साधु-साध्वीजी भगवंत तथा ज्ञानभंडार को सप्रेम भेट दिया जाता है।

# પ્રસ્તાવના.

વર્ત્તમાન સમયમાં જૈનોનું પ્રધાન કર્ત્તવ્ય દ્રવ્ય ઉપાર્જન કરવામાં રોકાયલું હોવાથી પોતાનું પ્રાચીન ગૌરવ ભૂલી ગયા છે. તેથી દ્રવ્ય વગરની બીજી બાબતો ગમે તેવી ઉપયોગી હોય છતાં એના તરફ એમનું લક્ષ્ય ઓછું રહે, એ સ્વાભાવિક છે. તો પછી પોતે કોણ છે? પોતાનું શું કર્ત્તવ્ય છે? પૂર્વજો કોણ હતા? ધર્મ વસ્તુની મર્યાદા કેવી હશે? વગેરે હકીકતો તેમની જાણ બહાર હોય એ અવશ્ય બનવાજોગ છે. એવી પ્રાચીન પોતાને અતિ ઉપયોગી ધર્મ સંબંધી, ઇતિહાસ સંબંધી, તેમજ અહિંસાદિક તત્વો સંબંધી વસ્તુની પરિસ્થિતિથી જાણીતા કરવા એ આ વાંચનમાળાનો મુળ ઉદ્દેશ છે. પ્રાચિન શુદ્ધ અને સર્વોત્તમ ભાવનાઓનું અપૂર્વ ચિત્રપટ આજના યુગના મનુષ્યોના હૃદયપટ ઉપર આળેખવાનો છે.

જૈન સમાજમાં લુપ્તપ્રાયઃ થયેલી પૂર્વની અનુપમ–અદ્વિતીય ધર્મભાવનાઓ, આર્યત્વના ઉંચ્ચ સંસ્કારો અને જીવનના ઉચ્ચ આદર્શો પ્રગટાવી માર્ગભૂલેલા પથિકજનોને સીધે માર્ગે લઇ જઇ પોતે કોણ છે? પોતાના પૂર્વજો કોણ હતા? એ વસ્તુ સ્થિતિ ઓળખાવવાનો અમારો ઉદ્દેશ છે, એ ઉદ્દેશ પાર પાડવા માટે સમાજમાં ઐતિહાસિક વાંચનનો શોખ વધે, દરેક વ્યક્તિ સાહિત્યપ્રેમી બને, પ્રાચીન આર્યસંસ્કૃતિ જાણવાને પ્રજા જીજ્ઞાસુ બને એવી અમારી મનોભાવના સર્વાંશે પાર પડે, તોજ અમારી મહેનત સફલ થઇ કહેવાય. અને એટલાજ માટે એક વધુ

ઐતિહાસિક સાહિત્ય અમારા કદરદાન સમાજની સેવામાં અમે રજુ કરવા ભાગ્યશાળી થયા છીએ.

પ્રસ્તુત નવલકથા એ વિક્રમની નવમી સદીનો ઇતિહાસ છે. વિક્રમની આઠમી સદીના મધ્યકાળ પછી ગુજરાતની ભૂમિ ઉપર અંધકારનું વાદળ છવાયું હતું. એ અંધકારના વાદળને ભેદીને સૂર્ય જેમ બહાર નીકળે તેમ નવમી સદીની શરૂઆતમાંથીજ ગુજરાતમાં શાંતિનું સામ્રાજ્ય જામ્યું હતું. આ ઇતિહાસ પણ તેજ સમયનો છે. એમાં મુખ્ય પાત્ર બપ્પભટ્ટજી અને આમરાજા અગત્યનો પાઠ ભજવી રહ્યા છે. પુસ્તક મોટું થવાથી એને બે ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યું છે. બંને ભાગો નવલકથાની શૈલીથી રસમય ભાવનાપૂર્વક આળેખાયા છે. જે પ્રથમ ભાગ વાચકવર્ગના હાથમાં આવતાંજ બીજા ભાગની કેટલી આતુરતા રહે છે તેનો વાચક પોતેજ ખ્યાલ કરી શકશે.

આ નવલ કથામાં તે જમાનાનું તાદશ્ય ચિત્ર આળેખવાનો પ્રયત્ન થયેલો છે. બપ્પભટ્ટીજીનું બાળતેજ, આઠ વર્ષની વયે એમની દીક્ષા, આમકુમાર સાથે થયેલો મેળાપ, આમકુમારનું મોઢેરા ગામમાં આગમન, ઇતિહાસ પ્રસિદ્ધ મોઢેરા, સિદ્ધસેનસૂરિની વિદ્વત્તા, બપ્પભટજીની અપૂર્વ શક્તિ, સરસ્વતીદેવીનું વરદાન, આમકુમારે કનોજ દેશની ગાદી મેળવ્યા પછી બપ્પભટજીનું કરેલું સન્માન; તેમજ એમને પોતાના રાજગુરૂ તરીકે સ્થાપવા વિગેરે અનેક પ્રસંગો વાચકવર્ગની દ્રષ્ટિ સન્મુખ ખડા થશે. તે સિવાય બીજા પણ અનેક પ્રસંગો પ્રાપ્ત થશે.

એક તરફ બૌદ્ધોની પોતાના ધર્મ માટે થતી પ્રગતિ, બીજી બાજુ

કુમારિલભટ્ટ અને શંકરાચાર્યના પ્રયત્નો, શંકરાચાર્યની રાક્ષસી ભયંકર મહત્વાકાંક્ષા, અન્યધર્મોનાં એમણે કરેલાં ખંડન, એ શંકરાચાર્યની ઉત્પત્તિ વગેરે સર્વ હકીકતો ઇતિહાસિક સત્ય સાચવવાની કાળજી રાખીને આળેખવામાં આવી છે, એકબીજાના ધર્મો સાથે ચાલતી હરીફાઇ તમે આ પુસ્તકમાંજ જોઇ શકશો એવું આ અપૂર્વ સાહિત્ય અનેક પુસ્તકોના સંશોધનનું અને અતિ પ્રયાસનું ફળ છે.

શંકરાચાર્યનું વૃત્તાંત અમે અજ્ઞાનતિમિર ભાસ્કર, જૈન તત્વાદર્શ અને તત્વનિર્ણય પ્રાસાદમાંથી લીધેલું છે. શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરની અગાધ વિદ્વત્તા અને ઐતિહાસિક સંશોધનના ફલરૂપે આ ગ્રંથો છે. જેમના નામથી સકલ જૈન પ્રજા તો શું બલ્કે જૈનેતર પ્રજાપણ વાકેફગાર છે. એ મહાપુરૂષે શંકરાચાર્યનું જીવન ચરિત્ર ટુંકમાં ઇતિહાસથી સંશોધન કરીને પોતાના ગ્રંથમાં સત્ય રીતે પ્રગટ કરેલું છે. બાકી તો શંકરાચાર્યના શિષ્ય આનંદગિરિ વગેરેએ શંકરાચાર્યના જીવન ચરિત્રો કેટલી સત્ય હકીકતોને છુપાવીને આપેલાં છે જે વાંચવાથી તુલના થઇ શકે.

તે સિવાય જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીકૃત જૈનધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિમાં પણ શંકરાચાર્ય સંબંધી થોડોક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ સર્વના આધારરૂપે આ શંકરાચાર્યનું ચરિત્ર અમે લખવાનો આ પુસ્તકમાં પ્રયાસ કર્યો છે. સિવાય બીજી કલ્પના એમના જીવન માટે અમારાથી તો નજ કરી શકાય.

જો કે જૈનેતર લેખકોએ તદ્દન અસત્ય કલ્પનાઓ ઉભી કરીને જૈન

પાત્રોને કલંકિત કરવામાં ઉણપ રાખી નથી. પોતાની શક્તિ, વિદ્વત્તા એમણે જૈનપાત્રોને, જૈનધર્મને, અન્યાય આપવામાંજ વાપરી છે, એવી કલ્પનાઓ જો અમે કરવા ધારીયે તો કરી શકીયે, પણ એમની અસત્ય કલ્પનાઓ એમને જ મુબારક હો ! ફકત ઐતિહાસિક સત્ય વસ્તુ બતાવવી એજ અમારો ઉદ્દેશ છે અને અનુકુળ સમયે અમારી એ ભાવનાઓ જગતના ચોકમાં રજુ થશે.

જૈન સમાજ દ્રવ્યપ્રધાન હોવાથી સાહિત્યમાં ઓછો ભાગ લે છે એનુંજ આ પરિણામ છે, જેથી જૈનેતર લેખકોને જૈનપાત્રોને નિંદવાની તક મળે છે. માટે જૈન સમાજની દરેક વ્યક્તિ સાહિત્યના ક્ષેત્રમાં કેવીરીતે આગળ વધી શકે, ઇતિહાસનો શોખ શી રીતે વધે, એવી ભાવનાઓ જાગ્રત કરવાનો અમારો પ્રયાસ છે. અમારી આ ઉચ્ચભાવના દરેક જૈનબન્ધુના હૈયામાં સુવર્ણ અક્ષરે કોતરાય અને ભૂતકાળમાં એ ચડતી પડતીનાં દ્રશ્યો એમની આગળ સૂક્ષ્મસ્વરૂપે પ્રત્યક્ષ થઇ એમનાં વિવેક ચક્ષુ ખોલે એજ અમારી આંતર ભાવના છે.

ઐતિહાસિક વસ્તુસ્થિતિ જાણવાને જેમનાં હૃદય આતુર હોય એવા ધર્માભિમાની જૈનોને તો આવાં પુસ્તકો અવશ્ય ઉપયોગી થાયજ બલ્કે એની ઉપયોગિતા આબાલવૃદ્ધ પર્યંત દરેક જૈન કુટુંબમાં થાય અને એમનાં જીવન ઉચ્ચ આદર્શમય બને તોજ અમારો ઉદ્દેશ–પરિશ્રમ સફલ થયો કહેવાય. તેમજ તેઓ પણ સત્યાસત્યનો ભેદ સમજી પોતાની દૃષ્ટિ વિશાળ કરીને એક સાચા જૈન બને !

આ પ્રથમ ભાગ કરતા બીજો ભાગ અધિક રસપૂર્વક આળેખાશે.

જે ગ્રાહકોને તેમજ અન્ય સર્વ કોઇને આવતી સાલમાં આપવામાં આવશે જેમાં આ નવલકથા સમાપ્ત કરવામાં આવશે.

શાસનમાં એકજ પ્રભાવશાલી પુરૂષ ઉત્પન્ન થાય છે, તે કેટલું બધું કાર્ય કરી ઉપકાર કરી જાય છે અને એના જવાથી સમાજ કેટલી નિઃ-સ્તેજ બને છે એ ખાસ ધ્યાન રાખવાનું છે. પ્રભાવક ચરિત્ર, ચતુર્વિંશતિ પ્રબંધ, પરિશિષ્ઠ પર્વ, જૈન ઇતિહાસ, જૈન પ્રાચિન ઇતિહાસ, વગેરે અનેક પુસ્તકોના દોહનરૂપે આ નવલકથા અમે જૈન સમાજ આગળ રજુ કરીયે છીએ. એટલાજ હર્ષથી, ઉમંગથી સમાજ એનો લાભ લેશે એજ અમારી મનોભાવના ? બાકી તો એવા પ્રભાવિક પુરૂષોના સંપૂર્ણ ગુણોનું વર્ણન કરવાને તો આજે કોણ શકિતવાન છે ? આ તો અમારો અલ્પ પ્રયાસ છે. એજ વિનંતિ.

લેખક.

# વિષયાનુક્રમણિકા.


| નંબર. | | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| પ્રકરણ | ૧ લું | રાજકુમાર ... ... ... | ૧ |
| ,, | ૨ જું | મોઢેરાગામમાં ... ... ... | ૭ |
| ,, | ૩ જું | સિદ્ધસેનસૂરિ ... ... ... | ૧૪ |
| ,, | ૪ થું | ભૂતકાળનાંસ્મરણો... ... ... | ૨૧ |
| ,, | ૫ મું | પિતા અને પુત્રી ... ... ... | ૨૮ |
| ,, | ૬ ઠ્ઠું | ઇતિહાસ પરિચય ... ... ... | ૩૭ |
| ,, | ૭ મું | કનોજરાજ યશોવર્મા ... ... | ૪૫ |
| ,, | ૮ મું | કમલા ... ... ... | ૫૨ |
| ,, | ૯ મું | વિધિનું વિધાન ... ... ... | ૬૩ |
| ,, | ૧૦મું | પૂર્વ પરિચય ... ... ... | ૭૪ |
| ,, | ૧૧મું | જૈન ઇતિહાસની સાંકળ ... ... | ૮૩ |
| ,, | ૧૨મું | બાળ તેજ ... ... ... | ૯૨ |
| ,, | ૧૩મું | કસોટી ... ... ... | ૧૦૧ |
| ,, | ૧૪મું | દીક્ષા... ... ... ... | ૧૦૮ |
| ,, | ૧૫મું | ભદ્રકીર્ત્તિ ... ... ... | ૧૧૮ |
| ,, | ૧૬મું | રાજ્યાભિષેક ... ... ... | ૧૨૩ |
| ,, | ૧૭મું | રાજમાન ... ... ... | ૧૩૩ |
| ,, | ૧૮મું | કુમારિલભટ્ટ ... ... ... | ૧૪૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ,, | ૧૯મું | બપ્પભટ્ટસૂરિ | ... | ... | ...૧૪૯ |
| ,, | ૨૦મું | વર્ધન કુંજર | ... | ... | ...૧૫૬ |
| ,, | ૨૧મું | કમનશીબ વિશિષ્ટા | | ... | ...૧૬૨ |
| ,, | ૨૨મું | શાંકરનો જન્મ | ... | ... | ...૧૭૨ |
| ,, | ૨૩મું | કનોજમાં | ... | ... | ...૧૮૨ |
| ,, | ૨૪મું | વિનોદમાં વિક્ષેપ | ... | ... | ...૧૮૯ |
| ,, | ૨૫મું | પશ્ચાત્તાપ | ... | ... | ...૧૯૭ |
| ,, | ૨૬મું | આમંત્રણ | ... | ... | ...૨૦૫ |
| ,, | ૨૭મું | ગોદાવરીના તીરે | ... | ... | ...૨૧૨ |
| ,, | ૨૮મું | લક્ષણાવતીમાં | ... | ... | ...૨૧૮ |
| ,, | ૨૮મું | ગુરૂ વિયોગ | ... | ... | ...૨૨૫ |
| ,, | ૨૯મું | સ્વધર્મનેમાટે | ... | ... | ...૨૩૨ |
| ,, | ૩૦મું | પાપનું પ્રાયશ્ચિત્ત | ... | ... | ...૨૩૯ |
| ,, | ૩૧મું | પુષ્પધન્વાનું અનુકુળ આમંત્રણ... | | | ૨૫૧ થી ૨૫૮ |

ॐ ह्रीँ श्रीँ पार्श्वनाथाय नमः

# બપ્પભટ્ટસૂરિ

અને

# આમરાજા.

## પ્રકરણ ૧ લું.

### રાજકુમાર.

વિક્રમ સંવત્‌ના નવમા સૈકાની શરૂઆતમાં એટલે લગભગ સંવત્ ૮૦૭ માં આ ઐતિહાસિક નવલકથા શરૂ થાય છે.

"કુદરતે પોતાનું મનોહર સાંદર્ય સૃષ્ટિની સપાટી ઉપર કેવું બિછાવી દીધું. મારા ઉદાસ થયેલા દિલને પણ આ સુરમ્ય દેખાવ કેવો આહ્લાદજનક થયો. અત્યારનાં શાંતિ,

ધીરજ અને સંતોષ ખચીત ક્યારે પણ ન અનુભવેલાં, સુખ, શાંતિ અને સગવડતાનાં રાજમહેલમાં અખુટ સાધનો છતાં પણ આવો કુદરતી આનંદ તો ત્યાં પણ નહીં મળેલો. વિધિ જે કરે છે તે સારૂં જ કરે છે. હાલમાં થોડા દિવસ આ ગામમાં રહીને આગળ ચાલશું."

એક ઉગતી વયના તરૂણના એ ઉદ્ગાર હતા. વર્ષાંરૂતુનો સમય હોવાથી આકાશ વાદળાંઓવડે ઘેરાયેલ હતું. તરતનોજ વરસાદ પડેલો હોવાથી પૃથ્વી જળમય થયેલી જણાતી હતી. વનસ્પતિઓની કુદરતી શોભા અને તરૂવરોની મંદ મંદ ડોલતી નાની મોટી લતાઓ આનંદજનક થતી. મધ્યાન્હ સમય છતાં સૂર્ય વાદળના પડલમાં ગુપ્ત પ્રવાસ કરતો હોવાથી તે પ્રાત:કાળનું જ ભાન કરાવતો હતો. શહેરની બહારના એક જીર્ણ ઉદ્યાન નજીકના એક દેવાલય આગળ પડેલી પત્થરની શિલા ઉપર એક બાળ તરૂણ પુરૂષ કુદરતનું સૌંદર્ય જોતો પોતાના દુ:ખને પણ ભૂલી જઇ ઉપર પ્રમાણે વિચાર કરતો હતો.

તરૂણ તે કોઇ પરદેશી જેવો જણાતો હતો. સામાન્ય ક્ષત્રીય વેશ અને પોતે એકાકી છતાં તેની આકૃતિ ભવ્ય અને ખાનદાન હતી. એનું વિશાળ લલાટ અને સુંદર વદન ઉપર દીપતું તેજ એ એની ખાનદાની જણાવવાને પુરતાં હતાં. એના શરીરનો મજબુત બાંધો એની શુરવીરતાની સાક્ષીભૂત હતો. તે એક ઉચ્ચ ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થયેલો નબીરો હતો.

પ્રવાસી મુસાફરીના દુ:ખથી કંટાળેલો જણાતો, થાકીને

તે મોટા વૃક્ષનું અવલંબન લઇને આ શિલા ઉપર બેઠેલો. એટલામાં વર્ષાએ જગત ઉપર પોતાની સત્તા અજમાવી, જેથી તેનું ચિત્ત ક્ષણવાર પ્રસન્ન થયેલું, પરન્તુ વર્ષા બંધ થયા પછી વળી વિચાર સ્ફુર્યો. “ હવે કયાં જવું ? આ ગામમાં આપણું કોઇ ઓળખીતું નથી. પાસે ખરચી પણ નથી તો ખાવું પણ શું ? ” ક્ષુધા તો કકડીને લાગેલી, પરન્તુ વર્ષાએ જગત ઉપર અપૂર્વ ઠંડક જમાવેલી, તેની અસર પ્રવાસીને પણ થઇ હોવાથી શાંતિ હતી. છતાં થોડીવાર પછી “પણ કાંઇ ખાવું તો જોઇએને ? હશે એક વખત ગામમાં તો જવા દે. પછી થઇ પડશે. ” વળી પ્રવાસીના વિચાર પ્રવાહનો વેગ સ્ખલિત થયો. ચંચળ મન ક્ષણમાં એને અન્ય વિષયમાં ખેંચી ગયું. જેવો તે શૂરવીર હતો એવો જ પોતે કવિ હતો. પ્રસંગને અનુસરીને ખાટી મીઠી કવિતાઓ પણ રચી નાખતો. એની શ્લોક રચવાની શક્તિ સારી હતી. પોતે જ્યારે વતનમાં હતો, ત્યારે પોતાની કવિત્વશક્તિનું ઠીક પોષણ કરતો. બધા લોકો એનાં કવિત્વને મુક્તકંઠે વખાણુતા હોવાથી એને ઉત્તેજન મળતું. આજ કેટલોક સમય થયાં વતનનો ત્યાગ કરેલો હોવાથી એ શક્તિ મંદ પડેલી છતાં અત્યારે એ સતેજ થઇ અને વર્ષાૠતુને અનુસરીને બે ચાર કાવ્ય રચી કાઢયાં. અફસોસ આજે એને વખાણનાર તેની પાસે કોઇ નહોતું.

છેવટે વર્ષા બંધ પડેલી હોવાથી પ્રવાસી વિચારમાંથી જાગૃત થઇ શહેરભણી જવાને ઉઠયો કે તરત જ એક વ્યક્તિ ઉપર એની નજર પડી. હજી તો મુચ્છનો દોરો ઉગવાને

પણ વાર હતી, છતાં એ વ્યક્તિનો પહેરવેશ ભિન્ન પ્રકારનો જોઇને પ્રવાસી ચમકયો. બાળક છતાં એનો પ્રભાવ, એ તેજ, એ સૌંદર્ય અનુપમ હતાં. પરદેશીને તરત જ એ વ્યક્તિ–એ ત્યાગની મૂર્ત્તિ તરફ પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થઈ. બે હાથ જોડી નમ્યો અને પૂછયું.

" આપ કોણ છો ? "

" એક સંસારત્યાગી, વૈરાગી સાધુ છું." વ્યક્તિએ કહ્યું.

એ નવિન આગંતુક વ્યક્તિનાં અણમોલ વચન સાંભળીને મુસાફર ચમકયો. " આપ અહીંના રહેવાસી છો ? "

મુસાફરના શબ્દો સાંભળીને તે વ્યક્તિ હસી. " મહાનુભાવ ! અમારે સાધુને વળી ઘરબાર શાં ? આજ અહીયાં તો કાલ વળી બીજે ઠેકાણે. "

" એમ........ શું ત્યારે તમે આવી બાલ્યાવસ્થામાં સંસારનો ત્યાગ કર્યો છે ? ખાવું, પીવુ, રમવું, ખેલવું છોડીને તમે સંન્યાસ ગ્રહણ કર્યો છે ? હજી તો તમે બાળક છો. ક્યા દુઃખે આ માર્ગ તમે ગ્રહણ કર્યો ? " પ્રવાસી બોલ્યો.

" ક્યા દુઃખે ? " બાલ્યાવસ્થા હજી તો જેમની પસાર થાય છે, એવા એ મુનિ બોલ્યા. એમના શબ્દોમાં કર્કશતા હતી. " ક્યા સુખે તમે પરદેશમાં ભ્રમણ કરી રહ્યા છો ? સંસારના ક્યા વિષયમાં તમે સુખ માનો છો ? "

તરૂણ સાધુનાં વચન સાંભળીને મુસાફર ચકિત થયો. આ વાતમાં એને રસ પડવા માંડયો. આ રસના સ્વાદમાં

પોતાનું દુઃખ પણ એ વિસરી ગયો. "ગાડીઘોડામાં ફરવું, મહેલમાં રહેવું, અનેક પ્રકારના ભોજન જમવાં, પ્રિયાની સાથે વિનોદ કરવો, મિત્રોની સાથે ગોષ્ટિ કરવી, માણસો ઉપર હકુમત–સત્તા ચલાવવી, મનગમતાં વસ્ત્રાભૂષણ સજવાં, વગેરે અનેક પ્રકારની સુખની સામગ્રી જગતમાં દૃષ્ટિગોચર નથી થતી શું ?"

"તો પછી તમે શા માટે છોડી ?" બાલસાધુનાં અણધાર્યાં વચન સાંભળી પ્રવાસી ચમક્યો. શું જવાબ આપવો એ માટે ક્ષણભર મુંઝાયો. એ બાલમુનિ ફરીને બોલ્યો.

"એ બધી વસ્તુઓ ક્ષણભર સુખને આપનારી છે. એ ભોગવવામાં એના ઉંડાણમાં કેટલું દુઃખ રહેલું છે. એ તમને ક્યાંથી સમજાય ? જે પ્રાણીઓમાં વાસનાઓ રહેલી હોય એને આવી ઇચ્છાઓ થાય જ ! ત્યાગીઓને આવી વાસનાં–ઇચ્છા હોતી જ નથી. વાસના એજ દુઃખમય સંસાર છે."

"આપનું કથન કદાચ સત્ય હશે, પણ મારા જેવા મનુષ્યને ન સમજાય એ બનવા જોગ છે." પ્રવાસીએ જેમતેમ કરીને પતાવ્યું.

"તમે આ ગામમાં નવા આવેલા છો કેમ ખરૂં ને ? બીજી વાતોમાં મુદ્દાની વાત પૂછવી તો હું ભૂલી જ ગયો. તમારી કાવ્ય શક્તિએ મારૂં ધ્યાન ખેંચ્યું. તમે કોણ છો, એ જાણુવા મન લલચાયું."

"આપે કહ્યું તેમજ છે. દેશપરદેશમાં ભ્રમણ કરતો અનેક કુતૂહલને જોતાં હું હમણાંજ આ શહેરમાં આવ્યો છું.

ગામમાં જવાનો વિચાર કરૂં છું. આ ગામનું નામ શું છે વારૂ ? ”

“ મોઢેરા ? ” મુનિએ કહ્યું.

“ એમ ? મોઢેરા નામ શા ઉપરથી પડયું હશે વારૂ ? ”

“ મોઢ લોકોનાં ઘર અહીયાં વિશેષ હોવાથી અથવા તો એમણે વસાવેલું હશે એથી એવું નામ પડયું હોય તો બનવા જોગ છે. ”

“ સૂર્યનું પ્રખ્યાત મંદિર વખણાય છે તે આજ **મોઢેરા** કે ? ”

“ હા ! અહીંયાં સૂર્યનું વિશાળ મંદિર છે. મોઢેરા અને ઝીંઝુવાડામાં સૂર્યમંદિર પ્રખ્યાત કહેવાય છે. એ તો ઠીક પણ અહીં તમે કયાં ઉતરવાના છો ? ”

“ આ ગામમાં હું કોઇને ઓળખતો નથી. તેમ મારૂં સ્નેહી સંબંધી જન પણ અહીયાં કોઇ નથી. તેથી કયાં ઉતરવું એ નક્કી નથી. જતાં જતાં જ્યાં જવાય ત્યાં ખરૂં ? ”

“ ઠીક છે ત્યારે મારી સાથે આવશો ? ”

“ તમે મને કયાં લઇ જશો ? તમે તો ઘરબાર વગરના ત્યાગી છો ? ”

પ્રવાસીનાં વચન સાંભળીને બાલ સાધુ મૃદુ હસ્યા.” મારા ગુરૂ પાસે. ” તેમણે પ્રવાસીને જવાબ આપ્યો.

“ આપના ગુરૂનાં દર્શન કરવાથી મારો આત્મા પણ પવિત્ર થશે. ”

" બરાબર છે ? દેવગુરૂના દર્શનથી પાપનો નાશ થાય. વાંછિત પરિપૂર્ણ થાય. " મુનિએ અનુમોદન આપ્યું.

લગભગ બન્ને સમવયસ્ક હોવાથી મૈત્રી ભાવના હમેશાં સરખે સરખામાંજ થાય છે. પૂર્વનો રૂણાનુબંધ-સંસ્કાર એમાં પ્રેરણા કરે છે. સાધુ ત્યાગી હતા છતાં આ પ્રવાસીની કાવ્ય શકિતથી એને કવિ તેમજ પ્રભાવવંત પુરૂષ ધારી એની સાથે વાતચિત કરી એને પોતાના ગુરૂની પાસે લીધો.

સાધુ તે નવદીક્ષિત ભદ્રકીર્ત્તિ—બપ્પભટ્ટ હતા. ગુરૂની આજ્ઞા મેલવી બપ્પભટ્ટ મુનિ બહાર સ્થંડિલ-વડીનીતિ માટે આવ્યા હતા. ધોધમાર વરસાદ પડવાથી મુનિ આ દેવમંદિરમાં થોભ્યા. જો કે એમની ઉમ્મર નાની હતી, છતાં ત્યાગ સ્થિરતા, ગંભીરતા, વિદ્વત્તા અદ્ભુત હતાં. પ્રવાસીની કવિત્વ શકિતએ એમનું ધ્યાન ખેંચાવાથી એમનું ચિત્ત આકર્ષાયું અને એમની મૈત્રીની શરૂઆત થઈ.

ત્યાંથી બન્ને વાતો કરતા ગામમાં ચાલ્યા ગયા.

# પ્રકરણ ૨ જું.

## મોઢેરા ગામમાં.

બપ્પભટ્ટ મુનિ પ્રવાસીની સાથે ઉપાશ્રયમાં આવી ગુરૂને નમ્યા. પ્રવાસીએ પણ સૂરિને વંદન કર્યું. ગુરૂએ એક તીક્ષ્ણ નજર આ અજાણ્યા મુસાફર ઉપર નાખી. તેમણે

જોયું કે આ પરદેશી કોઇ સામાન્ય મનુષ્ય નથી. જાણે કોઇ દિવસ એ વદન દૃષ્ટિગોચર થયું હોય એમ હૈયું સાક્ષી પુરતું. ત્યારે એ કોણ હશે ! એ જાણવાને જિજ્ઞાસા વધી. પ્રવાસી પણ બે હાથ જોડી ગુરૂની સન્મુખ ઉભેલો હતો. જો કે તેનાં ક્ષત્રીયને ચોગ્ય વસ્ત્રો સામાન્ય અને મલીન હતાં, એ બાલ વદન ઉપર ચિંતાની છાયા છવાયેલી છતાં એનું પુણ્ય તેજ, સુંદર શરીર અસાધારણ હતાં. એને જોઇને ગુરૂ મહારાજનું ચિત્ત પણ ઠર્યું. “ વાહ ! બપ્પભટ્ટ ! મિત્ર તો સારો શોધી લાવ્યો ? ” ગુરૂ શિષ્ય બપ્પભટ્ટને ઉદ્દેશીને બોલ્યા અને હસ્યા. “ કોણ છે આ ? ”

“ મેં એમને પૂર્ણ રીતે ઓળખ્યા નથી. જીર્ણ ઉદ્યાનની નજીક દેવમંદિર પાસે શિલા ઉપર શોકમગ્ન હૃદયને કાવ્યશકિતથી આનંદ આપતા હતા. ત્યાં મારૂં ચિત્ત ખેંચાતાં આપના દર્શને હું એમને તેડી લાવ્યો. કહે છે કે દૂર દેશથી મારૂં આવવું થયું છે ? ” બપ્પભટ્ટ મુનિએ જણાવ્યું.

“ એમ ? વત્સ! બેસ ! બેસ! તું કયાંથી આવે છે? ” ગુરૂએ આશ્વાસન આપતાં પૂછયું.

કાન્યકુબ્જથી–કનોજથી. ” તરૂણે કહ્યું.

કનોજનું નામ સાંભળીને ગુરૂમહારાજ સાવધ થયા. ખોપરીમાં છુપાયેલી પૂરાણી સ્મૃતિને યાદ કરતા હોય એમ કંઇક સાંભળવા લાગ્યા. ” કનોજમાં તું કોનો પુત્ર ? ”

“ મગધદેશની રાજ્યધાની પાટલીપુત્ર નગરમાં નવમા-

નંદને જીતીને મૌર્યવંશીય મહાપ્રતાપી ચંદ્રગુપ્ત ભારતેશ્વર થયા. તેમના વંશજો કનોજ ઉપર પણ અધિકાર ચલાવવા સુબા તરીકે આવતા, એ વંશમાં થયેલા એક શ્રેષ્ઠ પુરૂષે મગધની ગાદી નબળી પડતાં કનોજમાં પોતાની ગાદી સ્થાપી. આજે એ વંશમાં થયેલા યશોવર્મા નૃપતિ રાજ્ય કરે છે. તેજ મારા પિતા ! ને માતાનું નામ સુયશા ! " એટલું બોલીને તરૂણ અટકયો.

ગુરૂને કંઈક યાદ આવ્યું હોય તેમ નિશ્ચયપૂર્વક બોલ્યા. અને તારૂં નામ ? "

" મારૂં નામ ? " એમ કહીને ચાક વડે જમીન ઉપર બે અક્ષરો લખીને બતાવ્યા.

" આમ કુમાર ? "

" હા ! ભગવન્ ! "

આ તરૂણ યુવક તે કનોજના યશોવર્મા રાજાનો કુમાર હતો. હવે ગુરૂને પણ યાદ આવ્યું કે આ સુંદર વદન પહેલાં પોતે જોયું હતું, પણ રાજપુત્ર છતાં આવી તરૂણ અવસ્થામાં એકાકી કેમ ભટકતો હશે, રાજમહેલનાં સુખ, સૌભાગ્ય અને વૈભવો છોડી પરદેશમાં રખડવાની એની શી મતલબ હશે? " રાજકુમાર ! તું આવા વિશાળ રાજ્યનો વારસ છતાં પરદેશમાં શા માટે ભટકે છે ? શું પિતા પુત્ર વચ્ચે કાંઇ ખટપટ ઉભી થવાથી તારે આમ એકાકી રખડવું પડે છે ? કે ખાસ બીજું કાંઇ કારણ છે. " ગુરૂએ આવી રીતે એકાકી ફરવાનું તેની પાસેથી કારણ જાણવા માગ્યું.

" કારણ તો ખરૂંજ ને ! કારણ વગર તે કોઇ કાર્ય થયાં છે, ભગવન્ ! " આમ બોલતાં બોલતાં કુમારે હસી દીધું.

" વત્સ ! તને કાંઈ અડચણ ન હોય તો અમને કહે, શા માટે તેં વ્હાલું વતન અને માતાપિતાને તજી દીધાં "

" ભગવન્ ! બાલ્યાવસ્થા ઓળંગીને હું જેમ જેમ તારૂણ્યમાં આવતો ગયો, તેમ મારા હાથે લક્ષ્મીનો વ્યય અધિક થવા લાગ્યો. સુખ સગવડમાં, મોજશોખમાં લખખુટ ખર્ચ કરતો જોઈ પિતા મારી ઉપર નારાજ થયા. દુર્જનોએ એમના કાનમાં વિષ રેડવું શરૂ કર્યું કે–" રાજકુમારે છુટે હાથે ખર્ચ કરવા માંડયું હોવાથી મહારાજ ! તીજોરીનું તળીયું હવે દેખાવા લાગ્યું છે. માટે આપ રાજકુમારને રીતે અટકાવો ! " વારંવારના દુર્જન પુરૂષોના કથનથી પિતાએ એક વખતે ખાનગીમાં બોલાવીને મને શિખામણ આપવા માંડી. " આમકુમાર શ્વાસ લેવા થોભ્યો.

"અને એ શિખામણ તને પરદેશ ગમનમાં નિમિત્તરૂપ થઈ ખરૂં કે ? " ગુરૂએ કહ્યું.

" હા ! ભગવન્ ! એમજ છે. પિતાજીએ મને કહ્યુ પુત્ર ! લક્ષ્મી કેવી રીતે પેદા થાય છે તે ઉડાઉ પુત્રો ન જાણી શકે ! લક્ષ્મી વગર મનુષ્યનું જીવન ઉજ્વળ બની શકતું નથી. જગતના દરેક વ્યવહારમાં દરેક મનુષ્યને ધનની કેટલી જરૂર હોય છે, તેની સુખમાં ઉછરેલા તને શું માલુમ ! ધનને માટે ભુખ, તરસ, ટાઢ તડકો વેઠીને મનુષ્ય વન વન રખડે છે, છતાં એને મળતું નથી. છળ, પ્રપંચ, અનેક પ્રકારની યુક્તિઓ,

કરવા છતાં પણ પૂર્વનું પુણ્ય હોય તોજ ધનની પ્રાપ્તિ થાય. અનેક સંકટો લોકો શા માટે સહન કરે છે? સૈનિકો યુદ્ધમાં જઇ શૂરવીરતાપૂર્વક શા માટે લડે છે? રાજાઓ અનેક પ્રકારનાં યુદ્ધો શા માટે ખેડે છે? એક ફક્ત ધનનેજ માટે! કેમકે ધન એ મનુષ્યના જીવનું જીવન છે-પ્રાણ છે. તું જોતો નથી કે ધન મેળવવા ખાતર ગરીબો-ભિખારીઓ કેવાં ધરાંપરાં કરી રહ્યા છે! વિદ્વાનોને પણ ધન મેળવવા ખાતર શ્રીમન્તોની-રાજાઓની ખુશામત કરવી પડે છે. એવું ધન એનું યત્નથી રક્ષણ કરવું જોઇએ. ત્યારે તું તો ઉડાવ્યેજ જાય છે. તેમાં પણ રાજાએ તો ધનનું વિશેષ પ્રકારે રક્ષણ કરવું જોઇએ. રાજ્યની સપ્તાંગ લક્ષ્મીમાં ધન એ એનું અપૂર્વ બળ છે."

પિતાની આવી વાણી સાંભળીને મેં કહ્યું. "પિતાજી! આપ ધનને આટલી બધી મહત્તા કેમ આપો છો? ધન તો આપણા પરાક્રમને આધિન છે. લક્ષ્મી તો પરાક્રમીઓનેજ વરેલી છે. આપણા પૂર્વજ ચંદ્રગુપ્ત મહારાજે પરાક્રમથીજ મગધનું સામ્રાજ્ય નવમા નંદ પાસેથી જીતી લીધું હતું. એમના પૌત્ર મહાન સમ્રાટ અશોકે યુવરાજ નહી છતાં બાહુબળે મગધનું તખ્ત સ્વાધીન કરી ભારતના અધીશ્વરની પદવી પ્રાપ્ત કરી કલિંગીઓને મારી તેમની લક્ષ્મી જીતી લીધી. મહા પ્રતાપી અજાતશત્રુએ સમશેરના બળથી જગત માત્રની લક્ષ્મી સ્વાધીન કરી હતી. માટે પુરૂષને આધિન લક્ષ્મી હોય, નહી કે લક્ષ્મીને આધિન પુરૂષ?" મેં રીતસર જવાબ આપ્યો.

મારા એ જવાબથી પિતાના મનને સંતોષ થયો નહી.

જેથી એમણે ફરી મને કહ્યું. "પુત્ર ! એ તો બધી જુના જમાનાની વાતો ! તું જાણે છે એમનામાં ને આપણામાં આભ જમીનનો અંતર ! આપણે તો એમના ચરણની રજ બરાબર પણ નથી. એમને પગલે ચાલવું આપણને ન પાલવે ! તું ગમે તેવો તોય પણ હજી નાદાન બાળક ! દુનીયાના અનુભવની તને શી ખબર ? જેમ જેમ મોટો થતો જઇશ અને ઠોકરો વાગતી જશે, ત્યારે સમજણ પડશે કે રાજ્ય કેમ ચાલે છે ? તને ખબર છે, આવા ઉડાઉ ખર્ચથી તો પ્રજા પણ નારાજ થઇ જાય ! વિફરી જાય !"

"શા માટે પ્રજા વિફરી જાય ? હું મારા પૈસા વાપરૂં એમાં પ્રજાને શું ?" રાજા એ તો પ્રજાનો અધીશ્વર કહેવાય !"

"બરાબર, પણ તે ક્યારે ! રાજા પ્રજાનો રક્ષક હોય ત્યારે ! સમજ્યો ? રાજ્યની તીજોરીનાં નાણાં એ પ્રજાનાં નાણાં ગણાય. કર, વેરા, મહેસુલ વગેરે પદ્ધતિથી વસુલ કરેલાં એ નાણાં પ્રજાની વ્યવસ્થા સાચવવામાં, રાજા અને પ્રજાના હિતસ્વી કાર્યમાંજ વપરાય, આવી રીતે મોજશોખમાં વ્યર્થ ઉડાવી ન દેવાય."

પિતાજી બહુજ નિયમસર ખર્ચ કરીને રાજ્ય કારોબાર ચલવતા. જેથી મારી રીત તેમને પસંદ ન પડી. એમની વાત કદાચ સત્ય હશે છતાં પણ મને તો નજ રૂચી. વ્યર્થ વિતંડાવાદ છોડી હું મૌન રહ્યો. પિતાજી તો શિક્ષા આપીને ચાલ્યા ગયા. પરન્તુ પિતાની વાત મને નહી ગમવાથી મેં આ રાજ્યધાની, માતા, પિતા, બંધુ છોડી દેવાનો વિચાર કર્યો.

તે પછી એક દિવસે માતાપિતા કે કોઇપણ વ્યક્તિને કહ્યા વગર પિતાથી રૂષ્ટ થઈને હું એકાકી ચાલી નીકળ્યો. ફરતાં ફરતાં આજે આપની પાસે આવ્યો છું."

" વત્સ ! પિતાની હિતશિક્ષા તેં ન માની એ ઠીક ન કર્યું. ખેર જે થયું તે ખરૂં, પણ હવે તું તારા વતન જા ! માતા પિતાને હર્ષનું કારણ થા ! "

" નહી ! હું વતનં જવા બિલકુલ ઇચ્છતો નથી. મારો અને પિતાજીનો મેળ કદાપિ મળવાનો નથી. "

" તારા વિજોગે તારાં માતાપિતાને કેટલું દુઃખ થતું હશે, એ તારૂં બાળહૃદય ન સમજી શકે. તારા રાજ્યની ભારતની આર્ય પ્રજા તારાં દર્શન કરવાને કેટલી બધી આતુર હશે. તને જોઇને સર્વ કોઈ પ્રસન્ન થશે. "

" ગમે તેમ પણ હું દેશમાં તો જવાનો નથીજ ભગવન્! હું હવે રજા લઉં છું ! " એમ કહી એણે ઉઠવા માંડયું.

" વત્સ ! ક્યાં જઇશ ? "

" મારૂં ભાવી લઇ જશે, ત્યાં ! "

" તો અહીંજ રહે ! તારા મિત્ર બપ્પભટ્ટની સાથે; શસ્ત્ર શાસ્ત્ર આદિ પુરૂષની બહોંત્તેર કળાનો અભ્યાસ કર ! પિતાના ઘરની માફક આનંદ કર ! "

" આપ તો ત્યાગી—મહાપુરૂષ છો ને હું તો ગૃહસ્થ છું. તે કેમ બનશે ? " આમ કુમારે પૂછયું.

"એ માટે તારે ચિંતા ન કરવી. અમે ત્યાગી છીએ, પણ

શ્રાવકો કાંઇ ત્યાગી નથી. તેઓ પોતાનો વ્યવહાર સમજે છે. વાણીની મીઠાશ અને વિવેક તો વણિકોનો જ છે. સમજ્યો ?"

" હા ! રાજકુમાર રહો અહીંયા ! આપણે સાથે શાસ્ત્રનો અભ્યાસ કરશું, અભિનવ કાવ્યો દ્વારા વાણી વિનોદ કરી કાલ વ્યતીત કરશું." બપ્પભટ્ટજીએ અનુમોદન આપ્યું.

" આપનું વચન હું માથે ચડાવું છું. " આમકુમારે ગુરૂનું વચન માન્ય રાખ્યું.

ગુરૂ તે સિદ્ધસેનસૂરિ હતા. યૌવનાવસ્થા એ વટાવી ગયા હતા. તે જમાનાના વિદ્વાનોમાં આભૂષણરૂપ, સકલ શાસ્ત્રના જ્ઞાતા અને સમયજ્ઞ હતા. તરતજ એમણે પાસે રહેલા શ્રાવકોને આમકુમારની ભલામણ કરી.

## પ્રકરણ ૩ જું.

---

## સિદ્ધસેનસૂરિ.

પૂર્વની ઘટના બન્યા પછી વચમાં થોડાક દિવસો પસાર થઇ ગયા. આમકુમારે પુરૂષને યોગ્ય બહોંત્તર કળાનો અભ્યાસ શરૂ કર્યો. લેખનકળા, ચિત્રકળા, ગણિતશાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, નૃત્યકળા, સંગીતકળા, રત્ન પરીક્ષા, વાદ્યકળા, પત્રછેદ્ય, નખછેદ્ય, શસ્ત્રવિદ્યા, અશ્વારોહણ, ગજારોહણ, ગજતુરગશિક્ષા, મંત્રવિદ્યા, યંત્રવિદ્યા, રસવાદ,

ધાતુવાદ, ખન્યવાદ, તર્કવાદ, વિષવાદ, વૈદ્યક, આચાર્યવિદ્યા, આગમવિદ્યા, શાકુન, સામુદ્રિક, પ્રાસાદલક્ષણ, ઈતિહાસ, વેદ, કાવ્ય, અલંકાર, ચિકિત્સા, સંસ્કૃત, પ્રાકૃત, પૈશાચી, વશ્યકર્મ, પણુકર્મ, પાષાણુકર્મ, લિપિકર્મ, ઇત્યાદિક સર્વ કળાઓ શીખવી શરૂ કરી. લક્ષણાદિક અન્ય ગ્રંથોનો પણ અભ્યાસ શરૂ કર્યો.

આમકુમાર ધીરેધીરે સર્વ કળામાં નિપુણ થવા લાગ્યો. તેમજ બપ્પભટ્ટ સાથે હંમેશના પરિચયથી એને એવી તો ગાઢ પ્રીતિ થઇ કે આમકુમારને બપ્પભટ્ટજી વગર મુદ્દલે ચેન પડતું નહી. દિવસનો ઘણોખરો સમય તેઓ બન્ને સાથે જ વાણીવિનોદમાં, નવીન શાસ્ત્ર શીખવામાં પસાર કરતા.

આરંભમાં વિશેષ અને આગળ જતાં ક્ષયને પામનારી દુર્જન પુરૂષોની મૈત્રી હોય છે, ત્યારે સજ્જન પુરૂષોની મૈત્રી શરૂઆતમાં ભલે અલ્પ હોય પરંતુ કાલાંતરે તે દૃઢ અને મજબૂત થતી જાય.

સમય એક દિવસના મધ્યાન્હ પછીનો હતો. અત્યારે ગુરૂ સિદ્ધસેનસૂરિ પાસે બપ્પભટ્ટ અને આમકુમાર તથા બીજા પણ શ્રાવક સજ્જનો બેઠા હતા. અનેક વિષયો ઉપર ધર્મચર્ચા ચાલી રહી હતી, અનેક પ્રકારની કળાઓ શીખવામાં આમ કુમારને ઉપકાર તો સિદ્ધસેનસૂરિનો હતો એ બરાબર તે સમજતો હતો. કૃતજ્ઞતાથી એનું હૈયું ઉછળી રહ્યું હતું. સમય અનુકૂળ થતાં એનો બદલો કઇ રીતે વાળી આપવો એ માટે નિરંતર એનું હૈયું આતુર રહેતું. ત્યાગવૃત્તિમાં અદ્વિ-

તીય છતાં પરોપકાર માટે એમનું જીવન જગતમાં કેવું અધિક ઉપયોગી છે ? ખચીત આવા જગત્ પૂજ્ય મહાપુરૂષોના જીવનથી જ લાખો મનુષ્યો જીવે છે. એટલું જ નહી પણ એમના ઉપદેશથી સંસાર સમુદ્રથી પણ તરે છે. આવી ગુરૂ ભક્તિથી એનું હૈયું છલછલી રહ્યું હતું. "ભગવન્ ! આપે મારી ઉપર તો ખચીત ઉપકારજ કર્યો છે. નથી સમજાતું કે આવા ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ ?" જુદા જુદા વિષયો ઉપર વાત ચાલતાં આમકુમારે વાતની દિશા ફેરવી.

"બીજાનું ભલું કરવું એ ઉચ્ચ જીવન ગાળતા સાધુ પુરૂષોનો મહામંત્ર હોય, અમે પણ અમારી યથાશક્તિ જગત જીવોના હિતમાં અમારો ફાળો આપી શકીએ. મુશ્કેલીના સમયમાં સામાન્યમાં સામાન્ય ગણાતા માણસો પણ કરૂણાથી પ્રેરાઇ એનું દુઃખ દુર કરવા પ્રયત્ન કરે. તો પછી અમે એમાં વિશેષ શું કર્યું ?" ગુરૂમહારાજે એમના મનનું સમાધાન કર્યું.

"તોપણ અહિંસાધર્મનો ઉંડો સિદ્ધાંત, અને દુનિયાના દરેક જીવો પ્રત્યેનો ભ્રાતૃભાવ-મૈત્રીભાવના એતો જૈનદર્શનનું જ મૂળ છે. એ આપના કર્ત્તવ્યથી આપે બતાવી આપ્યું છે. ખરેખર દયાનું કેંદ્રસ્થાન તો જૈનદર્શનમાં જ ગણાય." આમકુમારે કહ્યું.

"પણ રાજકુમાર ! આજે તમે આટલી બધી ભક્તિ બતાવો છો, પણ જ્યારે તમે રાજા થશો, ત્યારે એ બહોળા વ્યવસાયમાં આ બધું યાદ રહેશે કે ભૂલી જશો વારૂ ?" વચમાં બપ્પભટ્ટજી બોલ્યા, ને આમકુમારના સામું જોઇ હસ્યા.

" હું રાજા થઇશ ત્યારે શું કરીશ ? એ વાત તો પછી, પણ હું રાજા થઇને મારા મિત્ર બપ્પભટ્ટજીને તો છોડી શકું જ નહી. કાંતો હું તમારી સાથે રહીશ. અથવા તો રાજા થઇશ તો એક વાત તો હું જરૂર કરીશ. " મનમાં કંઇક વાતનો નિશ્ચય કરતાં અને પોતાનાં નેત્રો બપ્પભટ્ટજી ઉપર સ્થિર કરતાં આમકુમાર બોલ્યો.

" અને તે વાત ? " બપ્પભટ્ટજીએ પૂછયું.

" મારૂં રાજ્ય હું તમને આપી દઈશ. " આમકુમારનાં વચન સાંભળી બધા હસી પડયા.

" બપ્પભટ્ટ તો ત્યાગી, સંસ્કારી, ઉચ્ચ આત્મા છે. ત્યાગીઓ સંસાર વ્યવસાયમાં પડતા નથી. માટે વત્સ ! તારૂં રાજ્ય તું જ ભોગવજે. " ગુરૂ મહારાજે એને કહ્યું.

" તો મારે પણ રાજ્યનું શું પ્રયોજન છે ? ભગવન્ ! હું પણ મારા મિત્રની સાથે આત્મસાધન કરી મનુષ્યજન્મને સાર્થક કરીશ. " આમકુમારે કહ્યું.

" ત્યારે શું તમે આત્મસાધન સાધવા તરફ લક્ષ્ય દોર્યું છે ? પણ આત્મસાધન તો ત્યાગી થયા વગર કેવી રીતે થઇ શકે ? ચારિત્ર ગ્રહણ કર્યા પછી ત્યાગીઓ જેવું આત્મહિત કરે, તેવું સંસારી જીવો ઓછું જ કરે ! " બપ્પભટ્ટજીએ આમકુમારના મનનો આશય જાણવાને પૂછયું.

" તો હું પણ દીક્ષા લઇને તમારો ગુરૂભાઇ થઇશ,

પછી કાંઇ ? મને રાજપાટ જોઈતું નથી. ગમતું પણ નથી. વતનમાં જવાની ઇચ્છા પણ નથી. ” આમકુમારે કહ્યું

આમકુમારનાં વચન સાંભળી ગુરૂ મહારાજ સિદ્ધસેન સૂરિ મૃદુભાવે હસ્યા. “ વત્સ ! વિધિઇચ્છા બળવાન છે. તારા પિતા પછી અવશ્ય તુંજ રાજા થઇશ. ”

“ થવું ન થવું એ મારી મરજીની વાત કે વિધિની ? મારી મરજી નહી હોય, તો કોઇ જબરાઇ ઓછું કરે તેમ છે.” આમકુમારે કહ્યું.

“ વિધિ બળવાન છે. તારા કેટલાંક લક્ષણો એનાં સાક્ષી-સ્વરૂપ છે. પૂર્વભવના કરેલા તપનું એ ફ્લ છે.” ગુરૂ મહારાજે કંઇક વિચારપૂર્વક કહ્યું.

“ ભગવન્ ! તો મારૂં રાજ્ય હું આપના ઉપકારના બદલામાં મારા મિત્ર બપ્પભટ્ટજીને અવશ્ય આપી દઇશ, એ વડે હું કૃતાર્થ થઇશ. ” આમકુમારે કહ્યું. એ વચનો કંઈક નિશ્ચયપૂર્વક હતાં. અંતરના પૂર્ણ સત્યથી ભરેલાં હતાં. એમાં પૂજ્ય પુરૂષ ઉપર ભકિત હતી. અવિચળ શ્રદ્ધાનું સામ્રાજ્ય હતું.

“ તારી એ ભકિત છે, છતાં ઉત્તમ પુરૂષો બદલાની આશાએ પરોપકાર નથી કરતા. બીજાનું હિત એજ એમનું ધ્યેય હોય. માટે તું રાજા થાય, તો અમારી સંગતથી ખરેખરો પ્રજાને આદર્શરૂપ રાજા થજે. તેમના આશીર્વાદ મળે, એવી રીતે ન્યાયશીલ, દાતાર, પ્રજાના સુખે સુખી અને

દુ:ખે દુ:ખી રામરાજ્ય પ્રવર્ત્તાવજે. અને ગુર્જરેશ્વર વનરાજની માફક જૈનધર્મનું ગૌરવ વધારી તારૂં આત્મહિત કરજે.” ગુરૂમહારાજે કહ્યું.

“ ગુર્જરેશ્વર વનરાજ ! ભગવન્ ! લગાર સ્પષ્ટતાથી સમજાવો. એમના જીવનમાં પણ મારા જેવો કંઇક ભેદ લાગે છે ! એમના હૃદયમાં જૈનધર્મના સંસ્કાર કેવી રીતે પડ્યા. ” આમ્રકુમારે કંઈક નવીન જાણુવાના હેતુથી પૂછયું.

“ થોડાજ વર્ષ પહેલાં જેણે પોતાના પરાક્રમથી પરદેશીઓને નસાડી જૈન મંત્રી ચાંપરાજ, નાનગ, અને દંડનાયક લહીર આદિ મુત્સદ્દીઓની મદદથી અણુહિલ્લપુર પાટણ વસાવી વિક્રમ સંવત્ ૮૦૨ માં ત્યાં રાજ્યગાદી સ્થાપી, એ તો તું જાણે છે ને ? ” ગુરૂમહારાજે પૂછયું.

“ હા ! ભગવન્ ! અને અહીયાં પણ એમનીજ આણુ વર્ત્તે છે, એમના રાજ્યાભિષેક પછી ગુજરાતમાં સર્વત્ર શાંતિ શાંતિ છે. ધંધા રોજગારથી પાછી દેશમાં ગૌરવતા અને તેજસ્વિતા આવી છે. પરરાજ્યના જુલ્મોથી કંટાળેલી પ્રજા પુન: સ્વાધીનતાના શિખર ઉપર બીરાજે છે. ” આંમકુમારે કંઇક વસ્તુસ્થિતિનું સૂચન કર્યું.

“ ને પંચાસરા પાર્શ્વનાથની અદ્દભુત પ્રતિમા પંચાસરથી લાવીને પોતાની માતાઅર્થે પાટણમાં પ્રતિષ્ઠિત કરી જૈનોનું મહત્વ વધાર્યું. શીલગુણસૂરિનું પણ ગુર્જરેશ્વરે કેટલું બધું સન્માન કર્યું. એમને પોતાના ગુરૂ સ્થાપ્યા, ” વચમાં બપ્પભટ્ટજીએ આમકુમારના કથનની પાદપૂર્ત્તિ કરી.

" તેનું કારણુ ? " આતુર હૃદયે આમકુમારે પૂછ્યું.

" ગયા સૈકાના મધ્ય કાળમાં જ્યારે કલ્યાણીના ભુવડ સોલંકીએ પંચાસરના ગુર્જરેશ્વર જયશિખરીને યુદ્ધમાં માર્યો, તે પહેલાં પ્રથમથીજ ગુર્જરેશ્વરી રૂપસુંદરી ગર્ભવંતાં હોવાથી તેમના ભાઇ સુરપાલ સાથે વનના એકાંત પ્રદેશમાં મોકલી દેવામાં આવ્યાં હતાં. સુરપાળ તો રૂપસુંદરીને મૂકીને યુદ્ધભૂમિ તરફ ગયો, પાછળથી રૂપસુંદરીને વનમાં પુત્રનો જન્મ થયો. હમેશાં વન્યવૃત્તિ કરીને આજીવિકા કરતી ગુર્જરેશ્વરી રૂપસુંદરી બાળકને એક વૃક્ષની શાખાએ બાંધેલી ઝોળીમાં સુવાડી નજીકમાં કાષ્ટ શોધવાને ગઇ. પાછળથી જૈનના પ્રખ્યાત આચાર્ય શીલગુણસૂરિ ત્યાં આગળથી પસાર થતા હતા. એટલામાં ત્રીજો પ્રહર થઇ ગયો છતાં એ ઝોળી ઉપર વૃક્ષની છાયા સ્થંભેલી જોવાથી તેમને આશ્ચર્ય થયું. ઝોળીમાં નજર કરી તો શું જોયું ? એક મહાતેજસ્વી બાળક રમતો હતો. એનું પુણ્ય, બાળતેજ, ગૌરવ તેમજ બીજાં કેટલાંક સામુદ્રિક લક્ષણો જોઇને જાણ્યું કે, આ બાલક મોટો રાજા અને જૈન ધર્મનો પ્રભાવક થશે. " એટલું બોલતાં કંઇક વિચાર આવવાથી ગુરૂ મહારાજ અટકયા અને જરીક હસ્યા.

" આપ કેમ હસ્યા વારૂ ? " આમકુમારે તરતજ પૂછ્યું.

" એ જાણીને તું શું કરીશ ? " ગુરૂ બોલ્યા.

" આપના હાસ્યમાં મને કાંઇક ઉંડો ભેદ જણાય છે. " રાજકુમારે કહ્યું.

" તારી અટકળ સર્વથા સત્ય છે. " ગુરૂએ કહ્યું.

" ત્યારે ભગવન્ ! એનો ખુલાસો વચમાંજ કરી નાખો. "

" જરા વિષયાંતર તો થવાય છે, પણ એ ખુલાસાનો તારી સાથે સંબંધ હોવાથી હું પ્રથમ એ ભેદનું સ્ફોટન કરૂં છું." ગુરૂએ વચમાં હાસ્યના ભેદની ગાંઠ ઉકેલવા માંડી.

" મારી સાથે સબંધ ? આશ્ચર્ય." આમકુમાર ચમકયો.

" હા,: તારી સાથે ! "

" ભગવન્ ! ઝટ કહો. " આમકુમારનું હૃદય પોતાનો ભેદ જાણવાને અધીરૂં બન્યું. ગુરૂ મહારાજ શું કહે છે, તે એકચિત્તે સાંભળવામાં લયલીન થયું.

# પ્રકરણ ૪ થું.

## ભૂતકાળનાં સ્મરણો.

જેવી રીતે શીલગુણસૂરિએ ગયા સૈકાના મધ્યકાળમાં વનરાજ અને તેની માતાને આશ્રય આપેલો, એવીજ રીતે મારા સંબંધમાં પણ બનેલું. પૂર્વે એક દિવસ અમે વિહાર કરતા **ભીલડી**યાથી બાર ગાઉ **રામસૈન્ય**પુર પાસેના એક જંગલમાં થઇને પસાર થતા હતા. તેવામાં પીલુવૃક્ષની શાખાએ એક ઝોળી બાંધેલી અમે જોઇ. સમય તૃતીય પહો-

રનો છતાં વૃક્ષની છાયા એની ઉપર અચળ રહેલી. તેથી અમે ઝોળીમાં નજર કરી, તો શું જોયું ? છ માસનો એક સુંદર ને તેજસ્વી બાળક એમાં રમતો હતો. બાળકનાં લક્ષણો તેમજ વૃક્ષની છાયા સ્થંભેલી જોઇ મેં ધાર્યું કે આ બાળક પુણ્યવંત છે. રાજા થાય એવાં એના શુભ ચિન્હો જોઇ વિચાર થયો કે, આવા જંગલમાં આ કોનું બાળક હશે. ?' બાળકની માતા એટલામાં ફરતી હતી. તે અમને જોઇને અમારી પાસે આવીને નમી.

બાળકની માતાનાં પણ સુંદર લક્ષણો જોઈને અમને વિચાર થયો કે "આવી સારા ભાગ્યવાળી સ્ત્રી વન્યવૃત્તિ કેમ કરતી હશે ?" જેથી અમે તેણીને પૂછયું "વત્સે ! તું કોણ છે? શા માટે આ વન્યવૃત્તિ કરીને તપ કરે છે ? તે તને અડચણ ન હોય તો કહે."

"ભગવન્ ! હું રાજપુત્રી છું. ગોપગિરિ દુર્ગના સ્વામી કાન્યકુબ્જના મહારાજ યશોવર્માની હું પત્ની ને મારૂં નામ સુયશા !"

પોતાને લગતી વાત સાંભળી આમકુમાર ચમકયો. "એ તો મારાં માતુશ્રી" મને લાગે છે કે ઝોળીમાં સુતેલો બાળક તો હું પોતેજ કેની ?" વચમાં આમકુમાર બોલ્યો.

"હા ! ઝોળીમાં સુતેલો બાળક તું પોતેજ હતો. તારી માતા સુયશાએજ કહ્યું કે આ બાળક મારૂં છે." ગુરૂ સિદ્ધસેન સૂરિએ કહ્યું.

“ શા માટે મારી માતાને રાજ્યસુખ ત્યાગીને વન્યવૃત્તિ કરવી પડી હશે ? ” આમકુમારે પૂછયું.

“ અમે પણ એજ પૂછયું કે, “ વત્સે ! તું પુત્રવતી સૌભાગ્યવતી છતાં વનમાં શા માટે રહે છે. ? ”

“ ભગવન્ ! આ પુત્ર જ્યારે ગર્ભમાં હતો, ત્યારે કામણ ટુમણ કરીને વશ કરેલા મારા પતિને વ્હાલી થઇ પડેલી મારી એક શોકયે મારી ઉપર કલંક ચડાવી મને કાઢી મુકાવી ! ” સુયશાએ ખુલાસો કર્યો.

અમે તેણીને કહ્યું કે “ જ્યારે સ્ત્રીને સાસરે દુઃખ હોય, અથવા તો પતિથી તજાએલ સ્ત્રીને પીયર એ એકજ આધાર કહેવાય. તો તું પિયર શા માટે નથી જતી ? ”

અમારા જવાબમાં તારી માતાએ કહ્યું કે “ ભગવન્ ! એવી નબળી હાલતમાં પિયર જઇ બધાંની ઓશીયાળ ભોગવવા કરતાં અભિમાનને લીધે હું જંગલને માર્ગે ચાલી. ભમતાં ભમતાં અહીં આવીને હું રહી છું. વન્ય વૃત્તિ કરી મારી આજીવિકા ચલાવી મારા બાળકને ઉછેરૂં છું. ”

તે સમયે અમે તારી માતાને કહ્યું કે “ વત્સે ! અમારા ચૈત્યમાં ચાલ. ત્યાં પિતાના ઘરની માફક રહીને તારા બાળકને તું ઉછેર ! ”

“ તારી માતા તને લઇને પછી અમારી સાથે અહીં આવી. એને અમે દરેક પ્રકારની સગવડતા કરી આપી. જેથી તે સુખપૂર્વક તને ઉછેરી મોટો કરવા લાગી.

વચમાં કેટલોક સમય પસાર થઇ ગયો ને તું પાંચ વરસનો થયો. એ અરસામાં તારી સાવકી મા કૈંક શોકયોને મરાવતી પોતે પણ મરી ગઇ. ત્યારે મંત્રીઓએ રાજાને વિનંતિ કરી કે " દેવ ! સુયશા રાણી નિર્દોષ, નિષ્કલંક છતાં શોક્યની શીખવણીથી આપે એને કાઢી મુકી, તે ઠીક કર્યું નથી. આપ આજ્ઞા કરો તો એને પાછી લાવીએ. "

" મંત્રીઓની વાણી સાંભળીને રાજાનું મન પીગળ્યું. તે પછી તને તથા તારી માતાને અહીંથી માનપૂર્વક પાછાં બોલાવી લીધાં.

એકવાર ફરતાં ફરતાં અમે તારા ગોપગિરિ દુર્ગમાં જઇ ચડ્યા. તારી માતાને ખબર પડતાં પૂર્વનો ઉપકાર સંભારી અમારાં દર્શન કરવાને આવી. ને રાજા યશોવર્મા પણ અમારો ભક્ત થયો.

પોતાનો પૂર્વ વૃત્તાંત સાંભળી આમકુમારે છુટકારાનો દમ ખેંચ્યો. " ભગવન્ ! ત્યારે આપનો તો મારા ઉપર બેવડો ઉપકાર થયો. બાલપણમાં પણ આપની છાયામાં હું ઉછર્યો, ફરીને પણ આપની પાસેજ મને આશ્રય મળ્યો. "

" એ બધા પૂર્વના રૂણાનુબંધ છે. આમ ! " સિદ્ધસેન સૂરિ બોલ્યા. " તો હું પણ વનરાજની માફક જૈન ધર્મનું ગૌરવ વધારીશ. રાજા થઇશ, તો જૈન ધર્મની ઉન્નતિ કરીશ." આમકુમારે પોતાનો ભાવી કાળનો નિશ્ચય કરી સંભળાવતાં કહ્યું. " ભગવન્ ! હવે મુળ વાત ઉપર આવો. ઝોળીમાં

સુતેલા વનરાજને જોઈ ગુરૂ મહારાજે એ ઉદ્ગાર કાઢ્યા પછી શું થયું ? ”

“ શીલગુણસૂરિ, એની માતા આટલામાંજ હોવી જોઈએ એ વિચાર કરતા ઉભા હતા, એટલામાં તેની માતા આવી પહોંચી. તેની પાસેથી સર્વ વૃત્તાંત જાણી લઇને શીલગુણસૂરિએ એમને ગુપ્ત રીતે નામ ફેરવીને પોતાના ચૈત્યમાં રાખ્યાં. ત્યાં શાંતિપૂર્વક રહીને શણી પાર્શ્વનાથની પૂજારણ થઈને પુત્રને મોટો કરવા લાગી. બાળકના મગજમાં જૈન શ્રાવકો અને સાધુઓના પરિચયથી ધાર્મિક સંસ્કાર પડયા. ”

“ ત્યારપછી એવી સ્થિતિમાં પંદર વર્ષ વહી ગયાં વનરાજ પંદર વર્ષની ઉમ્મરનો થયો, ત્યારે એની જન્મકુંડલીમાં રાજયોગ પડેલો હોવાથી એના મામા સુરપાલના રક્ષણમાં રહી શસ્ત્રવિદ્યાની કેળવણી લેવા લાગ્યો અને પરદેશીઓને હેરાન કરી થકવવા લાગ્યો. ધીરેધીરે પોતે પણ મજબુત માણસોને એકઠાં કરવા માંડયાં. વરસો ઉપર વરસો વહી ગયાં ત્યારે ચાંપરાજ, લહીર તેમજ બીજા કેટલાક સામંતોની મદદથી વનરાજે પરદેશીઓને ગુજરાતમાંથી કાઢી મૂકયા અને અણહિલ્લવાડ વસાવી વિક્રમ સંવત્ ૮૦૨ માં પોતાની રાજ્યગાદી સ્થાપી. આખું ગુજરાત કબજે કર્યું. એ સમયે શ્રીમાલ નગરના શ્રીમાળીઓ ગુજરાતની રાજધાનીમાં ઉતરી પડ્યા અને રાજ્યવ્યવસાયમાં, વ્યાપારમાં આગળ પડતો ભાગ લઇ લક્ષ્મી અને મુત્સદ્દીપણાના પ્રતાપે દેશમાં આબાદી વ-

ધારી હાથી. ” ગુરૂ સિદ્ધસેનસૂરિ એટલું વિવેચન કરીને થોભ્યા.

“ રાજ્યમાં આજે પ્રધાન, મંત્રી અને દંડનાયક આદિ મોટા મોટા હોદ્દાઓ તો શ્રીમાળીઓનીજ પાસે છે. ” બપ્પભટ્ટજી વચમાં બોલ્યા.

“ બેશક ! શ્રીમાળીઓએ વનરાજને રાજ્ય સ્થાપવામાં ઓછી સહાયતા કાંઇ નથી કરી, તન, મન અને ધન સર્વ કંઇ એ ગુર્જરેશ્વરને ચરણે ધર્યું હતું. શા માટે શ્રીમાળીઓએ એમ કર્યું હતું ! તેમના હૈયામાં માત્ર બે ચીજ હતી. દેશભક્તિ અને પોતાના માલેક તરફ વફાદારી ! ” સિદ્ધસેનસૂરિએ કહ્યું.

“ તેથીજ આજે પાટણ જાણે જૈનમયજ ન હોય એમ એના પ્રધાન તો જૈનો, દંડનાયક તો નાનગનો પુત્ર લહીર જૈન, કોશાધિકારી તો જૈન, ભંડારી તો જૈન, વ્યાપારમાં તો જૈનો, રાજાના ગુરૂ તો શીલગુણસૂરિ અને દેવ તો શ્રી પંચાસરા પાર્શ્વનાથ ! ” બપ્પભટ્ટજીએ પાદપૂર્ત્તિ કરી.

“ એ પંચાસરા પાર્શ્વનાથની પ્રતિમા વનરાજ પંચાસરથી લાવેલા કે ? ” આમકુમારે પૂછયું.

“ હા ! પહેલાં એ પ્રાભાવિક પ્રતિમા વલ્લભીનગરમાં હતી; કેટલોક સમય ત્યાં પૂજાયા પછી અદૃશ્ય થઇ અને પંચાસર નગરમાં આવી; આજે એજ પ્રતિમા ગુર્જરેશ્વરની અધિષ્ઠાયિકા તરીકે પાટણમાં પૂજાય છે ” ગુરૂએ કહ્યું.

“ ગુર્જરેશ્વર વનરાજની માફક રાજકુમાર ! તમે પણ

જૈનધર્મનું ગૌરવ વધારી રાજા થાઓ ત્યારે લોકપ્રિય થજો! અમને પણ કવચિત્ સંભારજો !" બપ્પભટ્ટીજીએ કહ્યું.

"જેવી રીતે ગુર્જરેશ્વરે શીલગુણસૂરિને ગુરૂપદે સ્થાપ્યા. તેમજ હું પણ રાજા થઈશ તો મારા મિત્ર બપ્પભટ્ટીજીને રાજ્યગુરૂપદે સ્થાપીશ. યથાશકિત જૈનધર્મનું ગૌરવ વધારીશ." આમકુમારે હસીને બપ્પભટ્ટીજીને કહ્યું. "મને લાગે છે કે આ ધર્મ રાષ્ટ્રધર્મ છે."

"તારૂં વચન સર્વથા સત્ય છે. જો કે કાળના દોષે કરીને કેટલાક સૈકાઓથી એમાં મંદતા આવી છે. નહિતર પૂર્વના રાજાઓ ઘણાખરા જૈનજ હતા. તારા પૂર્વજ ચંદ્રગુપ્ત અને તેનો પ્રધાન ચાણુકય ભદ્રબાહુ સ્વામીના શ્રાવક હતા. સંપ્રતિ રાજા ત્રણ ખંડ પૃથ્વીનો સ્વામી આર્યસુહસ્તી સ્વામીનો શ્રાવક હતો. તે પૂર્વના શિશુનાગ વંશના મગધેશ્વરો પણ જૈન જ હતા. માલવપતિ વિક્રમાદિત્ય મારાજ નામધારી:પૂર્વે થયેલા સિદ્ધસેનદિવાકરસૂરિનો શિષ્ય હતો. મહાવીરના સમયમાં ભારતના લગભગ બધા રાજાઓ જૈનજ હતા, જેથી રાજ્યધર્મ પણ જૈનજ હતો. કાળદોષે કરીને એમાં મંદતા આવતી જાય છે. જેથી રાજાઓ અમારા પ્રતિબોધને અભાવે કહો કે ગમે તેમ પણ પોતાના મૂળ ધર્મને છોડીને અન્યધર્મના ઉપાસક થતા ગયા. આજે કોઈને બૌદ્ધધર્મની અસર તો કોઈને શૈવધર્મની અસર પ્રગટ જોવાય છે." ગુરૂમહારાજ એટલું બોલીને અટક્યા.

સમય પરિપૂર્ણ થયેલો હોવાથી આ વાતો ને આટલેથી પતાવી સૌ પોતપોતાને કામે લાગ્યા.

## પ્રકરણ ૫ મું.

## પિતા અને પુત્રી.

અત્યારે મોઢેરા શહેરથી દૂર જંગલમાં બે અશ્વો ચાલ્યા જતા જણાય છે. તો ગુજરાતનાજ એ ઘોડેસ્વારો ! બન્નેના રાજશાહી પોષાકો લગભગ પુરૂષના જેવાજ હતા. છતાં ઝીણી નજરે જોતાં એક પુરૂષ ને એક સ્ત્રી હતાં. પુરૂષની ઉમ્મર લગભગ પચાશ વર્ષની જણાતી, ત્યારે સ્ત્રી તરૂણ બાળા કુમારિકા હતી. નિર્ભયપણે ચાલ્યાં જતાં આ બન્ને કોણ હશે ? શિકારી પોશાક પહેરીને જંગલની ખુલ્લી હવા ખાવાજ નહિ નીકળ્યાં હોય ?

“ બાપુ ! આપણે ઘણાં દૂર આવી ગયાં. જુઓ, મધ્યાન્હ સમય પણ થવા આવ્યો તે ! ” તરૂણ ઘોડેસ્વારે બીજાને કહ્યું.

“ હા, બેટા ! તારૂં અનુમાન સત્ય છે. તારી ઇચ્છા હોય તો આપણે હવે પાછા ફરીએ. ” જવાબમાં આગળના ઘોડેસ્વારે કહ્યું.

“ અવશ્ય ! શહેરથી આપણે લગભગ ચાર પાંચ કોશ

દૂર તો આવ્યાંજ હઇશું. કેવી ભયંકર અટવીમાં આપણે આવી ચડયાં ? ”

“ તને થાક તો નથી લાગ્યો ને ? નહિતર આપણે અહીયાં જરા વિસામો લઇને શહેરમાં જઇએ. ”

“ બાપુ ! થાકની વાત તો પછી, પણ આપણે હવે પાછા ફરીએ તો ઠીક. ભૂખ પણ લાગવા માંડી છે. ”

“ તો ચાલો ” વૃદ્ધે પોતાનો અશ્વ ગામ તરફ વાળ્યો. એને જોઇને તરૂણે પણ અશ્વનું મુખ ફેરવ્યું. મોઢેરાથી નીકળેલા અશ્વો મોઢેરા તરફજ ફર્યા. શહેર ઉપર પોતાની સત્તા ચાલતી હોય તેમ જાણે જંગલમાં પણ પોતાની હકુમત કેમ ન હોય ? એવીજ નિર્ભય મુખમુદ્રા આ પ્રૌઢ પુરૂષની જણાતી હતી. વન અને નગર, મનુષ્ય અને જંગલી ક્રૂર પ્રાણી એને મન સમાન હતાં. રાજમાર્ગ અને ગાઢ ઝાડીમાંનો ખરબચડો માર્ગ એનો એને હિસાબ નહોતો. ત્યારે આ પ્રૌઢ પુરૂષ અને તેની સાથેની બાળા તે કોણ ?

આ બન્ને અશ્વો ધીચ ઝાડીનો રસ્તો કાપતા શહેર તરફ જવાને હવામાં ઉડતા હતા, પણ એટલામાંજ એક ભયંકર ગર્જના સંભળાઈ અને હવામાં ઉડતા એ ઘોડા સ્થંભ્યા. બાપુ ! આ તો વાઘની ગર્જના. ” પોતાના હથીયાર સંભાળતાં એ બાળા બોલી.

“ હા, બેટા સાવધાન ! ” એ ધનુર્ધારી પુરૂષ ધનુષ્ય ઉપર બાણ ચડાવતાં બોલ્યો.

બન્ને અશ્વારોહીઓ પોતપોતાના ધનુષ્ય ઉપર બાણુ ચડાવી શિકારની રાહ જોતા થોભ્યા.

" બાપુ! મોટી મોટી છલંગો મારતો એ આવે. " પોતાની ઝીણી નજરે દૂરથી કાબરચિત્રા પટ્ટાવાળું જબર પ્રાણી આવતું જોઇને કહ્યું.

" એ આપણીજ તરફ આવે છે ને?" પ્રૌઢ પુરૂષે કહ્યું.

" હા, બાપુ ! "

" તો સાવધાન ! "

ઝાડીમાંથી છલંગો ભરતું અને વનમાં પોતાની હકુમત મંજુર કરતું એ ક્રૂર પ્રાણી બહાર ધસી આવ્યું ને આ ઘોડેસ્વારોને જોઇ ઘુરકયું. આ પ્રાણી તે એક ભયંકર વાઘ હતો. જેવું એ પ્રાણી તેમની ઉપર ફાળ મારવા જાય છે, તેટલામાં એક સામટાં બે બાણુ ધનુષ્યમાંથી છુટયાં. એકે પોતાનું નિશાન ખોયું અને બીજું સહેજ એના લોખંડી પગને ઘાયલ કરનારૂં થયું. વાઘના ક્રોધમાં વધારો થયો. આ બે ઘોડેસ્વારમાંથી એક ઉપર એણે પ્રથમ લક્ષ્ય આપીને ફાળ ભરી. બીજી વખત બાણો છુટયાં અને તે પોતાનું નિશાન ચુકી ગયાં.

એ પ્રાણીને અત્યંત નજીકમાં આવેલું જોઇ તીર છોડવાનો હવે અવકાશ ન રહેવાથી એ મજબુત પુરૂષે ધનુષ્ય ફેંકી દઇ પોતાનો ભાલો એની તરફ તાકયો.

બાળા બહાદુર હતી, છતાં બે વખત પોતાનું નિશાન ચુકી જવાથી અને ભયંકર ગર્જના કરતો વાઘ

અત્યંત નજીક આવેલો જોઈ એ તો ભયથી વિહ્વળ થઈ ગઈ. તેમજ એનો ઘોડો પણ તોફાને ચડેલો એટલે ઘોડાને વશ રાખવો કે શિકાર તરફ ખ્યાલ આપવો એ એને ન સુઝયું. મહા મુશ્કેલીએ એ પોતે પોતાના ઘોડાને કાબુમાં રાખી શકતી.

વાઘ તો એની તરફજ પ્રથમ ધસ્યો હતો, પણ આ બીજો ઘોડેસ્વાર એની ઉપર ભાલો તાકીને વચમાં પડયો. તે ભાલો વાઘને લાગ્યો પણ એથી એના જીવનને કાંઇ હાનિ કરનારો ન થયો. આ તો આગમાં ઘી રેડાયું. વાઘ અધિક ખીજાયો. લોહી ઝરતો તે એક શિકારને પુરો કરવાને કુદ્યો. કટાકટીનો પ્રસંગ નજીક આવેલો જોઇને એ મજબુત માણસ પોતાની તરવાર ખેંચી કાઢી ઘોડા ઉપરથી નીચે કુદ્યો.

પોતાની ઉપર વાઘને ધસી આવતો જોઇ એ બાળા અશ્વ ઉપરથી દૂર કુદી પડી અને બીજીજ પળે વાઘનો મજબુત લોખંડી પંજો અશ્વ ઉપર પડયો. એ મજબૂત પ્રાણી આગળ આ ગરીબ પ્રાણીનું શું ગજું ?

પણ વાઘને કાંઇ અશ્વની જરૂર નહોતી. એને તો મનુષ્યશિકારની જરૂર હતી. અશ્વનો શિકાર કર્યા વગર એ તો પેલી બાળા તરફ ફર્યો. બાળાએ પોતાની તલવાર કાઢીને એ ક્રૂર જાનવર તરફ ફેંકી, પણ એની એને ઓછી પરવા હતી. બેધડક એતો બાળા તરફ ધસ્યો. પૂર્વ ભવના વેરની વસુલાત કેમ ન કરતો હોય ! બાળાએ હવે જીવવાની આશા છોડી !

મજબુત પુરૂષ ઘોડા ઉપરથી કુદ્યો તો ખરો પણ એને

પગે વાગ્યું હોવાથી એને પોતાના હરીફ તરફ ધસતાં વાર થઈ. વાઘ તો એક છલંગમાંજ એ બાળાની પાસે જઇને પડયો. પોતાનો મજબુત પંજો ઉપાડી થાપ મારવા જાય, એટલામાં સણુસણાટ કરતું એક ઝેરી તીર વેગપૂર્વક ધસ્યું આવતું શિકાર કરવા જતાં એ વાઘના તાળવે ચોટયું, એનું તાળવું વીંધીને આરપાર નિકળી દૂર જઈ પડયું. એ શિકાર કરવા જતો ક્રૂર પ્રાણી પોતેજ શિકાર થયો ને ભયંકર રાડ પાડતો તે ચકરી ખાઇ એકદમ જમીન ઉપર તુટી પડ્યો. એ મજબુત માણસે પણ પોતાની તલવાર વડે તરફડતો અને બીજી વખત ઉઠવાનો વ્યર્થ પ્રયાસ કરતો આ અધુરો રહેલો શિકાર પૂરો કર્યો. ભયંકર આફતનું વાદળ અચાનક આવીને ખસી ગયું. તેથી બન્નેના જીવમાં જીવ આવ્યા, પણ પેલું ઝેરી તીર મારનાર ત્યારે કોણ?

બન્ને જણે પોતાને પરમ ઉપકાર કરનારૂં એ તીર જોયું હતું. બન્નેના હૃદયમાં વિચાર થયો કે "એ ધનુર્ધારી પુરૂષ કોણ હશે?" પણ ત્યાં તો કોઇ નજરે જણાતું ન હોવાથી "બાપુ! આ તીર મારનાર કોણ?" બાળાએ પોતાના પિતાને પૂછયું. ને પોતાની સુંદર આંખો આસપાસ ફેરવવા માંડી.

"ચાલ! આપણે એની તપાસ કરીએ! એના ઉપકારના બદલામાં આપણે એને સારી રીતે નવાજીએ!" એ પ્રૌઢ પુરૂષ બોલ્યો.

"હા! બાપુ! એને ઉપકારનો બદલો તો મળવોજ જોઇએ!"

" બરાબર ! "

પીતા પુત્રી વાતો કરતાં હતાં એટલામાં એક ધનુર્ધારી તરૂણ યુવક મંદ મંદ ડગલાં ભરતો એમના તરફ આવતો એમણે જોયો ! બાળાનું હૈયું એ દુરથી આવતા તરૂણને જોઇ ધડકતું " આજ તીર મારનાર ? "

કામદેવના સમો રૂપાળો આ તરૂણ એમની સામે આવીને ઉભો રહ્યો. એ સુંદર વદન મંદ મંદ હસી રહ્યું અને પેલા સશસ્ત્ર મજબુત પુરૂષને કોઇ મોટો માણસ સમજીને નમ્યું. બાળાની બન્ને આતુર આંખો ધડકતે હૈયે એની ઉપર ઠરી. એ સુંદર રૂપરાશિનું પાન કરવામાં ડુબી ? " શું ત્યારે આજ તીર મારનાર ? આહ ? કેવું એનું રૂપ ? "

" આવા કટાકટીના પ્રસંગમાં અમને અણધારી મદદ કરનાર તુંજ કે ? " એ પ્રૌઢ પુરૂષે એને જોઇને ઉદ્‌ગાર કાઢયા.

" હાજી ? મને લાગે છે કે મારૂં તીર તમને પુરતું મદદગાર થયું છે ? " તરૂણે મધુર સ્વરે કહ્યું.

" તારૂં અનુમાન સત્ય છે. મને લાગે છે કે મેં તને ઘણી વખત મોઢેરામાં જોયો છે. ? તું મોઢેરાનો રહિશ છે વારૂ ? "

પ્રત્યુત્તર સાંભળવાને એક હયું ગુપચુપ આતુર બન્યું. હૈયું ધડકયું. અંતરમાં ઝીણો નાદ ઉઠતો ' મારો સમવડીયો હોય તો કેવું સારૂં ? શા માટે એમ થતું એ તો એ બાળા પણ સમજી શકી નહીં.

યુવકની નજર પણ ક્ષણમાં એ મજબુત પુરૂષ તરફ તો ક્ષણમાં પાસે ગુપચુપ ઉભી રહેલી વ્યક્તિ તરફ ફર્યા કરતી. બીજી વ્યક્તિની સુંદરતા તો અનુપમ હતી પણ એને નવાઇ તો એ થઇ કે 'એ પુરૂષ હશે કે સ્ત્રી ?'

"હાજી ? હાલમાં કેટલોક સમય થયાં હું મોઢેરામાં રહું છું. મારા ગુરૂ સિદ્ધસેન પાસે શાસ્ત્રનો અભ્યાસ કરૂં છું." એનો એક એક શબ્દો મીઠાશથી ભરેલા હતા.

"છતાં શાસ્ત્ર વિદ્યામાં પણ તું કુશળ છે. નિશાન સાધવામાં તો તું બરાબર નિપુણ છે. પણ તારૂં વતન ભલા ?"

"મારૂં વતન કાન્યકુબ્જ ! મહારાજ યશોવર્માનો હું પુત્ર ?"

"ત્યારે તારૂં નામ આમકુમાર ?" પ્રૌઢ પુરૂષ ઉત્સુકતાથી બોલ્યો અને એક જણની છાતી હર્ષથી ગજગજ ઉચ્છળવા લાગી. તેને પોતાના આ સમોવડીયાનો ઉપકાર માનવાનું મન થઇ આવ્યું, પણ પિતાજીને ઉભેલા જોઈ અચકાયું. "તમે અમારો જીવ બચાવ્યો છે રાજકુમાર ? પીતાજી તમને તેનો યોગ્ય બદલો આપશે. પ્રભુએજ તમને અમારી મદદ કરવાને મોકલ્યા, સમજ્યો ?" મીઠાશ ઝરતા શબ્દો એ બાળાના મુખમાંથી નીકળતા હતા. જાદુભર્યો એક એક શબ્દ સાંભળનારનું હૈયું હલાવી નાંખતો.

"હા ? આમકુમાર ? તારી અણધારી મદદ ન આવી

હોત તો મારી દિકરીનો જીવ જોખમમાં હતો. ખચીત આજે તેં એણીને બચાવી ?" એ પ્રૌઢ પુરૂષ સામંતસિંહ હતો તેણે કહ્યું.

"પ્રભુ–વિધિ યે બચાવી ! કોઇ કોઇ સમયે હું આ જંગલમાં નિકળી પડી મારી શસ્ત્રાસ્ત્રવિદ્યાનો અનુભવ કરૂં છું. આજે મેં વાઘની ગર્જના સાંભળી હતી. વાઘનું ને તમારૂં દ્વંદ્વ યુદ્ધ મેં જોયું. મને લાગ્યું કે હવે તમને મદદની જરૂર છે એટલે તરતજ મારી શક્તિનો મેં ઉપયોગ કર્યો."

"તેં ઘણું સારૂં કર્યું ! નહીતર મારી કમલા તો અત્યારે ક્યારનીય આ સંસાર કુચ કરી ગઇ હોત ! જે થાય તે સારાને માટે ? ચાલ હવે અમારી સાથે ! આજે અમારી સાથે રાજગઢમાં રહેજે ?"

"આપ અહીંના–મોંઢેરાના અધિશ્વર છો ?"

"મારા પિતાજી ગુર્જરેશ્વર વનરાજના સામંત છે. એમના પરાક્રમથી ખુશી થઇને મોઢરાની ગાદી એમને અર્પણ કરી જેવી રીતે ચાંપરાજને ચાંપાનેર વસાવી આપ્યું ?" બાળાવચમાં બોલી ને તેણીની આંખો પેલી બે આતુર આંખો સાથે મળી.

ચારે આંખો એક થતાંજ એ બે તરૂણ હૃદયોમાં એની અસર જાદુઇ થઈ ગઇ. હૃદય કેમ વ્યાકુળ થતું એ ન સમજાયું. જાણે હૈયાં એક બીજાને મળવા વ્યાકુળ હોય–તરફડતાં હોય તેમ ધડકવા લાગ્યું.

"કુમાર ? બાપુનું આમંત્રણ સ્વીકારી અમારી સાથે

આવો ? કાલે સવારે તમારે સ્થાનકે જઈ શકો છો ? " બાળાએ કહ્યું. " સાથે આવે તો કેવું સારૂ ? " એનું મનમાં તો એમ થયા કરતું હતું.

" તમારૂં આમંત્રણ મારે મંજુર છે. પણ ગુરૂમહારાજ ચિંતા કરશે એજ ફિકર છે ? " આમકુમારે કારણ દર્શાવ્યું.

" તેને માટે હું ગુરૂ મહારાજ પાસે ખબર મોકલાવી દઈશ. તારૂં એ કારણ હું દૂર કરીશ ? " સામંતસિંહે જણાવ્યું.

" અસ્તુ ? જેવી તમારી મરજી ? " રાજકુમારે ટુંકમાંજ પતાવ્યું.

ત્રણે જણાં વાતો કરતાં મોઢેરા તરફ ફર્યાં. માર્ગમાં સામંતસિંહે આમકુમાર પાસેથી અહીયાં આવવાનું તેનું કારણ પણ જાણી લીધું. એક તો પોતાનો પ્રાણદાતા હતો, વળી કુલમાં પણ પોતા કરતાં શ્રેષ્ઠ હતો. તેણે ધાર્યું કે આવા મેમાન તો ભાગ્ય યોગેજ મળે છે. સામંતસિંહને સંતાનમાં માત્ર એક કુંવરીજ હતી, તેથી કુંવરીને પુત્ર કરતાં પણ અધિક સ્નેહથી ચાહતો. સ્રીને લગતી કેળવણી ઉપરાંત એને શસ્રવિદ્યા પણ શિખવી હતી. આજની માફક કોઇ કોઇ સમયે શિકારમાં પણ તેણીને સાથે લઈ જતો કે જેથી તે હિમતવાન અને બહાદૂર બને ! ત્રણે સાથે રાજગઢમાં ચાલ્યાં ગયાં છતાં એમના વિચારો તો દરેકના જુદીજ દિશામાં હતા. પેલું એક વખતનું સાધુ હૃદય પણ અત્યારે જુદીજ દિશામાં હતું.

# પ્રકરણ ૬ ઠું.

## ઇતિહાસ પરિચય.

નવમા સૈકાની શરૂઆતનો કનોજરાજ યશોવમા મગધરાજ ચંદ્રગુપ્તના વંશમાંથી આવેલો, એ આપણે જાણી ગયા. કેટલીક સાર્વભૌમ સત્તાઓ આ ભારત વર્ષ ઉપર સ્થપાઈ અને ઉખડી ગઇ. રાજ્યક્રાંતિ કયા કયા સમયમાં થઇ એ સંબંધી કંઇક આપણે નવીન અવલોકન કરવાને ભૂતકાળના પડદા ઉચકીયે.

પ્રથમ શીશુનાગ વંશના કેટલાક રાજાઓએ ભારતવર્ષ ઉપર પોતાની સત્તા જમાવેલી; છતાં તેમની ગાદીનું કેંદ્રસ્થાન તો મગધ દેશમાંજ હતું. શિશુનાગવંશના કેટલાક રાજાઓએ કુશાગ્રપુરમાં રાજ કરેલું. ત્યાં રહીનેજ મગધ ઉપર સામ્રાજ્ય ચલાવતા હતા. ત્યારપછી પ્રસેનજીત રાજાએ કુશાગ્રપુર બદલીને રાજગાદી રાજગૃહમાં સ્થાપી. તેના સો કુમારોમાં બિંબિસાર મુખ્ય હતો. પિતાની પાછળ મહાવીરસ્વામીના સમયમાં બિંબિસાર મગધરાજ થયો. આ રાજાને સિદ્ધાર્થ-બુદ્ધનો પાસ લાગેલો; પરન્તુ પાછળથી એ વર્ધમાન-જ્ઞાતપુત્રના સમાગમમાં આવતાં જૈન થયો. એનો પિતા પ્રસેનજીત શ્રી પાર્શ્વનાથ પ્રભુનો શ્રાવક હતો.

બિંબિસાર પછી મહાવીરના સમયમાંજ એનો પુત્ર અજાતશત્રુ મગધની ગાદી ઉપર આવ્યો. એણે રાજગ્રહીને બદલે

ચંપાનગરી વસાવી ત્યાં રાજ્યગાદી સ્થાપી. એને પણ બોધનો પાસ લાગેલો; પરન્તુ ઇતિહાસ ઉપરથી સાફ જણાય છે કે પાછળથી તે બૌદ્ધનો શત્રુ બનેલો. શિશુનાગ વંશમાં આ રાજા સમર્થ રાજા થયો ભારતના દરેક રાજાઓને જીતી એણે અજાતશત્રુ નામ ધારણ કર્યું. અજાતશત્રુનો અર્થ એવોજ હોય કે કદાચ તે સમયમાં જેટલી દુન્યા હોય તે બધી એણે જીતી લીધી હોય !

તે પછી અજાતશત્રુનો કુમાર ઉદાયી મગધરાજ થયો. તેણે પાટલીપુત્ર વસાવી ત્યાં રાજગાદી સ્થાપી. ઉદાયી રાજાનો સમય આજથી લગભગ ૨૪૦૦ વર્ષ પૂર્વેનો હતો, ૨૪ મા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનો એ શિષ્ય-શ્રાવક હતો. બસ શિશુનાગવંશનો આ છેલ્લો રાજા હતો.

ઉદાયી પછી મગધની ગાદી ઉપર અનુક્રમે નવનંદ રાજાઓ થયા. મહાવીર સ્વામી પછી લગભગ ૬૦ વર્ષે પહેલો નંદ મગધરાજ થયો. એ નવે નંદરાજાઓનું રાજ્ય મોટું અને પ્રબળ હતું. તેમની સેના અને સંપત્તિની કીર્તિ દૂર દેશાવર સુધી પહોંચી હતી. લગભગ દોઢ સૈકો એમની પરંપરા ચાલી. ગ્રીસનો મહાન્ સિકંદર નવમા નંદના સમયમાં પારસના રાજાને હરાવી ઝેલમ નદી ઉતરીને પંજાબમાં આવી ત્યાંના પુરૂષસેન-પૌરસ નામના રાજાને હરાવ્યો. ત્યાંથી સિંધમાં આવીને પાછો પોતાને વતન ગયો.

શ્રી મહાવીરસ્વામી પછી બસો વર્ષ વીત્યા બાદ નવમા-

નંદને જીતીને પ્રખ્યાત ચંદ્રગુપ્ત મગધરાજ થયો. મહામતી ચાણક્ય એનો પ્રધાન હતો.

ચંદ્રગુપ્ત ઇ. સ. પૂર્વે ૩૧૬ માં ભારત સમ્રાટ્ થયો. એના સમયમાં મહાન્ સિકંદર કે જેનું ઇ. સ. પૂર્વે ૩૨૩ માં મરણ થયું અને એનો સેનાપતિ સેલ્યુકસ એના થોડા રાજ્યનો માલેક થયો. એણે અગીયાર વર્ષ પર્યંત લડીને સીરીયાનું રાજ્ય જીતી લીધું. પછી તે મગધ ઉપર ચડી આવ્યો, પણ ચંદ્રગુપ્તે એને સખ્ત હાર ખવડાવી તેની પાસેથી પંજાબ, સિંધ, હાલનો અફ્ગાનિસ્તાન, બલુચિસ્તાન વગેરે મુલક લઇ લીધા. તેની સાથે સંધી થતા સેલ્યુકસે પોતાની કન્યા ચંદ્રગુપ્તને આપી. પોતાને વતન ગયો. ચંદ્રગુપ્તે ઇ. સ. પૂર્વે ૩૧૬ થી ૩૯૨ સુધી રાજ્ય કર્યું.

ચંદ્રગુપ્ત પછી એનો પુત્ર બિંદુસાર ગાદી ઉપર આવ્યો. તેની પછી તેનો પુત્ર અશોક ગાદી ઉપર આવ્યો. આ રાજા પણ બૌદ્ધ હતો, તેને અને સેલ્યુકસના પૌત્ર આન્ટિઓકસને ઇ. સ. પૂર્વે ૨૫૬ માં કરાર થયા. જો કે અશોકરાજાને ઇતિહાસ બૌદ્ધ તરીકે ઓળખાવે છે; છતાં એ ચોક્કસ નથી થતું. બનવાજોગ છે કે પાછળથી તે જૈન થયો હોય! તક્ષશિલાના અશોકના શિલાલેખમાં ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનુ નામ આવે છે; તેમજ ગાંધારના શિલાલેખમાં પણ જૈનોના તીર્થંકર શ્રી પાર્શ્વનાથનું નામ સ્પષ્ટપણે જોવાય છે. અસ્તુ! એણે કલિંગ દેશ ઉપર સ્વારી કરીને તે દેશ જીતી લીધો. અશોક પછી એનો પૌત્ર સંપ્રતિ સાર્વભૌમ સમ્રાટ્ થયો—મૌર્યવંશનો

એ સમર્થ રાજા થયો. સંપ્રતિરાજા ચુસ્ત જૈન, આર્યસુહસ્તી સ્વામીનો ભક્ત હતો. મહાવીરસ્વામી પછી લગભગ ત્રણસો વર્ષે સંપ્રતિ, ભારત સમ્રાટ્ થયો, એ વંશમાં છેલ્લો બૃહદ્રથ થયો.

મૌર્યવંશ પછી એ બૃહદ્રથનો સેનાપતિ પુષ્ય મિત્ર ભારત સમ્રાટ થયો. એના સમયમાં કલિંગદેશનો રાજા ખારવેલ એની ઉપર ચડી આવ્યો. આ ખારવેલ જૈન રાજા હતો. આ રાજા સર્વે રાજાઓને જીતીને ચક્રવર્ત્તી રાજા થયો. એનો યુવરાજ પુત્ર અગ્નિમિત્ર પણ એવોજ પરાક્રમી હતો. એણે પણ વિદર્ભરાજાને હરાવ્યો. વિજયનાદમાં એણે અશ્વમેધ યજ્ઞ આરંભ્યો. કોઇ કહે છે કે ભારતના મહાન વિદ્વાન્ શાસ્ત્રવિશારદ સાંખ્યેમતી પતંજલિ પણ આ યજ્ઞમાં હાજર હતા. મહાવીરસ્વામીની ચતુર્થ સદીમાં શુંગવંશનું રાજ્ય થયું, એના વંશમાં કેટલાક રાજાઓ થયા. શુંગવંશ પછી કાણ્વવંશ ને તે પછી આંધ્ર વંશનું રાજ્ય થયું. આ છેલ્લા વંશની આદી મગધથી બદલાઇને પ્રતિષ્ઠાનપુર ગઇ હોય એમ જણાય છે.

ઇ. સ. ની શરૂઆતમાં ભારત વર્ષ ઉપર કનિષ્ક રાજા થયો. ઇ. સ. ૪૦ માં એણે બૌદ્ધ ધર્મની સભા મેળવી. કનિષ્કના પિતાની રાજ્યધાની કાબુલ હતી, કનિષ્કે કાબુલથી ફેરવીને પેશાવરને પોતાની રાજધાનીનું શહેર બનાવ્યું. આ રાજા મહા સમર્થ અને શૂરવીર હતો.

ઈ. સ. પૂર્વે શક લોકોનાં ધાડાં ભારત વર્ષ ઉપર વારંવાર ચડી આવતાં. તેમણે રાજ્ય પણ સ્થાપેલું ? આ કનિષ્ક

રાજા પણ શક જાતીનો હતો. શકલોકોને ભારતમાંથી કાઢવાનો ઘણા હિન્દી રાજાઓએ પ્રયત્ન કરેલો, તેમાં રાજા વિક્રમાદિત્ય મુખ્ય છે. શકલોકોએ ઉજ્જનરાજ ગર્દભિલ્લને મારીને માળવામાં રાજ્ય સ્થાપેલું. તે વિક્રમાદિત્યે તેમની પાસેથી પડાવી લીધું. અને ઇ. સ. પૂર્વે ૫૭ માં પોતાનો વિક્રમ સંવત ચલાવ્યો. એ વિક્રમાદિત્ય 'શકારિ' ને નામે ઓળખાય છે. ઉજ્જનમાં એણે પોતાની ગાદી સ્થાપી, રાજ્યસત્તા વધારી.

ઇ. સ. ૭૮ માં શક લોકોની સામે પ્રતિષ્ઠાનપુરનો રાજા શાલિવાહન ઉઠેલો. એણે પણ શક લોકોને હરાવી એજ સાલમાં પોતાનો શક ચલાવ્યો.

સીકીઅન લોકો જૈન હોય એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે. ટોડ રાજસ્થાનમાં પાના ૬૪, માં ટોડ સાહેબ લખે છે કે ઇ. સ. પૂર્વે અને લગભગમાં જે જાતિઓએ હિન્દુસ્થાન ઉપર સ્વારીઓ કરી તે જાતીયોમાં શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરના વખતથીજ તીર્થંકરની ભક્તિનો ઉપદેશ દાખલ થયો હતો. ઇ. સ. ના બીજા અને ત્રીજા સૈકાઓમાં પણ શક; હૂણ, યવન અને કુશાન લોકોનાં ટોળાં ભારતને હેરાન કરવા લાગ્યાં. છતાં ચડાઇ કરનારા પણ ફાવતા તો નહી જ ઇ. સ. ના ૪ થા સૈકાની શરૂઆતમાં ગુપ્તવંશના પ્રથમ રાજા ચંદ્રગુપ્તે મૌર્યવંશીય ચંદ્રગુપ્તની પેઠે સામ્રાજ્ય સ્થાપવાનો પ્રયત્ન કરેલો.

શ્રી ગુપ્ત ત્રીજા સૈકાની અંતે થયેલો, તે પછી તેનો પુત્ર ઘટોત્કચ્છ ઇ. સ. ૩૦૦ થી ૩૨૦ સુધી હતો. આ ચંદ્રગુપ્ત

ઘટોત્કચ્છનો પુત્ર હતો. એને નાનપણથી સામ્રાજ્યનાં સ્વપ્નાં આવવા લાગ્યાં. પોતાનું પરિબળ વધારી ઈ. સ. ૩૦૮ માં એણે પાટલીપુત્ર કબજે કરી બીજા રાજાઓને પણ જીતી લીધા. ઇ. સ. ૩૨૦ માં એણે રાજાધિરાજ તરીકે રાજ્યાભિષેક કરાવ્યો. તે પછી દશ વર્ષ જીવ્યો. તેની પછી તેનો પુત્ર સમુદ્રગુપ્ત ગાદીએ આવ્યો અને તેની પછી તેનો પુત્ર બીજો ચંદ્રગુપ્ત રાજા થયો. આ ગુપ્ત રાજાઓની રાજ્યધાની પણ પાટલી પુત્ર હતી. મહાકવિ કાલીદાસે પોતાના રઘુવંશમાં રઘુરાજાના દિગ્વિજયનું જે વર્ણન કર્યું છે તે સમુદ્રગુપ્તનો દિગ્વિજય દૃષ્ટિ આગળ રાખીને જ કર્યું હોય એવો સંભવ છે. સમુદ્રગુપ્ત એ વિશ્વવિજયી રાજા હતો. પુષ્યમિત્રની માફક એણે પણ બધા રાજાઓને જીતી અનવમેધ યજ્ઞ કરેલો ! એણે લગભગ ૪૫ વરસ પર્યંત રાજ્ય કરેલું ઇ. સ. ૩૩૦ થી ૩૭૫ સુધી.

સમુદ્રગુપ્તનો પુત્ર બીજો ચંદ્રગુપ્ત એની ગાદીએ આવ્યો. એણે માળવા, ગુજરાત સૌરાષ્ટ્ર ઉપર રાજ્ય કરનારા શક લોકોને હરાવ્યા. ક્ષત્રપવંશનો નાશ કરીને ઉજ્જયિનીનગરી જીતી લીધી. જેવી રીતે સમુદ્રગુપ્તે પૃથ્વીને જીતીને પરાક્રમાદિત્ય નામ ધારણ કરેલું તેવી જ રીતે ચંદ્રગુપ્તે વિક્રમાદિત્ય નામ ધારણ કર્યું. મહાકવિ કાલીદાસ એ ચંદ્રગુપ્ત–વિક્રમાદિત્યનો કવિ હતો. એણે ઇ. સ. ૩૭૫ થી ૪૧૩ લગભગ સુધી રાજ્ય કરેલું; એના સમયમાં ચીનાઇ સાધુ ફાહિયાન આ દેશમાં આવ્યો હતો. આ સમય પહેલાં રાજ્યધાની પાટલીપુત્ર બદલીને ગુપ્તરાજાઓએ અયોધ્યામાં સ્થાપી હતી.

ચંદ્રગુપ્ત પછી એનો પુત્ર કુમારગુપ્ત ગાદીએ આવ્યો. આ રાજાએ લગભગ ૪૦ વર્ષ રાજ્ય ભોગવેલું. તેના છેવટના રાજ્યકાળમાં હુણલોકોનાં ટોળાં આદેશ ઉપર ધસી આવવા લાગ્યાં. તેની પછી તેનો પુત્ર સ્કંદગુપ્ત ઇ. સ. ૪૫૫ માં ગાદીએ આવ્યો એણે ડગમગતો રાજમુગટ હુણલોકોને હરાવી સ્થીર કર્યો. ઈ. સ. ૪૮૦ સુધી એણે રાજ્ય કરેલું.

સ્કંદગુપ્ત પછી ગુપ્તકાળની પડતી આવી ઇ. સ. ૪૮૦ પછી પાછા હૂણુલોકો જોરમાં આવ્યા, તેમને સ્કંદગુપ્તના પુત્રો અટકાવી શકયા નહી. ઉત્તર ગુજરાતમાં વલભીપુરને વડનગર પગભર થતાં હતાં. ઇ. સ. ના ચોથા, પાંચમાં સૈકામાં તે મજબુત થયાં. વલભીપુર તો જૈનોનું ધામ હતું—ત્યાં ત્રણુસોને સાઠ જીનમંદિર હતાં ત્યાંનો રાજા શિલાદિત્ય જૈન હતો. વિ. સં. ૩૧૪ માં શિલાદિત્ય રાજાની સભામાં મલ્લવાદીસૂરિએ બૌદ્ધોનો પરાજય કરી સૌરાષ્ટ્રમાંથી દેશનિકાલ કરાવ્યા. વેદાંતીયોએ ત્યાં શંકરાચાર્યનું નામ ગોઠવી દીધું છે. પણ શંકર તો નવમા સૈકામાં થયા છે. આપણી વાર્તાના સમયમાં તે સિવાય વિક્રમ સંવત્ ૫૨૩ માં વડનગરના રાજા ધ્રુવસેન સમક્ષ કલ્પસૂત્રનું વ્યાખ્યાન વંચાવવું શરૂ થયું.

સ્કંદગુપ્ત પછીના ગુપ્ત રાજાઓ નબળા મનના હોવાથી ઇ. સ. ૫૩૦ માં ગુપ્તવંશનો અંત આવી ગયો. છઠ્ઠા સૈકાની શરૂઆતમાં હૂણ સરકાર **તોરમાણે** માળવા જીતી લઇ ત્યાં રાજગાદી સ્થાપી મહારાજાધિરાજ પદ ધારણ કર્યું. તેનો પુત્ર મિહિરગુપ્ત તેની ગાદીએ આવ્યો તેની સામે ગુપ્તવંશનો

રાજા નરસિંહગુપ્ત બાલાદિત્ય પોતાના માંડલિકોને એકત્ર કરીને લડયો. અને હૂણલોકોને ઇ. સ. ૫૩૫ માં સખત હાર ખવડાવી. પણ ત્યાર પછી આ દેશમાં એમનો કાયમનો વસવાટ થયો અને જેમ તેમ એ સૈકો પસાર થઇ ગયો.

ઇ. સ. ના સાતમા સૈકાની શરૂઆતમાં **હર્ષવર્ધન** ભારત સમ્રાટ થયો. હર્ષવર્ધનનો પિતા પ્રભાકરવર્ધન. એણે ગાંધાર અને સિંધ વગેરે દેશના હૂણરાજાઓને હરાવ્યા. તેમજ ગુજરાત, લાટ અને માળવાના રાજાઓને પણ નમાવ્યા.

પ્રભાકર વર્ધનનું મૃત્યુ થતાં તેનો પુત્ર રાજ્યવર્ધન ગાદી ઉપર આવેલો, પણ માળવાના રાજાના મિત્ર વંગનરેશે એને વિશ્વાસઘાતથી મારી નાખ્યો તેથી એનો નાનો ભાઇ હર્ષ-વર્ધન ઇ. સ. ૬૦૬ માં ગાદી ઉપર આવ્યો. ગાદીએ આવ્યા પછી છ વર્ષ પર્યંત એણે યુદ્ધો કરીને આસપાસના સર્વે રાજાઓને હરાવ્યા. ને ઉત્તર હિન્દુસ્થાનમાં ચક્રવર્તી રાજ્ય જમાવ્યું એની સેનામાં ૬૦૦૦ હાથી, એક લાખ ઘોડેસ્વારો અને પાયદલનો તો સુમારજ નહોતો. એની રાજધાની કનોજ—(કાન્યકુબ્જ) નગરમાં હતી. ઈ. સ. ૬૦૬ થી ૬૪૭ સુધી એણે ભારત વર્ષ ઉપર ચક્રવર્તી રાજ્ય ભોગવ્યું. એના સમયમાં **હુએનસાંગ નામનો** બીજો પ્રખ્યાત ચીની સાધુ હિંદુસ્થાનમાં આવ્યો. આસામના રાજા કુમાર તરફથી એને આમંત્રણ થયું. એ આમંત્રણને માન આપી ત્યાં ગયો, એનું બહુ સ્વાગત થયું.

કનોજપતિ હર્ષવર્ધને એ—ચીની સાધુને પોતાને ત્યાં

બોલાવ્યો. જેથી કુમાર અતિથિને લઇ હાથી ઉપર બેસી જાતે કનોજ આવ્યો. કનોજમાં એનો ભારે સત્કાર થયો. હર્ષવર્ધનના દરબારમાં કેટલોક સમય તે રહ્યો.

હર્ષવર્ધનના સમય પછી પચાસ વર્ષ વીત્યા બાદ મુસલમાનો સિંધમાં અને પંજાબમાં દેખાવા લાગ્યા. આ વખતમાં બીહાર અને બંગાળામાં, કનોજમાં, રાજપુતાનામાં, માળવામાં, કાશ્મીરમાં અને ગુજરાતમાં એમ જુદા જુદા દેશોમાં જે રાજ્યો સ્થપાયાં તે ચડતી પડતીના રંગ જોતાં મુસલમાનોનો ઘસારો સહન કરતાં લગભગ ૫૦૦ વર્ષ પર્યંત ટકી રહ્યાં.

# પ્રકરણ ૭ મું

## કનોજરાજ યશોવર્મા.

પાટલીપુત્ર, અયોધ્યા અને કનોજમાં ગુપ્ત યુગનો કાળ લગભગ છઠ્ઠા સૈકાના અંત સુધી હતો. સાતમા સૈકાની શરૂઆતમાં કનોજમાં હર્ષવર્ધન રાજા થયો. આ સમયે વલ્લભીપુર ભાંગીને પંચાસર શહેર ગુજરાતની રાજધાની બનેલું. શિલાદિત્યની રાણીને ગુહ નામે પુત્ર ઉત્પન્ન થયો એના વંશજો ગેહલોટ કહેવાણા. એ ગેહલોટ વંશના બાપારાવળે ચિત્તોડમાં ગાદી સ્થાપી હતી. એના વંશજો ત્યાં રહીને રાજ્ય કરવા લાગ્યા. આ તરફ ગુજરાતની રાજ્યલક્ષ્મીનું કેંદ્રસ્થાન પંચાસર બન્યું.

આઠમા સૈકાની શરૂઆતમાં પંચાસરે પોતાની અપૂર્વ દોલત ઝળકાવી જેથી પરદેશીઓના કાન એનું ગૌરવ, જાહોજલાલી સાંભળીને ચમકયા. કલ્યાણીપતિ ભુવડ સોલંકી એનો શત્રુ બન્યો. એણે ગુજરાતને પરાધિનતાની બેડીયો પહેરાવી એની રાજલક્ષ્મી લુંટી લેવાનો ઈરાદો જાહેર કર્યો.

આઠમા સૈકાના મધ્યકાલમાં ગુર્જરલક્ષ્મી જયશેખરને વરેલી. તેજ સૌભાગ્ય, અને અનગળઋદ્ધિથી પંચાસર ભારતની આંખે ચડયું.

પોતાના અનગળ સૈનિકોને લઇ ભુવડસોલંકી પંચાસર નજીક ધસી આવી એણે જયશિખરને પડકાર્યો. જયશિખરે એ પડકાર ઝીલ્યો. બંને શૂરવીર પોતપોતાના બળવડે ઝુઝયા. એકને સ્વદેશનું રક્ષણ કરવું હતું–બીજાને બલાત્કારે પારકી રાજલક્ષ્મી લુંટવી હતી. કાળના પ્રભાવે કરીને એ આસુરી વૃત્તિનો જય થયો અને જયશિખર યુદ્ધમાંજ મરાયો. પાછું ગુજરાત પરાધિનતાની શૃંખલામાં બંધાયું. સોલંકીયો ગુજરાતની લક્ષ્મીને લુંટાય એમ લુંટવા લાગ્યા. ત્રાસ–જુલ્મથી ગુજરાતની ભૂમિ ખળભળાવી નાખી. જયશિખરનો પુત્ર વનરાજ જૈનોના સહવાસમાં ઉછર્યો. પંદરવર્ષ પછી વનરાજ એના મામાની સાથે રહી યુદ્ધની તાલીમ લેવા લાગ્યો. પરાધિનતાની બેડીઓમાં ગુજરાતે પોતાનું એ સદીનું જીવન પૂર્ણ કર્યું.

વિક્રમની આઠમી સદીના ઉત્તરકાળમાં કનોજની ગાદી ઉપર મૌર્યવંશીય ચંદ્રગુપ્તનો વંશજ યશોવર્મા આવ્યો.

ઈતિહાસ ઉપરથી સમજાય છે કે આ રાજાએ શાંતિમાં જીવન ગાળ્યું હોય. જ્યારે ગુજરાત સૌરાષ્ટ્રમાં અશાંતિ હતી તેવે સમયે ભારતના બીજા દેશો શાંતિનો આસ્વાદ લેતા હોય. ગમે તેમ પણ યશોવર્મા વિલાસપ્રિય હતો એ તો સ્પષ્ટ સમજાય છે પટ્ટરાણી સુયશા તથા બીજી પણ એને અનેક રાણિઓ હતી.

એક વખતે એણે પોતાનાથી હલકા કુળની એક કન્યા સાથે લગ્ન કર્યું. એના રૂપમાં એ મુગ્ધ બની ગયો. એ નવી રાણીએ કામણ કરીને રાજાને એવો તો વશ કરી લીધો કે રાજા એનેજ કાને સાંભળતો, એના બોલેલા શબ્દોજ બોલતો. જેથી રાજકાજમાં પણ એ બરાબર લક્ષ્ય આપતો નહીં. આ નવી રાણીને આધીન રહીને એના અંતઃપુરમાં પડયો રહેતો. રાજા આટલો આધિન હોવા છતાં નવી રાણીને સંતોષ થયો નહીં. પોતાની શોકયોને આવી સ્થીતિમાં જોવાને પણ રાજી નહોતી. ધીરે ધીરે શોકયનું સાલ દુર કરવાની યુક્તિઓ રચી એ પ્રયોગ એણે શરૂ કરી દીધો.

એક દિવસ અવસર સાધીને પટ્ટરાણી સુયશા જે ગર્ભવંતી હતી અને તેનાથી આ કુટીલ સ્ત્રી હમેશાં ડરતી હતી. તેનો નાશ કરવાની યુક્તિ રચી રાજાના કાન ભંભેરવા માંડ્યા. પર-પુરૂષ સાથે વ્યભિચાર કરવાનો આરોપ ઉભો કરી મહારાજ કનોજરાજને ઉશ્કેરી મુકયા. કનોજરાજના પોતાના કાન અને બુદ્ધિ તો વેચાઇ ગયાં હતાં. હમણાં તો એમનું સર્વસ્વ આ નવી રાણીજ હતી.

એક દિવસ એણે કુટિલ પ્રયોગ રચીને સુયશારાણી વ્યભિચારિણી છે એમ રાજાને ખાતરી પણ કરાવી દીધી. પછી શું પૂછવું ? રાજા કોપાયમાન થયો. ખડગ ખેંચીને મારવાને ધસ્યો. પણ પ્રધાનોએ વિનંતિ કરીને રાજાને અટકાવ્યો. " મહારાજ ! સુયશાદેવી ગર્ભવંતા છે ! એ સતીનો આપે નાશ કરવો યોગ્ય નથી. "

પણ રાજાનો ગુસ્સો અપાર હતો. પ્રધાનોના શબ્દો સાંભળવાની એને ફુરસદ નહોતી. છતાં પ્રધાનોએ જ્યારે ઘણો સમજાવ્યો ત્યારે સુયશારાણીને દેશ નિકાલની સજા કરી. પ્રધાનોએ રાણીને એના પીયર તરફ રવાને કરી દીધી. પણ રાજાની દૃષ્ટિએ પડવા દીધી નહીં.

સુયશાએ આવી સ્થીતિમાં પીયર જવું પસંદ કર્યું નહીં. જેથી તે વનમાં રહેવા લાગી ત્યાં એણે પુત્રને જન્મ આપ્યો. વન્યવૃત્તિ કરતા એ પુત્રને ત્યાં મોટો કરવા લાગી. તે પછી સુયશાને સિદ્ધસેનસૂરિ મળ્યા. અને એણીને પોતાના પુત્ર સાથે મોઢેરાના ચૈત્યમાં તેડી લાવી. સગવડ પૂર્વક રાખી, એ આપણે પૂર્વે જોઇ ગયા છીએ. આમકુમાર અહીંયાં મોટો થવા લાગ્યો.

મંત્રીઓ આ શોકનાં કાવતરાંથી વાકેફ હતા પણ એ શું કરી શકે ? બધા અનર્થનું મૂળ એ નવી રાણી હતી છતાં કનોજરાજને એ પ્રાણથી પણ પ્રિય હતી. મંત્રીઓએ હારીને એને એના દુર્દૈવ ઉપર છોડી હતી. કેમકે મંત્રીઓની પણ

ખબર નવી રાણી લેવાને ચુકતી નહીં. જે કોઇ એની આંખે ચડતો તેના જીવનનાટકની પૂર્ણાહુતિ અલ્પકાલમાં જ થતી. તે પછી એક પછી એક પોતાની શોકયોની એણે ખબર લેવા માંડી. બની શકે તો શોકયોનું કાસળ પોતેજ પોતાની મેળે કાઢી નાંખતી. કોઇને દગાથી કોઇને વિષ દ્વારા તો કોઇને રાજાના કાન ભંભેરી એના માથા ઉપર ખોટો આરોપ ઓઢાડીને, એમ વારાફરતી આ જાલિમ સ્ત્રીએ ઘણી શોકયની ખબર લઇ લીધી. એમાંજ એને આનંદ પડતો. પોતાનું રૌદ્રધ્યાનીય કરપીણ કૃત્ય પાર પડતું ત્યારે એને અપાર હર્ષ થતો કે જેવો આનંદ એને બીજી કોઇ પણ ભોગની વસ્તુમાં નહોતો. પોતાનો હેતુ પાર પાડવામાં રાજા તો એનું સાધન હતો.

પાપનો ઘડો સંપૂર્ણ રીતે ભરાઇ ગયો. પરભવમાં જ્યાં જવું હતું, ત્યાંનું ભાતું લાંબા કાળપર્યંત ખુટે નહી એવી રીતે એકઠું થઇ ગયું. હવે એને આ દુન્યામાં રહેવાની જરૂર નહોતી.

જે પુણ્યખર્ચી લઈને આ મનુષ્ય ભવમાં આવી હતી તે વાટખર્ચી પણ ખલાસ થઇ ગઇ. એના જીંદગીના દિવસો પણ ભરાઇ ગયા. એનાં ભયંકર પાપો ભવિષ્યની આગાહીના પડકાર કરી રહ્યાં હતાં. જુદા જુદા અને એક પછી એક રોગોએ એની ઉપર હુમલો કર્યો. રાજાએ ઘણા વૈદ્યો બદલ્યા, દવાઓ કરી પાણીના પ્રવાહની માફક એની પછવાડે દવા

દારૂમાં લક્ષ્મીનો વ્યય કર્યો. પણ એનો મૃત્યુનો ઘંટ વાગી ચુકયો હતો. છતાં બીચારી જીવવાને ધમપછાડ કરી રહી હતી. અરે કોઇ બચાવો ! મને જીવાડો ? મહારાજ ? મને જીવાડો ? મારે નથી મરવું." કનોજરાજ, દાસદાસીઓ, વૈદ્યો ક્ષણ ક્ષણ એ નબળી પડતી નાડ જોતા ડાચાં વકાસી રહ્યા હતા. કોઇના મનને એમ થતું કે આ જાલીમ સ્ત્રીના પાપનો ઘડો હજી પણ ભરાયો નથી કે એ જીવવા ઇચ્છે છે ? મૃત્યુના એ ભયંકર પડકારમાંથી બચાવવાની કોઇની તાકાત હોઇ શકે છે ? બિચારી જીવવાને માટે વલખાં મારતી આ શોકય 'હાય' 'હાય' કરતી પરભવનું ખાતું સરભર કરવાને ચાલી ગઇ.

એના મૃત્યુથી રાજાને તો અવશ્ય દુઃખ થયું. રાજાને ખુશી રાખવા માટે બધાઓએ ઉપર ઉપરનો શોક બતાવ્યો. થોડા દિવસ વહી ગયાને રાજા કામકાજમાં એને ભુલી જવા લાગ્યા.

પણ પ્રધાનોના મનમાં સુયશા રાણીનો દેશવટો ખુચતો હતો એમને ખબર પણ હતી કે દેવી ગર્ભવંતા હોવાથી અત્યારે તો રાજ્ય વારસ યુવરાજ પણ પાંચ વર્ષનો થયો હશે માટે રાજાને સમજાવી રાણીને અને પુત્રને તેડાવવાં.

અવસરે યશોવર્મા રાજાને પ્રધાનોએ વાત નિવેદન કરી, સુયશારાણી નિર્દોષ હતી એવી રાજાને ખાતરી કરી આપી. એ કાચા કાનનો રાજા પણ સમજયો કે નવી રાણીની સમજાવટથી પોતે કાચું કાપ્યું હતું. જેથી એમને-રાણી અને પુત્રને રાજધાનીમાં બોલાવી લીધાં. મોટા માનપૂર્વક પોતાની પાસે રાખ્યાં.

આમ કુમાર વયમાં વધવા લાગ્યો તે સાથે રાજાએ એનું લક્ષ્ય શસ્ત્ર અને શાસ્ત્ર વિદ્યા તરફ દોરવ્યું બાલ્યાવસ્થા ઉલ્લંઘન કરીને બાળ તારૂણ્યમાં આવ્યો. પણ કુમારને ધન ઉડાવવાનું વ્યસન લાગેલું ! જેથી મન મુકીને લક્ષ્મીનો વ્યય કરવા લાગ્યો. એટલી બધી લક્ષ્મી કુમાર શેમાં ખરચતો ? મોજ શોખમાં, ખાનપાનમાં, વસ્ત્રાભુષણુમાં, દાનમાં અને ખુશામતીઆઓને સંતોષવામાં ! કોઇએ રાજાના કાન ભરાવ્યા !

એક દિવસ કનોજરાજ યશોવર્માએ એને ખાનગીમાં લક્ષ્મીનો વ્યય નહી કરવા ઉપદેશ કરેલો ! એથી આ બાળ-કુમાર ગુસ્સે થયો. જો કે પિતાની સામે એ કાંઇ પણ બોલી શકયો નહી છતાં એ ગુસ્સાથી પિતા ઉપર કોપાયમાન થઈ એણે પોતાનું વતન છોડયું. અને મોઢેરામાં બપ્પભટજીનો મિત્ર અને સિદ્ધસેનસૂરિનો શિષ્ય થયો.

રાજાએ પાછળથી ઘણી તપાસ કરાવી પણ બાળરાજાનો પત્તો લાગ્યો નહી. રાણી સુયશા પુત્ર માટે વિલાપ કરવા લાગી. પીતાને ઘણો પશ્ચાત્તાપ થયો પણ જે ઘટના બની ગઇ એમાં તે નિરૂપાય હતો.

કાળાંતરે રાજાને આમકુમારના મોંઢેરાના સમા-ચાર મલ્યા. પિતાએ પુત્રને તેડાવવા માટે મંત્રીઓને મોકલ્યા પણ એ માનીપુત્ર જાયજ શેનો ?

આમકુમાર મોઢેરા આવ્યો એ સમય વિક્રમ સંવત

૮૦૭ ની આસપાસનો હોય એમ અનુમાન કરી શકાય છે. તેમજ વધારેમાં વધારે વીશથી વધારે ઉમર તો એની નજ સંભવી શકે !

વિક્રમ સંવત ૮૧૦ નું વર્ષ પસાર થયું ને કનોજરાજ મૃત્યુના બિછાના ઉપર સુતા ! એમને ઇચ્છા થઇ કે છેલ્લી વખતે એ માનીપુત્રનું મુખ જોવાય તો ઠીક ?

ચતુરમાં ચતુર એવા પ્રધાન પુરૂષોને આમ કુમારને તેડવા સારૂ રાજાએ મોકલ્યા.

# પ્રકરણ ૮ મું.

## કમલા.

સમય તૃતીય પ્રહરનો હતો. અત્યારે એક સુરૂપબાળા પોતાના મહેલની પછવાડેના બગીચાના ભાગમાં લટાર મારી રહી છે. હરિણીસમાં ચપળ નેત્રને ચારે બાજુ ફેરવતી, કોઈની આતુરતાથી રાહ જોતી બાળા લત્તાકુંજમાં આવી.

બાળાનું વય માંડ સોળ વર્ષનું હતું. છતાં એ સુરૂપ શરીર સુખમાં ઉચ્છરેલું હોવાથી ખીલી રહ્યું હતું. શરીરના બધા અવયવો ઘાટીલાને મનોહર હતા.

બાળા લત્તાકુજમાં આવી એ મીઠી હવાની વાની ચાખતી ત્યાં પદ્માસને બેઠી. “લાવને સમાધિમાં જોઉ તો ? એ

ક્યાં હશે ?" નાસિકા ઉપર દૃષ્ટિ રાખી એકચિત્તે વિચારને રોકતી બેઠી. પણ દૃષ્ટિ ક્ષણમાં આસપાસ નજર કરવાને ચુકતી નહી. મનમાં સુક્ષ્મ રીતે ઉદ્ભવતા વિચારોનો વેગ પ્રબળ હતો. એક વિચારને રોકે તો બીજો આવે, બીજાને કાઢવા પ્રયત્ન કરે ત્યાં વળી ત્રીજો તૈયાર હતો. "બળ્યું ! એકને કાઢીયે ત્યાં બીજો આવે છે કોણ એને તેડાવે છે. નકામા અણ-તેડ્યા આવે છે."

એ બાળા ફરીને દૃઢ મન કરીને બેઠી. પાતાળમાં રહેલા શેષનાગનું આસન ડોલાવવા મથતી હોય કે શક્રેંદ્રનું સિંહા-સન ચલાયમાન કરવા ઈચ્છતી હોય, છતાં ધ્યાનમાં એક વ્યકિત સુક્ષ્મસ્વરૂપે એની નજર સામે આવીને ખડી થતી. એને જોઈને એના હૈયામાં ઘણું થતું. શું થતું એતો એ પણ સમજતી નહોતી. છતાં એની તરફ પક્ષપાત તો જરૂર થતો. હૈયાનાં ઉંડા-ણમાં રહેલું કોઇ છૂપું તત્વ એનામાં એકાગ્ર થઇ જતું. ચિત્ત તો એક કામદેવ સમી મદનમુર્ત્તિને નિહાળી નિહાળી એ સુક્ષ્મ સ્વરૂપમાં જ સમાઈ જતું. ધ્યાનમાં રહેલું મસ્તક પણ એ વીરવરને મધુરાસ્મિત–હાસ્યથી વધાવતું "આવો ! તીરમારી મારા પ્રાણ બચાવનાર તરૂણ ! પધારો ! મારૂં અંતરનું સ્વાગત સ્વીકારો !"

પ્રત્યુત્તરમાં એ પુષ્પધન્વાસમી વીરમુર્ત્તિ મૃદુ મૃદુ હસી ઉઠતી. આહ એ મુર્ત્તિમાં શું ચિત્તની એકાગ્રતા હતી ! પ્રિય મુર્ત્તિના એક ધ્યાનમાં બાળા બાહ્ય દૃષ્ટિને ભૂલી ગઇ હતી. બહાર શું થતું હતું એ પણ સરલા વિસરી ગઇ.

નજીકમાં ઉભેલી એક વ્યકિત એની આ ચેષ્ટા જોયા કરતી હતી, બાળાનો ધ્યાન ઢોંગ જોઇને એ મનમાં હસી પડતો. એ ધ્યાનમાં આરૂઢ થયેલી બાળાના બંધન રહીત શ્યામ કેશો હવામાં નૃત્ય કરી રહ્યા હતા. અભિષ્ટ મુર્ત્તિના ધ્યાનથી ઉત્પન્ન થયેલો હર્ષ વિકસ્વર થયેલાં શરીરનાં રોમરાય, એ વાટે પ્રત્યક્ષ થતો " વાહ ધ્યાનના આડંબરમાં મશગુલ થયેલી બાળા તારૂં ધ્યાન ! "

બાળાના ચાળા જોનારી એ વ્યકિત આસ્તેથી બાળા ન જોઇ શકે એમ એની નીકટમાં આવી, એણે પોતાનો સ્વર બદલ્યો. "બાળા ! તારા ધ્યાનથી હું પ્રસન્ન થયો છું ! માગ ! માગ ! ઇચ્છામાં આવે એવું વરદાન માગ ! "

અભિષ્ટ ધ્યાનમાં મશગુલ થયેલી બાળા આ શબ્દો સાંભળી ચમકી " આહા ! કોણ બોલ્યું એ ! " આજુબાજુ નજર ફેરવી પણ કંઇ જણાયું નહિ. 'શું મારા ધ્યાનથી શેષ-નાગ પ્રસન્ન થયા કે દેવ ! દાનવની માયા તો ન હોય ! ' બાળા વિચારમાં પડી.

ફરીને અવાજ આવ્યો ! " બાળા! માગ ! માગ! તારી ઈચ્છામાં આવે તે માગ ! " બાળા ચમકી " આપ કોણ છો ! પ્રત્યક્ષ થાવ ? "

દેવતાઓ પ્રત્યક્ષ ન થાય ! બાળા ? "

" આપ દેવ છો ! "

" હા ! હું તને વરદાન આપવા આવ્યો છું ? "

" વાહ ! ધન્ય મારાં ભાગ્ય ! મારી ઇચ્છા સફળ થાય એવું વરદાન આપો ? "

" તારી શી ઇચ્છા છે ? "

" આમકુમાર મારા પતિ થાવ !" બાળાના મુખમાંથી અચાનક શબ્દો નીકળી ગયા.

" તથાસ્તુ "

" મારૂ ધ્યાન તો સફળ થયું. વાહ ? શું મારૂં ધ્યાન ! દેવતાઓ પણ કામ ધંધા વગરના જણાય છે. આમ સહેલાઇથી પ્રસન્ન થતા હશે ને ! "

" જેવું તમારૂં ધ્યાન એવા આ દેવ ! દેવતાઓને આપણી શી પડી હોય, એ નાટક તો આપણેજ ભજવી લેવું ? " સામે ઉભેલી એક વ્યકિતના શબ્દોએ બાળાનું ધ્યાન ખેંચ્યું.

એ વ્યકિતને જોઇ આ લાવણ્યવતી કુમારિકા ગભરાઇ ગઈ, એ ચંદ્રવદન ઉપર શરમના શેરડા પડયા. પગ નીચેથી જમીન સરી જતી હોય એમ લાગ્યું. એ લાલ લાલ થયેલું વદન કમલ કયાં છુપાવવું એની સમજણ ન પડી. કંપાયમાન થતી તરૂવરોની મૃદુ લતાઓની માફક આ નાજુક દેહકળી ઠંડી પડવા લાગી. શાંત રસમાં નિમગ્ન થઇ ગઇ. એણે જાણ્યું કે પોતાના સમી ભોળીને આ અઠંગ ધુતારે ઠગી હતી. દેવનો પાઠ આજે માનવે ભજવ્યો હતો પણ આખરે તો એ પોતાની આરાધ્ય-મુર્તિ હતી. " તમે કનો જવાસીઓ બધા ઠગારાજ !" બાળા કંઇક ધૈર્યતાનું અવલંબન લઈ બોલી અને હસી.

" વાહરે મારાં યોગિની દેવી ? જેવું તમારૂં ધ્યાન તેવો આ દેવ ? એમાં ખોટું શું ? " બોલતાં બોલતાં એ વ્યક્તિ હસી પડી.

" મારૂં ધ્યાન તમે ચલાવ્યું ! આહા ! કેવું એ સુખદ ધ્યાન ? "

" તો એ ધ્યાનનું ફલ તમે ઠીક માગ્યું હો ? વરદાન તો સારૂં હતું ! "

" હાય ! હું ભોળી ઠગાઇ ગઇ ! તમે તો બડા ધુર્ત્ત ! મારી છાની વાત સાંભળી ગયા ? "

" તો તમારા મનના મનોરથ સફળ થયા ! મનના દેવ પ્રત્યક્ષ થયા ? "

" અરે ? હું તો તમને જોઇ એટલી બધી ગભરાઇ ગઇ કે તમારા શબ્દો પણ હું સમજી શકી નહી ! "

" ઠીક જવા દે એ 'વાત ? કમળા ! તારા પિતાજી આજે ક્યાં ગયા છે ? " તે વ્યક્તિએ વાતની દિશા ફેરવી એ વ્યક્તિ તે **આમકુમાર** પોતે હતો.

આમકુમાર તે દિવસના અણુધાર્યા મેળાપ પછી અવારનવાર સામંતસિંહનો મેમાન થતો. સિદ્ધસેનસૂરિએ પણ આમકુમારનું પરાક્રમ સાંભળ્યું હતું. એ મહાપુરૂષને લાગ્યું કે ' રાજાને યોગ્ય આ બાહુબળ પ્રજાના હિતમાં, દેશના રક્ષણમાં વપરાય તો ઠીક ! ' કેટલીક એની પ્રવૃત્તિની આચાર્ય ઉપેક્ષા કરતા. એને લાગ્યું કે એક રીતે સામંતસિંહ

અને આમકુમારનો સંબંધ થયો એ પણ ઠીક હતું. સામંતે પણ ગુરૂ પાસે એકવાર જાહેર કરેલું કે ' આવા ઉત્તમ કુળનો કુમાર અમારો હંમેશનો મેમાન થાય "

વારંવાર આમકુમારના આગમનથી સામંતસિંહના કુટુંબમાં એ પરિચિત જેવો થઇ ગયો. જાણે પોતાનું જ મકાન હોય એમ દરેક સાથે વર્ત્તતો. સામંતસિંહ અને એની પત્ની લક્ષ્મીદેવીએ તો મનથી દિકરી આપીને એને દિકરો જ માનેલો ! લક્ષ્મીદેવી તો આમકુમારને જોઇ અર્ધી અર્ધી થઇ જતી. **આમ** શું ખાશે ? ને **આમ**ને શું ગમશે ? એ માટે એ દરેક સગવડ સાચવતી. આજે એના જીવનનું કેંદ્ર આમકુમાર હતો.

આમકુમાર અને કમળા કલાકોના કલાકો સુધી હસતાં, વાતોચિતો કરતાં, પણ માતાપિતા એ બન્નેને પોતાનાં જ ફરજંદ સમાં ગણતાં. તેઓએ નક્કી કર્યું હતું કે જ્યારથી પોતાની દીકરીને આમકુમારે વાઘના પંજામાંથી બચાવી ત્યારથી એને અર્પણ કરી હતી. મરણના મુખમાંથી દિકરીને બચાવી એ બધો એનો ઉપકાર હતો. એ ઉપકારના અણુમોલ બદલામાં આતો નજીવી ભેટ હતી. આ ભેટ એ મોટા કુળનો આમકુમાર સ્વીકારશે કે કેમ એની જ ફક્ત શંકા હતી. એ શંકાને નિર્મૂળ કરવા આતો માત્ર ઉપાય યોજાતો હતો. કમળા અને આમકુમાર બન્ને એક બીજાને ચાહતાં શીખે તો જ સ્નેહને વશ થયેલો આમકુમાર હા ભણી શકે !

નવીન તારૂણ્યમાં પ્રવેશેલાં આ બન્ને તરૂણ પાત્રો તો એક બીજાના અંતરમાં ક્યારનાંય ઘુસી ગયાં હતાં. એ નવીન સ્નેહનું આકર્ષણ, રક્ત ઓષ્ટ પર જણાતું મંદ સ્મિત જણાઇ આવતું હતું.

જે સમયે આત્મા જે વસ્તુમાં સુખ માને છે, તે વસ્તુ સદંતર અનુકુળ હોય ત્યારે એની મીઠાશમા શું ખામી હોય? આમકુમાર અને કમળા બન્નેની અરસ્પરસ આવી સ્થીતિ હતી. જગતની એક મહાનમાં મહાન ગણાતી શકિત પ્રેમશકિત ને સ્નેહનું બંધન દ્રઢ કરી એ ગાંડને મજબુત કરી હતી શરીરે ભિન્ન હતાં છતાં બન્નેનો આત્મા–મન અને વિચાર એક હતાં. દુન્યામાં તો બહુધા પ્રેમનોજ વિજય હોય!

" પિતાજી તો અચાનક કારણસર પાટણ ગયા છે, લગભગ અઠવાડીયું તો એમને ત્યાં સહેજે પસાર થશે." કમળાએ આમકુમારના જવાબમાં જણાવ્યું.

કમળાનાં વચન સાંભળી આમકુમાર વિચારમાં પડયો "કમળા! એક વાત પૂછું?" "પૂછોને! એકને બદલે બે!" મધુરતા અને ઉત્સુકતા ગર્ભિત એ વાકયો હતાં, પ્રત્યુત્તર સાંભળવા આંખો આતુર હતી. હરિણી સરખી આંખો આમકુમારની આંખોપર ઠરી. વિશ્વામિત્રને ધ્યાન ચ્યુત કરનારી મેનકાની નૃત્ય કરતી આંખોનું કામણ કમળાની નજરમાં કળાતું! ભસ્માસુરને મોહ પમાડી મુંઝવનારૂં કૃષ્ણનું અપૂર્વ મોહીની સ્વરૂપ કમળાના સ્વરૂપમાં આમકુમારનું હૃદય વલોવી નાંખતું

મહાસમર્થ યોગીરાજના ધ્યાનને ભેદનારાં એ સૌંદર્ય આગળ આમકુમાર તો એક આશાને હિંડોળે ઝુલતો પ્રેમી હતો.

"તારાં માતા પિતા કોઇ દિવસ તારા લગ્નની વાત કરે છે કે નહી ?" આમકુમારે કહ્યું. કમળા લગ્નની વાત સાંભળી શરમાઈ ગઇ પણ જવાબ તો આપવોજ જોઇએ. માતાપિતાના વિચારની એને પણ ખબર હતી અને એનું પોતાનું મન પણ આતુર હતું. ફક્ત આમકુમાર વાતની શરૂઆત કરે એટલીજ વાર હતી. ભાવી ભવિષ્યનું કોકડું એને લાગ્યું કે આજે ઉકેલાતું હતું.

એ હું કેમ જાણું ? લગન બાબતમાં હું તો કાંઇએ નો સમજું. કમળાએ ઉડાઉ જવાબ આપ્યો.

તું કંઈ સમજતી નથી, લગ્ન શું ? પ્રેમ શું ? એની તને કાંઇ માહિતી નથી ?" આમકુમાર ચીડાયો અને બોલ્યો.

" ના ? " એકદમ બોલી દીધું.

ઠીક ત્યારે હું ઠગાયો ! આજથી હવે કોઈ દિવસ હું તારી પાસે આવીશ નહી, સારૂં થયું કે તારા મૂર્ખ હૃદયની મને અત્યારથી જ ખબર પડી. " નિરાશ થયેલો આમકુમાર ઉભો થઇ ચાલવા લાગ્યો.

આમકુમારને જતો જોઇ એનું ઉજવળ ભાવી એના હાથમાંથી સરી જતું દેખાયું એને લાગ્યું કે કાચું કાપીને પોતાને હાથે પોતાનું નિકંદન કાઢયું હતું. આવો પ્રાણવલ્લભ હમેશને માટે પોતાને છોડી જાય એ આઘાત એને અસહ્ય હતો.

એ સમજતી હતી કે એનું શરણુ જગતમાં માત્ર બેજ ચીજ હતી એક આમકુમાર બીજી ભડભડતી અગ્નિની ચિતા !

" પણુ ઉભા તો રહો ? " બોલતી બોલતી એની પછવાડે દોડી.

ખીજાયેલા આમકુમારને સાંભળવાની પરવા નહોતી. એતો ચાલ્યોજ !

" હાય ! હાય ! ચાલ્યા એતો ! " દોડતી આમકુમારના કંઠે પોતાના નાજુક કમળના સમા બે હાથ નાખી વળગી પડી. " કયાં જાઓ છો ? "

" મારે ઠેકાણે ! મારે ઘેર ! " નિશ્ચળ નયને આમકુમારે જવાબ આપ્યો.

" મને છોડીને જશો ? એમ નહી જવાય ? "

" બેશક ! તારા જેવી હૃદયશૂન્ય તો મેં આજેજ જોઇ ! નાની ઘોડીયે ઝુલતી ઢીંગલી બિચારી કાંઇએ સમજતી નથી ? "

" પણુ હું સમજું તો ? "

નાજુક પ્રેમના મૃદુ બંધનો આગળ દ્વેષનો પરાજય થયો. બન્ને જણુા એક બીજાના ગળામાં હાથ નાખી પાછા લતા કુંજમાં આવ્યાં. ક્ષણુ પહેલાં જ ' હું શું સમજું ' એવું બોલનારી સ્રીની કેવી અદ્ભૂત શક્તિ ?

" રાજકુમાર ! એક વાત કહું ? તમારો સહવાસ મને બહુ ગમે છે ! મને લાગે છે કે આપણાં આનંદમાં વિક્ષેપ પડે માટે જ માતાપિતા મારા લગ્ન તરફ ધ્યાન આપતાં નથી."

" પણ એક દિવસ તો એમાં અવશ્ય વિક્ષેપ પડશે જ ! તારાં માતાપિતા તને પરણાવશે તો ખરાજ ને ? "

" એ મારી ઇચ્છા વિરૂદ્ધ કરેજ નહી, રાજકુમાર ! મારૂં જીવન તો મેં એક વ્યક્તિને ક્યારનુંય સમર્પણ કર્યું છે. લગ્ન કરીશ તો એની જ સાથે ? "

" કોને સમર્પ્યું ? ક્યારે સમર્પ્યું ? બોલ ? બોલ ? ઝટ બોલ ? " પૂછનારનું હૈયું ધડકતું હતું. ભાવી ભવિષ્યનાં ગુંચવણ ભરેલાં કોકડાંની સર ધીમે ધીમે દૂર થતી હતી.

તે જાણીને તમે શું કરશો ? એ દિવસ જોયેલા કામદેવ સમા ધનુર્ધારી વીર ! શું એ કોડીલાની સુંદરીઓનાં દિલ લોભાવનારી ચાલ! એની ઉભવાની છટા ! કુમાર ! હજી પણ હું એ ભૂલી નથી."

" પણ એ તે કોણ ? "

" પેલું ઝેર ભરેલું તીર મારી મારૂં જીવન ખરીદનાર ! હંમેશને માટે મને એની પોતાની કરનાર ? " એમ બોલી એના કંઠમાં હાથ નાખી શરમાઇને એના હૃદયમાં માથું છુપાવી દીધું.

પોતાના વિશાળ હૃદય ઉપર પડેલી એ બાળાને પો-

તાના બાહુથી બદ્ધ કરતાં–" મારે એજ કહેવડાવવું હતું સમજીને ? " બોલતાં આમકુમાર હસ્યો." પણ તારાં માતા-પિતા આપણી વાતમાં કેમ સંમત થશે ? " આસ્તેથી એના નરમ ગાલ ઉપર એક ચુંટી ભરી.

" શા માટે નહી થાય ? મારી મરજી વિરૂદ્ધ એમનાથી કાંઈ પણ ન થાય ! "

" મારી વ્હાલી ! તારાં માતાપિતાની મરજી હોય તો તારી સાથે લગ્ન કરવા હું ખુશી છું ! પણ પિતાનું રાજ્ય મેં છોડી દીધું છે તેથી તું કાન્યકુબ્જની પટ્ટરાણી તો નહી બની શકે ! "

"મારે તો તમેજ મારૂં સર્વસ્વ છો ? મોતના મુખમાંથી તમે મને બચાવી, એ રાજ્યે નહીં. મારા પિતાનું રાજ્ય એ તમારૂંજ છે ને ? તમને અહીંયાં શી ન્યૂનતા છે ? "

" તો સમજ હું તો તારોજ છું ! પણ આપણાં લગ્ન થઇ જાય તો એક મોટો માર્ગ ખુલ્લો થાય કેમ ખરૂંને ? "

જવાબમાં કમળા હસી એના વદન ઉપર મદનરાજની લીપી સ્પષ્ટ દેખાઇ. એ લીપીના ભાવોનું રહસ્ય સમજનારો કોડીલો પાસેજ હતો.

કેટલાક સમય પછી એ યુગલ એક બીજાના સામે જોઇને હસ્યું. અને તરત જ લતાકુંજ છોડીને ચાલ્યું ગયું. તે પછી થોડેક દિવસે એ પ્રણયની ગાંઠ લગ્નવડે કરીને દૃઢ થઇ.

# પ્રકરણ ૯ મું.

## વિધિનું વિધાન

" ગુરૂ મહારાજ ! આપ ગમે તેમ કરી રાજકુમારને સમજાવવો ? એ પુત્રવત્સલ પિતા અત્યારે મોતની પથારીમાં સુતા છે. પુત્રનું મુખ જોવાને અધિરા થયા છે ! " પ્રધાનોમાંના એક ગુણવર્માએ કહ્યું.

" હું સ્વદેશમાં આવવાજ માગતો નથી. બાપુના રાજ્યની મને લેશ પણ સ્પૃહા નથી. જેમ આવ્યા તેમ તમે પાછા જાઓ ! મારો સંદેશ પિતાને સંભળાવો ? " રાજકુમારે કહ્યું.

" રાજકુમાર ! તે નહી બને ! અમે તમને લીધા સિવાય જવાના નથી. મૃત્યુના બિચ્છાને સુતેલા કનોજરાજને અમે તમારા વગર મોં બતાવવાના નથી. સમજ્યા ! " પ્રધાન દેવસેને જણાવ્યું.

" તમે જાઓ કે ન જાઓ ! મારે એમાં શું ? પિતાનું રાજ્ય હંમેશને માટે મેં તજી દીધું છે. ! એ તમારે નક્કી જ માનવું ? " ફરીને રાજકુમારે પોતાનો નિશ્ચય જાહેર કર્યો.

" ગુરૂ મહારાજ ! આપ કેમ કાંઇ કહેતા નથી ? રાજકુમારની આ હઠ ચાલી શકવાની નથી." સોમનાથ નામના પ્રધાને કહ્યું.

“ રાજકુમાર ? આવા વાત્સલ્યવાળા પિતાનો ત્યાગ કરવો એ કઠોરપણું કહેવાય ? અમને દુ:ખ થાય છે કે અમારી છાયામાં રહીને તમે માતાપિતાની ભક્તિ ન શીખ્યા ? ” ગુરૂ સિદ્ધસેને કહ્યું.

“ ભગવાન્ ! એ પિતાના કઠોર શબ્દો હજી પણ મારા હૈયામાં કોતરાઇ રહ્યા છે ? આપે એમાં શા માટે ખોટું લગાડવું જોઇએ ? ” પ્રત્યુત્તરમાં આમકુમારે કહ્યું. પણ એથી ગુરૂનું મન માન્યું નહીં.

“ વત્સ ! ગમે તેવા તો પણ એ તારા પિતા કહેવાય ! માતા પિતાનો વાત્સલ્ય ભાવ તું ન સમજે ! એક દિવસ તું પણ જ્યારે પિતાની પદવી ધારણ કરીશ ત્યારે જ એ અનુભવ વસ્તુ તને સમજાશે. માતાપિતાનો વાત્સલ્યથી ઉભરાતો ક્રોધ પણ ક્ષણીક હોય; પિતાના વચનની ખાતર રામે બાર વર્ષ વનવાસનાં દુ:ખ સહન કર્યાં. માતાપિતાને કાવડમાં બેસાડીને પોતાની ખાંધે ઉચકી શ્રવણે જાત્રા કરાવી. માતાપિતાના ઉપકારનો બદલો વાળવાની પુત્રની શક્તિ નથી હોતી. એ ઉપકાર ! એ આભાર, એ સ્નેહ, અપૂર્વ વાત્સલ્ય ! એનો બદલો તો તું ઠીક આપે છે ? તારા જેવો ગુણિયલ પુત્ર તો ઉપકારના બદલામાં આવું જ આપે ને ? ” ગુરૂ સિદ્ધસેને આમકુમારને સમજાવવા માંડ્યો.

“ દેવી સુયશા રાત દિવસ પુત્રની જંખનામાં રડી રડીને નિસ્તેજ થઈ ગયાં છે. ખાતા પીતાં બસ એક જ વાત !

“ મારો આમ કયાં છે ? લાવો ? લાવો મારા આમકુમારને શોધી લાવો ! મારૂં એ બચ્ચું અત્યારે કયાં રખડતું હશે ? અરે ભુખ લાગી હશે ત્યારે એને કોણ ખવડાવતું હશે ? એની સાર સંભાળ કોણ લેતું હશે ?” દેવી સુયશાની આવીજ હાલત છે પ્રધાને કહ્યું “ રાજકુમાર ! લગાર નજરે આવીને જુઓ કે તમારી આ હઠને પરિણામે એ વાત્સલ્યપૂર્ણ માતાની શી સ્થીતિ છે ? એક તરફ કનોજરાજ મૃત્યુના મુખમાં પડયા પડયા પણ તમારૂંજ નામ જપી રહ્યા છે. દેવી સુયશા તમારા વિયોગે ગાંડાં ગાંડાં થઇ ગયાં છે ! અરે એ દશ્ય જોઇને પાષાણ હૃદય પણ પીગળે છતાં તમારૂં હૈયું તે શાનું ઘડયું હશે ? ” ગુણવર્માએ હૃદયની ઉર્મિઓ ઠલવવા માંડી.

“ વત્સ ! અમને ખબર છે જંગલમાં જ્યારે અમે તને પ્રથમ જોએલો તે સમયે પણ તારા સુખે સુખી અને દુઃખે દુઃખી તારી માતા કેવા વાત્સલ્યથી તારૂં પાલન કરતી. પાંચ વર્ષ અહીંયા પસાર થયાં એ દરમિયાનમાં પણ તારી ઉપરનું એનું વાત્સલ્ય અમે જોયેલું. એ માતાને તારા માટે કેવી કેવી આશાઓ હતી હા તારા જેવા પુત્રને પામી એ બિચારી આજે ખાચત હતાશ થઇ ગઇ ? એની બધી આશા પાણીના પરપોટાની માફક નષ્ટ થઇ ગઇ ! ” ગુરૂએ એને સમજાવવા માંડયું.

“ ભગવન્ ! બસ ! બસ ! આમકુમાર સમજી જશે. મારો મત્ર એટલો બધો કઠોર હૈયાનો નથી. આપનું વચન

એને માન્ય છે. પ્રધાનોની સાથેજ જેમ બનશે તેમ જલદીથી કનોજ તરફ રવાને થશે." બપ્પભટ્ટીએ આમકુમારની વતી જણાવ્યું.

"ભગવન્! આપનું વચન હું માથે ચડાવું છું. પિતાનાં દર્શન કરવાને હું આતુર છું!" રાજકુમારે ગુરૂનું વચન અંગીકાર કર્યું.

"બહુ સારૂ! વત્સ! તને એજ ઉચિત છે; તારાં માતા પિતાને મળી તેમનાં ઋણમાંથી તું મુક્ત થા! ધર્મ સાધનમાં તત્પર થા?" ગુરૂ સિદ્ધસેનસૂરીએ આશિ આપી.

"ભગવન્! મારા મિત્ર બપ્પભટ્ટીજીને મારી સાથે મોકલો. તેમના સિવાય મને ક્ષણ માત્ર પણ ચેન પડશે નહી મારી એટલી માગણી આપશ્રી માન્ય રાખો?" આમકુમારે દરખાસ્ત કરી માગણી કરી.

"તે તારૂં કહેવું ઠીક છે. પણ હાલમાં તારે સત્વર જવાની જરૂર છે. ત્યાં ગયા પછી પણ તું ગમે તે રીતે તારા મિત્રને બોલાવી શકે છે. બપ્પભટ્ટી તારી પાસે આવશે અને તારી મરજી હશે તો તને હંમેશાં એ ધર્મોપદેશ આપ્યા કરશે. ત્યાં ગયા પછી અવસરે તેડાવજે. ત્યાં સુધીમાં એનો પાઠ પણ પુરો થશે." ગુરૂએ જણાવ્યું.

"જેવી આપની મરજી." કુમારે ટુંકમાં પતાવ્યું.

"રાજકુમાર! આવતી કાલે પ્રભાતમાંજ આપણે

પ્રયાણ કરશું." પ્રધાન ગુણવર્માએ પ્રયાણનો વિધિ સંભળાવી દીધો.

"ઠીક છે જેવી તમારી ઇચ્છા !" રાજકુમારે કહ્યું.

"પ્રધાનજી ! રાજાજીને મલી આવ્યા ? સામંતસિંહની રજા પણ હવે તો તમારે લેવી પડશે." ગુરૂએ ગુણવર્માને ઉદ્દેશીને કહ્યું.

"અમે એમને પણ વાત કરી છે. હવે રજા લેવા સાંજના જઇશું. જેમ બને તેમ સ્વદેશ તરફ તાકીદે જવાની અમારી વૃત્તિ છે. મહારાજની સ્થિતિ ભયંકર છે. ભગવન્ ? પિતા પુત્રનો મેળાપ થવો એ અસંભવ છે. છતાં કોશિષ કરવી એ અમારી ફરજ છે." પ્રધાને જણાવ્યું.

"તમારો પ્રયત્ન સફલ નિવડે ? અને પિતા પુત્ર મળે ?" ગુરૂએ આશિષ આપી.

"આપનું વાકય સફલ થાઓ ?" પ્રધાનોએ શુકનની ગાંઠ વાળી.

---

રાતના પ્રધાનોએ સામંતસિંહને મલી આવી પ્રભાતના સ્વદેશ તરફ ગમનનો પોતાનો નિશ્ચય કહી સંભળાવ્યો. પ્રભાતે કમળા ને પણ સાથે વળાવવા માટે એનાં માતાપિતાએ તૈયારી કરવા માંડી. દિકરીના વિયોગે માતાનું હૈયું ભરાઇ આવ્યું પણ માતા સમજતી હતી કે "દિકરી એ આખરે તો પારકી મિલકત છે. તેમજ આ પ્રસંગ એવો હતો કે એને

મોકલવી એજ એક રીતે ઠીક હતું. જ્યારે ત્યારે એક દિવસ વિયોગનો તો વિધિએ નિર્માણજ કર્યો હતો. તો પછી આજેજ ભલે દિકરી પોતાને સાસરે જાય.'

પ્રાત:કાળે પ્રધાનોએ જવાથી તૈયારી કરવા માંડી. આમકુમાર પણ પોતાના મિત્ર બપ્પભટ્ટીજીને મળી ગુરૂ સિદ્ધસેન સૂરિને વાંદવાને આવ્યો. એની સાથે પ્રધાનો હતા. રાજકુમારે ગુરૂને નમી આશિર્વાદ માગ્યો. " પ્રભુ! શુભ આશિષ આપો? આપના પુણ્ય દર્શનથી મારાં સંકટ નાશ પામો?"

આ સમયે ગુરૂ સિદ્ધસેનસૂરિની મુખમુદ્રા ગંભિર હતી. ક્ષણમાં રાજકુમાર તરફ તો ક્ષણમાં પ્રધાનો તરફ તો વળી ક્ષણમાં બીજી વ્યક્તિઓ તરફ એમની નજર હતી. મનુષ્યની અલ્પજ્ઞ નજર ભવિષ્ય કાળના પ્રચ્છન્ન પડકારો જાણી શક્તી નથી. જ્યારે આ મહાપુરૂષની નજર કંઇક જુદીજ હતી. કુદરતના ભાવી થતા પ્રચ્છન્ન પડકારો આ પુરૂષ સમજી શક્તા. અંતર દિવ્ય દૃષ્ટિથી એ અગોચર રહસ્ય સમજી શક્તા.

સામંતસિંહ અને લક્ષ્મી દેવી પણ કમળાને લઇને આવી પહોચ્યાં હતાં. તે પણ મહારાજશ્રીને નમ્યાં. કમળા ગુરૂવરને પગે પડી. બીજો શ્રાવકવર્ગ તેમજ રાજ્યાધિકારી નરનારીઓથી ઉપાશ્રય ચિકાર હતો. ગુરૂ મહારાજ શું બોલશે એ સાંભળવાને આતુર હતો.

સર્વેની શાંતિ વચ્ચે ગુરૂ મહારાજ રાજકુમારને ઉદ્દેશીને બોલ્યા. " વત્સ! મનુષ્ય ઇચ્છા કરતાં વિધિ ઇચ્છા બળવાન

છે. મને સમજાય છે કે હવે થોડા સમય પછી તારા ભાગ્યનો ઉદય થશે. કનોજ દેશનો રાજમુગુટ તારા મસ્તક ઉપર આવશે. અત્યારે તું સ્વતંત્ર રાજકુમાર છે. ભવિષ્યમાં તું રાજા થશે. રાજકુમાર અને રાજા એ ઉભય સ્થિતિમાં રહેલું મહદઅંતર તું રાજા થઈશ ત્યારે સમજાશે. તે સમયે તારે શું કરવું જોઇએ ? રાજા તરીકે તારી શું શું ફરજ છે? તારા દેશ પ્રત્યે, તારી પ્રજા પ્રત્યે ને તારા આત્મીય ધર્મ માટે તારે કેવી રીતે વર્ત્તવું જોઈએ, એ બધું તને અનુભવ શીખવશે. તારી કેલવણી, વિદ્યા, અત્યારના તારા ઉચ્ચ સંસ્કારો તને ઘણા કામ લાગશે. પ્રથમાવસ્થામાં મનુષ્યે જે જે માનસિક કે શારિરીક તાલીમ લીધેલી હોય છે, તે બીજી અવસ્થામાં આવતાં એની કસોટી બરાબર થાય છે. છતાં વડીલોનો ધર્મ છે કે વાત્સલ્યભાવથી એમણે બે શબ્દો હિત શિક્ષાના કહેવા જોઈએ. વત્સ ! અત્યારસુધીના ત્હારા જીવનમાં તને જે સત્સંગનો પરિચય થયો છે તેને તું સાર્થક કરજે, રાજા જે ન્યાય પ્રજાને આપે તેજ ન્યાય પોતાના વ્હાલામાં વ્હાલા પુત્રને માટે પણ મંજુર રાખે. પુત્રની માફક પ્રજાને પાળે, જાતમહેનતથી કમાઈને પણ પ્રજાએ કમાણીમાંથી રાજાને એનો અંશ આપે તે કાંઈ રાજાને એશઆરામ કરવા ન હોય, બલ્કે સંકટમાં, ચોરોના ઉપદ્રવમાં, કે પરચક્રની મુશીબતમાં અથવા તો દુષ્કાળ જેવા સમયમાં એ રાજા આપણું રક્ષણ કરે—આપણુને મદદ કરે, અથવા તો અમારાજ એ પૈસા લોકોપયોગી કાર્યમાં ખર્ચી પ્રજાની સુખ સગવડતામાં, કેલવણીમાં વધારો

કરે. અધિકારીઓ અલ્પાંશ સત્તા મેળવીને ગરીબ પ્રજાને ન કનડે, જાલીમો, લુચ્ચાઓ, સંત કે સાધુજનોને ન કનડે એ સર્વે રાજાની પ્રજા તરફ રહેલી જાગૃતિ ઉપર આધાર રાખે છે. રાજા જો રાત દિવસ જાગૃત હોય તો બનતાં લગી અધિકારીઓ, કે જુલ્મીઓ પ્રજાને હેરાન કરતા નથી. પ્રજા રામરાજ્યને પણ ભૂલી જાય એવો આદર્શ રાજા થજે.

જે ધર્મનું તને શિક્ષણ મલ્યું છે તારા સંસ્કારોને પોષણ મલ્યું છે એમાં દૃઢ રહેજે. પરન્તુ બીજા પાસે બલાત્કારે એ ધર્મ પળાવવાની ફરજ પાડતો નહી. તારા ધર્મનું ગૌરવ તું સમશેરના બળથી વધારતો નહી. પણ દ્રવ્યથી, ભક્તિથી, પ્રેમથી, પ્રભાવકપણાથી ધર્મનું મહાત્મ્ય વધારજે એટલે આપોઆપ સમાજનું આકર્ષણ થશે. કારણકે પ્રજાને સારૂં તો અવશ્ય ગમે છે.

તારા અહિંસાના વ્રતમાં તું ચુસ્ત રહેજે, નિરપરાધી એવી કીડીને પણ મનથી હણતો ના. તારી પ્રજાના રક્ષણ માટે, તારા દેશના સ્વાતંત્ર્ય માટે પરચક્રના બળ સામે યુદ્ધ કરવાને પાછી પાની કરી જૈન નામને લજવતો ના. કેમકે જૈન માને જીતવું–ગમે તેને પણ જીતવું પછી તે બાહ્યશત્રુ હો વા અંતરંગ ? રાજાઓ કે ગૃહસ્થો પ્રાય: (વિશેષે કરીને) બાહ્યશત્રુઓને જીતે છે. સાધુઓ અંતરંગ શત્રુઓને !

જૈન થયો એટલે હથિયાર છોડી કટાકટીને સમયે નિર્બળ બની ઘરમાં બેસવું એ કાંઈ જૈનત્વ નથી. એ તો કાયરતા

ભીરૂતા કહેવાય. એથી તો એનું જૈન નામ લજવાય, વાસ્તવિક રીતે તો જે અંતરંગ કે બાહ્ય જે સમયે જેવી સ્થિતિ હોય એવી સ્થિતિમાં પણ જો એ શત્રુઓને જીતે તો જ એ સાચો જૈન કહેવાય. વત્સ ! જે બાહ્ય શત્રુઓને જીતે તે પ્રસંગે અંતરંગ શત્રુઓને પણ જીતી શકે. પરન્તુ બાહ્ય શત્રુઓને જીતવાની કમતાકાતવાળો અંતરંગ શત્રુઓને કેવી રીતે જીતે? માટે તારી પ્રજાના સંરક્ષણ માટે યુદ્ધ ભૂમિમાં વીરપુરૂષની માફક–તારા પૂર્વજ ચંદ્રગુપ્ત, અશોક અને સંપ્રતિની માફક અડગ ઉભો રહી શત્રુઓને જીતી તારૂં જૈનત્વ સાર્થક કરજે. અહિંસા ધર્મને પાળનારા તારા સરદારો અને સુભટો પોતાની વીરતાને ઝાંખપતો નજ લગાડે. શત્રુઓનો ખબર લેવામાં પોતાના બાહુબળનો પરિચય બરાબર કરાવે !

વિશાલાપતિ **ચેટક મહારાજે** ( બારવ્રતધારી ચુસ્ત જૈન રાજાએ ) અજાતશત્રુ સામે પોતાની તલવાર ઉઠાવી હતી. દેશના રક્ષણ માટે ચંદ્રગુપ્ત અને સંપ્રતિ રાજાઓએ પોતાની સમશેરો મ્યાનમાંથી બહાર કાઢી હતી. પોતાના ગૌરવને ન્યૂન કરનાર માળવરાજ ચંદપ્રદ્યોત સામે સિંધુપતિ ઉદયન રાજાએ શમશેરો ખખડાવી હતી. બન્ને ચુસ્ત જૈન મહાવીરના ભક્ત જીવદયાના પાળક હતા. એજ ભવમાં દીક્ષા લઇને મોક્ષ કે દેવલોકની લક્ષ્મીને વરનારા ચક્રવર્તીઓ ભયંકર–ખુનખાર યુદ્ધ કરે છે ત્યારે જ છ ખંડના અધિશ્વર થઇ શકે. યુદ્ધમાં શત્રુઓને જીતવા એતો ક્ષત્રીયનું પ્રથમ કર્ત્તવ્ય છે અને એજ સાચો જૈન !

ક્ષત્રીય એટલે જ જૈન બન્નેનો પરસ્પર અભિન્ન સંબંધ છે. કારણકે આ જૈન ધર્મની શરૂઆત કરનાર જ ઇક્ષ્વાકુ વંશીય પ્રથમ પુરૂષ હતા. બધા તીર્થંકરો, ચક્રવર્ત્તી, વાસુદેવો ને બળદેવો શુદ્ધ ક્ષત્રીયો જ હોય છે. જૈનધર્મના પણ એ આદર્શ પુરૂષ હોય છે. જો આ તારો મિત્ર બપ્પભટ્ટી ક્ષત્રીય છે. પ્રભવસ્વામી ક્ષત્રીય હતા. ખુદ મહાવીરસ્વામી ક્ષત્રીયાવતંસ હતા. આંજસુધી જેમ રાજાઓએ પોતાનાં રાજ્ય અને યુદ્ધમાં વીરતાથી પોતાનાં જૈનત્વ શોભાવ્યાં છે તેમ તું પણ જૈનત્વને શોભાવજે.

શત્રુઓને પીઠ અને પરસ્રીઓને હૃદય ક્યારે પણ આપતો નહી. **વિક્રમની** માફક **પ્રદેશી** રાજાની માફક દાતાર થજે. રાજ્યની તિજોરીમાં આવેલું પ્રજાનું નાણું પ્રજાનાજ હિતકાર્યમાં વાપરજે પણ કૃપણ થઇ તારા જૈન તત્વને નિંદાવીશ નહી.

દૃઢતાથી શ્રદ્ધાથી આરંભેલું કાર્ય પાર ઉતારજે, પણ અધવચ છોડી દઇ લોકમાં હાંસીને પાત્ર થતોના ! વત્સ ! તારાં માતાના હર્ષનું કારણ થા ? ધર્મમાં દૃઢ–સ્થિર ચિત્તવાળો થા ?" આટલું કહી ગુરૂ મૌન રહ્યા. તે પછી ગુરૂ મહારાજની અનુજ્ઞાથી રાજકુમાર ઉપાશ્રયની બહાર નીકળ્યો, સર્વે મંડળ એની સાથે બહાર આવ્યું.

આમકુમાર બપ્પભટ્ટીજીને મલી સર્વની સાથે શહેર બહાર આવ્યો પોતાના સાસુ સસરાને નમ્યો. લક્ષ્મીદેવીએ એનાં મીઠડાં લીધાં. હિતના બે શબ્દો કહ્યા. દિકરી માટે અશ્રુભરી આંખે બે શુકન કહ્યા. " વત્સ ! દિકરી આપીને અમે

તો તારા જેવો દીકરો લીધો. પણ વિધિએ આ ઘટના ઉભી કરી. તમને રજા આપતાં જીભ ચાલતી નથી પણ આવી સ્થિતિમાં અમે તમને કેમ અટકાવી શકીયે. તમારા વિજોગે તમારાં માતપિતાને હૃદયમાં કેવું દુઃખ થતું હશે ? માટે વ્હેલા વ્હેલા વતનમાં જઇ માત પિતાને વ્હાલા થાઓ. અને સુખી થાઓ. અમારી એકની એક દિકરી લાડકોડમાં ઉચ્છ-રેલીછે. એને માતા પિતાની ઉણપ જણાવા દેશો નહી. જરાપણ ઓછું આવવા દેશો નહી. આજથી એ તમારા શરણમાં છે. એ બાળક છે બાલ્યાવસ્થાની ચપળતાથી એનો અપરાધ થાય થાય તો એને ક્ષમા આપશો." માતાની આંખમાં આંસુ હતાં. સર્વત્ર કરૂણારસ,—શાંત રસનું વાતાવરણ જામી રહ્યું હતું. રાજકુમારે લક્ષ્મીદેવીના એકે એક શબ્દ મસ્તકે ચડાવ્યા. શહેરથી ઘણે દૂર ગયાં હોવાથી એમને પાછા વળવા કહ્યું. પાછા વળતાં છેવટે દીકરીને પણ માતાએ રડતે હૈયે બે શબ્દો કહ્યા. " દીકરી ! આજસુધી અનન્ય મનથી જેવી અમારી ભક્તિ કરી છે તેવી જ રીતે તારાં સાસુ સસરાને ભક્તિથી વશ કરજે. સાસરે શાણી થઇને રહેજે પૂજ્ય પુરૂષો તરફ તારો ઉચીત ધર્મ ભૂલતી ના ? આપણા નિર્મળ કુળને શોભાવજે. તારા હૃદયમાં જે ઉચ્ચ સંસ્કારોનાં બી અમે વાવ્યાં છે એને ખીલ-વજે, વચનમાં મીઠાશ રાખજે. " દિકરીને શિખામણ આપી સામંતસિંહ અને લક્ષ્મી પોતાના આપ્તજનોની સાથે ઉભાં રહ્યાં ને આ પરદેશી મેમાનોએ છેવટનાં નમન કરી પોતાની મુસાફરી આગળ શરૂ કરી.

# પ્રકરણ ૧૦ મું.

## પૂર્વ પરિચય.

જગત અનાદિ કાળથી ચાલ્યું આવે છે. ચૌદ રાજલોકમાંના મધ્યરાજ લોકમાં જગતનો સમાવેશ થઇ શકે છે. કેટલાક મત વાળાઓ ઇશ્વર કતૃત્વ એ વસ્તુઓ હોય એમ માને છે. પણ તત્વની ફીલસુફીના ઉંડા અભ્યાસીઓ તેમજ જૈનદર્શન ચૌદરાજલોકને શાશ્વત માને છે. જેમ જગત અનાદિ છે તેવીજ રીતે આત્માઓ પણ કર્મની પ્રકૃતિથી બંધાયા થકા અનાદિકાલથી એ ચૌદરાજ લોકમાં જન્મ મરણ કર્યાં કરે છે, રથના ચક્રની માફક ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ બન્ને કાલચક્રોથી કાળ ગતિ કરી શકે છે. દશ કોડાકોડી સાગરોપમે અવસર્પિણી તેમજ તેટલોજ કાળ ઉત્સર્પિણીનો ગણાય. એ વીશ કોડાકોડી સાગરોપમનું એક કાલચક્ર, એવાં અનંતા કાલચક્રે એક પુદ્‌ગલ પરાવર્ત્તન. આ જીવે આજ સુધીમાં અનંતા પુદ્‌ગલ પરાવર્ત્તન કર્યાં ધર્મને નહી પામતો એ ભવિષ્યમાં અનંતા કરશે.

અવસર્પિણી અને ઉત્સર્પિણીએ દરેકના છ આરા-ભાગ હોય છે. અવસર્પિણી એટલે ઉતરતો, અને ઉત્સર્પિણી એટલે ચડતોકાલ-આજનો વર્ત્તમાન સમય અવસર્પિણી પાંચમો આરો !

અવસર્પિણીનો સુષમ સુષમનામે પહેલો આરો ચાર

કોડાકોડી સાગરોપમનો પસાર થયો. તે પછી બીજો **સુષમ આરો** ત્રણ કોડાકોડી સાગરોપમનો પણ વહી ગયો.. ત્રીજો બે કોડાકોડી સાગરોપમનો સુષમ દુષમ નામે આરો પણ ચાલ્યો ગયો. આ ત્રણે આરામાં એટલે લગભગ નવ કોડાકોડી સાગરોપમ જેટલા સમયમાં યુગલીયા મનુષ્યો હોય. આયુષ્ય, બળ, વૈભવ, સુખ, તેજ, સૌભાગ્ય વગેરે ક્રમેક્રમે ઉતરતાં હોય. વ્યવહારે અજ્ઞ હોવાથી ધર્મ કર્મ રહીત સરળ સ્વભાવી હોય.

ત્રીજા આરાના અંતમાં ત્રણજ્ઞાને કરીને રૂષભદેવનો જન્મ થયો. એમણે યુગલીક ધર્મને પલટાવી વ્યવહાર ધર્મની શરૂઆત કરી. પ્રથમ રાજા થયા. તે પછી પ્રથમ સાધુ થયા— તીર્થંકર થયા. એ રૂષભદેવ થકી ઈક્ષ્વાકુવંશ ચાલ્યો.

રૂષભદેવના મુખ્ય બે પુત્ર, ભરત અને બાહુબલી તે સિવાય બીજા અઠ્ઠાણુ પુત્રો હતા. ભરતને વિનિતાનું રાજ્ય આપ્યું. બાહુબલીને તક્ષશીલાનું રાજ્ય આપ્યું. ભરતના પુત્ર સૂર્યયશાથી સૂર્યવંશની શરૂઆત થઈ બાહુબળીના પુત્ર સોમયશાથી ચંદ્રવંશની શરૂઆત થઇ.

રૂષભદેવ પ્રથમ તીર્થંકર થયા ત્યારે તેમણે ધર્મ દેશના આપી ધર્મની શરૂઆત કરી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. તે પહેલાં એક પણ ધર્મ નહોતો. ધર્મ શબ્દ પણ કોઈના કાને પડ્યો નહોતો. એ રૂષભદેવને થયાં આજે લગભગ એક એક કોડાકોડી સાગર વહી ગયાં છતાં એનો પ્રરૂપેલો ધર્મ

આ અપસર્પિણીમાં અત્યાર સુધી ચાલ્યો આવ્યો છે. રૂષભદેવે પ્રથમ જૈન ધર્મની શરૂઆત કરી અને આ ભારતવર્ષનો જૈનધર્મ એજ રાષ્ટ્ર ધર્મ થયો.

રૂષભદેવને મરિચીનામે શિષ્ય હતો. એ જૈનમતની ઉંચામાં ઉંચી દિક્ષા પાલવાને અસમર્થ થયો તેથી દિક્ષાનો ત્યાગ કરી એ પરિવ્રાજક થયો. એને કપિલનામે શિષ્ય હતો. એ કપિલ પરિવ્રાજકે પોતાના આસુરિ નામના શિષ્યને પચ્ચવીશ તત્વોનો ઉપદેશ કર્યો. એ આસુરિએ પોતાના મતનું શાસ્ત્ર રચ્યું. એને ભાગુરિ નામે શિષ્ય થયો અને એવી રીતે કપિલનો મત પરંપરાએ ચાલ્યો. ત્યારપછી એ મતમાં ઇશ્વર, કૃષ્ણ આદિ પરંપરાએ આચાર્ય થયા. તેમાં એક શંખનામે બહુ પ્રસિદ્ધ આચાર્ય થયા એમના નામ ઉપરથી કપિલના મતને લોકો સાંખ્યમતના ઉપનામે ઓળખવા લાગ્યા. એ સાંખ્યમતવાલા પણ ઇશ્વરને માનતા નથી. એ સાંખ્યદર્શનમાં **પંતજલિ** મુનિ થયા એમણે યોગશાસ્ત્ર ચલાવ્યું જેમાં ઇશ્વરને માન્ય રાખીને યોગશાસ્ત્રનો પાયો રચેલો છે, એ **પંતજલિમુનિ** મૌર્યવંશીય ચંદ્રગુપ્તના સમયમાં વિદ્યમાન હતા.

રૂષભદેવ ભગવાનના સમયમાં એમના ઉપદેશથી શ્રાવક લોકોને ભણવાને માટે ચાર વેદની રચના થઇ. ૧ સંસારદર્શન વેદ, ૨ સંસ્થાપન પરામર્શનવેદ. ૩ તત્વાવબોધ વેદ ૪ વિદ્યાપ્રબોધ વેદ. શ્રાવક બ્રાહ્મણો આ ચાર વેદનું નિરંતર અધ્યયન એ સમયમાં કરતા હતા. તે સમયે એ શ્રાવક બ્રાહ્મણો

'માહન' ના નામે પ્રસિદ્ધ હતા. બ્રહ્મચર્યનું પાલન કરવાથી માહન તે આગળ જતાં બ્રાહ્મણના ઉપનામથી પ્રસિદ્ધ થયા, એની નિશાની દાખલ ભરતચક્રીએ કાંકિણી રત્નની જનોઇ કરેલી તે પછી તેમના પુત્રોએ સુવર્ણની, રૂપાની અનુક્રમે પરંપરાએ સુત્રની જનોઈ થઇ. તે બ્રહ્મચર્યનું પાલન કરનારા, વેદોનું અધ્યયન અને ચુસ્તે પણે રૂષભદેવનું ધ્યાન ધરનારા હતા. ઉચ્ચમાં ઉચ્ચ શ્રાવક તરીકે એમની પ્રસિદ્ધિ હતી. સુવિધિનાથ નામે નવમાં તીર્થંકર થયા ત્યાં લગી એ ચારે આર્યવેદ, સમ્યગ્દૃષ્ટિ બ્રાહ્મણ યથાર્થ રીતે હતા.

નવમા સુવિધિનાથના મોક્ષ ગમન પછી કાલાંતરે જૈન-શાસન, ચતુર્વિધસંઘ, આર્યવેદ, એના જાણનારા જૈનબ્રાહ્મણો વિચ્છેદ થઇ ગયા. જૈનધર્મનું નામ નિશાન પણ ન રહ્યું ત્યારે લોકોએ એ બ્રાહ્મણોનાં સંતાન હતાં એમની પાસે ઉપદેશ સાંભળવાની પ્રાર્થના કરી તે વારે એ બ્રાહ્મણાભાસોએ અનેક અનેક તરેહની શ્રુતિઓ રચી, તે દ્વારા ઇંદ્ર, વરૂણ, અગ્નિ, વાયુ, અશ્વિનૌ, ઉષા વગેરે દેવતાઓની ઉપાસના કરવાનો લોકોને ઉપદેશ કર્યો. અનેક પ્રકારના યજ્ઞોની પ્રવૃત્તિ શરૂ કરી. તેમજ કન્યા, ગો, ભૂમિ, ધનઆદિ દાનને લાયક પોતે પોતા-નેજ મનાવા લાગ્યા. ભોળા લોકોને ભરમાવીને આ લોકોએ કોઈ સત્યજ્ઞાનવાળા તત્વજ્ઞોને અભાવે પોતાની માનતા-પૂજા ચાલુ કરી. પોતેજ જગતગુરૂ બની સર્વોપરી વિદ્યાવંત થઇ ગયા. પોતાની રચેલી શ્રુતિઓ જગતમાં પ્રવર્ત્તાવી. આ પ્રમાણે એમણે વૃદ્ધોના મુખથી સાંભળેલું હોવાથી એનું નામ એમણે

શ્રુતિ રાખ્યું. એવી રીતે નવીન વેદની ઉત્પત્તિ થઇ જે વેદ વર્ત્તમાન સમયમાં બ્રાહ્મણોમાં પ્રચલિત છે. જેમ જેમ સમય વહેતો ગયો એમ નવી શ્રુત્તિઓ રચાતી ગઇ.

દશમાં તીર્થંકર શ્રી શીતલનાથ થયા પણ આ બ્રાહ્મણા-ભાસોએ એમની સત્ય શૈલીવાળા ઉપદેશને નામંજુર રાખ્યો. એમની વિરૂદ્ધ ઉપદેશ કરીને પોતાના કલ્પિત ધર્મનું વેદ ધર્મ એવું નામ રાખી આગળ વ્યવહાર ચલાવ્યો. ઘણા લોકોને એમતમાં ખેંચવા લાગ્યા. એવી રીતે વેદ ધર્મની ઉત્પત્તિ અને પ્રસિદ્ધિ થઇ. ઠેઠ ધર્મનાથ તીર્થંકર લગી વચલા ગાળામાં તીર્થ વિચ્છેદ જવાથી વેદધર્મનું પ્રબલપણું પડતા કાળના દોષે કરીને વૃદ્ધિગત થતું ગયું. અને અસંયતિની પૂજા પ્રવર્ત્તી. જેને જૈન દર્શન દશ અચ્છેરામાંનું એક એચ્છેરૂં ગણે છે.

એ તીર્થંકરોના સમયમાં એટલે ભરતચક્રવર્તી રૂષભ-દેવના સમયમાં ને સગરચક્રી બીજા તીર્થંકરના સમયમાં થયા. અગીયારથી પંદરમા તીર્થંકર પર્યંત પાંચ જીનેશ્વરના સમયમાં પાંચ પ્રતિવાસુદેવ વાસુદેવને બલદેવ થયા. શ્રી ધર્મનાથના પ્રભુના શાસનમાં બે ચક્રવર્તી તેમજ સોળમાં, સત્તરમાં ને અઢારમા તીર્થંકર ગૃહસ્થાવસ્થામાં ચક્રી થયા એટલે એ પાંચ વાસુદેવ પછી અનુક્રમે પાંચ ચક્રી થયા. શ્રી અરનાથ પ્રભુના શાશનમાં એક વાસુદેવ, બલદેવને પ્રતિવાસુદેવ થયા તે પછી પરશુરામને મારનાર આઠમા **સુભૂમ** ચક્રી થયા. એ પરશુરામે સાતવાર નિઃક્ષત્રીય પૃથ્વી કરી. સુભૂમે નિર્બ્રાહ્મણી પૃથ્વી અગીયાર કે એકવીશવાર કરી. અવસરે એ ઇતિહાસ પણ જગ

તની સમક્ષ મુકશું. ચક્રી પછી વાસુદેવ થયા ને તે પછી શ્રી મલ્લીનાથ નામે ઓગણીશમાં તીર્થંકર થયા.

વીશમા શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયમાં નવમા મહા-પદ્મ ચક્રી થયા. તેમના શાસનમાં જગતપ્રસિદ્ધ રામ, લક્ષ્મણ અને રાવણ આઠમા વાસુદેવ, બલદેવને પ્રતિવાસુદેવ થયા આ સમયમાં લોકો-બ્રાહ્મણો યજ્ઞમાં હિંસા કરતા હોવાથી નારદ રૂષિએ રાવણની આગળ પોકાર કરીને હિંસામય યજ્ઞ બંધ કરાવ્યો.

શ્રી નમિનાથ તીર્થંકરના સમયમાં દશમા ચક્રીને તેમના શાસનમાં અગીયારમા જય નામે ચક્રી થયા. બાવીશમા ને-મીનાથ તીર્થંકરના સમયમાં કૃષ્ણ અને બલભદ્ર નવમા વાસુ દેવ અને બલદેવ થયા. જે કૃષ્ણને લોકો વિષ્નુના અવતાર સ્વરૂપ ગણે છે.

એ સમયમાં પણ વેદાંતનું જોર અધિક હોવાથી ગૌત-મરૂષિએ પહેલાં વેદાંતનું ખંડન કરી ન્યાયશાસ્ત્ર રચેલું, પો-તાના મતનું ખંડન થયું ત્યારે તેમની પછી થયેલા વ્યાસ ઋષિએ સર્વ બ્રાહ્મણોને એકઠા કરી શ્રુતિઓ ભેગી કરી એના ચાર ભાગ બનાવ્યા. પ્રથમ ભાગનું નામ ઋગ્વેદ રાખી પોતા ના શિષ્ય ‘ પૈલ ’ ને આપ્યો. બીજા ભાગનું નામ યજુર્વેદ રાખી વૈશંપાયન નામના શિષ્યને આપી દીધો ત્રીજા ભાગનું નામ સામવેદ રાખી પોતાના જૈમિની નામે શિષ્યને આપ્યો. અને અથર્વવેદ નામે ચોથો ભાગ સમંતુ નામે શિષ્યને આપ્યો.

અહીયાંથી ઋગ્વેદાદિ ચારવેદોની ઉત્પતિ થઇ. વ્યાસજીએ બ્રહ્મસૂત્ર રચ્યું જેમ નૈયાયિક મતના મુખ્ય આચાર્ય ગૌતમરૂષિ થયા તેમજ વેદાંત મતના મુખ્ય આચાર્ય વ્યાસજી થયા. આ બંને દર્શન એક બીજાના પ્રતિપક્ષીપણે રચાયાં છે. આ વેદાંત મત જૈન મતની પ્રબળતાથી બનાવેલો સિદ્ધ થાય છે. જૈન અને સાંખ્યદર્શનનું અનુકરણ કરીને એ મત બનેલો છે. એ વેદવ્યાસે પોતાના બ્રહ્મસૂત્રમાં જૈન મતની સ્યાદ્વાદ શૈલીના સપ્તભંગીનું ખંડન કરેલું છે. બીજા અધ્યાયના બીજા પાદનું તેત્રીશમું સૂત્ર જુઓ !

વ્યાસજીનો જૈમની નામે શિષ્ય મિમાંસકશાસ્ત્રનો કર્તા હોવાથી મિમાંસક મતનો મુખ્ય આચાર્ય જૈમની ગણાય છે. અર્થાત મિમાંસકદર્શન જૈમની થકી ઉત્પન્ન થયું. શેષ ઉપનિષદો અને વેદાંત અન્ય રૂષિઓએ પાછળથી બનાવ્યા.

વ્યાસજીનો શિષ્ય વૈશંપાયન. એને યાજ્ઞવલ્કય નામે શિષ્ય હતો. એને પોતાના ગુરૂ વૈશંપાયન તથા બીજા રૂષિયો સાથે ઝઘડો થયો. જેથી કોઈ સૂર્ય નામે રૂષિ સાથે મલી જઈ એણે નવો યજુર્વેદ રચ્યો. એનું નામ એણે શુકલ યજુર્વેદ રાખ્યું યાજ્ઞવલ્કયના પક્ષમાં પણ ઘણા બ્રાહ્મણો થઈ ગયા હોવાથી એ બધાએ મળીને પૂર્વના વ્યાસજીના યજુર્વેદનું નામ કૃષ્ણયજુર્વેદ રાખ્યું અને એને સાપિત અંધકારમય યજુર્વેદ ઠરાવ્યો. એ યાજ્ઞવલ્કય પાછળથી સુલસા નામની સંન્યાસીનીના પરિચયમાં આવવાથી ભ્રષ્ટ થયો. બંનેના વ્યભિચારથી પિપ્પલાદ નામે પુત્ર ઉત્પન્ન થયો મોટી ઉમર થતાં પીપ્પલાદે

એ બંનેને વાદમાં જીતી લઈ તેમની આગળ માતૃમેધ અને પિતૃમેધ યજ્ઞની શ્રુતિએ દ્વારા સ્થાપના કરી યજ્ઞમાં બંનેને હોમીને મારી નાખ્યાં. મિંમાસકમતની પ્રસિદ્ધિ કરવામાં આ પીપ્પલાદ આચાર્યે ઠીક પ્રયાસ કરેલો છે. પીપ્પલાદથી હિંસક યજ્ઞની પ્રગતિમાં અધિકપણે વધારો થયો.

વેદોમાં મુખ્યતાએ બે ભાગ જોવાય છે. એક છંદ ભાગને બીજો મંત્ર ભાગ, એ લોકો એની ઉત્પત્તિ ૩૧૦૦ વર્ષ લગભગની માને છે અને મંત્ર ભાગ બન્યા ને ૨૯૦૦ વર્ષ માને છે.

એ વેદો ઉપર અવટ, સાયણ, મહીધર અને શંકરાચાર્ય આદિ વિદ્વાનોએ ભાષ્ય, ટીકા, દીપિકા આદિ વૃત્તિઓ રચેલી છે એ ભાષ્યાદિકને અયથાર્થ જાણીને દયાનંદ સરસ્વતીએ વેદોક્તહિંસા છુપાવવાને નવીન ભાષ્ય બનાવ્યું. પરંતુ બ્રાહ્મણ પંડિતો આ દયાનંદ સરસ્વતીના ભાષ્યને પ્રમાણિક માનતા નથી.

ઈ. સ. ના નવમા સઇકામાં થયેલા શંકરાચાર્યે જૈનોની સપ્તભંગીનું ખંડન કર્યું. એમણે કર્મકાંડની ઉપેક્ષા કરી ઉત્તર મિંમાસાનો માર્ગ પકડી બૌદ્ધમાંથી કેટલાંક તત્વો ગ્રહણકરીને ઉપદેશ દેવો શરૂ કર્યો. કુમારિલ ભટ્ટનો એ અનુયાયી હતો. કુમારિલે પણ જૈન તત્વોનું ખંડન કરવા તરફ લક્ષ્ય આપેલું એનું અધુરૂં રહેલું કાર્ય આ આચાર્યે પરિપૂર્ણ કર્યું.

એજ શંકરાચાર્યની પાછળ દક્ષિણમાં થયેલા રામાનુજ આચાર્યે ઇ. સ. ના બારમા સૈકાની શરૂઆતમાં શંકરાચાર્ય

ર્યના મતનું ઠીક રીતે ખંડન કરેલું છે. શંકરાચાર્યના અદ્વૈત મત ઉપર શતદુષણી નામનો ગ્રંથ રચી રામાનુજ આચાર્યે એને પ્રચ્છન્ન બૌદ્ધ કહીને એના તત્વનું ઠીક ખંડન કર્યું છે.

એ બાવીશમા તીર્થંકર નેમિનાથ અને નવમા વાસુદેવ કૃષ્ણ બળભદ્રને થયા આજે લગભગ ૮૬૦૦૦ વર્ષ કરતાં અધિક સમય પસાર થઇ ગયો. એમના શાસનમાં બ્રહ્મદત્ત બારમા ચક્રવર્ત્તી પાંચાળ ( પંજાબ ) દેશના કાંપિલ્યપુરનગરમાં સાતસો વર્ષના આયુષ્યવાળા થયા, આ ભરતક્ષેત્રમાં છેલ્લા ચક્રી આ બ્રહ્મદત્તજ થયા છે. દરેક ચક્રવર્ત્તી રાજાઓ, વાસુદેવો અને બળદેવો કે પ્રતિવાસુદેવો અહિંસા ધર્મના ઉપાસક જૈન હોય છે, છતાં સંગ્રામમાં એમનાં યુદ્ધો અતિ ભયંકર હોય છે.

ગૌતમ રૂષિ પછી વ્યાસરૂષિ થયા. વ્યાસરૂષિએ તે સિવાય અઢાર પુરાણ રચ્યાં, છતાં કેટલાકો પુરાણ વ્યાસજીએ રચ્યાં હોય એમ માનતા નથી. આ વ્યાસરૂષિને થયાં પાંચ હજાર વર્ષ માનવામાં આવે છે.

# પ્રકરણ ૧૧ મું.

## જૈન ઇતિહાસની સાંકળ.

નેમિનાથ પછી કાશીનગરમાં અશ્વસેન રાજાના કુમાર પાર્શ્વનાથ તેવીસમા તીર્થંકર થયા. એ પાર્શ્વનાથ પ્રભુએ કમઠ નામના યોગીને પંચાગ્નિ સાધન કરતાં થતી જીવહિંસા પ્રત્યક્ષ બતાવી અહિંસાનો ઉપદેશ કર્યો. શ્રી પાર્શ્વનાથ પ્રભુને સર્પનું લંચ્છન હોવાથી અને તક્ષ એ સર્પનો પર્યાય વાચક શબ્દ હોવાથી તે સમયના રાજાઓ તાર્ક્ષ્યજાતિના રાજાઓ તરીકે ઓળખાવા લાગ્યા. છેવટે પાર્શ્વનાથ પ્રભુ ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને સમ્મેતશિખરના પહાડ ઉપર મોક્ષે ગયા. આજે પણ એ પહાડ પાર્શ્વનાથના ડુંગર તરીકે ઓળખાય છે.

એ પાર્શ્વનાથજીના મુખ્ય ગણધર શુભદત્તજી થયા. તેમની પાટે હરિદત્તજી, તેમની પાટે આર્યસમુદ્ર, તેમની પાટ ઉપર સ્વયંપ્રભસૂરિ થયા તેમની પછી પાર્શ્વનાથજીની છઠ્ઠી પાટે **કેશીસ્વામી** પ્રદેશી રાજાને પ્રતિબોધ કરનાર મહાવીર સ્વામીના સમયમાં થયા.

શ્રી સ્વયંપ્રભસૂરિને શિષ્યવર્ગમાં પિહિતાશ્રવ નામે એક શિષ્ય હતો, કપિલવસ્તુનગરના શાક્ય રાજા શુદ્ધોદનના કુમાર સિદ્ધાર્થે વૈરાગ્ય પામી એ પિહિતાશ્રવ મુનિની પાસે દિક્ષા ગ્રહણ કરી, એમનું નામ બુદ્ધકીર્ત્તિ પાડ્યું. એ બુદ્ધકીર્ત્તિએ પાછળથી પોતાનો નવીન પંથ ચલાવ્યો.

એક દિવસે એ પાર્શ્વનાથના તીર્થમાં સરયૂ નદીને કાંઠે પલ્લાસ નામે નગર હતું, ત્યાં વિહાર કરતા બુદ્ધકિર્ત્તિ મુનિ આવ્યા ને તપ કર્યું. તપ કરતાં કંટાળ્યા એટલે ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી રૂષભદેવના મરિચીની માફક એમણે પ્રવ્રજ્યારૂપ દિક્ષા છોડી દીધી અને જે “ સુઝતો આહાર મલી શકે તે શામાટે પોતાને ન ખપે ? જગતની દરેક વસ્તુઓ ક્ષણીક છે. આત્મા પણ ક્ષણીક છે. માંસ મદ્ય વગેરે સુઝતું મલી શકે તો ખાવા પીવામાં શું દોષ છે ? વલી આત્મા ક્ષણીક હોવાથી કરનારો પણ અન્ય છે, ભોગવનારો પણ કોઇ બીજો આત્મા છે ” વગેરે સિદ્ધાન્ત વિરૂદ્ધ પ્રરૂપણા કરીને બોદ્ધ મત ચલાવ્યો. શારિપુત્ર અને મુદ્ગલાયન નામના એના બે મુખ્ય શિષ્યોએ બોદ્ધ ધર્મની ઠીક રીતે વૃદ્ધિ પણ કરી.

એ કેશીકુમારના સમયમાં ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી થયા. બુદ્ધના નિર્વાણ પછી લગભગ ચૌદ વર્ષ સુધી મહાવીરસ્વામી કેવલજ્ઞાનીપણે વિચર્યા હતા.

એક રૂષભદેવને છોડીને શેષ તીર્થંકર આદિ શલાકી પુરૂષો–ચક્રવર્તી વાસુદેવ વગેરે ચોથા આરામાં થયા. મહાવીર નિર્વાણ પછી લગભગ સાડાત્રણ વર્ષે બેંતાલીશ હજાર વર્ષે ન્યુન એક કોડાકોડી સાગરનો ચોથો આરો સંપૂર્ણ થયો. મહાવીરસ્વામીની પટ્ટપરંપરા પાંચમા આરામાં ચાલી છે. જે પાંચમા આરાને આજે ૨૪૫૨ વર્ષ થયાં છે. શ્રી મહાવીરસ્વામીના મુખ્ય ગણધર ગૌતમસ્વામી હતા. તે મહાવીરથી ૧૨ વર્ષે મોક્ષે

ગયા છતાં મહાવીરસ્વામીની પાટે તરતજ સુધર્માસ્વામી આવ્યા. કેવલજ્ઞાન પામી મહાવીરથી ૨૦ વર્ષે તે સો વર્ષની ઉંમરે મોક્ષે ગયા. તેમની પાટે જંબુસ્વામી આવ્યા. તે મહાવીરથી ૬૪ વર્ષે મોક્ષે ગયા. તેમની પછી મોક્ષનો માર્ગ આ ભરત ક્ષેત્રને આશ્રયી બંધ થઈ ગયો. જેથી મનઃપર્યવજ્ઞાન, પરમાવધિ, આહારક શરીર, બન્ને શ્રેણિ, જીનકલ્પી આચાર, છેલ્લાં ત્રણ ચારિત્રને કેવલદ્દુગ આદિ દશ વસ્તુઓ વિચ્છેદ થઇ ગઈ.

એ સમયમાં પાર્શ્વનાથની સાતમી પાટે રત્નપ્રભસૂરિ થયા, એમણે સવાલક્ષ ક્ષત્રીયોને જૈન બનાંવી ઉકેશપટ્ટન નામના નગરમાં ઓશવાલ વંશની સ્થાપના કરી. તેમજ શ્રીમાલ નગરમાં ક્ષત્રીયોને જૈન બનાવી શ્રીમાલીવંશની સ્થાપના કરી. મહાવીરથી ૭૦ વર્ષે એ બનાવ બન્યો.

જંબુસ્વામીની પાટે પ્રભવસ્વામી થયા, એ રાજકુમાર હતા. પાછળથી જંબુસ્વામીના ઉપદેશથી એમણે ૫૦૦ ચોરો સહિત દીક્ષા લીધી ને યુગપ્રધાન ચૌદપૂર્વી થયા. જંબુસ્વામીની પાટે એ પ્રભવસ્વામી થયા, તે મહાવીર થકી ૭૫ વર્ષે પંચ્યાસી વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી દેવલોક ગયા. તેમની પાટે શય્યંભવસૂરિ થયા, શય્યંભવસૂરિ રાજગૃહના ધનાઢ્ય બ્રાહ્મણ હતા. પાછળથી પ્રભવસ્વામી પાસે બોધ પામીને દીક્ષા ગ્રહણ કરીને ચૌદપૂર્વી થયા. એમણે પોતાના પુત્ર મનકને માટે દશ વૈકાલિક સૂત્ર રચ્યું. વીર પછી ૯૮ વર્ષે એ સ્વર્ગે ગયા. તેમની પાટે યશોભદ્રસૂરિ થયા. તે મહાવીરથી ૧૪૮

વર્ષે સ્વર્ગે ગયા. એમના મુખ્ય બે શિષ્ય સંભૂતિવિજય અને ભદ્રબાહુ ચૌદપૂર્વધર હતા.

ભદ્રબાહુ અને વરાહ એ બન્ને દક્ષિણ દેશમાં આવેલા પ્રતિષ્ઠાનપુર નગરના વિદ્વાન બ્રાહ્મણો હતા. એમણે યશોભદ્ર-સૂરિના ઉપદેશથી વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. એમાં ભદ્રબાહુ યુગ પ્રધાન થયા ને વરાહે દીક્ષા છોડી દીધી. પાછળથી વરાહ મિહિર જૈનોનો દ્વેષી થયો, એ અજ્ઞાન તપે મરીને વ્યંતર થયો અને સંઘને ઉપદ્રવ કરવા લાગ્યો. એ ઉપદ્રવ નિવારવાને ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહર સ્તોત્ર રચ્યું. એમના સમયમાં બાર વર્ષ સુધી દુકાળ પડયો.

ભદ્રબાહુ સ્વામી નેપાળ દેશમાં રહી મહાપ્રાણ ધ્યાન ધરતા, એમના સમયમાં પાટલીપુત્રની ગાદીએ નવમાનંદનું રાજ્ય હતું. રાજાનો મહાઅમાત્ય શકટાલ મંત્રી નાગર બ્રાહ્મણ છતાં જૈન હતો. એના પુત્ર સ્થુલીભદ્રે સંભૂતિવિજય સૂરિ પાસે દીક્ષા લીધી ને એ છેલ્લા ચૌદપૂર્વી થયા.

નવમાનંદના સમયમાં પાણિની સૂત્રનો કર્ત્તા પાણિની, વાર્તિકનો કર્ત્તા વરરૂચિ કાત્યાયન અને વ્યાડી એ ત્રણ બ્રાહ્મણ પંડિત હતા. પાણિનીએ ઇંદ્ર, ચાંદ્ર, જૈનેંદ્ર અને શાકટાયન આદિ વ્યાકરણોની છાયા લઇને અષ્ટાધ્યાયી રચી અને ચંદ્ર-ગુપ્તના અમલમાં થયેલા પતંજલિએ પાણિની સુત્રોપર ભાષ્ય રચ્યો. ભદ્રબાહુ સ્વામી મહાવીર પછી ૧૭૦ વર્ષે સ્વર્ગે ગયા. તેમની પાટે સાતમા સ્થૂલિભદ્રજી આવ્યા. એ સ્થૂલિભદ્ર મહાવીર પછી ૨૧૫ વર્ષે સ્વર્ગે ગયા.

પૂર્વે નેપાળમાં સ્ફૂલિંગ પાર્શ્વનાથ, છાયા પાર્શ્વનાથને મંત્રાધિરાજ પાર્શ્વનાથનાં તીર્થ હતાં. તેથી ત્યાં જૈનોની વસ્તી સારી હતી. ને ભદ્રબાહુ સ્વામી તો નેપાળમાંજ રહેતા હતા.

સ્થુલિભદ્રજીના આર્ય મહાગિરિ ને આર્ય સુહસ્તિ એ બે શિષ્ય મુખ્ય હતા. આર્ય મહાગિરિ આર્ય સુહસ્તિને ગચ્છનો ભાર ભરાવી જીનકલ્પીની તુલના કરતા હતા. એ આર્ય મહાગિરિના બહુલ અને બલિસ્સહ શિષ્યો હતા. બલિસ્સહના તત્વાર્થઆદિ પાંચસો ગ્રંથના કર્ત્તા ઉમાસ્વાતિ વાચક થયા. તેમના શિષ્ય પન્નવણા સૂત્રના કર્ત્તા પહેલા કાલિકાચાર્ય થયા. આર્ય મહાગિરિ વીર થકી ૨૪૫ વર્ષે સ્વર્ગે ગયા.

આર્ય સુહસ્તિ અને આર્ય મહાગિરિ સંપૂર્ણ દશ પૂર્વના જ્ઞાતા હતા. આર્ય સુહસ્તિના સમયમાં એમનો શિષ્ય સંપ્રતિ ભારત સામ્રાટ થયો. એણે પૃથ્વીને જીનમંડીત કરી. અનાર્ય દેશોમાં પણ સાધુઓનો વિહાર ચાલુ કરાવ્યો. સવા લાખ તો એણે જીન મંદિર કરાવ્યાં, જેમાં નવાણું હજાર જીર્ણોદ્ધાર અને છવીશ હજાર નવીન જીનમંદિર તૈયાર કરાવ્યાં. સોના, ચાંદી, પિત્તલ, પાષાણ પ્રમુખની સવાક્રોડ જીન પ્રતિમા બનાવી, સાતસો દાનશાલા તૈયાર કરાવી.

મહાવીરસ્વામીથી ૨૯૧ વર્ષે આર્યસુહસ્તિસ્વામી સ્વર્ગે ગયા. તેમની પાટે સુસ્થિત અને સુપ્રતિબુદ્ધ થયા. તેમણે ક્રોડવાર સૂરિમંત્રનો જાપ કરવાથી આજસુધી ચાલ્યા આવતા નિર્ગ્રંથ ગચ્છનું નામ કોટિકગચ્છ પડયું.

તેમની પાટે ઈંદ્રદિન્નસૂરિ થયા. તેમની પછી વીર સંવત ૪૨૧ માં દિન્નસૂરિ થયા, તેમની પાટે ૧૨ માં સિંહગિરિ સ્વામી થયા. વીર સંવત ૫૪૭ માં સ્વર્ગે જવાથી તેમની પછી વજ્રસ્વામી થયા જે વજ્રસ્વામી પૂર્વભવમાં જૃંભકદેવ હતો. ગૌતમસ્વામી સૂર્યનાં કિરણનું અવલંબન લઈને જ્યારે અષ્ટાપદ પર્વત ઉપર ચોવીસે જીનવરોને વંદન કરવા ગયા. ત્યારે એમણે પુંડરિક અધ્યયન વડે પ્રતિ બોધેલો એજ આ વજ્રસ્વામીનો જીવ !

બાલ્યાવસ્થામાં જ વજ્રસ્વામી અગીયારે અંગભણી ગયા. એમણે મહાપુરીના બૌદ્ધરાજાને જૈન કર્યો. એમના સમયમાં વીર થકી ૫૨૫ વર્ષે શત્રુંજય તીર્થ વિચ્છેદ ગયેલું ત્યાંનો કપર્દિયક્ષ મિથ્યાત્વી થઈ ડુંગરની આશાતના કરતો તે વીર થકી ૫૭૮ વર્ષે વજ્રસ્વામીની સહાયથી જાવડશાહે શત્રુંજયનો તેરમો ઉદ્ધાર કર્યો. સંવત ૧૧૪ માં રથાવર્ત્ત પર્વત ઉપર વજ્રસ્વામી અણુસણ કરીને સ્વર્ગે ગયા.

ભદ્રબાહુની પાટે થયેલા સ્થુલિભદ્ર સ્વર્ગે જતાં છેલ્લા ચારપૂર્વ, પ્રથમ સંઘયણને પ્રથમ સંસ્થાન અદૃશ્ય થયાં. અને વજ્રસ્વામી સ્વર્ગે જતાં ૧૦ મું પૂર્વ, ચતુર્થ સંઘયણ અને ચતુર્થ સંસ્થાન એ વ્યવચ્છેદ થઈ ગયાં, એમની પાટે એમના શિષ્ય વજ્રસેનસૂરિ થયાને બાર વર્ષીય દુકાલ પડયો. મહાવીર પછી ૬૨૦ વર્ષે એટલે વિક્રમ સંવત ૧૫૦ માં વજ્રસેન સ્વામી સ્વર્ગે ગયા.

એ વજ્રસેનસ્વામીના ચાર શિષ્ય હતા. શ્રી ચંદ્રસૂરિથી ચંદ્રગચ્છની શાખા, નાગેંદ્રસૂરિથી નાગેંદ્ર શાખા, નિવૃત્તિસૂરિથી નિવૃત શાખા, વિદ્યાધરસૂરિથી વિદ્યાધર શાખા, એ પ્રમાણે ચાર શાખાઓ નીકળી. આચારાંગ અને સુયડાંગ સૂત્રોની વૃત્તિના કર્ત્તા શીલાંકાચાર્ય વિક્રમ સંવત ૭૭૨ માં નિવૃતશાખામાં થયા. તેમજ વિદ્યાધર કુલમાં વિક્રમથી ૫૮૫ વર્ષે હરિભદ્રસૂરિ ૧૪૪૪ ગ્રંથના કર્ત્તા થયા.

આ વજ્રસેનસ્વામીના સમયમાં શિવભૂતિ ( સહસ્રમલ ) નામના મનુષ્યે રથવીરનગરમાં આર્યકૃષ્ણસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરી. પાછળથી પોતાના ગુરૂ સાથે વાંધો પડવાથી–વસ્ત્ર સંબંધી તકરાર થવાથી એણે નગ્ન રહેવાનો ઠરાવ કર્યો, ને ગુરૂથી અલગ થઇ ગયો. તેની સાથે એની બેહેન ઉત્તરાએ પણ નગ્ન રહેવાનો વિચાર કર્યો. પણ એણે ધાર્યું કે સ્ત્રી નગ્ન રહેશે તો ઘણો ગેરફાયદો થશે, એમ વિચારી પોતાની બેહેનને કહ્યું કે "સ્ત્રી જાતિને મોક્ષ મલતો નથી.' એમ કહી એને નિવારી તે પછી તેણે દિગંબર મતનો ફેલાવો કરવા માંડયો. વિક્રમ સંવત ૧૩૯.

એ દિગંબર મતસ્થાપક સહસ્રમલને બે શિષ્ય કોડિન અને કોષ્ટ વીર હતા. તેમના ધરસેન, ભૂતિબલી અને પુષ્પદંત થયા. વિક્રમ સંવત ૨૧૩ પછી પુષ્પદંત અને ભૂતબલીએ જેઠ સુદી ૫ ને દિવસે શાસ્ત્ર બનાવવાં શરૂ કર્યાં. ૭૦૦૦૦ શ્લોક પ્રમાણ ધવલ, ૬૦૦૦૦ શ્લોક પ્રમાણ જયધવલ અને ૪૦૦૦૦

શ્લોક પ્રમાણ મહાધવલ આ ત્રણ ગ્રંથ દિગંબર મતના અત્યારે પણ કર્ણાટકમાં વિદ્યમાન હોય એમ સંભળાય છે. આ ત્રણ ગ્રંથમાંથી નેમિચંદ્ર સાધુએ ચામુંડ રાજાને સંભળાવવાને ગોમટસાર રચ્યો.

દિગંબરોમાં પણ ચાર શાખા થઇ ૧ નંદી ૨ સેન ૩ દેવ ૪ અને સિંહ પછી કાષ્ટસંઘ, મૂલસંઘ, માધુરસંગ અને ગોપ્યસંઘ એ ચાર સંઘ થયા તે પછી વીશાપંથી, તેરાપંથી, ગુમાનપંથી, તોતાપંથી આદિ ફાંટા થયા. તોતાપંથી મંદિરમાં પ્રતિમાને ઠેકાણે પુસ્તકને પૂજે છે, એ લોકો માને છે કે સ્ત્રીઓ મોક્ષ જઇ શકે નહી, કેવલી આહાર કરે નહી, ઇત્યાદિ ૮૪ વાતો ફેરવીને કહેવા માંડી.

શ્રી ચંદ્રસૂરિ મહાવીરથી ૧૫ મી પાટે વિક્રમ સંવત ૧૫૦ માં થયા. એમનાથી ચંદ્રગચ્છની શાખા નીકલી. તેમની પછી સામંતભદ્રસૂરિ થયા. આ સૂરિ પ્રાયઃ વનમાં રહેતા હોવાથી એમનું નામ વનવાસી પડયું. ને એમની પરંપરા વનવાસી ગચ્છ તરીકે ઓળખાઇ. તેમની પાટે ૧૭ મા શ્રી વૃદ્ધદેવસૂરિ થયા, સંવત ૨૨૯ વર્ષે એ સ્વર્ગે ગયા તેમની પાટે ૧૮ મા પ્રદ્યોતનસૂરિ થયા. તેમની પાટે પ્રખ્યાત માનદેવસૂરિ થયા. તક્ષશિલાનગરીના સંઘની શાંતિને માટે આ માનદેવસૂરિએ લઘુશાંત સ્તોત્રની નાડોલમાં રહીને રચના કરી. એમને જયા-વિજયાદિ ચાર દેવીઓ પ્રસન્ન હતી. શાંતિ રચી તે પછી ત્રીજે વર્ષે તુરૂષ્ક લોકોએ તક્ષશિલાનો નાશ કર્યો.

તેમની પછી ૨૦ મી પાટે માનતુંગસૂરિ ભક્તામર સ્તોત્રના કર્ત્તા મહાપ્રભાવિક થયા. એમણે માળવાના મોટા ભોજને ચમત્કાર બતાવી પ્રતિબોધ પમાડયો હતો. તેમની પછી ૨૧ મા વીરસૂરિ થયા. એમણે સંવત ૩૦૦ માં નાગપુરમાં નમિનાથની પ્રતિષ્ઠા કરી. ૨૨ મી પાટે થયેલા જયદેવસૂરિનું સંવત ૩૫૬ વર્ષે સ્વર્ગગમન, તેમની પછી દેવાનંદસૂરિ થયા વિક્રમ સંવત ૩૭૫ માં. તેમની પછી ૨૪ મી પાટે વિક્રમસૂરિ થયા.

દેવાનંદસૂરિના અંત સમયમાં સં. ૩૭૫ માં વલ્લભીનો પ્રથમ ભંગ થયો. તે પહેલાં વિક્રમ સંવત ૩૧૪ માં મલ્લવાદીસૂરિએ બૌદ્ધોનો શિલાદિત્યની સભામાં પરાજય કર્યો. વાદમાં હારી જવાથી બૌદ્ધો વલ્લભી રાજ્યની હદ બહાર થયા.

વિક્રમ સંવત ૪૧૨ માં વિક્રમસૂરિ થયા, તેમના સમયમાં સં. ૪૧૨ માં ચૈત્યવાસ પક્ષ જૈનમાં ઉભો થયો. પછી તેમની ૨૫ મી પાટે નરસિંહસૂરિ થયા, તેમની પછી ૨૬ મા સમુદ્ર સૂરિ થયા. એ અરસામાં વિક્રમ સંવત ૫૧૦ માં દેવર્દ્ધી ક્ષમાશ્રમણજીએ વલ્લભીપુરમાં સિદ્ધાંતો લખાવવા શરૂ કર્યા. આ સમયે ફક્ત એક પૂર્વનું જ્ઞાન હતું. છેલ્લા સત્યમિત્રસૂરિ પછી સં. ૫૩૦ માં પૂર્વનું જ્ઞાન વિચ્છેદ ગયું. સંવત ૫૨૩ માં બીજા કાલિકાચાર્યે ચોથની સંવત્સરી કરી. સં. ૫૮૫ માં પહેલા હરિભદ્રસૂરિ થયા.

૨૭ મી પાટે બીજા માનદેવસૂરિ થયા. તેમની પછી

વિબુધપ્રભસૂરિ ૨૮ મા ને ૨૯ મા, જયાનંદસૂરિ. ૩૦ મા રવિપ્રભસૂરિ થયા. એ રવિપ્રભસૂરિએ સંવત ૭૦૦ માં નાડોલ નગરમાં શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. સંવત ૭૨૦ માં બીજા ઉમાસ્વાતિ યુગ પ્રધાન થયા. તેમની પછી ૩૧ મી પાટે શ્રી યશોદેવસૂરિ થયા તેમની પછી ૩૨ મી પાટે પ્રદ્યુમ્નસૂરિ વિક્રમ સંવત ૮૦૦ માં થયા. તેમની પછી નવમા સૈકામાં ત્રીજા માનદેવસુરિ થયા.

વલ્લભીના ભંગ પછી ગુજરાતની રાજ્યધાની વઢીયાર દેશના પાટનગર પંચાસરમાં થઇ એ રાજ્ય વિક્રમના આઠમા સૈકાના મધ્યાન્હ સમયમં તુટયું, અને ગુજરાતમાં પર રાજ્યના પ્રતાપે અંધાધુની ચાલી. સંવત ૮૦૨ માં અણહિલ્લપુર પાટણ વસાવી વનરાજે રાજ્યગાદી સ્થાપી, ત્યારથી ગુજરાતમાં શાંતિ જણાવા લાગી.

# પ્રકરણ ૧૨ મું.

## બાળતેજ.

દશપૂર્વધર વજ્રસ્વામીના શિષ્ય વજ્રસેનસૂરિના ચાર મુખ્ય શિષ્યોમાંથી ચાર શાખા નીકળી. વજ્રસેનસૂરિની પાટે આવેલા ચંદ્રસૂરિથી ચંદ્રકુલની શાખા નીકળી. એ ચંદ્રકુલમાં કંઇ આચાર્યો પરંપરાએ થઇ ગયા. વિક્રમસંવત આઠમા

સૈકાના મધ્યકાળ પછીના સમયમાં એ વંશમાં પ્રખર વિદ્વાન અને સિદ્ધાંતના પારંગામી એવા સિદ્ધસેનસૂરિ થયા. આ સૂરિ જો કે અપ્રતિબદ્ધ વિહારી હતા. છતાં ગુજરાતદેશમાં આવેલા પાટલાનગર અને મોઢેરામાં વિશેષ સમય રહેતા હતા. ભવ્યજનોને ઉપદેશ આપી જૈનધર્મનું ગૌરવ વધારવાને પ્રયત્ન કરી રહ્યા હતા.

નવમાં સૈકાની શરૂઆતમાં સિદ્ધસેનસૂરિ પોતાના પરિવાર સાથે પાટલાથી વિહાર કરતા શ્રી મહાવીરસ્વામીને વંદન કરવાને મોઢેરા શહેરમાં આવ્યા. આ સમયમાં મોઢેરા મોટું શહેર હતું. મોઢ લોકોની વસ્તી વિશાળ અને ધનધાન્યથી સુખી હતી. તેમના હાડમાંસમાં પણ જૈનત્વ રમી રહ્યું હતું. અહિંસાની ઉપાસક એવી આ મોઢ કોમ વીતરાગનાધર્મનું—જૈનધર્મનું આરાધન કરતી ધર્મ, અર્થ અને કામને બાધા રહીતપણે સિધ્ધ કરતી હતી.

અંતરંગ ભાવભક્તિ પૂર્વક સિદ્ધસેનસૂરિ વિધિપૂર્વક શ્રી મહાવીરસ્વામીને નમીને ત્યાંના સંઘના આગ્રહથી કેટલાક દિવસ ત્યાં રહ્યા. ભવિતવ્યતા યોગે એક દિવસે રાતના શ્રાવકો સાથે ધર્મ ગોષ્ઠી કર્યા પછી સંથારાપોરસી ભણાવીને યોગનિદ્રાએ સુતા હતા. તે સમયે એમણે અલ્પરાત્રી શેષ રહી ત્યારે એક ઉત્તમ સ્વપ્ન જોયું. 'જીનેશ્વરના ચૈત્યના શિખર ઉપર એક કિશોર વયનું સિંહનું બચ્ચું ખેલતું હતું' જ્યારે એમની યોગનિદ્રા દૂર થઇને પ્રાતઃક્રિયા કર્યા પછી સ્વપ્નની વાત યાદ

ફરી મનમાં અજાયબ પામ્યા. પાછલી રાત્રીના આવેલું સ્વપ્નું આજે જ ફલદાયક થાય, આહા કેવું મનોહર સ્વપ્ન! અવશ્ય આજે કોઈ ઉત્તમ શિષ્યનો લાભ થાય. જે શિષ્ય જૈનશાસનની ઉન્નતિ કરનારો, મોટો પ્રભાવિક થાય. જેમ સિંહને જોઇ ગજેંદ્રો ભયપામી પલાયન કરી જાય એમ એ સિંહના સમાન પરાક્રમી શિષ્યથી અન્યમત રૂપી ગજેંદ્રો દૂરજ ભાગી જશે. આજે એવા એક યુગપ્રધાન સમા પ્રખર શાસનનેતાની જરૂર છે. કેમકે કાળના દોષે કરીને જૈનશાસનની જ્યોતિ મંદ પડતી જાય છે. આહા? આજે કેવો સમય આવ્યો. ઘર ઘરમાંજ ક્લેશ? એક તરફ દિગંબરો પોતાનો અડ્ડો જમાવી પોતાનો કક્કો સિદ્ધ કરી રહ્યા છે. બીજી તરફ ચૈત્યવાસીઓનું જોર વૃદ્ધિંગત થઇ ગયું. ગુર્જરેશ્વર વનરાજની ચૈત્યવાસીઓને મદદ મળી. રાજાએ શિલગુણ સૂરિના ઉપકારનું સ્મરણ કરીને પોતાની કૃતજ્ઞતા બતાવી.

આવીજ અંદરની કુસંપતાનો લાભ લઇને બિહારના કુમારિલભટ્ટ પંડિતે જૈનતત્વોનું ખંડન કરવા માંડયું. એટલુંજ નહી પણ લોકોને ભરમાવીને જૈનધર્મ પણ એણે છોડાવવા માંડયો, એનું પરિણામ શું આવશે એ તો જ્ઞાની જાણે પણ આ કાંઇ સારાં પગરણ જણાતાં નથી. બીજી તરફથી બૌદ્ધો જોર પર આવતા જાય છે, તે જૈનોનો પરાજય કરવાને સમયનીજ રાહ જોઇને બેઠા છે. આવી સ્થિતિમાં ખચીત કોઇ પ્રખર શાસનનેતાની અતિ આવશ્યકતા છે" ગુરૂ સિદ્ધસેનને

આ પ્રમાણે વિચારમાં જોઈ પ્રભાતમાં વંદન કરવા આવનાર શ્રાવકોને કંઇક આશ્ચર્ય થયું ? તેમજ શિષ્યવર્ગને લાગ્યું કે "આજે ગુરૂની તબીયત કેમ હશે ? શું કાંઇ નવીન બનાવ બન્યો હશે ? શું હશે ?"

શ્રાવકોએ ગુરૂને વિજ્ઞપ્તિ કરી " ભગવન્ ? આપ આજે અત્યારમાં કાંઇ ગહન વિચારમાં છો ? "

સૂરિનો જવાબ સાંભળવાને સર્વે આતુર હતા. શિષ્ય સમુદાય પણ ઉત્તર સાંભળવા ઉત્સુક થયો. જવાબમાં ગુરૂ મહારાજ વિચારમાંથી જાગ્રત થઇ સર્વની તરફ દૃષ્ટિ કરતા સહેજ હસ્યા. " દેવાનુપ્રિય ? આજે ? એક એવું અપૂર્વ સ્વપ્ન આવ્યું છે જેના પ્રભાવથી જણાય છે કે એક ઉત્તમ શિષ્યનો લાભ થશે. જે અન્ય વાદિ રૂપી ગજેંદ્રોનાં કુંભસ્થળ તોડવામાં સિંહસમો પરાક્રમી થશે.

" એમજ થાઓ ? આપનું વચન અમોઘ થાઓ ? " સર્વેએ શકુનની ગાંઠ વાળી.

" અસ્તુ ? એ સ્વપ્ન સત્ય કરવાને ચાલો આપણે શ્રી મહાવીરનાં દર્શન કરવા જઇએ. " ગુરૂ સિદ્ધસેનસૂરિએ કહ્યું.

" હા ? પ્રભુ ? ચાલો ? " શ્રાવકોએ અનુમતિ આપી.

શ્રાવકોની સાથે સૂરિ જીનમંદિરમાં આવ્યા. વિધિપૂર્વક શ્રી મહાવીરભગવાનને નમીને ચૈત્યની બહાર આવ્યા તેટલામાં એક છ વર્ષનો બાલક પરદેશી જેવો જણાતો એમની

આગળ આવ્યો, ગુરૂએ તીક્ષ્ણ દૃષ્ટિએ એનું અવલોકન કર્યું. છ વર્ષની બાલ્યાવસ્થા છતાં એનું ડાહપણ, તેજ, ગૌરવ, ને પરાક્રમ અલૌકિક હતું. જેથી દરેકનું આ બાલક તરફ ધ્યાન ખેંચાયું.

"કોણ છે તું ? ને ક્યાંથી આવે છે ?" સૂરિએ પૂછયુ.

"દૂરદેશથી–પાંચાળદેશથી આવું છું ? જાતે ક્ષત્રીય છું.

બાલકે જવાબ વાળ્યો.

"ક્ષત્રીય છું તેથીજ માતાપિતાને છોડી એકલો રખડે છે કેમ ?" ગુરૂમહારાજ હસ્યા.

"હા !" બાલક પણ મીઠું હસ્યો.

"તું કોનો પુત્ર છે ?"

"બપ્પ નામના ક્ષત્રીયનો ! પાંચાળમાં આવેલું ડુંબાઉધી મારૂં ગામ."

"તારૂં નામ પણ જણાવી દે ત્યારે ?"

"મારૂં નામ સુરપાળ ?"

"આટલી નાનીવયમાં તેં માતાપિતાનો શા માટે ત્યાગ કર્યો ?"

"ભગવન્ ? મારા પિતાને ભૂજબળમાં ઉન્મત્ત એવા શત્રુઓ હોવાથી હું એમને સંહારવા જતો હતો પણ પિતાએ મને રોકયો ? અને કહ્યું કે " વત્સ ? તું હજી બાલક છે.

શત્રુઓને મારવા એ કાંઇ બાલકની રમત નથી. માટે ઉદ્ધતાઇ ન કર ? ”

એમનું આવું નિર્માલ્ય વચન સાંભળીને મને ક્રોધ આવ્યો કે “ જુઓ તો ખરા ! કે મારા પિતા શત્રુઓને પોતે પણ મારી શક્તા નથી, તેમ મને પણ શત્રુનો વિનાશ કરવા જવા દેતા નથી.

“જેથી માતા પિતાને પૂછયા વગર હું ચાલી નીકળ્યો. ફરતાં ફરતાં આજે આપની પાસે આવ્યો છું, ભગવન” બાલકે પોતાની વાત પુરી કરી.

છવર્ષના બાલકની આવી શૌર્ય ભરી વાણી, એની બોલવાની છટા જોઈ ગુરૂ સહીત સર્વે મુગ્ધ થયા. “વાહ ! શી આની હોશીયારી ? ”

“વારૂં ? હવે અહીયાંથી કયાં જવા ઇચ્છે છે ? ” ગુરૂ મહારાજે પુછયું.

“ જ્યાં મારૂં ભાગ્ય લઇ જશે ત્યાં ! ”

“ ત્યારે અહીઆં અમારી પાસે રહી શકે ? અમે તને તારા ઘર કરતાં પણ વધારે સુખમાં રાખીશું. ”

“ ઘણીજ ખુશીથી ? આપની પાસે શસ્ત્ર અને શાસ્ત્રનો અભ્યાસ કરીશ. ”

“ અહીં તો ભાઇ શાસ્ત્રનો અભ્યાસ છે ! ” ગુરૂ મહારાજ હસ્યા.

"શાસ્ત્ર ભણી પંડિત થઇશ. વાગ્યુધ્ધમાં શત્રુઓને જીતી લઇશ."

"તથાસ્તુ!" ગુરૂમહારાજે આશિર્વાદ આપ્યો.

"બાલકનું વાક્ચાતુર્ય જોઇ ગુરૂ સિધ્ધસેન સૂરિએ વિચાર્યું કે" આ બાલક છતાં કેવો અસાધારણ બુધ્ધિવાળો છે, આ તો કોઇ અણમોલ રત્ન ભવિતવ્યતાયોગે અનાયાસે પ્રાપ્ત થયું. માનો કે સ્વપ્નનું ફલ પ્રત્યક્ષ થયું. સ્વપ્નમાં જેમ સિંહનું બચ્ચું ખેલતું હતું તેમજ આ પણ ક્ષત્રીય રૂપી સિંહનું બચ્ચું કેવું નિડર છે? કોઇ સાધારણ માણસ નથી. કેમકે જગતમાં જે પરાક્રમી છે તેને વયનો કાંઈ મેળ નથી. સિંહનું બચ્ચું લીલામાત્રમાં ગજેંદ્રો ઉપર તરાપ મારે છે. નાનો શો અંકુશ હાથી જેવા જબરદસ્ત પ્રાણીને વશ કરે છે. વિષ જરામાત્ર હોય છતાં મનુષ્યના જીવિતવ્યને હરે છે. તેમજ દીપકની નાની શી જ્યોતિ ગાઢ અંધકારને ભેદી નાખે છે. માટે આ બાલક પણ દિવ્ય છે." એમ સમજી એને ઉપાશ્રયે લાવ્યા. સંઘને ભેગો કરી આ બાળક બતાવ્યો. સર્વેની દ્રષ્ટિ એને જોતાંજ પ્રસન્ન થઇ.

બાળકે સૂરિપાસે અભ્યાસ કરવા માંડયો, બાલ્યાવસ્થા છતાં એક દિવસના એક હજાર શ્લોક કંઠે કરવા લાગ્યો, તેની આવી તીક્ષ્ણ બુધ્ધિ જોઇ ગુરૂ સહિત સકલસંઘ પ્રસન્ન થયો. તત્વમાં, અર્થમાં, વિચારણા ને અવધારણા શક્તિમાં તેની બુધ્ધિ સતેજ હતી. આવી તીક્ષ્ણ બુધ્ધિ હોવાથી બાલકે થોડા દિવસમાં વ્યાકરણ, તર્ક, સાહિત્ય, કાવ્ય આદિ ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો.

પૂર્વના ક્ષયોપશમથી બાલકને વૈરાગ્યની તીવ્ર ભાવનાથી દીક્ષા લેવાનો મનોરથ થયો વારંવાર દીક્ષાને માટે તે ગુરૂને પ્રાર્થના કરવા લાગ્યો સંઘના અગ્રેસરો પણ આ બાળકને દીક્ષીત જોવાને આતુર થયા, પણ ગુરૂ મહારાજે એ વાત ઉપર કાંઇ વિશેષ ધ્યાન આપ્યું નહીં. બાળકના અતિઆગ્રહથી ગુરૂ બોલ્યા "વત્સ! તું હુજી બાળક છે; જોકે દીક્ષાલેવાની તારી મનોવૃત્તિ અતિ ઉત્કટ છે છતાં તારા માતાપિતાની રજા મંગાવવી જોઇએ. માતા પિતાની અનુમતિ સિવાય તને મારાથી દીક્ષા કેમ અપાય ?"

"તો અહીંઆ મારા માતાપિતા કાંઇ આપણને આવીને કનડશે નહીં. મારી ઇચ્છા છે ત્યાં પછી મારા માબાપને પૂછવાની શી જરૂર ?" બાલકે કહ્યું. એનો વૈરાગ, સંવેગરંગ તીવ્ર હતો, નિશ્ચય અદ્‌ભૂત હતો. એ દ્રઢતા ભેદી શકે એવી કોઈની તાકાત તો નહોતી છતાં એ દ્રઢતાને કસોટીના પત્થર ઉપર કસાવાની જરૂર હતી.

"વત્સ ધીરો થા ? આ ચોમાસું પૂર્ણ થતાં આપણે તારે ગામ જાશું. તારાં માતા પિતાની રજા મેલવીને તને દીક્ષા આપશું પછી કાંઈ ?" ગુરૂનો એ વિચાર સર્વેને યોગ્યજ જણાયો. કેટલાક ધર્માભિમાની પુરૂષોને મનમાં ખટકતું કે "કદાચ માતા પિતા રજા નહી આપે ને બાલકને લઈ લેશે તો ?" આવો વિદ્વાન બાલક હાથમાં આવેલો સરી જાય એ એમને ગમતું નહોતું.

" ત્યારે તો બાલકના સત્યની કસોટી થશે. એની દૃઢતા ત્યારે જ માલૂમ પડશે. " ગુરૂ મહારાજે ધીરજ આપી.

દિવસ ઉપર દિવસ વહી ગયા ને ચોમાસુ પૂર્ણ થતાં ગુરૂ સિદ્ધસેનસૂરિએ સંઘની અનુજ્ઞા મેળવી પાંચાળ તરફ વિહાર કરવાની તૈયારી કરી. બાળક પણ એમની સાથે હતો. સંઘના મનમાં પણ બાલક તરફ પક્ષપાત હતો એમને પણ લાગ્યું કે ચકોર બાલક દીક્ષા લે તો જૈન શાસનમાં મોટો પ્રભાવિક થશે. જેથી સંઘના અગ્રમાન્ય પુરૂષોએ હોંશીયાર અને બોલવામાં ચતુર એવા ચાર પાંચ શ્રાવકોને સૂરિ સાથે પાંચાળ દેશમાં મોકલ્યા. એમને ભલામણ કરવામાં આવી કે " ગમે તે ભોગે આ બાલકનાં માતા પિતાની રજા મેલવવી. એમને જોઇએ તેટલું નાણું આપી છેવટે બાલકનાં માતપિતાને સમજાવવાને સંઘે એમને ભલામણ કરી. પણ કોઇ રીતે દીક્ષા અવસ્થામાં આ બાલકનાં અમને દર્શન કરાવો. "

મહારાજ સિદ્ધસેનસૂરિ વિહાર કરતા અનેક ભવ્ય જનોને પ્રતિબોધતા પાંચાળ દેશમાં ડુંબાઉધી ગામે આવ્યા ત્યાંનો સંઘ ગુરૂને જોઇને પ્રસન્ન થયો. સારી રીતે સામૈયું કરીને જૈન શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરી. બાલક પણ માબાપને મલીને એમના હર્ષનું કારણ થયો. એ બાલકના સત્યની કસોટીનો સમય આવ્યો. જુઓ ? માતપિતાના હાથમાંથી હવે કેવી રીતે એ છટકી શકે છે ?

# પ્રકરણ ૧૩ મું.

## કસોટી.

બાલકનું નામ સુરપાલ હતું. સુરપાલને જોઇને માતા પિતા ઘણાં હર્ષ પામ્યાં સુરપાલના પુનઃ મેલાપથી એ આશા વિહીન થયેલાં માબાપનો આનંદ અપૂર્વ હતો. અચાનક સુરપાલના ગુમ થવાથી એ વિહ્વલ માતપિતાએ રડતે હૈયે બહુ સ્થળે તપાસ કરેલી—કરાવેલી. પણ એનો પત્તો ક્યાં ન લાગ્યો. ગુરૂની સાથે આવેલો જોઇ એમણે ગુરૂનો અતિ આભાર માન્યો. મુક્તકંઠે એમનાં ઓવારણાં લઇ વખાણ કીધાં. કંઇ રીતે ભક્તિનો બદલો વાળી આપવો એવાં ભક્તિથી ભરેલાં એ હૈયાં ગુરૂ તરફ ઘણી પૂજ્યબુદ્ધિવાળાં થયાં.

ચાર દિવસ પસાર થયા ને એક દિવસ અવસર જોઇ બાલક સુરપાળે માતાપિતાને વિનંતિ કરી. " માતા પિતા ? ગુરૂની સાથે હું અહીં કેમ આવ્યો છું એ આપ જાણો છો ? "

" કેમ ! આ તારૂં ઘર છે ! દિકરાઓ શું પોતાના ઘેર નહી જતા હોય, તું આમ આડું કેમ બોલે છે બેટા ? "

" આવે, દિકરાઓ પોતાને ઘેર અવશ્ય આવે. પણ હું તો એક એવા ઘેર જવાને ઉત્સુક થયો છું કે જે ઘેર જવાથી પછી કોઈ દિવસ એ ઘર છોડવું ન પડે ! "

" એવું જ આ આપણું ઘર વળી ! અહીઆંથી તને

કોણુ છોડાવી શકે ? કોઇની તાકાત છે કે અહીંથી તને લઈ જઇ શકે ? " પિતાએ કહ્યું.

" હા ? બાપાજી ? એવું એક જણુ છે કે આપણી ઇચ્છા નહીં છતાં આપણુને તે આ ઘરમાંથી બલાત્કારે કાઢી શકે ! મને તો શું બલ્કે તમને પણ કાઢી શકે ? " પુત્રની વાત સાંભળીને માતાપિતા અજાયબ થયાં,

" શું આપણા દુશ્મનો ? એમને તો તારા જવા પછી મેં જીતી લીધા છે. "

" તે છતાં હજુ એક બલવાન દુશ્મન નથી જીતાયો ?

" કયો વારૂ ? "

" મૃત્યુ ? "

સાતવર્ષના સુરપાલની આવી દિવ્ય વાણી સાંભળીને માતપિતા ચકિત થયાં બન્ને એક બીજના સામે જોવા લાગ્યાં " આહા ! અત્યારથી આ બાળકનું શું આ જ્ઞાન ? "

" દિકરા ? એ મોતનો તું શા માટે વિચાર કરે છે ? તારે વળી આવા વિચાર શા ? તું જરી મોટો થશે એટલે અમે તને પરણાવશું નાની વહુ આવશે. તારો સંસારનો કોડ પૂરો થશે તને સુખી જોઇ અમારૂં પણ હૈયું ઠરશે. "

" બાપુ ? મને સુખી જોઇ તમારૂ હૈયું ઠરે; એ બરાબર પણ હું શાથી સુખી થઇ શકું એ જાણો છો ? "

" મોટો થશે ત્યારે ધન કમાવાથી, સારી સ્ત્રી પરણવાથી વળી ? "

" ના ? માતાપિતા ! ના ? મને લાગે છે કે દુન્યામાં હું એ માટે નથી આવ્યો ! "

" તો ? "

" હું તો ત્યાગી થવા આવ્યો છું. ગુરૂ મહારાજ સિધ્ધસેન પાસે હું દીક્ષા લઈ જૈન ધર્મનો ઉદ્યોત કરીશ ? " બાલકે મનની વાત કહી દીધી.

દીક્ષાનું નામ સાંભળી માતાપિતા હેબતાઇ ગયાં. ભાન ભૂલાં એ ક્ષણવાર વ્યગ્રચિત્તવાળાં થઈને શું કરવું એ પણ ભૂલી ગયાં. " શું તું દીક્ષા લેવા તૈયાર થયો છે ? ઓય મા ! આ તું શું બોલે છે ? ઘેલો તો નથી થયોને દિકરા ? " માતાએ એકદમ સુરપાલને હૈયા સાથે દાબતાં કહ્યું. " દિકરા ? હજી ઉગીને તો ઉભો થયો નથી ત્યાં દીક્ષા શી ? "

માતાનું હેત જોઈ સુરપાલ હસ્યો ! " માતા ? મારે વળી આવાં લાડ શાં ! હું તો હવે સાધુ થવાનો ! તમારી રજા લેવાજ હું ગુરૂને લઇ અહીયાં આવ્યો ! "

" ત્યારે શું અમને છોડીને તું જતો રહેવાનો ? એક વખત છોડીને જતો રહ્યો ત્યારે તારા વગર હૈયા સુનાં બનેલાં અમે કેવાં રડતાંતાં. દિકરા ! તારી વ્હાલી માતાને તું ફરીને વળી રડાવવાનો ! તારી વહુનું મુખ મને નહી બતાવીશ ? " માતાએ ડુસકાં ભરી રડવા માંડયું. " સાંભળો છો ? મારા આ લાડકાને એ સાધુએ ભૂરકી નાખી છે કોઈ ઉસ્તાદને

બોલાવો ? કે જેથી એ જાદુગરની ભૂરકી ઉતારે ? મારા આ બચ્ચાને ડાહ્યો કરે ? " માતાએ બાળકના પિતાને કહ્યું.

" માતા ! શામાટે વલોપાત કરે છે ? મને કાંઇ ગુરૂએ ભૂરકી નાખી નથી. કે એમણે જાદુ પણ કર્યું નથી. હું તો ત્યાંજ દિક્ષા લેવાનો હતો. પણ ઉલટા એમણેજ તમારી :રજા વગર દીક્ષા આપવાની ના પાડી. તેથી એમને સાથે લઇ હું તમારી રજા લેવા ઘેર આવ્યો ! "

" તો અમે તને રજા આપવાનાં નથી. આપણે વળી દીક્ષા શી ? " માતાએ કહ્યું.

"પિતાજી ! હું દીક્ષા લઇશ એ નિઃસંદેહ છે ! તમે મારી માતાને સમજાવી રજા અપાવો ?"

" તે કોઈ રીતે બનવાનું નથી. તું આંખની કીકી સમો એકનોએક છે. અમારો આધાર છે ! આશાઓનો અંબાર છે !" માતાપિતાએ કહ્યું.

" તમે એ સાધુને કહો કે આપણી આજ્ઞા સિવાય મારા આ લાડીલાને સાધુ ન બનાવે ! હું એને મારા હૈયા આગળથી અળગોજ કરવાની નથી."

માતપિતા અને પુત્રની આ પ્રમાણે દીક્ષા માટે હોંશાતોંસી ચાલતી હતી. બન્ને પક્ષના વિચારો દૃઢ હતા. અત્યાર સુધી એકે પક્ષનું નમતું જણાયું નહોતું. એટલામાં ડુંબાઉંધી ગામના સંઘના અગ્રમાન્ય શ્રી પુરૂષોને લઈ ગુરૂ સિદ્ધસેનસૂરિના મોઢેરાના શ્રાવકો એમને ત્યાં આવી પહોચ્યા.

પોતાને ઘેર આવેલા મેમાનોનો સુરપાલના માતાપિતાએ સત્કાર કર્યો. અને શામાટે આપ લોકોનાં પનોતાં પગલાં મારે ત્યાં થયાં છે એ જાણવા ઇચ્છયું.

"અમે તમારી પાસે એક ચીજની ભિક્ષા માગવા આવ્યા છીએ. તમે પ્રસન્ન થાઓ અને એ વસ્તુદાન આપી અમારા ગુરૂ સહીત અમો સર્વને કૃતાર્થ કરો ?" એક મુખ્ય વ્યકિતએ કહ્યું.

"સમજી ! સમજી ! હું તમારા આવવાનું કારણ ! તમો બધા આ મારા કોડીલાને લેવા આવ્યા છો ? એને સાધુડો બનાવવા માગો છો કેમ ? ઓ પ્રભુ ? આતે શો જુલમ ?" માતા ડુસકાં ભરી રડવા લાગી.

"બેન ! શા માટે રડો છો ! તમારી રજા હશે તો અમે આ બાળકને લઇ જશું ! તમારો એના ઉપર પહેલો હક છે ! જો તમે આપશો તો તમે જગતપૂજ્ય માતા થશો. તમારા આ કિશોર બાળકને જગતનો ઉદ્ધાર કરવામાં સહાયક થશો !" એક શ્રાવકે કહ્યું.

"રાજાઓના રાજા પણ આ બાળકના ચરણમાં મસ્તક નમાવશે એવો એ જગતમાં પૂજનીય થશે. મોટો પ્રભાવક થશે. આવા જગતઉદ્ધારક બાળકનો જન્મ આપી તમે તો દુન્યા ઉપર ઉપકાર કર્યો છે. તમારો બાલક એ કાંઇ અમારા જેવો ગૃહસ્થ જીવન ગુજારનાર સામાન્ય બાલક ન હોય બેન ?" બીજાએ સમજાવવા માંડયું.

" માતા ? માતા ? મને રજા આપો ? મારા સુખના માર્ગમાં તમે વિઘ્ન ન નાખો !" બાલકે કહ્યું.

"વત્સ ? દીક્ષામાં શું સુખ જણાયું તને ! ટાઢ, તડકા, ભૂખ, તરસ સહન કરવાં, શરીરે કષ્ટ વેઠવાં એ બધું તું કેમ સહન કરશે ?" માતાએ કહ્યું.

"પાપ કરીને નરકમાં કે તિર્યંચયોનીમાં ઉત્પન્ન થનારા પ્રાણીઓ એમનાં દુઃખો કેવી રીતે સહન કરતા હશે ? માતા ! એવાં દુઃખો આપણે અનંતવાર ભોગવ્યાં છે અને હજી કેટલી વાર ભોગવવાં પડશે. પરાધિનપણે એવાં દુઃખો ભોગવવા કરતાં સ્વતંત્રપણે ચારિત્રનું અલ્પ કષ્ટ ભોગવાય એતો મુક્તિને આપનારૂં થાય માતા. "

"દિકરા ? આવી વાતો કરતાં તને કોણે શીખવ્યું ? એ સાધુએ તને બરાબર ભુરકી નાખી ભમાવ્યો છે !"

" બેન ? તમારો પુત્ર તો જગતનો ઉદ્ધાર કરવા આવ્યો છે ! બાલ્યાવસ્થામાંથીજ જુઓને કેવું વીતરાગપણું લાવ્યો છે ? " એક શ્રાવકે દિલાસો આપ્યો.

" પણ એને અળગો કરવાનું મને મન થતું નથી. એના વગર અમને કેમ ચાલે ? એના વગરતો રડીરડીને મેં મારો સમય કાઢ્યો છે. માંડ ફરીથી એ હાથ આવ્યો છે."

" માતા ? હું મરી જાત તો તું શું કરત અથવા તો અત્યારે મૃત્યુ કદાચ મારી રાહ જોતું હોત તો મને તું કેમ બચાવી શકત ? "

" દિકરા ? એવી કટુ વાણી ન બોલીયે ? તારે તો હજી દુન્યામાં કંઇ કરવાનું છે આશા ભર્યું તારૂં જીવન હજી તો અવનવા હિંદોળે ઝુલવાનું છે. "

"માતાનો સ્નેહ તો એવોજ હોય. પરન્તુ બેન તમારો આ પુત્ર દુન્યાદારી ભોગવવા નથી આવ્યો ? " એક શ્રાવકે કહ્યું.

" એ બધું મારે જોવાનું છે ! હું મારો પુત્રતો આપીશ નહીં. તમે કોઈ બીજો પુત્ર શોધી કાઢી એને સાધુ બનાવો. "

" બેન ! રત્નો કાંઈ બધે ઉત્પન્ન થતાં નથી. સિંહનું બાલક તો સિંહણુજ ઉત્પન્ન કરી શકે ! રોહણાચળ સિવાય રત્નો ન મલી શકે ! "

" તમે તો બધા જીદ્દી થઇને ન આવ્યા હો ! એમ હક કરીને માગો છો ! પણ એમ છોકરાઓને કોઇ આપી દેતું હશે ? દિકરીનાં માગાં હોય; નતો દિકરાનાં ! "

" ઠીક છે બેન ! તમે વિચાર કરી જોજો ! તમે રાજી થઇ હા ભણશો ત્યારેજ અમે એને લઇ જશું. "

સમય થઇ જવાથી અધુરી વાત મુકીને બધા ઉઠ્યા અને પોતાને ઠેકાણે ગયા.

# પ્રકરણ ૧૪ મું

## દીક્ષા.

ભોજન કરીને પરવાર્યા પછી પોતાના પુત્રનું કેવી રીતે રક્ષણ કરવું ? એ માટે માતાપિતા બન્ને વિચારમાં પડયાં. એટલામાં એમનો ગોર શિવશંકર મહારાજ આવી પહોંચ્યો. એને આગતા સ્વાગતાથી બેસાડી પોતાની કથની કહી સંભળાવી.

"શીવશંકર મહારાજ ! કહો હવે અમારે તે શું કરવું ? છોકરો પણ જીદ લઇને બેઠો છે. માનતોજ નથી. આ સાધુ અમારૂં ઘર ઉજડ કરવાજ આવ્યા છે." સુરપાલની માતાએ બધી વાત કરીને હવે આગળ શું કરવું તે માટે ગોર મહારાજની સલાહ માગી.

" અહીંના બધા શ્રાવકો પણ અમારી પછવાડે લાગ્યા છે, છોકરો લેશે ત્યારેજ એ બધા જંપશે." ઠાકોરે એમાં અનુમોદન આપ્યું.

" આવી સ્થિતિમાં મને લાગે છે કે છોકરો અહીંઆ રહે એ સલામતી ભર્યું નથી. નહીતર એ લોકો એને મુંડી નાખશે. " ગોર મહારાજે સલાહ આપી.

" અમે તો એવાં મુંઝાયા છીએ કે શું કરવું એ પણ અમને સુઝતું નથી." બપ્પક્ષત્રીયે જણાવ્યું.

" મારૂં માનો તો છોકરાને હાલમાં અહીંઆંથી ખસેડી એને મોસાળ થોડા દિવસ મોકલી આપો. " મહારાજે કહ્યું.

" અરે શું કરીયે ! છોકરો તો એ સાધુને જોઈ દિવાનો થઇ ગયો છે. અમારી પણ ઇચ્છા છે કે એને હમણાં બહાર મોકલવો પણ ગોરમહારાજ ! તમે જરી એના બાપને મદદ કરો તો મોટો ઉપકાર તમારો ? " માતાએ કહ્યું.

" તમારી સેવામાં હું તો હાજર છું ! ધર્મભ્રષ્ટ થતા એને સમજાવવા–બચાવવાને તૈયાર છું. મારી તો એજ ઇચ્છા છે કે ભોળાનાથના પ્રતાપે તમારો છોકરો સાધુ થતો અટકે ને સહીસલામત રહે ! " ગોર બોલ્યા.

તો તમારો ઉપકાર અમે નહી ભુલીએ, તમારી આ વાની અમે સારી કદર કરીશું." ઠાકોરે કહ્યું.

" ભોળાનાથને પ્રતાપે સારૂ થશે એતો ! તમારૂં કામ થાય તો ભોળાનાથને–મહાદેવને કાંઇક ભેટ ધરજો. યથાશક્તિ બ્રાહ્મણ જમાડજો." શીવંશંકર મહારાજને જમવાનું નામ પડતાં પણ મોંમાં પાણી છુટયું.

" એતો અમે કરશું જ ! બ્રહ્મભોજન પણ કરાવશું. દક્ષિણા આપીને સર્વેનું મન પણ સંતોષશું. " સુરપાલની માતાએ ગોરના કથનને અનુમોદન આપ્યું.

" ઠીક તો સુરપાલ કયાં છે ત્યારે ? એને આપણે નિદ્રામાંજ ઉપાડીને એને મોશાળ લઇ જવો. " મહારાજે યુક્તિ બતાવી.

" પણ એતો અપાસરે સુતો છે એનું કેમ ? " એના પિતાએ કહ્યું.

" અરરર ? એતો સાવ ખોટું ! એને ત્યાં સુવા શા શા માટે મોકલ્યો ? એ લોકો એને ભમાવી દેશે. એમના સહવાસમાં તો એને રાખવોજ નહોતો જોઇતો."

" શું કરીયે જીદ્દી છોકરો કોઇનું માને તેમ છે ? " માતાએ કહ્યું.

" એ તો હજી બચ્ચું કહેવાય, સમજણ હોય તો આવું કરેજ શાનો ? આવતી કાલે રાતના એને આપણે ઘેર સુવાડજો. એ ઉંઘી જશે પછી આપણે લઇ ચાલશું. " ગોરે જણાવ્યું.

" તમારી યુક્તિ અમને ગમી. માટે આવતી કાલે પહોર રાત વીત્યે જરૂર તમે અહીયાં આવજો. અમે જવાની બધી તૈયારી કરી રાખશું."

પછી ગોરમહારજ શીવશંકર હરખાતે હૈયે ત્યાંથી છુટા પડી પોતાને ઘેર ગયા. શીવશંકર ચુસ્ત શવ અને કુમારીલ ભટ્ટના શિષ્ય હતા. જેથી જૈન ધર્મ પ્રત્યે તેમની કટુ લાગણી હોય એ સ્વાભાવિક હતું. તેમાં એ પોતાનું ગૌરવ સમજતા હતા. આજે અચાનક આ કાર્ય આવેલું જોઇ ભોળાનાથનો મનમાં ઉપકાર માનવા લાગ્યા. સિધ્ધસેનસૂરિને પરાસ્ત કરવાનું એને બહુ મન થતું તેથી કોઇ પણ રીતે સુરપાલને સમજાવી જતિ થતો અટકાવવો એ એણે પોતાને મન નક્કી કર્યું. " હાશ

આજે સિધ્ધસેનસૂરિ ઠીક સપાટામાં આવ્યા છે જોઇએ છીએ કે હવે પરાજય કોનો થાય છે. મારો કે એનો."

પ્રાતઃકાલે ભટ્ટી ક્ષત્રીયાણી–સુરપાલની માતા સુરપાલને તેડવાને ઉપાશ્રયે આવી મને કે કમને મહારાજના ચરણમાં નમી. જોયું તો સિધ્ધસેનસૂરિની પાસે સુરપાલ અભ્યાસ કરતો હતો.

" કેમ દિકરા ઘેર આવે છે ને ? " માતાએ પુત્રને ઉદ્દે-શીને કહ્યું.

સૂરિએ સુરપાલની માતાને ધર્મલાભ આપ્યો ને કહ્યું " તમારો સુરપાલ ભણવામાં ઘણો હોંશીયાર છે ! એનાં લક્ષણો જોતાં એ કાંઇ તમને કમાઇને ખવડાવશે નહી. તમે એને સાધુ થવાની રજા કાં આપતાં નથી. "

" મહારાજ ? એ છ વર્ષનો બાલક, હજી તો એના દુધીયા દાંત છે એ સાધુપણું શું સમજે. "

ગમે તેવો મોટો પુત્ર હોય પણ માતા તો એને બાલકજ લેખે ! તમારા બાલકની તમને કિંમત ન હોય. જે પરાક્રમી છે એની કાંઇ વય જોવાતી નથી. ગજેંદ્રોનાં કુંભસ્થળ વિદારતું કેશરીનું બચ્ચું પણ એની મા આગળ તો બાલક જ ગણાય ને ? " સૂરિ બોલતાં બોલતાં મૃદુ હસ્યા. વંદન કરવા આવેલાં શ્રાવક–શ્રાવિકા ગુરૂનો વાદ સાંભળતાં હતાં.

" ભગવન્ ? એ અમારો એકાકી બાળક અમારા જીવનું જીવન છે. એ બાળકને એમ કેમ છોડાય ? "

" મહાનુભાવ ! ક્ષત્રીય થઇ આવી નિર્માલ્યતા શું રાખો છો ? કાલે યુદ્ધનો પ્રસંગ આવશે તે વખતે શું આવા શુરા ક્ષત્રીયો ઘરમાં ભરાઇ બેસશે ? મોહને છોડી યુદ્ધમાં મોકલો કે નહી ? લડાઇમાં પછી પરિણામ તો ગમે તે આવે ? પછી શું કરો બાલક વિના ? તમારો બાલક તો સાધુ થઇને ધર્મનો ઉદ્ધાર કરવાને જ જગતમાં આવ્યો છે. એ ભવિષ્યજ એવું લાવ્યો છે ! ધર્મોદ્ધારક પુરૂષો બાલ્યવયમાંથી સંસારને તજી સાધુ થાય છે. તમારો પુત્ર જગત્નો ઉદ્ધાર કરે એ શું તમને નથી ગમતું ? "

" ગમે તો ખરૂ ? એવું ક્યાંથી અમારૂં ભાગ્ય કે અમારો દિકરો ધર્મનો ઉદ્ધાર કરનારો થાય ? પણ ? એ હજી બાલક કહેવાય ! "

" ધર્મનો ઉદ્ધાર કરનારા બાલકમાંથી ત્યાગી થયા છે. તમે જાણતાં નથી તમારા ધ્રુવ, પ્રહલ્લાદ બાળક જ હતા. છતાં એમનું સામર્થ્ય કેવું અપૂર્વ હતું ? વજ્ર સ્વામીને છ વર્ષની ઉમરે દીક્ષા આપી હતી. જૈન શાસનમાં એ કેવા પ્રભાવિક થયા ? મલ્લવાદિસૂરિ પણ ભરૂચના રાજાના કુમાર હતા. આઠ વર્ષની વયમાં એમણે દીક્ષા અંગીકાર કરી કેવા પરાક્રમી થયા ? વલ્લભીપુર નગરના શિલાદિત્યની સભામાં બૌદ્ધોનો પરાજય કરી એમને દેશપાર કરનાર એ જ મહાપુરૂષ ? તારો પુત્ર એવો પરાક્રમી થાય એ તને નથી ગમતુ ? માતા તો એ જ કે દિકરાની ઉન્નતિ દેખીને ખુશી થાય ! " સૂરિ

મહારાજના શબ્દો એ રાજપુતાણીના હૃદયમાં આરપાર ઉતરી ગયા.

"ઠીક છે મહારાજ અમે વિચાર કરશું." ટુંકમાં પતાવ્યું.

વિચારવાનું શું છે ? હું હવે ઘરે જ નથી આવવાનો. સુરપાલે વચમાં કહ્યું.

"પણ તું ઘરે તો ચાલ ! તારી મરજી હશે તો તને રજા આપશું ભાઇ ? પછી કાંઇ ? " માતાએ પહેલીવાર હા ભણી સુરપાલનું મન મનાવ્યું એને ઘેર તેડી લાવી.

એ દિવસ આખો પસાર થઈ ગયો ને વધામણાં દેતી નિશા આવી પહોંચી. બેપહોર રાત્રી વહી ગઇ છે તેવામાં એક મકાનમાં બે પુરૂષો કંઇ ગુસપુસ વાતો કરતા ઉભા છે. કંઈક નિશ્ચય કરી એક ઓરડામાં આવ્યા ત્યાં એક બાલક ભરનિદ્રામાં હતો એની પાસે ધીમે કદમે આવી એક પુરૂષે એને આસ્તેથી ઉપાડયો. ઓરડામાંથી એ બે પુરૂષો બહાર આવ્યા એટલામા એ બાળક તરતજ જાગી ગયો. ને જમીન ઉપર કુદી પડ્યો. ઝીણા દીપકના મંદ મંદ પ્રકાશમાં એણે આ બન્ને પરિચિત મુર્તિઓ જોઇ. પોતાનાં લોચન એમની તરફ ઠરાવ્યાં.

"બાપાજી ? કોણ છે આ ? આપણો ગોર તો નહીં ? "

"હા, બેટા ! એજ એ પોતે. " એક પુરૂષ જે એનો પિતા હતો એણે કહ્યું. એની સાથેનો બીજો પુરૂષ તે શિવશંકર પોતે હતો.

"મને ક્યાં ઉપાડી જાઓ છો ? " બાળકે તીવ્રદૃષ્ટિ ફેંકતાં કહ્યું.

"તને અમે તારા મોશાળ લઈ જઈએ છીએ ?" ગોર શિવશંકર બોલ્યા.

"આમ ચોરીછૂપીથી ?"

"હા ! તારા ભલા માટે સુરપાળ ? અમે તારા હિતસ્વી છીએ તે તું ક્યાં નથી જાણતો ?" ગોરે કહ્યું.

"તમો જાણો છો ભટ્ટજી ? હું તો હવે સાધુ થવાનો છું. મારે વળી મોસાળ શાં ?"

"એમ ન બોલ બેટા ? અમે તને પરણાવશું ! તને પરણવું નથી ગમતું ?" પિતાએ કહ્યું.

હું તો ધર્મનો ઉદ્ધાર કરવા આવ્યો છું. બાપુ ! મારે હવે એ પરણવાની રમત શી ? એ સંસાર મારે માટે નહોય." દૃઢ પણ નિશ્ચલ અવાજે બાલકે કહ્યું.

સાત વર્ષના બાલકના એકએક શબ્દો શિવશંકરના હૃદયમાં આરપાર ઉતરતા હતા. આટલી નાની ઉમરમાં આવો અપૂર્વ વૈરાગ્ય એણે જીંદગીભરમાં આજે જ દીઠો. મૂઢ જેવો બનીને એ છોકરાના સામેજ જોઇ રહ્યો. એને લાગ્યું કે "આતે બાળક હતો કે દેવ ?"

"તારે ધર્મનો ઉદ્ધાર કરવો હોય તો ચાલ આપણા ગુરૂ કુમારિલભટ્ટ પાસે, તેમનો શિષ્ય થઇ ધર્મનો ઉદ્ધાર કરજે. પછી કાંઇ ? " ગોરે વાતની દીશા ફેરવી.

"કુમારિલભટ્ટ ! એ કોણ વળી ?" બાલકે આતુરનયને પૂછ્યું.

"આપણા વેદાંત ધર્મના મુખ્ય આચાર્ય ! દીક્ષા લેવી હોય તો આપણા ધર્મમાં લેની ?"

"નહી ! મારા ગુરૂ તો સિદ્ધસેનસૂરિજ ! અને ધર્મ તો અહિંસામય જૈન જ !" બાલકે પોતાનો નિશ્ચય જણાવ્યો.

"એ લોકોના ધર્મમાં તેં શું એવું દેખ્યું ? એ લોકોના તત્વોનું તો આપણા આચાર્યે ખંડન કર્યું છે. આપણું જ તત્વ સત્ય છે." શિવશંકરે પોતાના પક્ષનું સમર્થન કર્યું.

"કુમારિલભટ્ટનું તત્વ સત્ય હોય તો મારા ગુરૂ સાથે વાદ કરે જોઉં જે જીતે એનો હું શિષ્ય થાઉં; બાલકે કહ્યુ.

"વાદ એતો વિતંડાવાદ કહેવાય. એમાં તો કોઇ વખત બુદ્ધિવંત હોય તે પણ જીતી જાય. તારે તો ધર્મના ઉદ્ધાર સાથે કામ છેને ? તો આપણા વેદધર્મનો ઉદ્ધાર કર ?"

હું તો જૈન ધર્મનો ઉદ્ધાર કરીશ. મહારાજ સિદ્ધસેનસૂરિનો શિષ્ય થઇશ." બાલકે પોતાની હઠ ચાલુ રાખી.

છોકરાનો નિશ્ચય અદ્‌ભૂત હતો. એના નિશ્ચય આગળ પહાડ જેવો શિવશંકરભટ્ટ હારી ગયો. "બાપુ ! સુરપાલ ધગધગતો અંગારો છે. એને મોશાળ લઇ જઇ શું કરશો." શિવશંકરેબપ્પ ઠાકોરને કહ્યું.

"નશીબ હમારાં !" ઠાકોર બોલ્યા. "કેમ સુરપાલ ?

તારે મોશાળ આવે છે કે નહી ?" સુરપાલે દૃઢ આવાજે કહ્યું. "ના !"

"બાપુ ! એ છોકરો સાધુ થવાજ જન્મેલો છે. તમે એને રાખીને શું કરશો. મેં તો જોયું એ કદાપિ તમારા ઘરમાં રહેશે નહી. મારૂં માનો તો એને રાજી ખુશીથી જે કરે તે કરવા દ્યો ? તમે રજા નહી આપો તો પણ એ તમારા ઘરમાં તો નહીજ રહે ?" ભટ્ટજીએ સલાહ આપી.

"એક સાત વર્ષના બાલકે આપણ બન્નેને હરાવી દીધા. એના આત્મબળ આગળ આપણે ના ઇલાજ થયા." ઠાકોર બોલ્યા.

"પણ હું સાધુ થાઉં એમાં ખોટું શું ? તમે રાજી ખુશીથી રજા નહી આપો તો પછી હું ખાવું પીવું છોડી દઇશ. બલાત્કારે રજા અપાવવાની ફરજ પાડીશ." છોકરાએ ફરીને મક્કમ અવાજે પરખાવ્યું. "રાજી થઇને રજા આપો તો એમાં મીઠાશ રહેશે. નહીતર હું તો મારૂ ધાર્યું કરીશજ ?"

"સાંભળ્યું બાપુ ! તમારા છોકરાનું આ કથન ? કહો તો ભલા ! આને રાખીને તમે શું કરશો ?" ભટ્ટજી બોલ્યા.

સુરપાળને ત્યાંજ છોડીને બન્ને ત્યાંથી ચાલ્યા ગયા. સુરપાલ બીછાને જઇ સૂઇ ગયો.

તે પછી બે દિવસ વહી ગયા. પણ હજી સુરપાલને રજા નહી મલવાથી એણે ખાવું પીવું તજી દીધું છે. સુરપાલે કાંઇ ખાધું ન હોવાથી માતાપિતા પોતે પણ ભૂખ્યાંજ હતાં.

આખરે કંટાળીને સુરપાલને લઈને એનાં માતાપિતા ઉપાશ્રયે આવ્યાં. ગુરૂને નમી “ ભગવન્ ! આ અમારો સુરપાલ અમે આપને અર્પણ કરીએ છીએ. ” એમ બોલી સુરપાલને ગુરૂના પગે લગાડયો. ગુરૂએ ધર્મલાભ આપ્યો. પ્રશંસાના બે શબ્દો કહ્યા. “ ધન્ય છે તમારા જેવાં માતાપિતાને કે જેનો બાલક સાધુ થઈને જગતનો ઉધ્ધાર કરશે. ”

“ભગવન્ ! એ અમારો એકનોએક આધાર છે. અમારો પ્રાણ છે. એ અમારા જીવનનું સર્વસ્વ અમે આપને અર્પણ કરીએ છીએ. પરન્તુ અમારી એક માગણી રાખજો ? ”

માતાપિતાનાં વચન સાંભળી ઉત્સુક હૈયે ગુરૂએ કહ્યું. ” ખુશીથી કહો તમારી માગણી ? ”

“ દીક્ષા લીધા પછી એનું નામ બપ્પભટી રાખજો. ”

“ અસ્તુ ! ” ગુરૂએ તેમનું વચન અંગીકાર કર્યું.

માતાપિતાનો સ્નેહ અપૂર્વ હોય છે એમનાં હૈયાં રડતાં હતાં. આંખમાં અશ્રુ હતાં. તેમાં વળી માતાના સ્નેહની તો હદ જ ન હોય. ગુરૂને ભલામણ કરી.અશ્રુ ભરી આંખે બન્ને પાછાં ફર્યાં.

સંઘના આગેવાન શ્રાવકશ્રાવિકાઓએ વારંવાર એમના ઘેર આવી એમને આશ્વાસન આપ્યું એમનાં વખાણ કરવા લાગ્યાં. અને પુત્રનો શોક વિસરાવ્યો.

સિધ્ધસેનાચાર્ય તે પછી વિહાર કરીને ત્યાંથી મોઢેરા

આવ્યા. ત્યાં આગળ સંઘની અનુમતિથી સંવત ૮૦૭ ના વૈશાખ સુદી ૩ ને ગુરૂવારે સુરપાલને દીક્ષા આપી એના માતા-પિતાના નામે નામ ' બપ્પભટ્ટી ' રાખ્યું.

વિક્રમસંવત ૮૦૦ ના ભાદરવા સુદી ૩ ને દિવસે બપ્પ-ભટ્ટીજીનો જન્મ થયો હતો. સં. ૮૦૭ માં એમણે સાત વર્ષની ઉમરે દીક્ષા ગ્રહણ કરી સકલસંઘને હર્ષ પમાડયો. આ બાલ સાધુના તેજને જોઇ સંઘના અગ્રમાન્ય પુરૂષોએ એમને માટે ભવિષ્યની સારી આશાઓ બાંધી.

# પ્રકરણ ૧૫ મું.

## ભદ્રકીર્ત્તિ.

ગુરૂએ દિક્ષા આપીને એ બાળકનું ભદ્રકીર્તિ એવું નામ રાખ્યું. છતાં જગતમાં એ માતાપિતાને નામે બપ્પભટ્ટીજી તરીકે પ્રખ્યાત થયા. ભદ્રકીર્ત્તિની અવધારણા શકિત એવી તો તીવ્ર હતી કે એકજ વાર સાંભળવા માત્ર વડે કરીને ગમે તેવું કઠિન શાસ્ત્ર પણ એમને મૂખ પાઠે થતું. રોજના હજાર હજાર કરતાં પણ અધિક શ્લોક કરતા એવી તેમની તીવ્ર સ્મરણ શકિત હતી. જેથી એ અલ્પ કાલમાંજ શાસ્ત્રના પારંગામી થયા. આચાર્ય પદવીને પણ યોગ્ય થયા.

નાની ઉમરના છતાં મોટા મોટા શિષ્યો હતા. એમને

વજ્રસ્વામીની માફક પાઠ આપતા. કઠિન વિષયો છતાં અન્ય જનોને સમજાવવાની એમની શક્તિ તીવ્ર હતી. જેથી ગમે તેવો વિષય પણ બીજાને સમજાવી શકતા હતા.

એમની આવી અપૂર્વ યોગ્યતા જોઇને ગુરૂ સિદ્ધસેનસૂરિએ એમને સરસ્વતીનુ આરાધન થઇ શકે એવો સારસ્વત નામે મહામંત્ર આપ્યો. એમણે એ મહામંત્રનું આરાધન કર્યું. પૂર્વના અથાગ પૂણ્યના યોગે આ સારસ્વતમંત્ર એમને સહેજે સિધ્ધ થયો.

એ મંત્રનો જાપ કરતાં સિદ્ધ થયો જેથી તરતજ સરસ્વતીનું આકર્ષણ થયું. બનવા જોગે તે સમયે ગંગાના પ્રવાહમાં સરસ્વતીદેવી નગ્નપણે સ્નાન કરતાં હતાં. એવી સ્થિતિમાં મંત્રનું આકર્ષણ થવાથી એકદમ ત્યાંથી બપ્પભટ્ટીજી–(ભદ્રકીર્ત્તિ) આગળ પ્રગટ થયાં.

સરસ્વતીનું નગ્નસ્વરૂપ જોઇ ભદ્રકીર્ત્તિએ પોતાનું મુખ સહસા ફેરવી નાખ્યું તે સમયે મંત્રના ધ્યાનમાંજ એકાગ્ર ચિત્તવાળી ને પોતાના સ્વરૂપને નહી જાણતી સરસ્વતીદેવી બોલી, “વત્સ ? તારા મંત્રના બળથી હું અહીઆં પ્રગટ થઈને તું તો મુખ ફેરવી નાખે છે એતો આશ્ચર્ય ? ”

“ માતાજી ! તમારૂં આવું વિરૂપ સ્વરૂપ હું કેમ જોઉં ? ” ભદ્રકીર્ત્તિ એ કહ્યું.

ભદ્રકીર્ત્તિનાં વચન સાંભળી દેવીને પોતાના સ્વરૂપનો ખ્યાલ થયો. “ આહા ! [illegible]ું આમબાલકનું અસ્ખલિત બ્રહ્મ-

ચર્ય વ્રત ! ” દેવી ભદ્રકીર્ત્તિ ઉપર અધિક પ્રસન્ન થઇ અને એનાં વસ્ત્રો પ્રગટ થયાં.

“ વત્સ ! હું તારા સત્વથી પ્રસન્ન છું. વરદાન માગ ?” દેવીએ કહ્યું.

“ માતાજી ! વાદવિવાદમાં હું અજેય થાઉં ? ”

“ તથાસ્તુ ? ”

“ બીજું કંઈ ! ”

“ જ્યારે મને જરૂર પડે ત્યારે આપે તરતજ સ્મરણ માત્રમાં દર્શન 'આપવાં ? ”

“ અસ્તુ ! જ્યારે તું સંભારીશ ત્યારે તારી પાસે હું હાજર થઇશ. ”

સરસ્વતીદેવી તરતજ અદૃશ્ય થઇ ગઇ. ભદ્રકીર્ત્તિનું એવી રીતે એક મહાકાર્ય સહી સલામત પાર ઉતર્યું. એ સરસ્વતીનું તેજ તેમનામાં અધિક પણે પ્રકાશવા લાગ્યું. અને બાલ્યાવસ્થામાંથી વાદવિવાદમાં તે સર્વને જીતનારા થયા. જીજ્ઞાસુને તે સહેલાઇથી ધર્મ પમાડતા; પરન્તુ એમને હરાવવાની બુદ્ધિએ કોઇ વાદી એમની પાસે આવીને વાદવિવાદ કરતો એતો હારીનેજ એમની આગળથી વિદાય થતો. સંઘે જાણ્યું કે આતે શ્રી પાદલિપ્તસૂરિનો નવો અવતાર પ્રગટ થયો કે વજસ્વામીનો ! અથવા શાસનની શોભા વધારવા અને બૌદ્ધાદિ અન્ય દર્શનોને પરાસ્ત કરવા પેલા મલ્લવાદિજી ફરીને આ જગતમાં આવ્યા કે શું ? એમની આવી અદ્વિતિય

શક્તિથી ગામે ગામના નાના મોટા સંઘોમાં એમની પ્રસિદ્ધિ અલ્પ સમયમાં થઇ ગઇ. લોકો એમને સરસ્વતીપુત્ર તરીકેજ ઓળખતા.

સિદ્ધસેનસૂરિના શિષ્યસમુદાયમાં ભદ્રકીર્ત્તિ વયે નાના હોવા છતાં જ્ઞાને કરીને સૌથી મોટા થયા. જેથી ગુરૂએ શિષ્યોને પઠનપાઠન કરાવવાનો પોતાની ઉપરનો ભાર ભદ્રકીર્ત્તિને માથે નાખ્યો. કેટલાક શિષ્યો એમનાથી મોટા છતાં એમની પાસેથી વિનય વડે વિદ્યા લેતા ત્યારે કેટલાક પોતાની વિદ્વત્તાથી અનેક શંકાઓ કરીને ભદ્રકીર્ત્તિને મુંઝવવાનો વચમાં પ્રયત્ન કરતા. પણ ભદ્રકીર્ત્તિ એમની ગમે તેવી શંકાઓનું સામાધાન કરી એમને આશ્ચર્ય ચકિત કરી નાખતા.

જૈનોની સ્યાદ્‌વાદ્‌શૈલી,–અનેકાંતવાદ, સપ્તભંગી નયનું સ્વરૂપ ઘણીજ સૂક્ષ્મ રીતે એમના સમજવામાં આવ્યું હતું. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એનો પરામર્શ સારીરીતે બીજાને સમજાવી શકતા. ષટ્‌દ્રવ્યનું સ્વરૂપ, એકજ વસ્તુમાં રહેલા ભિન્ન ભિન્ન ધર્મો સ્યાદ્વાદ શૈલી પ્રમાણે બીજાને સારી રીતે સમજાવી શકતા. એમની આવી અપૂર્વ દિવ્ય શક્તિ જૈન શાસનમાં તો શું બલ્કે અન્ય દર્શનીયોના ધર્મ નેતાઓને કાને પણ પરંપરા પહોંચી ગઇ અને એમનાં હૃદયો ખળભળ્યાં. નાના સરખા પણ સિંહના સુતની ગર્જના સાંભળીને ગજેંદ્રોનાં ટોળાં દૂરથી પલાયન કરી જાય છે.

કુમારિલ ભટ્ટને કાને આ વાત આવતાં એ પણ ચમક્યો.

એની સ્પર્ધા કરી શકે એવો વિદ્વાન શિષ્ય પોતાને પણ મલે તો ઠીક. એવી સંભાવના કરી, ભોળાનાથની પ્રાર્થના કરી. એને લાગ્યુ કે કોઇ સારા શિષ્યને અભાવે પોતાનું આરંભેલું કાર્ય આ ઉગતું સિંહનું બચ્ચું ફના કરી નાખશે માટે એની સામે ટક્કર ઝીલી શકે અને સ્માર્ત્તવેદાંત ધર્મનું ગૌરવ વધારે એવો શિષ્ય મળે તોજ પોતાનું અધુરૂં રહેતું કાર્ય એ શિષ્ય પાર ઉતારે. એ વેદાંત ધર્મનું ગૌરવ વધારતો અને જૈન તેમજ બૌદ્ધ મતનું ખંડન કરતો હવે મરવાની રાહ જોતો જીવતો હતો. અવસ્થા પાકવાથી એની શક્તિઓ આસ્તે આસ્તે મંદ પડતી જતી હતી. તેથીજ એને કોઇ લાયક શિષ્યની જરૂર હતી.

બીજી બાજુએ અનેક આઘાતપ્રત્યાઘાતોને સહન કરતા બૌદ્ધો પણ પગભર થયા હતા. જો કે કુમારિલભટ્ટે જૈનોની માફક એમની ઉપર પણ આઘાત કર્યો હતો; છતાં એ દર્શન માંડમાંડ પોતાનો બચાવ કરતું પ્રતિ પક્ષીઓ સામે ટકી રહ્યું હતું. એ દર્શનમાં પણ વર્ધનકુંજર નામે એક ઉગતો સિતારો એ દર્શનના આધારભૂત હતો. વર્ધનકુંજરને લાગ્યું કે એક તરફ વેદાંતો–કુમારિલ ભટ્ટ પોતાની સામે હરીફ તરીકે ઉભા છે બીજી તરફ જૈન દર્શન ડોળા ફાડીને એને પોતાને ડરાવી રહ્યું છે, અત્યાર આગમચ જૈન દર્શનના આઘાતો એણે પોતાની પીઠ પર ઝીલ્યા છે એ ઘા તો હજી તાજા છે. ત્યાંતો ફરી પાછાં એ દર્શનો એને ડરાવી રહ્યાં છે. આવી મુશ્કેલી ભરી સ્થીતિમાં એમની સામે ટક્કર ઝીલવા એને

લાગ્યું કે "કોઇ દિવ્ય શક્તિની જરૂર છે. એ દિવ્ય શક્તિની મદદ હશે તોજ પોતાના હરીફો સામે ટકી શકાશે. કારણકે દુન્યા તો બળવાન પુરૂષો માટે છે હારેલા પુરૂષો જીવતા છતાં પણ મુવા જેવાજ છે. માટે કાંઇક કરવું."

## પ્રકરણ ૧૬ મું.

### રાજ્યાભિષેક.

"પ્રધાનજી ? હજી રાજકુમાર તો ન આવ્યા !" શું અત્યારના જમાનાનું બાલકોનું સ્વાતંત્ર્ય ! એક પણ શબ્દ તેમને કહેવાયજ નહીં ?"

"મહારાજ ! ધીરજ ધરો ! પ્રધાનો ગમે તે પ્રકારે સમજાવીને કુમારને તેડી લાવ્યા વગર રહેશે નહીં. પ્રભુ ઇચ્છા હશે તો આપને પુત્રદર્શન અવશ્ય થશે-આપનો એ મનોરથ સિદ્ધ થશે."

"વ્યાધિને લીધે દિવસે દિવસે હું નબળો પડતો જાઉં છું. મારા શરીરનો મને હવે મુદ્દલે ભરૂસો નથી-મારો મનનો મનોરથ મનમાંજ રહેશે હાય !"

"આપ પ્રભુનું સ્મરણ કરો ? સર્વે સારૂં થશે-આપને આરામ થશે. રાજવૈદ્યો કાળજીથી આપશ્રીની દવા કરી રહ્યા

છે શું એ ખંત અને મહેનત બધી વ્યર્થ જશે ! ” પ્રધાને આશ્વાસન આપ્યુ.

“ બેશક એમજ થશે. એતો એક દવા કરવી જોઇએ બાકી જેની આયુષ્ય દોરી તુટી એને સાંધવાને કોણ સમર્થ છે ? ”

મહારાજ કનોજરાજ મૃત્યુના બિચ્છાને સુતા હતા, દવા કરીને રાજ્યવૈદ્યોએ પણ હાથ ધોઈ નાખ્યા હતા. દૂર દેશના વૈદ્યો પણ ઈલાજ કરવાને હતાશ થયા. વ્યાધિની અસહ્ય પીડાથી મહારાજને બહુ દુઃખ થતું. પ્રધાનો, રાજ્યવૈદ્યો એના સામંતો અને ભાયાતો કનોજરાજની સ્થિતિનું અવલો-કન કરતા મ્લાન મુખે દિવાનખાનામાં બેઠેલા હતા. બીજી તરફ રાણીઓ; દાસીયો વગેરે પડદામાં આતુર નયનોએ મહારાજને સારૂં થાય એની રાહ જોતી હતી. અત્યારે શાંત અને કરૂણા રસની છાયા છવાઈ હતી. સર્વેના મનમાં તો હતું કે મહારાજ આ મંદવાડમાંથી હવે ઉઠી શકશે નહી. છતાં મનુષ્યની આશાઓ બળવાન છે. છેલ્લો શ્વાસોશ્વાસ ચાલતો હોય ત્યાં લગી આશાવાદીનું આશાબંધન તુટતું નથી પણ એ હજારો કે લાખો આશાના હિંદોળે ઝુલી રહેલાઓની વિ-ધાતાને ઓછીજ પરવા છે ? એતો પોતાનું કામ નિયમિતપણે કર્યેજ જાય છે.

કેટલાય દિવસો આવી રીતે વ્યાધિમાં પસાર થયેલા હોવાથી કનોજરાજનું પહાડ જેવું એક દિવસનું પ્રચંડ શરીર

પણ અત્યારે સાવ નંખાઇ ગયું હતું. એ પ્રચંડ શક્તિઓ અત્યારે તો ક્ષીણ થઇ ગઇ હતી. ગર્જનાઓ કરતું એ વદન, એમાંથી આજે ક્ષીણ સ્વરથી પણ માંડ માંડ શબ્દો નીકળી શકતા. એ સ્નાયુઓની ગતિ મંદ પડી ગઇ હતી. ખુદ મહારાજે પોતે પણ જીંદગીથી હાથ ધોઈ નાખ્યા હતા. મૃત્યુની રાહ જોતા એ માત્ર દુઃખ સહન કરતા હતા. એમને માત્ર એકજ ઇચ્છા હતી કે છેલ્લાં છેલ્લાં કોઇરીતે પુત્રનું દર્શન થાય! બધાને લાગ્યું કે મહારાજનો જીવ રાજકુમારમાં ભરાઇ રહ્યો છે. જેથી રાજકુમાર હવે ઝટ ક્યારે આવે એ સમયની ઘણીજ આતુરતાથી રાહ જોવાતી.

પ્રતિક્ષણ રાજકુમારનીજ ઝંખના કરતા મહારાજ પ્રધાન સાથે મંદ શબ્દોથી વાત કરતા હતા. પણ એ મંદસ્વર બોલવા જેટલી પણ શક્તિ નહોતી એથી એમને અતિશય મુંઝવણ થઇ આવી. તરતજ રાજવૈદ્યે નાડ હાથ લઇ વળી દવાનું ટીપું મોંમાં નાખ્યું. "મહારાજ? આપ બોલવાનો શ્રમ ન લ્યો? બોલવાના પરિશ્રમની આપને બહુ મહેનત પડે છે. પ્રભુ ઉપર આસ્થા રાખો. એનુંજ નામ હૃદયમાં યાદ કરો." રાજવૈદ્યે સલાહ આપી.

એવીજ ભયંકર સ્થિતિમાં વળી બે દિવસ પસાર થઇ ગયા. છતાં મહારાજનો જીવ જાય નહી. આખરે એ સમય આવી પહોંચ્યો. આમકુમાર પ્રધાનો સહીત આવી પિતાના ચરણમાં પડયો. પિતાની આવી ભયંકર સ્થિતિ જોઇ એ રડી

પડયો. પોતાનાં બંધ લોચનો મંદ મંદ રીતે ખુલ્લાં કરી રાજાએ એ લાડીલું પુરાણું વદન નિહાળ્યું–મહામુશીબતે ઓળખ્યું. એણે જાણ્યું કે પોતાની આખરની ઈચ્છા આજે પૂરી થઇ.

" હાશ! મારો જીવ હવે ગતે જશે ! દિકરા! આવ્યો ? ભલે આવ્યો ? " ક્ષીણ થયેલા કંઠમાંથી એ શબ્દો માંડ માંડ નીકળ્યા. એક વખતનો પ્રચંડ હાથ કુમારના વાંસા ઉપર મૂકયો. " દિકરા ! કહ્યા વગર જતો રહ્યોને ? " જાણે એ નેત્રો ઠપકો દેતાં હોય એમ રાજકુમાર તરફ સ્થીર થયાં.

પિતાજી ! " માફ કરો ? મારો એ અપરાધ ! હાય ! દુષ્ટ વિધિએ આપની શી દશા કરી! " રડતાં રડતાં રાજકુમાર બોલ્યો.

" એથી શું ! દિકરા ! જે જન્મે એ શું મરે નહી ! હવે મારી મુસાફરી પુરી થઇ છે. આજથી કનોજનો રાજમુકુટ હવે તારે શિર છે ! "

" બાપુ ! એ શું બોલો છો ? આપને સારૂં થઇ જશે. " દિકરાની બાપ પ્રત્યે અત્યારે ભક્તિ ઉભરાતી હતી. થયેલી ભૂલના પશ્ચાત્તાપથી હૃદયમાં પારાવાર વ્યથા થતી હતી. પણ જે ભૂલ થઇ ગઈ એ કેમ સુધરી શકે ?

" વત્સ ? ફક્ત તારામાંજ મારો જીવ ભરાયો હોવાથી મને મોત દૂર હતું. આજે મારી એ ઈચ્છા તેં પૂર્ણ કરી મને સુખી કર્યો. " પિતાએ ક્ષીણ સ્વરે કહ્યું.

એ આખર વખતના રાજાના મુખમાંથી નિકળતા એક

એક શબ્દો રાજકુમારને બાણુની માફક ખુંચતા હતા. એની આંખમાં અશ્રુ હતાં—હૈયું પશ્ચાત્તાપથી સળગતું હતું.

" હા ! મને ધિક્કાર છે કે પિતાની સેવા ભક્તિનો લાભ મને ન મળ્યો ! અરે મારા જેવા પુત્રો તો માતપિતાને ઉલટા દુઃખરૂપજ થાય. જે માતાપિતાનું રૂણ ફેડવાને માટે પુત્ર ગમે તેટલી ભક્તિ કે બરદાસ કરે તોપણ માતાપિતાના ઉપકારનો બદલો વળી શકે નહીં. એને બદલે મારા જેવા કુલાંગારો તો પિતાને દુઃખ કરનાર થયા. હા ? દુર્દૈવ તને ધિક્કાર છે કે મને કુમતિ આપી પિતાની સેવાથી વંચિત કરાવ્યો—પરદેશ ધકેલી દીધો. હા ! બાપુ ! કહો ! કહો ! હું શું પ્રાયશ્ચિત કરૂં ? આપના મનોરથ હું કેમ સફલ કરૂં ? "

" દિકરા ! તું આવ્યો એજ મારે મન સર્વસ્વ છે ! હું નહોતો ધારતો કે તું મને છેલ્લું દર્શન આપશે—પણ વિધિએ મારી એ ઇચ્છા પૂરી કરી છે. હવે આ કનોજનો રાજમુકુટ તારે શિરે જોઇ હું સુખે સુખે મરીશ. " પ્રજાનું સારી રીતે પાલન કરશે એટલે થયું. " એમ કહી રાજાએ પ્રધાનોના મુખ સામે જોયું.

પ્રધાનોએ રાજજોશીને બોલાવી ઉત્તમ ચોઘડીયું જોવરાવી રાજમુકુટ આમકુમારના મસ્તકે મૂકી સર્વેએ એને નમન કર્યું. આખર અવસ્થાએ રાજાનું હૈયું ઠર્યું.

તે પછી રાજકુમાર પોતાની માતાને નમ્યો માતાએ

એનાં ઓવારણાં લીધાં. વહુને આશિષ આપી. એ જોડાનું મંગલ ચાહ્યું.

તે સમય પછી કેટલોક સમય વહી ગયો. અત્યારે એક પ્રહર રાત્રી વહી ગઈ હતી. બસ કનોજરાજની આંખ ઠરડાઈ ગઇ. શ્વાસોશ્વાસની ગતિમંદ પડી ગઇ. સર્વ કોઇની આતુરતા વચ્ચે કનોજરાજનો આત્મા પરલોકવાસી થયો. જે આત્મા એક દિવસ એ શરીરમાં રહીને પ્રચંડ ગર્જના કરી પોતાના બાહુબળથી ધરતીને ધ્રુજાવતો હતો. તે આત્મા આ શરીરને રખડતું મુકીને–એને નકામુ ગણીને નવીન શરીર રચવાને ચાલ્યો ગયો. સંસારના નિયમ પ્રમાણે મોહનું જોર પ્રગટ થતાં બધે રોકકળ ચાલુ થઇ.

બીજે દવસે રાજાની ઉત્તર ક્રિયા કરી, આમકુમારનો શોક અસહ્ય હતો. એ આવા પિતૃવત્સલ પિતાની સેવાભક્તિથી વંચિત રહ્યો એનો અસહ્ય આઘાત એના હૃદયમાં થયા કરતો એથી વારંવાર પિતાને સંભારી રડી પડતો.

સમય તૃતીય પ્રહરનો હતો રાજકુમાર પોતાના દિવાનખાનામાં શોકાશ્ર મુખમુદ્રાએ રડી પડતો હતો એનો શોક અનિવાર્ય હતો. નગરજનો–પ્રધાનો અને ભાયાતો એનો શોક મુકાવવાને પ્રયત્ન કરતા હતા નજીક પડદામાં રાજકુમારની માતા તથા એની અપરમાતાઓ શોકથી રડતી હતી. નગરના સ્ત્રીઓ એમનો શોક મુકાવા અનેક પ્રકારે દિલાસો આપી એમનું દુઃખ દૂર કરવાને પ્રયાસ કરતી હતી.

પ્રધાનો રાણીમાતાને તેમજ કુમારને વારંવાર દિલાસો આપતા. એ પ્રધાનો પ્રૌઢ-વયોવૃદ્ધ અને ઠરેલ-વફાદાર હતા. પોતાના બાળ ધણીને રાજાનો શોક દૂર કરાવવાને એ યથાશકિત પ્રયાસ કરતા, પણ પૂર્વની અવસ્થા સંભારી રાજકુમારનું હૈયું વારંવાર ભરાતું. અને ઠલવાતું.

"હા! પિતાજી! તમારા જેવા પુત્રવત્સલ પિતાને મારા જેવા કૃતઘ્ની પુત્રે ન પીછાણ્યા. અરે એક નજીવા કારણથી મારીજ પોતાની ભૂલ છતાં મેં માતાપિતાને તજી દીધાં. એ કુમતિ ઉપર ફિટકાર પડો કે જે ઉગતી યુવાનીમાં મનુષ્યને વિવેક રહીત કરી દે? હા! હા? પિતાજી! ક્યાં તમે અને ક્યાં હું? ક્યાં મેરૂ ને ક્યાં સરસવ! અરે તમારી પ્રત્યે મારી શું ફરજ છે એ પણ હું હીણભાગી ચુકી ગયો! એ પુત્રો જીવતાં છતાં મુએલા છે કે જેમણે માતાપિતાને સંતાપ્યાં છે! એ પુત્રો ઉત્પન્ન થયા છતાં પૃથ્વીને ભારભૂત જ સમજવા કે જેમણે માતાપિતાની યતકિંચિતપણ સેવા ભક્તિ કરી નથી. એવી સ્વચ્છંદતા નાશ પામો કે જે માતાપિતાના ઉપકારનો બદલો ભૂલાવી એમની વૃદ્ધાવસ્થામાં એમને ભારભૂત ગણે. જે પુત્રની સમૃદ્ધિથી માતાપિતાને સુખ ન થયું, જે સમૃદ્ધિ માતાપિતાની સેવામાં ન વપરાઇ, જે રૂદ્ધિવડે માતાપિતાની સેવા કરી જે પુત્રોએ એમના ઉપકારનો લેશ પણ બદલો વાળી આપ્યો નથી એ પુત્રો મારા જેવા કુપુત્રો છે. એ રૂદ્ધિ-સમૃદ્ધિ પણ નાશ પામો. "હા, વિધાતા!

દુષ્ટ વિધિ ? મારા જેવા પુત્રોને જન્મ આપી શામાટે પૃથ્વીને ભારે મારે છે–પૂજ્ય માતાપિતાને શોકનું કારણ ઉત્પન્ન કરાવે છે ?" બાળકની માફક રાજકુમાર પિતાના ગુણ સંભાળીને રડતો અને પશ્ચાત્તાપથી હૈયાના ઉભરા બહાર કાઢતો.

"રાજકુમાર ! શામાટે હવે શોક કરો છો ? વિધિનો ઉપકાર માનો કે તમારોને એમનો મેલાપ થયો. નહીતર બન્નેની મનની મનમાં રહી જાત ?" પ્રધાન ગુણવર્માએ દિલાસો દેવા માંડયો.

"હાય ? પ્રધાનજી ! જે પિતા સાથે કજીઓ કરી હું પરદેશ જતો રહ્યો, આજે લાખો સોનૈયા ખર્ચતાં પણ એમનું દર્શન દુર્લભ થયું. એ પિતાની રાખ પણ આજે તો હવામાં મળી ગઇ."

"સંસારની માયા એવી જ છે યુવરાજ ! ગઇ વાતનો શોક શો ? ડાહ્યા માણસો ગઇ વાતનો શોક કરતા નથી. આપની રજા હોય તો સારૂં મુહુર્ત્ત જોઇ હવે અમે આપનો રાજ્યાભિષેક કરીયે. રાજા વગર રાજ્યમાં અરાજકતા પથરાઇ જાય. જુલમગારોને સંત સાધુઓને સંતાપવાની તક મલે." આસ્તેથી રાજકુમાર આગળ પ્રધાનોએ રાજ્યાભિષેક માટે પ્રસ્તાવ શરૂ કર્યો.

"આ તમે શી વાત કરો છો ! હજી મારી આંખમાંથી આંસુ તો સુકાયાં નથી, પિતાનો વિયોગ મારૂં કલેજું વિંધિ નાખે છે, ત્યાં તમે અભિષેકની વાત કરો છો ?"

"રાજકુમાર ? પિતાની ખોટ ધીરે ધીરે ભુલાશે. અત્યારથી રાજ્યાભિષેક માટે તૈયારી કરશું તોપણ સહેજે પંદર દહાડા તો નિકળી જશે. કોઈ શુભ મુહૂર્ત આવશે, ત્યારે રાજ્યાભિષેકની ક્રિયા તો થશે. પણ એને માટે તૈયારીયો તો કરવીજ જોઇએને ?"

"હશે એ વાત હાલમાં જવાદો ? શોકથી મારૂં હૃદય ફાટી જાય છે, અરે હું તો પિતાને દુઃખ કરનારોજ થયો."

"તો પણ આપને પશ્ચાત્તાપ થાય છે એ શું ઓછું છે ? આપે આપની ભૂલ જોઇ છે, પિતા પ્રત્યે બને એટલી ભક્તિ બતાવી છે ?" પ્રધાને દિલાસો આપ્યો.

"હા ! પ્રધાનજી, પિતાને દુઃખ દેવામાં હું તો બીજો અજાતશત્રુ પાકયો. મને પિતાની સેવાનો જોઇએ તેવો લાભ તો નજ મળ્યો. મેં સાંભળ્યું છે કે સમર્થ એવા વર્ધમાન કુંવરની માતાપિતા તરફ અપૂર્વ ભકિત હતી. તીવ્રબુદ્ધિ પ્રધાન અભયકુમારની માતાપિતા તરફની પૂજ્ય બુદ્ધિતો જુઓ ? અરે એક પિતાની બે સમજપણે થએલી આજ્ઞાનું પાલન કરી આપણા પૂજ્ય મહાન સમ્રાટ અશોકનાપુત્ર કુણાલ અંધ થયા. માતાપિતામાં ભકિતવાળા કુણાલના પુત્ર સંપ્રતિ અર્ધભરતાધિપ સમ્રાટ થયા. અરે જગતમાં એમનું જ જીવ્યું ધન્ય છે કે જેમણે માતાપિતાનો પડતો બોલ ઉચકી લઈ એનું પાલન કર્યું છે. એજ પુરૂષોને ધન્ય છે કે જેમણે માતાપિતાની સેવા બજાવી એમના ઉપકારનું ઋણ અદા કર્યું છે."

" યુવરાજ ? તોપણ માણસને પોતાની ભૂલ સમજાય એ ઓછું નથી. આખરે એ ક્રૂર અજાતશત્રુને પોતાની ભૂલ સમજાઈ. પિતા તરફ અનન્ય ભક્તિ જાગૃત થઇ. માતપિતાની પાછળ એણે પારાવાર શોક કર્યો. એક બાળકની માફક એ શૂરવીર પુરૂષ રડી પડ્યો. "

" પણ એથી શું ? રાંડ્યા પછીનું એ તો ડહાપણ ! પિતાની હયાતીમાં એ ક્રુરપણે પિતા તરફ વર્ત્યો. બાકી ભક્તિ તો અભયકુમારની ? હું પણ બીજો અજાતશત્રુ-કોણિક જેવો જ પાકયો કે પિતાને દુઃખનું કારણ થયો. "

" હશે હવે એ જુનાં પુરાણાં પડ ઉકેલીને શોકમાં વધારો કર્યે શો ફાયદો ? કાળ જ કોઇ એવો છે કે જુવાન પુત્રોને વૃદ્ધ માતાપિતાનું વાત્સલ્ય નથી સમજાતું ! એમના પૂર્વના ઉપકારનું સ્મરણ માત્ર પણ નથી થતું. " પ્રધાનોએ સમાધાન કર્યું.

એનું કારણ ? " રાજકુમારે પૂછયું.

" પુત્ર જુવાન થાય છે એટલે સ્રી તરફ એનું આકર્ષણ થતાં માતાપિતાની એને ગરજ નથી રહેતી. એમાં કંઈક એની સ્વચ્છંદતા, અવિવેકતાને મદાંધતાથી એને પોતાની ભુલ નથી સમજાતી. કેમકે આ સ્વાર્થમય સંસારમાં મનુષ્યો સ્વાર્થનેજ મુખ્ય ગણી પ્રાયઃ કરીને સ્વાર્થ હોય તોજ એ પ્રવૃત્તિ કરે ! અન્યથા ઉપકારનું સ્મરણ કરનારા વિવેકી પુત્રો તો કોઇ વિરલાજ હોય. "

“ અને હું તો એવા વિવેક રહીત મનુષ્યોમાં અગ્રેસર થયો ! હા ! પિતાજી ! પિતાજી ! ” શોકથી વિહ્વળ થતાં ચક્ષુમાંથી અશ્રુનાં બિંદુ ખરી પડ્યાં.

રાજગઢમાં શોક નિવારવાને મનુષ્યો આવતાં ને જતાં. દિવસો જતાં પ્રધાનોએ રાણી અને રાજકુમારનો શોક ઓછો કરાવ્યો. તે પછી થોડા જ દિવસોમાં એક શુભ દિવસે **આમ** કુમારનો ધામધુમપૂર્વક રાજ્યાભિષેક થયો. રાજકુમાર મટીને **આમ**કુમાર કનોજરાજ થયો.

## પ્રકરણ ૧૭ મું.

### રાજમાન.

રાજ્યાભિષેકની ક્રિયામાં **આમરાજાએ** મુક્તહાથે સંત, સાધુ સજ્જનોને સંતોષ્યા. દાન દેવામાં એણે પાછું જોયું જ નહી. બ્રાહ્મણોને પણ દક્ષિણાઓ આપી. અને પિતાના પ્રતાપમાં વધારો કર્યો. આ સમયે ભારતવર્ષમાં કનોજનું રાજ પણ ઉચ્ચ પંક્તિમાં ગણાતું. બળવાન રાજાઓમાં કનોજરાજની પણ ગણના થતી. એનું પાયદલ, હાથી, ઘોડા અખૂટ હતું. રાજસમૃદ્ધિ પારાવાર હતી. બે લાખ અશ્વોનો એ માલિક ગણાતો. ચૌદસો હાથી અને ચૌદસો રથ યુદ્ધભૂમિમાં શત્રુના લશ્કરમાં હાહાકાર કરી મુકતા. અને પાયદલની સંખ્યા તો એક કરોડની હતી. આવી

ઋદ્ધિ સમૃદ્ધિનો **આમરાજા** માલેક થયો. એનામાં કેલવણીની કચાસ નહોતી. શીખેલું અત્યારે એને અનુભવમાં મૂકવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. આવતી વહુ ને ઉગતો રાજા એનો પ્રભાવ પ્રજા પર જેવો પડ્યો તેવો સદા કાયમ જ રહે છે. આમરાજાએ પણ બુદ્ધિપૂર્વક રાજતંત્ર ચલાવવા માંડયું. એના પ્રધાનોની એણે બરાબર કસોટી કરી–નિમકહલાલીની ખાતરી કરી. રામ રાજ્યની માફક પ્રજાને આદર્શ રૂપ રાજા થયો. જે કોઇ જુલમગારો સાધુ સંત કે ગરીબ પ્રજાને સંતાપતા હતા, એમનો વિનાશ કરી પ્રજાની સુભાશિષ મેળવી. પ્રજાએ પણ જાણ્યું કે પોતાને જોઇએ એવો ધણી મલ્યો હતો. પિતા કરતાં બળમાં, બુદ્ધિમાં પુત્ર સવાયો થયો હતો. એનો પ્રતાપ, તેજ, પ્રભાવ કંઇ જુદાં જ હતાં. એની કીર્ત્તિ સાંભળીને એનું રાજ્ય પચાવી પાડવાને તૈયાર થયેલા એના દુશ્મન શત્રુ રાજાઓના હાથ હેઠા પડ્યા. એમનાં હૈયાં ફફડ્યાં.

રાજ્યાભિષેકને થોડાક દિવસ વહી ગયા. એ દરમિયાન એણે રાજ્યનો બંદોબસ્ત કર્યો. પણ એને મુદ્દલે ચેન પડતું નહીં. એક તરફથી પિતાનો વિયોગ હૃદયમાં ડંખતો. બીજી બાજુ પોતાના મિત્ર બપ્પભટ્ટી એને વારંવાર યાદ આવતા. એને વારંવાર હૃદયમાં થતું કે " આવા સમયમાં બપ્પભટ્ટજી મારી પાસે હોય તો કેવું સારૂ ? "

એક દિવસ રાજસભામાં રાજાએ પ્રધાનોને કહ્યું. " પ્રધાનજી ! જો કે રાજકાજમાં મારૂં લક્ષ્ય ખેંચાયું છે, છતાં

પિતાના મરણનો જખમ હજી તાજો જ છે એ ગમ તો ત્યારે જ વિસરાય કે મારા મિત્ર બપ્પભટ્ટીજી મારી પાસે હોય."

"આપની ઇચ્છા હોય તો બપ્પભટ્ટીજીને આપની પાસે તેડી લાવીએ." મહા અમાત્ય **વરાહમિત્રે** જણાવ્યું.

"હા ! મારી પણ એજ ઇચ્છા છે કે તમે પ્રધાનોને મોકલીને એમને–મારા મિત્રને અહીયાં બોલાવો." રાજાએ કહ્યું.

"પણ હાલમાં એ ક્યાં હશે ?" પ્રધાને પૂછ્યું.

"મોઢેરામાં તપાસ કરાવો. કદાચ ત્યાં હશે; અથવા તો જ્યાં હશે ત્યાંની મોઢેરામાં એમની ખબર પડશે. સામંતસિંહને મારા અને એમની પુત્રીના સુખ સમાચાર કહેવડાવજો." રાજાએ વરાહમિત્રને કહ્યું.

રાજાની આજ્ઞા પ્રમાણે મહા અમાત્યે પ્રધાનોને બીજે દિવસે મોઢેરા તરફ રવાને કર્યો.

પ્રધાનોએ મોઢેરા આવીને ગુરૂ સિદ્ધસેનને વિનંતિ કરી. "ગુરૂ મહારાજ ? કનોજરાજ આમકુમાર એમના મિત્ર બપ્પભટ્ટીજીને અતિ ઉત્કંઠાથી તેડાવે છે, માટે આપ કૃપા કરીને એમને મોકલો. વારંવાર એ પોતાના મિત્ર બપ્પભટ્ટીજીનું નામ યાદ કરે છે. એમનાં દર્શન માટે હંમેશાં આતુર રહે છે."

ગુરૂએ પ્રધાનોની વાણી સાંભળી બપ્પભટ્ટજીની સન્મુખ નજર કરી. "તારો મિત્ર તને યાદ કરે છે. ભદ્રકીર્ત્તિ !"

"જેવી આપની ઇચ્છા ? આપને લાભનું કારણ જણાતું

હોય તો મને જવામાં શી હરકત છે ? ” બપ્પભટ્ટજીએ જણાવ્યું.

“ તારી શકિત ઉપર મને ભરૂસો છે, ગમે તેવી સ્થિતિમાં પણ તું તારી જગા કરી લેશે, વત્સ ? ત્યાં બ્રાહ્મણોનું જોર વધારે છે. જૈનોના દ્વેષી ચુસ્ત કુમારિલભટ્ટના શિષ્યો–બ્રાહ્મણો કનોજરાજના દરબારમાં છે એ ભૂલી જતો ના ? ”

“ એ તો ઘણુંજ રૂડું ? એ વિદ્વાનોમાં આપણા ધર્મનું સ્થાપત્ય કરવાની–એમની વિદ્વત્તાની કસોટી કરવાની મને તક મલશે. ”

“ વત્સ ! મારો આશિર્વાદ છે કે ભગવાન્ પાદલિપ્ત જેવો પ્રતાપી થજે કે જેમણે બાલ્યાવસ્થામાંજ સમર્થ વાદીંદ્રોનો પરાજય કર્યો. ” ગુરૂએ આશિર્વાદ આપ્યો.

આપનો આશિર્વાદ હું માથે ચડાવું છું. હું ચાહું છું કે આપનું વચન સફળ થાઓ ? ”

ગુરૂએ મોઢેરાનો તેમજ બહાર ગામનો સંઘ બોલાવીને એમની અનુમતિ માગી. સંઘમાં પક્ષાપક્ષી ચાલી. કેટલાકનાં મન આ બાળ સાધુને કનોજ જવા દેવાને નારાજ હતાં. કોણ જાણે ‘ એ તો રાજા વાજા ને વાંદરા ’ બ્રાહ્મણોનો ભરમાવ્યો રાજા ભમી જાય તો તે વખતે ગુરૂની શી વલે થાય ? વગેરે અનેક પ્રકારે શંકા થવા લાગી, છતાં કેટલાક ડાહ્યા પણ હતા. ભદ્રકીર્ત્તિની વિદ્વત્તા ઉપર એમની હાજરજવાબી ઉપર ખાતરી હતી. વળી **આમકુમાર ( ભદ્રકીર્ત્તિ )** બપ્પભટ્ટીજીનો મિત્ર

હતો. શુદ્ધ સ્નેહવાળા મિત્રો એક બીજા વગર નજ રહે એ કારણને લઇને “ ભદ્રકીર્ત્તિ ત્યાં જાય તો ઉભયનો સ્નેહ સચવાય. ભદ્રકીર્ત્તિ ધર્મના ગૌરવનાં અનેક કાર્યો રાજા પાસે કરાવે એવા દૂરના દેશમાં વિરોધી બ્રાહ્મણોની મધ્યમાં પણ જૈન ધર્મનો મહિમા વધારે ! કમાઉ દિકરો તો પરદેશ જ સારો એમ આવા વિદ્વાન શિષ્યો તો ગુરૂથી દૂર હોય ત્યારેજ એમના સત્યની, એમની વિદ્વત્તાની કસોટી થાય. ” જેથી ભદ્રકીર્ત્તિને મોકલવા માટે ગુરૂને અનુમતિ આપવા લાગ્યા. ગુરૂએ પણ એ વ્હાલા શિષ્યને કચવાતે હૈયે બીજા ગીતાર્થ સાધુઓની સહિત–કનોજરાજના પ્રધાનો સાથે મોકલ્યો.

ગામ પરગામ ભવ્યજનોને પ્રતિબોધ કરતા પરિવાર સહીત ભદ્રકીર્ત્તિ પ્રધાનોની સાથે કનોજનગરના સીમાડે આવી પહોચ્યા, પ્રધાનોએ આમરાજાને તરતજ આગળથી વધામણી પહોંચાડી. રાજાએ મિત્રના આગમન નિમિત્તે નગરમાં મોટો ઉત્સવ મંડાવ્યો. ઘેર ઘેર તોરણો બંધાવ્યાં, રસ્તાઓ સાફસુફ કરાવીને રાજાએ આખું શહેર શણગારવાનો પ્રધાનોને હુકમ આપ્યો. પોતે પોતાના ભાયાતો–પ્રધાનો અને અમલદારો તેમજ નાગરિક નરનારીઓ સહીત મોટા આડંબરથી વાજતે ગાજતે ગુરૂની સામે આવ્યો. ગુરૂની પાસે આવ્યો, એટલે હાથી ઉપરથી નીચે ઉતરી પડયો ને પગે ચાલી મિત્રની પાસે આવી એના ચરણમાં નમ્યો. બીજા મુનિઓને વંદન કર્યું, રાણીઓ તેમજ નગરની ઉત્તમ સ્ત્રીઓ મંગલ ગીતો ગાવા લાગી. એવા જ મહોત્સવ પૂર્વક રાજા ગુરૂને

નગરમાં તેડી લાવ્યો. એ ઓચ્છવ નિમિત્તે અનેક દીનજનોનો દાન વડે ઉદ્ધાર કરી; જૈન ધર્મનો મહિમા વધાર્યો. ચારે વર્ણમાં જૈન ધર્મની વાહવાહ બોલાવા લાગી. રાજકુમાર સમા તેજસ્વી એવા બાળ બપ્પભટ્ટી–ભદ્રકીર્ત્તિને જોઈને નગરનાં સ્રી પુરૂષો અનેક રીતે એમનાં વખાણ કરવા લાગ્યાં એ બાળસાધુ ઉપર નરનારીઓને પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થઇ, લોકોનાં મન એમની તરફ આકર્ષાયાં. એમનાં દર્શન કરી પાપ ધોઇ નાખવાને કનોજ તેમજ આસપાસની પ્રજા ગાંડી ગાંડી થઈ ગઇ. " આહા ? આપણા રાજાના ગુરૂ એ તો આપણા પણ ગુરૂજ ? " એ ભાવના પ્રજાના હૈયામાં જાગ્રત થઇ.

પોતાના બાળમિત્ર–ગુરૂને લઇને રાજા રાજગઢમાં આવ્યો. રાજગઢના ચોગાનમાં બન્ને મિત્રો ઉભા રહ્યા એમણે નજર કરી તો અસંખ્ય માણસની મધ્યમાં એ પોતે ઉભેલા હતા. આ બાળસાધુનાં–રાજાનાગુરૂનાં દર્શન કરવાને એમનાં ઉત્સુક હૈયાં નિહાળ્યાં. કોઇ પોતાના મહેલની બારીઓમાં, કોઈ ગેલેરીઓમાં–તો કોઈ અગાસીઓમાં–ઝરૂખામાં એમ જ્યાં જુઓ ત્યાં માણુસોની અખુટ મેદની હતી. છતાં રાજ્યની વ્યવસ્થા સારી હોવાથી શાંતિ જોવાતી. સર્વની શાંતિનો લાભ લઈને એ બાલ સાધુ ભદ્રકીર્તિએ થોડો શો ધર્મોપદેશ આપ્યો. એના એક એક શબ્દો જાણે વદન રૂપી છીપમાંથી મૌકિતક–મોતી વેરાતાં હતાં. એ મીઠા શબ્દોથી ભરેલી ધર્મરસ ભરીવાણી સાંભળનારાનાં હૈયામાં કોઇ અપૂર્વ ભાવ ઉત્પન્ન કરતી. બાળસાધુનું ઉચામાં ઉંચું પાંડિત્ય કનો-

જરાજના વિદ્વાન પંડિતોને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરનારૂં થયું.

એ રસ ભર્યો ઉપદેશ પૂર્ણ થતાં રાજા બપ્પભટ્ટીજીને લઇને મહેલમાં ગયો અને પ્રજા આ રાજગુરૂ માટે અવનવા વિચારો કરતી વિખરાઇ. મહેલના વિશાળ દિવાનખાનામાં રાજા ગુરૂને લઇને આવ્યા. રાજાની સાથે એમના પ્રધાનો ભાયાતો, રાજ્ય માન્ય બ્રાહ્મણો પંડિતો અને નગરના કેટલાક પ્રતિષ્ઠિત ગ્રહસ્થો હતા. "મિત્ર તમે આવ્યા તે સારૂં થયું. તમારા પસાયે હું રાજ્ય પામ્યો. મેં તમને કહ્યું તું કે હું રાજા થઈશ ત્યારે મારૂં રાજ્ય તમને આપી દઇશ. માટે આ રાજ્ય તમે જ ગ્રહણ કરો." આમરાજાએ કહ્યું.

રાજાનાં વચન સાંભળીને બપ્પભટ્ટીજી હસ્યા. "મિત્ર ? તમારૂં રાજ્ય તમે જ ભોગવો ! એ રાજ્ય અમારે ન કલ્પે ? અમે તો સંસારનો ત્યાગ કર્યો, ત્યારથી એ સર્વે બાહ્ય પરિગ્રહનો પણ ત્યાગ કર્યો છે. હવે પાછા તમે ફરીને અમને એ બંધનમાં પાડવા ઇચ્છો છો શું !"

"મિત્ર ? અર્ધ રાજ્ય પણ લ્યો ! તમે પણ મારી માફક સુખી થાઓ ? તમારા ઉપકારના ઋણમાંથી મારો આત્મા મુકત કરો. !" રાજાએ ફરીને આગ્રહ કર્યો.

"રાજન્ ? હવે એવા આગ્રહથી સર્યું. અમો ત્યાગીઓને રાજ્યનું શું પ્રયોજન હોય ? અનેક દોષોથી ભરેલું એ રાજ્ય અમને તો અધોગતિએજ લઇ જનારૂં થાય ? અમારો વિનાશ કરનારૂં થાય !"

"જેવી તમારી મરજી ? પણ તમે નિરંતર મારી પાસે રહો મને ધર્મનો ઉપદેશ કરીને મારે શું કરવું તે સમજાવો ?"

રાજાએ એમને પોતાના વિશાળ મહેલમાં ઉતારો આપ્યો. બપ્પભટ્ટી સહીત ગીતાર્થ મુનિઓ ત્યાં ઉતર્યા.

બીજે દિવસે રાજાએ રાજસભામાં પોતાના મિત્ર માટે સિંહાસન મંડાવ્યું. જ્યારે બપ્પભટ્ટીજી રાજસભામાં આવ્યા એટલે રાજાએ એમને સિંહાસન ઉપર બેસવાને વિનંતિ કરી. "આ સિંહાસન આપને બેસવા માટે છે ? માટે આપ અહીં પધારો ?"

"રાજન્ ? અમારો સાધુનો આચાર નથી કે અમે આવા સિંહાસન ઉપર બેસી શકીયે."

મિત્રનાં એ વચન સાંભળીને આમરાજાના મનમાં દુઃખ થયું. "શામાટે ન બેસી કશાય ? એની ઉપર બેસીને અમને ધર્મોપદેશ કરવામાં આપને કાંઇ હરકત છે ?"

"એ સાધુ ધર્મથી વિરૂદ્ધ છે. હાં હજી આચાર્ય હોય તો તે આવા સિંહાસને બેસી શકે, પણ હું તો રહ્યો એક સામાન્ય સાધુ ?" બપ્પભટ્ટીજીએ પોતાની લઘુતા બતાવી.

"આપ આચાર્ય થાઓ તો આવા સિંહાસન ઉપર બેસી શકો ?" રાજાએ પૂછ્યું.

"હા ! પણ હું આચાર્ય નથી. હજી સૂરિપદને હું યોગ્ય પણ નથી. રાજન્ ?" ભદ્રકીર્ત્તિ એ કહ્યું. બપ્પભટ્ટીજીનાં વચન સાંભળી રાજાએ પોતાના પ્રધાનોની સામે જોયું.

પછી તે સમયે રાજાએ અવસર સાચવી લીધો. ભદ્રકીર્ત્તિ એક આસન ઉપર બેઠા. બે ઘડી વાર્ત્તાવિનોદ, ધર્મચર્ચામાં સમય વિતાડયો. વિદ્વત્તાભરી આ બાળ સાધુની ગોષ્ઠીથી સર્વ કોઇ બોલતું કે 'ભાઇ ! એતો સરસ્વતીપુત્ર ! નહીંતર બાલ્યાવસ્થામાં તે આવી વિદ્વત્તા ક્યાંથી હોય ?'

થોડા દિવસ પસાર થયા એટલે રાજાએ પ્રધાનને બોલાવી જણાવ્યું કે "પ્રધાનજી ! મારા મિત્ર બપ્પભટ્ટીજીને આપણા પ્રધાનોની સાથે એમના ગુરૂ પાસે મોકલો. અને કહેવડાવો કે અમારા જીવિતની દરકાર હોય તો આપ મારા મિત્રને આચાર્ય પદવી આપીને આ તરફ ઝટ મોકલી આપજો."

રાજાએ તે પછી બપ્પભટ્ટીજીને પોતાના પ્રધાનોની સાથે મોઢેરા તરફ વિદાય કર્યા. મહા અમાત્યે પ્રધાનોને સર્વે વિગત સમજાવી હતી. જેથી તેઓ બપ્પભટ્ટીજીને લઇને રાજાની આજ્ઞાથી મોઢેરા તરફ આવ્યા.

# પ્રકરણ ૧૮ મું.

## કુમારિલભટ્ટ.

જૈનો અને બૌદ્ધોએ જગતમાં અહિંસા—દયાનો ગર્જારવ કરવાથી વેદ ધર્મની હિંસક પ્રરૂપણા ઉપર લોકોની અરૂચિ થયેલી હોવાથી વેદ ધર્મના નેતાઓ આદર્શનોને તોડી પાડ-

વાને સમયની જ રાહ જોઈ રહ્યા હતા. એમના હિંસામય યજ્ઞો તો બંધજ પડી ગયેલા. કેમકે જ્યાં જ્યાં હિંસામય યજ્ઞો થતા ત્યાં બૌદ્ધ કે જૈન સાધુઓ પહોંચી જઇ યજ્ઞના કરાવનારને દયાનું તત્વ સમજાવતા. ને કોઇપણ યજ્ઞમાં હોમાતા પ્રાણીને બચાવી લેતા. સ્થિતિ આ પ્રમાણે હોવાથી યજ્ઞોમાં થતો પશુ વધ બંધ થઇ ગયો. આવી હાર ખાવાથી બ્રાહ્મણો અંતરમાં સળગી ઉઠ્યા હતા.

મહાવીર ભગવાનના સમયમાં બુદ્ધકીર્ત્તિએ જૈનમાંથી કેટલાંક તત્વો ગ્રહણ કરીને જગતમાં ફેલાવેલો બૌદ્ધધર્મ રફ્તે રફ્તે વૃદ્ધિંગત થયો. કેટલાક રાજાઓએ પણ એને ટેકો આપેલો. સમ્રાટ્ અશોકના સમયમાં એ વધ્યો. કનિષ્ક રાજાએ એનું પોષણ કર્યું. વચમાં આઘાતો પણ સહ્યા, વળી વલ્લભીપતિ શિલાદિત્યના સમયમાં પણ બૌદ્ધો જૈનોથી જીત્યા અને હાર્યા. એમ તડકો છાયો જોતાં આઠમા સૈકામાં પણ એ ધર્મ ઠીક પ્રગતિ કરી રહ્યો હતો.

આ સમયમાં વિહાર પ્રાંતમાં થયેલા કુમારિલભટ્ટે પોતાના વેદાંત ધર્મની અધોગતિ થઇ રહેલી જોઈ પ્રતિપક્ષીઓ સામે કમરકસી. એણે લોકોને વેદ ધર્મનો ઉપદેશ દેવો શરૂ કર્યો, તે સાથે જૈન અને બૌદ્ધ તત્વોનું ખંડન કરવા માંડયું. વેદ ધર્મની ઉન્નત્તિ કરવાને કુમારિલે દીક્ષા લીધી, અને ગામો ગામ લોકોને ઉપદેશ દેવા માંડયો. રાજાઓને પણ વેદ ધર્મમાં ખેંચી લેવાનો એણે ભગીરથ પ્રયત્ન આરંભ્યો.

લોકોનાં હૃદયો દયાના તત્વોથી સંપૂર્ણ ભરેલાં હોવાથી

શરૂઆતમાં તો કુમારિલનો પ્રયત્ન કંઇ સફળ થયો હોય એમ લાગ્યું નહી, પણ એથી કાંઈ એ નાહિંમત થયો નહી. એણે પોતાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. એક તરફ લોકોને વેદધર્મનું મહાત્મ્ય પોતાની બુદ્ધિથી સુધારો વધારો કરી સમયને અનુકુળ બનાવીને સમજાવવા લાગ્યો, બીજી બાજુએ એણે જૈન અને બૌદ્ધ દર્શનનું ખંડન કરનારાં શાસ્ત્રો રચવાં શરૂ કર્યાં.

એ ધમાચકડીવાળો આઠમો સૈકો પણ પુરો થયો ને નવમા સૈકાની શરૂઆત થઇ ચુકી, ત્યાં તો કુમારિલભટ્ટની મહેનતનાં ફલ એને પ્રત્યક્ષ દેખાવા લાગ્યાં. જાણે આ સૈકો એનાજ વારસામાં ન ઉતર્યો હોય એમ લોકોનાં મન કુમારિલના વેદ મત તરફ આકર્ષાયાં. કુમારિલે જાણ્યું કે આ સૈકો શરૂઆતથીજ એની વેદાંતની પ્રવૃત્તિનાં વધામણાં દઇ રહ્યો હતો. એને કાર્ય કરવામાં અધિક ઉત્સાહ થયો ને તે મોતનો પરૂણો થયો હોવા છતાં પણ પોતાના ધર્મને માટે અથાગ મહેનત કરી રહ્યો હતો, સામે બળવાન હરીફ ગર્જના કરતો જોઇ જૈન અને બૌદ્ધોની આંખ ઉઘડી ગઇ.

પોતાના સૌગત ધર્મનું નિકંદન કાઢતો જોઇ મહાતર્કવાદી બૌદ્ધાચાર્ય પોતાના પરિવાર સાથે એની સામે વાદ કરવાને દોડી આવ્યો, પણ કુમારિલ ભટ્ટને વાદ કરી વિતંડાવાદમાં ઉતરવું પસંદ નહોતું. છતાં જો વાદ ન કરે તો એના ધર્મનું મહત્ત્વ ઘટે એ પણ એને ભય હતો કે રખેને લોકોમાં મારી હાંસી થાય, માટે કોઇપણ રીતે એ લોકોને નિરૂત્તર કરવા જોઇએ. એણે ચંપાના રાજા સમક્ષ બૌદ્ધો સામે ગર્જના કરી.

"અરે ક્ષણિક વાદીઓ ? મન ગમતી મોજ માણી દુન્યાને ઠગનારા ધુર્ત્તો ! શું મોં લઇને વાદ કરવા આવ્યા છો ! અનિશ્વરવાદી એવા તમે લોકો નાસ્તિક છો ! વાદ કરવાને પણ ક્યાં યોગ્ય છો ? અમારા વેદ ધર્મનું રહસ્ય એકવાર તમે સમજો, તમારી આંખોનાં પડલ ખુલ્લી જતાં વેદનાં સત્ય તત્વોનો અર્થ તમને સમજાશે.

"અરે કુમારિલ! પરમ પુરૂષ બુદ્ધનાં તત્વો તારા સમજ્યામાં આવ્યાં નથી, તેથીજ તું અવળે માર્ગે ઉતરી ગયો છે. અમારો શિષ્ય થઇ અમારાં તત્વોનું નિકંદન કાઢવા મંડ્યો છે. હિંસામય વેદધર્મ એ શું ધર્મ છે? ભોળા લોકોને ઠગવાનું એક જાતનું એ કુટિલ કર્મ છે." વિદર્ભ દેશમાંના એક શહેરમાં રાજા સુધન્વાની સમક્ષ બૌદ્ધાચાર્યે કુમારિલને પડકાર્યો.

"અરે સૌગત ! વેદો તો ખુદ બ્રહ્માએ સ્વમુખે રચેલા છે. વેદની હિંસા એ હિંસા ન કહેવાય. તમો લોકો પાત્રમાં પડેલા માંસને પણ જેમ અનાયાસે પડેલું જાણી એનો ઉપયોગ કરો છો. તેના કરતાં તો આ વેદનું વિધાન હજાર દરજ્જે ઉત્તમ કહેવાય ! ! કુમારિલે જણાવ્યું.

"અમે કાંઇ તારી માફક પાખંડ કરતા નથી. વિશ્વાસઘાતી ! તું અમારા ઘરમાં ઘુસીને અમારૂંજ ઘર મારવા તૈયાર થયો. એવો મહા દંભ તો તારા જેવા વેદીયાઓનેજ શોભે કે જે યજ્ઞને મ્હાને બકરાઓની ગરદન ઉપર છુરી ચલાવી એના માંસથી પોતાનાં પાપી પેટ તૃપ્ત કરે, તારા આવા દંભથી ભોળા લોકો તો અવશ્ય ભરમાય. એવાં નિર્દોષ પશુઓનો નાશ કરીને યજ્ઞનું

તું શું ફલ મેળવવા માગે છે, વારૂ ” તથાગતાચાર્યે જણાવ્યું. “ ઓ ઝેરી સર્પ ! તું દૂધ પાનારને જ ડંશ દેવા તૈયાર થયો. યાદ રાખજે કે એ પાપનું તારે પ્રાયશ્ચિત કરવું પડશે.”

“ તે જોઇ લેવાશે, પણ યજ્ઞનું ફળ તો સ્વર્ગ ? એનું મહાન ફળ તો સ્વર્ગ પ્રાપ્તિ! યજ્ઞમાં હોમાયેલ પ્રાણી સ્વર્ગમાં ઉત્પન્ન થઇ ત્યાં અનંત સુખ ભોગવે છે. યજ્ઞ કરનારને પણ ઇંદ્ર પદની પ્રાપ્તિ થાય, એના કરાવનારા બ્રાહ્મણો તો અવશ્ય સ્વર્ગમાં પણ ઇંદ્રના પુરોહીત થાય ! ”

“ વાહ ! શી તારી કુટીલ યુક્તિ ! જીવોની હિંસા કરવાથી જો સ્વર્ગ પ્રાપ્તી થતી હોય તો નરકમાં કોણ જશે વારૂ ! ઓ મિથ્યાભિમાની ? સમજ કે આવા હિંસામય યજ્ઞોનું ફલ સ્વર્ગ નહી પણ નરકજ છે. ”

“ અરે નાસ્તિકો ! ઇશ્વરને નહી માનનારાઓ! તમને અમારા વેદના રહસ્યની ખબર નથી. તમારી અલ્પ બુદ્ધિ હોવાથી અમારા ઉંચા તત્વોનું રહસ્ય તમારા સમજવામાં આવતું નથી, તેથી કુયુક્તિઓ કરીને વેદની નિંદા કરી રહ્યા છો. વેદની નિંદા કરનારા તમારા જેવા નાસ્તિકાચાર્યો સાથે યદ્વા તદ્વા બોલવું એ પણ પાપ છે, માટે વેદના તત્વોને નિંદનારી તમારી જીહ્વા બંધ કરો, અને અમારા શિષ્ય થઇ જાઓ ! ”

વાદવિવાદને અંતે કુમારિલે પોતાના મિથ્યાવાદથી

બૌદ્ધોને નિરૂત્તર કરી દીધા. બૌદ્ધાચાર્યે પણ જાણ્યું કે વસ્તુ તત્વને નહી સમજનારા આવા મુર્ખાઓ સાથ વાદ કરવો એ નકામી માથા ફોડ હતી. જેથી બૌદ્ધો એ વ્યર્થાવતંડાવાદ છોડીને ચાલ્યા ગયા, એટલે કુમારિલભટ્ટ પોતાનો જય માનીને ફુલાયો. અને લોકોને સમજાવવા લાગ્યો. " જોયું ! નાસ્તિકો વાદમાં હારી જવાથી કેવા ચાલ્યા ગયા ? ભારત જેવા આર્ય દેશમાં આવા નાસ્તિકો રહેવાને નાલાયક છે. માટે ચેતજો એવા પાખંડી લોકોથી ફસાતા ના ? "

હવે કુમારિલભટ્ટને પોતાના વેદાંત મતની પ્રગતિમાં દિન પ્રતિદિન અધિક ઉત્તેજન મળવા લાગ્યું. બૌદ્ધોને લાગ્યું કે આપણા ધર્મમાંથી લોકો પતિત થતા જાય છે. જૈનોએ પણ જાણ્યું કે કુમારિલ પોતાના પ્રયત્નમાં ફળીભૂત થઈ જૈનોના હક્કને નુકસાન કરી રહ્યો છે. જૈનાચાર્યોએ પણ એને વાદ કરવાને પડકાર્યો. પણ કુમારિલ એવો ભોળો નહોતો કે જૈનાચાર્યો સાથે વાદ કરીને પોતાના ધર્મને ઝોકો લગાડે. એ જાણતો હતો કે વાદવિવાદમાં જૈનાચાર્યો સાથે પોતે કદાપિ ફાવી શકશે નહી. જેથી સિંહની માફક એણે સામો પડકાર નહી કરતાં મૂષકની માફક કુંકી કુંકીને કરડવાનું-કાપ મૂકવાનુંજ કામ ચાલુ રાખ્યું.

સ્વધર્મની સામે નવીન હરીફ જાગેલો જોઇ બૌદ્ધાચાર્યે એક ઠેકાણે પોતાના સર્વે સાધુઓને એકત્ર કર્યા. આ નવા દુશ્મન સામે કેવી રીતે ટક્કર ઝીલીને આપણા ધર્મની

રક્ષા કરવી, એ માટે એ બધા વિચાર કરવા લાગ્યા. "આચાર્યજી ! આપ શાં માટે ચિંતા કરો છો ? એ કુમારિલભટ્ટ પરધર્મની નિંદાનું પાપ કરીને હવે મરવાને તૈયાર થયો છે– વૃદ્ધ થયો છે. એ પાપનો ઘટ સંપૂર્ણ રીતે ભરાતાં આપોઆપ ફુટી જશે. એનું ફલ ભોગવવાને એ રવાને થશે." એક સૌગત સાધુએ કહ્યું.

"તારૂં કહેવું સત્ય છે, છતાં પણ ઉઠેલા દુશ્મનની આપણે ઉપેક્ષા ન કરવી જોઇએ, દર્દ અને દુશ્મન એને તો ઉગતા જ ડામવા એ નીતિ કહેવાય." બૌદ્ધાચાર્યે કહ્યું.

"કદાચ કાલે એની પછવાડે બીજો કોઇ જાગ્યો તો પછી ?" એક બીજાએ તર્ક કર્યો. "ગુરૂજી ! એ ઝેરી સર્પને આપે દૂધ પાયું એ ઠીક નથી કર્યું. એ કપટી બૌદ્ધ થઇને આપણું ઘર જોઇ ગયો, આજે એનો નતિજો જોયો ?"

"મને લાગે છે, કે એ વિશ્વાસઘાતી સામે આપણે કોઇ દિવ્યશકિતની સહાય મેળવવી જોઇએ. એની મદદથી આપણે ગમે તેને હરાવી શકીયે. પૂર્વે પણ આપણા પૂર્વજોએ વાણીની દિવ્ય શકિતવડે મોટી સભાઓમાં ઘણાનો પરાજય કરેલો." સૌગતાચાર્યે જણાવ્યું.

"આપનું કહેવું સત્ય છે તેથી એવી દિવ્યશકિત મેળવવા આપણામાં એક યોગ્ય પુરૂષે–સાધુએ સરસ્વતીનું આરાધન કરવું જોઇએ." એક જણે પોતાનો અભિપ્રાય આપ્યો.

"બરાબર છે." સરસ્વતીનું આરાધન કરીને પણ

આપણા પૂર્વજો ફાવ્યા છે. તો આપણે પણ એમના માર્ગે ચાલવું એજ ઉચિત કહેવાય. પણ સરસ્વતીજીનું આરાધન કરી એને પ્રસન્ન કરે એવો લાયક આપણામાં કોણ છે?" આચાર્યે જણાવ્યું.

બધા એક બીજાના સામે જોવા લાગ્યા. પણ સરસ્વતીને પ્રસન્ન કરવાની હિંમત કોણ કરી શકે? કંઇને કંઇ દોષો વડે લેપાએલા એ સાધુઓમાંથી સરસ્વતીને પ્રસન્ન કરવાનું બીડું કોઇએ ઝડપ્યું નહીં. તેવારે સોગતાચાર્યે કહ્યું. "મને લાગે છે કે આ મહાભારત કામને માટે વર્ધનકુંજર જ યોગ્ય છે. વર્ધનકુંજર? મારી આજ્ઞા છે કે તું સરસ્વતીનું આરાધન કરી એને પ્રસન્ન કર, ને વાદવિવાદમાં અજેય થા!"

"જો કે આવા મહાભારત કામને હું લાયક તો નથી છતાં આપનું વચન માથે ચડાવી હું એ વિષયમાં પ્રયત્ન કરીશ." વર્ધનકુંજરે સરસ્વતીને આરાધન કરવાનું બીડું ઝડપ્યું, બસ "देहं पातयामि वा कार्य साधयामि."

સોગતાચાર્યે વર્ધનકુંજરને સરસ્વતી આરાધનનો મંત્ર અને તેની વિધિ બતાવી. એકાંત જગ્યોએ સ્થિરચિત્તે એને આરાધન કરવાની સુચના કરી. "વત્સ! જોઇએ તો કોઇ ઉજ્જડ દેવમંદીરમાં રહીને આરાધન કર, અથવા તો પર્વતની ગુફાનો આશ્રય લે, પણ આ કાર્ય સિદ્ધ કરી બૌદ્ધ દર્શનમાં તું અજેય થા! અન્ય વાદીઓના દર્પને હણવામાં સરસ્વતીના પ્રભાવથી સમર્થ થા?"

વર્ધનકુંજરે આચાર્યના શબ્દશુકનની ગાંઠવાળી, ને બૌદ્ધ મંડલ વિખરાયું. વર્ધનકુંજર ગુરૂનો પ્રસાદ પામીને પર્વતની ગુફામાં ચાલ્યો ગયો.

# પ્રકરણ ૧૯ મું.

## બપ્પભટ્ટસૂરિ.

રાજમંત્રીઓ ભદ્રકીર્તિને લઇને મોઢેરા સિદ્ધસેન આચાર્ય પાસે આવ્યા. અલ્પ મુદ્દતમાં બપ્પભટ્ટીજી પાછા આવ્યા જાણી ગુરૂને મનમાં નવાઈ લાગી, કે એકદમ પાછા આવ્યા, તેમાટે કાંઈ ઉંડું કારણતો હોવુંજ જોઇએ, એ વજ્રસમુ હૈયું પણ કારણ જાણવાને આતુર થયું. બીજા શિષ્ય પરિવારમાં તેમજ સંઘમાં પણ શ્રાવકો ભિન્ન ભિન્ન કલ્પના કરવા લાગ્યા. 'શું રાજાની અપ્રીતિ થઇ હશે ! કે રાજાનું મન નહીં માનવાથી સહીસલામત એમને ગુરૂ પાસે પહોંચાડવાને મોકલ્યા હશે, એતો રાજા વાજા ને વાંદરા; તે એમના ભરૂસા હોય ? બ્રાહ્મણોએ રાજાને ભમાવ્યા હશે એટલે રાજાની પ્રીતિ ક્યાં સુધી રહે ? જળબિંદુના જેવી ચપળ રાજાની મૈત્રી ક્યારે પણ ફલદાયક થાય ખરીકે ?' દરેક જેમ ફાવે તેમ વાતો કરતું, છતાં સત્ય વાત શું છે, એના ખુલાસાની રાહ જોવાતી હતી.

રાજમંત્રીઓ આવીને ગુરૂના ચર્ણમાં નમ્યા. સંઘ

પણ કાંઇ નવીન સાંભળવાને હાજરજ હતો. ગુરૂએ આતુર હૃદયે પ્રધાનોની સામે જોયું. કુશલ વર્તમાન પૂછ્યાં, "ભગવાન! અમારા મહારાજના જીવિતની આપને દરકાર હોયતો એમના મિત્ર બપ્પભટ્ટીજીને આચાર્યની લક્ષ્મીનો અભિષેક કરો! કનોજરાજ પોતાના મિત્રને આચાર્યની લક્ષ્મીએ કરીને સહીત જોવા અતિઆતુરછે, માટે આપ એમને આચાર્યપદવી આપો, કે જેથી અમે મહારાજની કૃપાના પાત્ર થઇએ."

રાજપ્રધાનોનો ઉત્તર–આગમનનું કારણ જાણીને ગુરૂ સહીત સંઘ પરમ સંતોષ પામ્યો. એમના હર્ષમાં વધારો થયો. સાંભળનારને એમજ થયું કે બપ્પભટ્ટીજી આચાર્ય લક્ષ્મીને યોગ્યજછે.

તમારૂં કથન સત્ય છે. છતાં બપ્પભટ્ટીજી હજી અગ્યાર વર્ષનો બાલક ગણાય! તો હાલમાં અહીયાં ભલે રહે. ઉમ્મર લાયક થતાં એને આચાર્ય લક્ષ્મીથી યુક્ત તમારી તરફ રવાને કરીશું." ગુરૂમહારાજે આમરાજાની મિત્રતાની કસોટી કરતાં કહ્યું.

"અરે પ્રભુ! એમબોલોજના. બપ્પભટ્ટીજી આચાર્ય પદવીને તદ્દન યોગ્ય છે. એમની બાલ્યાવસ્થા છતાં કનોજના સમર્થ પંડિતો પણ એમની પંડિતાઇ આગળ હારી એમના શિષ્ય થઇ ગયા.–એમના મુખની વાતો સાંભળવાને આતુર થઇ રહ્યા. વળી કનોજરાજ તો એમનો વિયોગ ક્ષણભર પણ સહનજ ન કરી શકે. કૃષ્ણપક્ષમાં જેમ ચંદ્રમાની કળા પ્રતિ

દિવસ ક્ષય પામે, વર્ષા ૠતુમાં જેમ વર્ષાના આગમન નિમિત્તે હર્ષ જાહેર કરતા મયુરો વર્ષાના અભાવે ગ્લાનિ સાથે આતુરતાથી એની રાહ જુએ, ચંદ્રના કિરણોનો લોલુપી ચકોર પક્ષી જેમ આતુરતાથી ચંદ્ર ઉદયની વાટ જુએ, એવીજ રીતે કનોજ રાજ એમના મિત્રની રાહ જોઇ રહ્યા છે. કૃષ્ણ પક્ષના ચંદ્રના ક્ષયની જેમ મહારાજ એમના વિરહથી ગ્લાનિ પામે છે. દુઃખી દુઃખી થાય છે. ભગવાન? જેમ બને તેમ એમને લઇને તાકીદે પાછા ફરવાનો અમને હુકમ છે." પ્રધાનોએ ખુલાસો કર્યો.

"ભગવન્? ભદ્રકીર્ત્તિ આચાર્યપદને લાયક હોવાથી આપે કનોજરાજનું મન રાખવું જોઇએ. આચાર્ય લક્ષ્મીએ કરીયુક્ત થતાં એમનામાં અધિક પરાક્રમ આવશે. એમનું મહાત્મ્ય વધશે," સંઘે પ્રધાનોના વચનમાં અનુમતિ આપી.

"પ્રભો? આપને એમાં લાભજ થશે, જૈન શાસનની પણ શોભા વૃદ્ધી પામશે, એમના ઉપદેશામૃતનું પાન કરીને અમારા રાજા ધર્મોન્નત્તિનાં કાર્ય કરશે. જૈન મંદિરો બંધાવી પ્રતિમાઓ ભરાવશે. બીજાં પણ સુકૃત કૃત્યો કરવા વડે કનોજરાજ ભવ સમુદ્રથી પાર ઉતરશે." પ્રધાનોનાં વચન સાંભળીને સંઘ સહીત ગુરૂનું મન પણ હરખ્યું.

"મંત્રીશ્વર! જોકે તમારૂં કહેવું ભવિષ્યમાં ફાયદા કારક થાય એ બનવાજોગ છે, છતાં એ બાલસાધુ વગર અમને બધું શૂન્યકાર મય લાગે છે. અમારૂં ચિત્ત એનામાં ચોંટેલુ હોવાથી એ અમારીપાસે રહેતો ઠીક ! બાહ્ય અને અભ્યંતર અંધકારને

હણનારૂં તેજસ્વી રત્ન તો ભંડારમાંજ શોભે ! સૂર્યના ઉદયથી કમળ ખીલે, ચંદ્રની ચાંદની તો વિભાવરી–રાત્રીના શણગાર રૂપ ગણાય. મેઘના આગમનથી મયુરો જેમ આનંદ પામી પોતાના મધુર શબ્દોએ પોતાનો હર્ષ પ્રદર્શિત કરે છે. વળી મુદ્રા વગર જેમ મંત્રી શોભતો નથી, ગમે તેવું સુંદર મકાન પણ સ્થંભ વિના શોભે નહીં. પ્રાણ વગર સુંદર કાયા પણ નિર્માલ્ય ગણાય છે, તેમ એના વગર અમારી પણ એવીજ સ્થીતિ સમજજો." ચારિત્ર પાળવામાં અગ્રેસર એવા ગુરૂએ સુધા સમાન મધુર વાણીથી જેમ બ્રહસ્પતિ કહે એવી રીતે પ્રધાનોને એમનો નિશ્ચય જાણવા માટે કહ્યું.

ગુરૂની વાણી સાંભળીને પ્રધાનોમાંના એક વિચક્ષણ મંત્રીએ કહ્યું. "ભગવન્ ? સજ્જનોની લક્ષ્મી અને જીવિત તો પરોપકારને માટે જ હોય. જગતનું હિત થતું હોય તો સંત પુરૂષો પોતાના જીવિતને પણ તૃણ સમાન ગણી વિસર્જન કરે. જુઓ તરૂવરો ! સૂર્યનો તાપ પોતે સહન કરીને પણ જંતુઓને આશ્રય આપે છે, અનેક જાલિમોના જુલ્મને સહન કરતી છતી પણ પૃથ્વી સર્વેનો ભાર સહન કરી રહી છે, ગમે તેવી મુશીબતો છતાં સમુદ્ર પોતાની મર્યાદા ચુકતો નથી. એને મળનારી નદીઓ પોતાના અમૃત સમા જલવડે કરીને દુન્યાને ઉપકારજ કરી રહી છે. વર્ષા જગતના ઉપકારને માટેજ વર્ષે છે. માટે પરોપકારી પુરૂષોનો સ્વભાવ જ એવો છે કે પોતે ગમે તેવી મુશ્કેલીઓ સહન કરીને પણ તેઓ જગત ઉપર ઉપકાર જ કરે છે."

પ્રધાનનાં વચન સાંભળીને સિદ્ધસેનાચાર્યે પણ ભાવી લાભનું કારણ જાણી મોઢેરાનો સંઘ ભેગો કરી તેમની આગળ બપ્પભટ્ટજીના આચાર્યપદના મહોત્સવનું શુભ મુહુર્ત્ત જણાવ્યું. સંઘે પણ તન, મન અને ધનથી પોતાની ગુરૂભક્તિ પ્રદર્શિત કરી, આડંબરપૂર્વક મહોત્સવ શરૂ થયો. દેશપરદેશના શ્રાવકોને આમંત્રણ થયાં. જે જે સામગ્રી આચાર્ય મહારાજે કહી તે સર્વે સામગ્રી સંઘના અગ્રેસરોએ ભેગી કરીને શ્રી મહાવીર ભગવાનના ચૈત્યમાં અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કર્યો, દેશ પરદેશથી આવનારા મેમાનોનાં રૂડાં સ્વાગત કરવામાં મોઢેરાના સંઘે ખામી રાખી નહી. ગચ્છ વત્સલ ધર્માભિમાની શ્રાવકોએ પણ પોતાની ઋદ્ધિનો સદ્ ઉપયોગ કરવાની આવી અમુલ્ય તક ગુમાવી નહી. એવી રીતે સમારોહપૂર્વક વિક્રમ સંવત ૮૧૧ ના ચૈત્ર વદી ૮ ને દિવસે આચાર્યજીએ બપ્પભટ્ટીજીને આચાર્યપદ ઉપર અધિષ્ઠિત કર્યા.

એ મહોત્સવને પસાર થયાં થોડાક દિવસો વહી ગયા. એટલે રાજપ્રધાનોએ જવા માટે ઉતાવળ કરવા માંડી. "ભગવન્ ? આપની રજા હોય તો બપ્પભટ્ટીજીની સાથે અમે હવે સ્વદેશ ગમનની તૈયારી કરીયે."

ગુરૂએ હસીને કહ્યું. "મહાનુભાવ ? આટલી બધી ઉતાવળ કાંઈ ?"

"પ્રભુ ? એમના મિત્ર વગર કનોજરાજ ઘણા દુઃખી થતા હશે. અમને જવામાં ઢીલ થઈ તો બીજા પ્રધાનો ગુરૂને તેડવાને આવ્યા સમજો ?"

"ઠીક છે. તમને જેમ ઠીક લાગે તેમ કરો. દેવાનુપ્રિય ?" તેપછી પ્રધાનોએ સ્વદેશ ગમનની તૈયારી કરવા માંડી. ગુરૂએ પણ બપ્પભટ્ટીજીમાં આચાર્ય લક્ષ્મીનું સાક્ષાત્ તેજ જોયું. એમને ચિંતા થવા લાગી. જગતમાં યૌવન અને રાજસન્માન એ બન્ને વસ્તુ અનર્થને કરનારી છે. ભદ્રકીર્ત્તિ ઉપર રાજાની પ્રીતિ સારી હોવાથી એનો સત્કાર સારો થશે. રાજલક્ષ્મી પણ એને અંગે સ્વયમેવ એને આવી મળશે એવી સ્થિતિમાં ચપળ ઇંદ્રિયોને કાબુમાં રાખવી અતિ કઠણ છે. એ રાજ સન્માનથી પૂર્વે સિદ્ધસેન દિવાકર જેવા મહા સમર્થ પુરૂષો પણ પડી ગયા. તો આ શિષ્ય હજી યૌવનમાં તો હવે આવે છે, એ યૌવનના ઉદ્ધત તોફાનમાં–અનુકુલ સંજોગોમાં મનને સંયમમાં રાખી શકશે ! વિચારમાં નેવિચારમાં ગુરૂનું વદન જરા ગ્લાનિયુક્ત થયું. એવામાં બપ્પભટ્ટજી આવીને ગુરૂને નમ્યા. એમની વિચારથી ગંભીર મુખ મુદ્રા જોઇ. " પ્રભુ ! આશિર્વાદ આપો કે જેથી મારા વિહારનો હેતુ સફળ થાય–ઇષ્ટ ફલની સિદ્ધિ થાય ? "

" વત્સ ? તારી ઉપર રાજાનો પ્રેમ સારો હોવાથી ત્યાં અવશ્ય તારૂં રાજસન્માન થશે, એને અંગે રાજલક્ષ્મી તારા ચરણકમલમાં આળોટશે. હજી મદાંધ યૌવનના તોફાનથી તું અજ્ઞ છે. માટે એવી સ્થિતિમાં તું તારા આત્માની રક્ષા કરજે, કે જેમ ઇંદ્રિયોની ચપળતા તને છળે નહી. કામરૂપી પિચાશ તારા મનને દુર્બલ નકરે, એ ધ્યાન રાખજે. પૂર્વે એ કામે કંઈક ને ભૂલવીને ગબડાવ્યા છે – ફસાવ્યા છે, તદ્ભવે મોક્ષગામી

પણ ફસ્યા છે. નેમિનાથના બંધુ રથનેમિ રાજેમતિને જોઈને મોહ પામી ગયા. અરણિક અણગાર ચતુર ચંદ્રવદનીના મોહ પાસમાં બરાબર લપટાઇ ગયા. નાટકણીઓના સ્નેહથી પરવશ થયેલા અષાઢાભૂતિ બાર બાર વર્ષ પર્યંત એમાંથી નીકળવાને પણ સમર્થ થયા નહી. આર્દ્રકુમારને દીક્ષા તજીને ચોવીસ વર્ષ પર્યંત સીમંત પાથડે પહોંચાડનારી સીમંતીનીમાં બંધાવું પડયું હતું. માટે હજી તારી ઉગતી વય છે. તો સંભાળજે ષટ્રસ ભોજન જમતાં પણ જેનું ચિત્ત કોશ્યા લેશ પણ ચલાયમાન કરવાને સમર્થ ન થઇ એવો દ્વિતીય સ્થુલિભદ્ર થજે. વ્યાખ્યાન સમયે જેના બન્ને ખભા ઉપર સરસ્વતી અને લક્ષ્મી પ્રગટ થતી, તે સિવાય જયા વિજયા અને અપરાજીતાદિ ચાર દેવીઓ જેના ચારિત્ર બળથી આકર્ષાઇ જેની સેવા કરતી હતી એવા માનદેવસૂરિની માફક પ્રભાવિક થજે."

"આપનો ઉપદેશ હું માથે ચડાવું છું. પ્રતિદિવસ આ આપનો ઉપદેશ સ્મરણમાં રાખી સાવધ રહેવાનો હું પ્રયત્ન કરીશ. આપના આશિર્વાદથી—આપની કૃપાથી હું અંતરંગ શત્રુઓને જીતવા સમર્થ થઇશ." શિષ્યનાં વચનથી ગુરૂને સંતોષ થયો. કેટલીક બાબત કે જેમાં કંઇપણ બુદ્ધિ કલ્પના દોડાવતાં છતાં એનું પરિણામ ન કલ્પાય એવી ભાવી સંબંધી વાતો એમણે ભાવતવ્યતા ઉપર છોડી. અને શિષ્યનું મંગળ ઈચ્છું.

શુભ મુહુર્ત્તે રાજપુરૂષો બપ્પભટ્ટસૂરિ અને એમના સાધુ પરિવારને લઇને સ્વદેશ તરફ વિદાય થયા.

# પ્રકરણ ૨૦ મું.

---

## વર્ધનકુંજર.

પર્વતની એક એકાંત ગુફામાં અત્યારે એક પુરૂષ સંસારનાં સર્વે બંધનો ક્ષણભર દૂર કરીને ચિત્તની એકાગ્રતાથી મંત્રનો જાપ કરી રહ્યો છે. ગમે તેટલા દિવસો પસાર થાય, આ નાશવંત શરીરનું ગમે તે થાય પણ પોતાનું જે સાધ્યબિંદુ છે તે જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી એણે ધ્યાનથી ચલાયમાન ન થવું એવો નિશ્ચય કર્યો હતો. જીવ ઉપર આવી ગયેલો મરણીયો માણસ જેમ મોતની દરકાર કર્યા વગર પોતાના કર્ત્તવ્યમાં મચ્યો રહે છે. તેવી રીતે આ પુરૂષ આજ કેટલાય દિવસ થયાં સરસ્વતીને પ્રસન્ન કરવા સરસ્વતીમંત્રનો જપ કરતો એકાસને બેઠો હતો. એનો અપૂર્વ નિશ્ચય કાંઇ સહેજમાં ડગી જાય એમ નહોતો.

દાન, શિયલ, તપ અને ભાવ એ ચારે વસ્તુઓની જ્યાં ઐક્યતા હોય, અને એવી ઐક્યતાની અખંડ ધારા ચાલુ રહે ત્યારે એ આત્મબળ ગમે તેવા જગતના પડમાં છુપાએલી વસ્તુઓનું પણ આકર્ષણ કરવાને સમર્થ થાય છે. અરે એ આત્મ બળ મુક્તિ જેવી ઉત્તમોત્તમ રમણીને વરવાને સમર્થ થાય તો પછી જગતની વસ્તુઓ એની તરફ આકર્ષાય એ તો સ્વાભાવિક છે. એક આસને બેસવાથી તેમજ તપ કરવાથી જગતના જીવોને અભયદાન મળે, શિયલપણુ એનું અખંડ

હોય, સાથે તપ કરવામાં–કાર્યસિદ્ધ થાય ત્યાં લગી આહાર પાણીને પણ દેશવટો આપ્યો હોય. ભાવના તો એમાં ભળેલીજ હોય કેમકે સામાન્ય રીતે પણ દૃઢ ભાવના વગર આવી સ્થિતિ ઉપર આવી શકાય નહીં. અને તેમાં પણ ધીરે ધીરે ભાવનાનું બળ વૃદ્ધિ પામતું જાય તો પછી ઇષ્ટ પ્રાપ્તિમાં શી વાર લાગે ?

એ તપ કરનાર બૌદ્ધ મતનો **વર્ધનકુંજર** હતો. એના દર્શનમાં એ વિદ્વાન હતો. કાંઇક ચારિત્ર શીલ હોવાથી એ દરેકને પ્રિય હતો. એને પણ પોતાના દર્શનની ઉન્નત્તિ કરવાની ઘણી મહત્વાંકાક્ષા હતી. પોતાના દર્શન ઉપર અન્ય દર્શનીયો આઘાત કરી જાય એ એના મનમાં અસહ્ય લાગતું. એને પણ મનમાં થતું કે આપણી પાસે પણ કંઇક દિવ્ય શક્તિ હોય તો કેવું સારૂં ? એ વિદ્વત્તાની અપૂર્વ શક્તિથી દરેકની ખબર લેવાય. સમર્થ વાદીયોનો પણ પરાજય કરી શકાય. પરન્તુ એ બધું સરસ્વતી પ્રસન્ન થઇને વરદાન આપે તોજ બની શકે એમ હતું. માટેજ એણે જીવ ઉપર આવીને સરસ્વતી આરાધનનું સાહસ ખેડયું હતું. કુમારિલભટ્ટ ઉપર એને ઘણો દ્વેષ હતો. એ વેદાંત મતની જડ ઉખેડી નાખવાને એને ઘણો શોખ હતો. બૌદ્ધદર્શનને જગતમાં સર્વોપરી બનાવવાના મોહમાં એ ઘેલો થયો હતો. એ અશોકનો સમય, એ કનિષ્કનો સમય આજે પણ પોતાના નિમિત્તે ફરીને પ્રાપ્ત થાય અને બૌદ્ધધર્મ જગતમાં ફરીને એકવાર સર્વોપરી બને, એ જોવાને વર્ધનકુંજર અતિ આતુર હતો.

તેથીજ અત્યારે તો એ જીવનની અમોઘ આશાઓ ભવિષ્ય ઉપર રાખીને તપ કરતો બેઠો હતો.

કેટલાક દિવસ પસાર થયા ને એના આત્મબળે સરસ્વતીનું આકર્ષણ કર્યું. તરતજ સરસ્વતી એની આગળ પ્રગટ થઇ " વત્સ ? તારૂં તપ પુરૂ થયું. સાત સાત ભવથી તું મારૂં આરાધન કરે છે, મારૂં વરદાન મેળવવાને તું ભગીરથ પ્રયાસ કરે છે. કહે તારી શું ઇચ્છા છે ? "

સરસ્વતીને સાક્ષાત્ પ્રગટ થયેલી જોઇ વર્ધનકુંજરે પોતાનું ધ્યાન છોડયું અને દેવીને નમી એની સ્તુતિ કરી. " માતાજી ? સાત સાત ભવથી આરાધન કરતાં પણ આજે પ્રત્યક્ષ થયાં, એ પણ મારાં અહોભાગ્ય ? "

" વત્સ ? એમાં મારી કસુર નથી, પણ તારીજ ખામી હતી, તારા ધ્યાનમાં એટલું બધું બળ નહોતું કે જેથી મારૂં ધ્યાન ખેંચાય, કેટલીક વખત તારા આયુષ્યની પરિસમાપ્તી થવા આવી હોવાથી મારી પ્રસન્નતા તને નિરૂપયોગી હતી. આજે સમય અનુકુલ છે, તો કહે તને શેની જરૂર છે ? "

" દેવી ! અમારૂં બૌદ્ધદર્શન શત્રુઓના આઘાતથી અત્યારે અસ્તવ્યસ્ત સ્થિતિમાં ચગડોળે ચઢયું છે. મહાન ગૌતમ બુદ્ધની મહેનત અન્ય વાદીયો ધુળમાં મેળવવાને તૈયાર થયા છે, માટે મને વરદાન આપો કે દરેક દર્શન વાદીઓને જીતીને હું વાદમાં અજેય થઇ મારા દર્શનનો મહિમા વધારૂં ?"

" વત્સ ! કંઇ બીજુ વરદાન માગવા ઇચ્છા હોય તો હું આપી શકું એમ છું ? માટે તે સિવાય કાંઇ અન્ય વરદાન માગ ? "

" માતાજી ? આપ આપી શકો તો એજ ' અજૈય ' નું વરદાન આપો કે જેથી દરેક દર્શનવાદીયોને જીતી મારા દર્શનનો મહિમા વધારી કૃતજ્ઞ થાઉં ? "

" વત્સ ! તારા દર્શનનું સ્વરૂપ તું કાંઇ સમજે છે કે એના મોહમાં ઘેલો થઇ અસત્ય વસ્તુને પણ તું જગત સમક્ષ મારા પ્રભાવથી સત્ય કરી ખતાવવા માગે છે ? "

" અસત્ય વસ્તુ કેમ ? અમારૂં દર્શન કેટલું બધું પ્રાચિન અને તત્વોથી ભરેલું છે એ શું આપ નથી જાણતાં ? "

" તારૂં દર્શન કેટલું પ્રાચિન છે તે મારાથી અજાણ્યું નથી. જેમ રૂષભદેવના પૌત્ર મરિચીથી સાંખ્યદર્શન ઉત્પન્ન થયું તેમ શ્રી પાર્શ્વનાથની પરંપરામાં થયેલા સ્વયંપ્રભ સૂરિને એક **પિહિતાશ્રવ** નામે શિષ્ય હતો તેના બુદ્ધકીર્ત્તિ નામના શિષ્યે સરયુ નદીના કાંઠે તપ કરવા માંડયું. તપ કરતાં જ્યારે કંટાળો આવ્યો ત્યારે એણે ખાવાની વૃત્તિ શરૂ કરી. અને જે સૂઝતો ખોરાક મળે તે ખાવા લાગ્યો પછી ભલે તે અભક્ષ્ય હોય ! એ બુદ્ધકીર્ત્તિને પોતાનો નવીન મત ચલાવવાની ઇચ્છા થવાથી એણે કેટલાંક જૈનદર્શનનાં તત્વોમાં પોતાનો મનગમતો સુધારો કરીને લોકોની આગળ એણે પ્રરૂપણા કરી, ને પોતે બુદ્ધ-સર્વજ્ઞ તરીકે જગતમાં પ્રગટ થયો. અહિં

સામતને જો કે એણે પ્રધાનપદ આપ્યું, છતાં માંસ-મદિરા અનાયાસે મળે તો વાપરવામાં દોષ ગણ્યો નહી, આત્માને ને જગતને એકાંતે ક્ષણીક માન્યું. લોકોને પોતાના મતમાં આકર્ષ્યા, એના શિષ્યોએ એમાં સુધારો વધારો કરી લોકોને અનુકુળ થાય એવાં તત્વોની વ્યાખ્યા કરવા માંડી. એક સત્ય વસ્તુને છોડી બુધ્ધે આ કાંઇ ઠીક કર્યું ન કહેવાય." સરસ્વતીએ એની પ્રાચિનતાની વ્યાખ્યા કહી સંભળાવી.

"માતાજી! આપ પણ એમ કહો છો? એ જૈન મત તો અમારા દર્શનનો એક ભાગ છે. અમારા બુદ્ધ જેવું સર્વજ્ઞ જગતમાં કોણ થયું છે! અહિંસા માટે એમણે કેટલું બધું કર્યું છે?"

"એણે શું કર્યું છે તે મારાથી અજાણ્યું નથી. તને તો મિથ્યા મોહ થયો છે એટલે તું એવુંજ દેખે! કેમકે જગતમાં વિવેક હીન પુરૂષોને બધું ઉલટું જ દેખાય. કમળાના રોગવાળાને જગત પીળુંજ જણાય."

"ગમે તે કહો, માતાજી? હું તો મારા બૌદ્ધદર્શનની ઉન્નત્તિ ચાહું છું. તેથીજ અજેયનું વરદાન માગું છું!" સૌગત પોતાના નિશ્ચયમાં દ્રઢ રહ્યો.

"તું કહેતો હોય તો સત્યદર્શન જગતમાં કયું છે તે સમજવા તારી વિવેકચક્ષુ ઉઘાડી આપું, સાતસાત ભવનું કરેલું તપ શા માટે તું અસત્ય વસ્તુના મોહમાં હારી જાય

છે? સંસારમાં સત્ય વસ્તુની પ્રાપ્તિ કરી મારા પ્રભાવથી ભવસાગર તરી જાને ? ”

“ મારૂં સર્વસ્વ અત્યારે તો એમાં જ સમાયેલું છે, એ બૌદ્ધ દર્શનની ઉન્નત્તિમાંજ મારી ઉન્નત્તિ છે. એનીજ ખાતર આ મારી જીંદગી છે. આપ પ્રસન્ન થયાં હોય તો મેં માગ્યું એજ આપવાની કૃપા કરો ! ”

“ અસ્તુ ? જેમ તારી મરજી ! હું તને આ ગુટિકા આપું છું, જ્યારે તને વાદ કરવાની ઇચ્છા થાય ત્યારે આ ગુટિકા મુખમાં રાખીને વાદ કરજે. એ ગુટિકાના પ્રભાવથી ગમે તેવા વાદીયોને જીતીને તું મારા પ્રભાવથી અજેય થજે. ”

એમ કહી દેવી ગુટિકા આપીને અદૃશ્ય થઈ ગઈ. વર્ધનકુંજર પણ ગુટિકા લઇને પોતાનું ધ્યાન પરિપૂર્ણ—સમાપ્ત કરીને પોતાના ગુરૂને જઇ મળ્યો. ગુરૂને નમીને સર્વ હકીકત કહી સંભળાવી. ગુરૂએ એની વાત સાંભળીને પ્રસન્નતા દેખાડી એનો બૌદ્ધ સંઘ પણ પ્રસન્ન થયો.

પછી ગુરૂએ વર્ધનકુંજરને આગળ કરીને પોતાના બૌદ્ધમતની ઉન્નત્તિ કરવાને કમર કસી. કુમારિલભટ્ટના સામે ભગીરથ પ્રયત્ન કરવા માંડયો, વાદમાં એને વર્ધનકુંજરે યુકિતપ્રયુક્તિથી નિરૂત્તર કરી દીધો. છતાં એ પોતાનો બચાવ કરી પોતાના કાર્ય પાછળ મંડયોજ રહ્યો. બુદ્ધ લોકોએ પણ પોતાના ધર્મના બચાવ અર્થે લોકોને ઉપદેશ આપી અન્યધર્મમાં જતાં

અટકાવવાનો પ્રયત્ન ચાલુ કર્યો. જે જે દર્શનકારો વાદ કરવા આવ્યા એમને વર્ધનકુંજરે જીતી લીધાને જગતમાં મહાવાદી તરીકે એ પ્રસિદ્ધ થયો. એથી કુમારિલભટ્ટનું જોર કાંઇક નરમ પડયું. નિર્બળ થયેલા બૌદ્ધોમાં નવીન જીવન–બળ આવ્યું. એમના ઉત્સાહમાં વધારો થયો. પોતાની સામે ઝુઝતા હરીફોને નરમ પાડીને સ્વમતનું રક્ષણ કરવાને સમર્થ થયા. એ રીતે બૌદ્ધોનો પ્રયત્ન સફલ થયો ને નબળો પડતો પોતાનો પક્ષ ઉલટો મજબુત થયો.

# પ્રકરણ ૨૧ મું.

## કમનશીબ વિશિષ્ઠા.

જગત ઉપર જ્યારે આ પ્રમાણે ભિન્નભિન્ન ઘટનાઓ આ જમાનામાં બનતી હતી તેવા સંયોગોમાં બીજી પણ એક ઘટના બનતી ગઇ હતી જે તરફ આપણે હજી લક્ષ્ય આપ્યું નથી. વિધિના ઉંડાણમાં એવું કોઇપણ કાર્ય અશકય નથી કે જે ન બની શકે. જ્યારે બપ્પભટ્ટસૂરિ પોતાની બાલ્યાવસ્થામાં પોતાના ભવિષ્યનો ખ્યાલ કરાવી રહ્યા હતા. બીજી તરફ વાદી વર્ધનકુંજર સરસ્વતીને પ્રસન્ન કરીને પોતાના ધર્મની ઉન્નતિ માટે ભગીરથ પ્રયત્ન કરી રહ્યો હતો, ત્યારે કુમારિલભટ્ટ પણ વેદાંત મતની ઉન્નતિ પાછળ કમ્મર કસીને તૈયાર થયો હતો.

જૈનો તથા બૌદ્ધોએ અહિંસાના ફેલાવાથી મંદ કરેલી પોતાની વૈદિક મતની જ્યોતિને કુમારિલે ફરીને એકવાર જગત આગળ પ્રતેજ કરવાનો પ્રયત્ન કર્યો હતો. એ કુમારિલ જીંદગી પર્યંત કામ કરી હવે કાર્ય કરવાને અશકત થયો હતો. પોતાને એક એવો શિષ્ય હોય કે પોતાનું આરંભેલું કાર્ય પૂર્ણ કરે એ માટે તે અહર્નિશ ભોળાનાથને પ્રાર્થના કરતો હતો. એની એ પ્રાર્થના ભોળાનાથે સાંભળી હતી. એનું આરંભેલું કાર્ય પાર ઉતારનાર અત્યાર આગમચ એકપુરૂષ દક્ષિણમાં ઉત્પન્ન થઈ ચૂકયો હતો.

પૂર્વે દક્ષિણ દેશમાં આવેલા કેરલ દેશના કાલટી ગામ-માંના એક સામાન્ય ઘરમાં સ્ત્રી-પુરૂષ વાત કરી રહ્યાં હતાં બન્ને ચુસ્ત શૈવધર્મીનાં ઉપાસક હતાં. શિવની આરાધના કરવામાંજ પોતાનો સમય વ્યતીત કરતાં હતાં. સ્ત્રીનું નામ વિશિષ્ટા અને પુરૂષનું નામ વિશ્વજીત્ હતું. વિશિષ્ટા એ ગામના સર્વજ્ઞ નામે બ્રાહ્મણ અને કામાક્ષી નામે એની પત્ની થકી ઉત્પન્ન થયેલી પુત્રી હતી. વિશિષ્ટાને આઠ વરસની ઉમ્મરે વિશ્વજીત્ સાથે પરણાવવામાં આવી હતી.

લગ્ન થયા પછી એ ચાર વર્ષ વહી ગયાં પણ વિશિષ્ટા તો બાળક હોવાથી પિયરમાં જ રહેતી જેથી વિશ્વજીત સાથે એને પરિચય ઓછો હતો; છતાં એનાં માતાપિતા શિવનાં ઉપાસક હોવાથી એ ભક્તિ એના કુમળા હૃદયમાં પણ દાખલ થઇ. જોકે બાલ્યાવસ્થામાં એ ભક્તિનું યથાર્થ સ્વરૂપ એના સમજ-વામાં આવ્યું નહોતું; છતાં પિતાની દેખાદેખીથી એ પણ ભકિત

કરતી અને આગળ જતાં એજ એનો વિષય થઇ પડયો હતો. નિયમિત રીતે બાળા વિશિષ્ઠા શિવજીની ઉપાસના કરવા લાગી.

વિવાહિત થયેલી બાળા વિશિષ્ઠા બાળા મટીને હવે યૌવનના મનોહર સંકલ્પ વિકલ્પોનાં મધુરાં સ્વપ્નો જોવા લાગી. સંસારની વાતો થોડીક થોડીક એ સમજવા લાગી. સરખી વયની સાહેલીઓ એ પરણેલી હોવાથી એના વરનું નામ લઈને એને પજવતી અને એ મીઠી વાતોમાં બાર વર્ષની બાળાને રસ પણ પડવા લાગ્યો. છતાં એ વાતો કેમ મીઠી લાગે છે એનું કારણ સમજાતું નહી. સખીઓની વાતો સાંભળી ઉપરથી ચીડાતી છતાં હૃદયને એ વાતો કોણ જાણે કેમ ગમતી હતી! હજી તો યૌવનના આંગણામાં હવે પ્રવેશ કરતી હતી, છતાં એના હૃદયમાં ન સમજાય એવા ભાવો તો અવશ્ય ઉત્પન્ન થતા હતા.

પરણ્યા પછી પાંચ–છ વર્ષનાં વ્હાણાં વહી ગયાં અને વિશિષ્ઠા પંદર વર્ષની થઈ ગઇ. પરણ્યા પછી અત્યાર સુધીનો સમય એનો કુમારિકા ધર્મ જેવોજ હતો, પણ હવે એને કંઈક સુખનાં સ્વપ્ના આવવા લાગ્યાં, અંતરમાં અનેક પ્રકારની આશાઓ ઉત્પન્ન થવા લાગી, અંતરના ઉંડાણમાં નવીન ભાવો જાગૃત થવા લાગ્યા, એને સ્વામી સાથે વાતો કરવાનુ મન થતું. એકાંતમાં હાસ્ય વિનોદ કરી આનંદ લેવા એને કંઇ કંઇ થતું, એવા કંઇ ભાવોથી ભરેલા હૃદયવાળી વિશિષ્ઠ રૂતુસ્નાતા થઇને સાસરે આવી.

એને સાસરામાં સાસુ-સસરો નહોતાં. હતો ફક્ત એનો વર વિશ્વજીત બ્રાહ્મણ ! એ વિદ્વાન હતો છતાં વૈરાગી જેવો જણાતો. લગ્ન કરતાં તો કર્યાં, પણ હવે એને પસ્તાવો થયો. વિશિષ્ઠા સાસરે રહે કે પિયર, એની એને પરવા જરા ઓછી હતી. ધીરે ધીરે એ વૈરાગી પુરૂષની તપ કરવાની ઈચ્છા પ્રબળ થવા લાગી, જગત એને મિથ્યા લાગવા માંડયું, સંસારની માયાના પાસમાં બંધાવા કરતાં અરણ્યમાં જઇ તપ કરીને મનુષ્યભવની સાર્થકતા કેમ ન કરવી ? ઉમ્મરમાં પણ લગભગ એ યૌવનવય વટાવી ગયો હોવાથી એનો વૈરાગ્ય વૃદ્ધિ પામવા લાગ્યો. અને દિવસ જતાં એ ભાવના વિશ્વજીતની દ્રઢ થતી ગઇ, જેમ બને તેમ તાકીદે સંસારની ફાંસમાંથી નિકળવાને એ આતુર થઈ રહ્યો. એને વિચાર થયો કે જતાં પહેલાં એકવાર વિશિષ્ઠાની રજા લેવી. આ ઘરમાં રહેલો કંઈપણ સરસામાન, માલ મિલકત એને સોંપી આપણે ચાલ્યા જવું.

અભિનવ આશાના હિંદોળે ઝુલતી વિશિષ્ઠાને એના માતપિતાએ પોતાની શક્તિ પ્રમાણે કરીયાવર કરી રૂતુસ્નાન પછી સાસરે વળાવી. આણું વળીને આશાભરી બાળા સાસરે આવી. આજે એના હૃદયમાં કંઇ ભાવો ભર્યા હતા. યૌવનના તોફાનથી એનું લોહી જોસબંધ ફરવા લાગ્યું. એ સ્નાયુઓ બધા વિકસ્વર થયા હતા. કેમ બોલવું ! કેવી રીતે ચાલવું ! વગેરે સાહેલીના શીખવ્યા એ પાઠો યાદ કરવા લાગી.

ઘરના કામકાજથી પરવારી આડોશી પાડોશીનાં બૈરાં

સામે વાતો કરતી વિશિષ્ઠા માંડ પહોર રાત વીત્યે છુટી પડી. સંસારના સુખની પ્રથમ રાત્રીનો અનુભવ લેવાને એ હૈયું એટલું તો અધીરૂં હતું કે આ પાડોશીઓની બલામાંથી ક્યારે છુટાય ! આખરે બધી સ્ત્રી ગઈ એટલે વિશિષ્ઠાએ સુવાની તૈયારી કરી, પણ એનો પતિ હજી બહારથી આવ્યો ન હતો. જેથી દીપક ધીમો રાખી સ્વામીની રાહ જોતી વિશિષ્ઠાના મનમાં અનેક સંકલ્પો થતા હતા.

એટલામાં એનો સ્વામી વિશ્વજીત આવી પહોંચ્યો ને બાર ખખડાવ્યું. એ સાથે એના હૈયામાં પણ ધબકારા થવા લાગ્યા. શ્વાસ ઉપર શ્વાસ લેવા લાગી. ધડકતે હૈયે એણે બારણું ઉઘાડ્યું. સ્વામી અંદર આવ્યા એટલે વિશિષ્ઠાએ બારણું બંધ કરીને સાંકળ વાસી દઈ પતિની પાછળ એ ઉપર આવી. વિશ્વજીત કપડાં ઉતારી પાસે પડેલા એક આસન ઉપર બેઠો, ધડકતે હૈયે વિશિષ્ઠા પતિથી દુર ઘુંઘટપટમાં પોતાનું મુખ છુપાવતી ઉભી રહી.

બન્ને વર–વહુ હતાં છતાં એકનું હૈયું આશામાં ઉછાળા મારતું હતું અને બીજાના હૈયામાં વૈરાગ્યનો રંગ હતો. વિશ્વજીતે જાણ્યું કે મારે હવે એને સમજાવીને આ ઘરનો ભાર ભળાવી દેવો જોઇએ. આ માયાના બંધનથી મારે દુર થવું જોઇએ. " વિશિષ્ઠા ! તારી લાજ શરમ તું દુર કર અને હું જે વાત કહું તે ધ્યાન રાખીને સાંભળ ? "

એનું કહેવું વિશિષ્ઠા જાણે સાંભળતી ન હોય એમ મૌન-

પણ ઉભી રહી. તેથી ફરીને વિશ્વજીતે કહ્યું: "વિશિષ્ઠા મહેરબાની કરીને થોડા વખતને માટે તારો ઘુંઘટપટ દુર કર અને મારી વાત સાંભળ ? મારી વાત સાંભળી લીધા પછી તારે ફાવે તો તું નિરંતર ઘુંઘટપટમાં તારૂં મુખ છુપાવી રાખજે, કોઇ દિવસ એ વદન તરફ હું દૃષ્ટિમાત્ર પણ કરીશ નહી."

*વિશ્વજીતનાં એ વચન સાંભળીને વિશિષ્ઠાના* હૈયામાં ધ્રાસકો પડયો. એનું શરીર પરસેવાથી ભીંજાઇ ગયું. જોસથી હૈયું ધબકવા લાગ્યું, એણે આસ્તેથી પતિની સામે નજર કરી. એ શાંત, ગંભીર, વૈરાગ્યવંત મુખમુદ્રા નિહાળી આશાભરી બાળા લગાર કમકમી. ચરણ તો પૃથ્વી સાથે જડાઇ ગયા હતા; છતાં પણ માંડમાંડ ડગલાં ભરતી વિશિષ્ઠા પતિની પાસે આવીને ઉભી રહી.

પતિએ એને બેસવાની આજ્ઞા કરી એ મુજબ શરમાતી બાળા પતિથી સહેજ દૂર બેઠી. એને મનમાં સંકોચ થતો હતો. હૃદય મુઝાતું હતું. ન સમજાય એવી મનોવૃત્તિથી એનું શરીર કંપતું હતું." હે ભોળાનાથ ? હે સ્વયંભુ ? શંકર ? મારી આશા તમે પૂર્ણ કરજો." મનમાં એવી રીતે શંભુની પ્રાર્થના કરતી બાળા પતિ શું કહે છે એ સાંભળવાને આતુર થઇ.

"જો વિશિષ્ઠા ? આજ ઘણા દિવસ થયાં હું તારી રાહ જોતો હતો તું આવી એ એક રીતે તો ઠીકજ થયું. આ ઘર, રાચ રચિલું, માલ મિલ્કત-બધું તને ભળાવું છું. તને ગમે તો તું અહીંયાં રહે અથવા તો તારો પિયર જવા વિચાર હોય તો ત્યાં રહીને પણ તું તારી જીંદગીનું સાર્થક્ય કરજે."

" અને તમે ? " ધડકતે હૈયે વિશિષ્ઠાએ પૂછ્યું. એને બધુ અંધકારમય જણાયું. એને લાગ્યું કે એની આશાઓનું નિકંદન વળી રહ્યું હતું, એનું ભાગ્ય એને દગો દેતું હોય એમ જણાયું.

" હું ? મારો તો અરણ્યમાં જઈ તપ કરવા વિચાર છે ? આવતી કાલના સુપ્રભાતે મારા જીવનનો પુનરૂદ્ધાર થશે. જંગલમાં જઈ તપ કરવાને આ શરીર રવાને થશે. "

તીક્ષ્ણ બાણુની માફક ખુંચતા એક એક શબ્દોએ આ બાળાની આશાનો નાશ કરી એના કુમળા હૈયાને વિંધ્યું. આંખે તમ્મર આવતાં જણાયાં. એનો કંઠ–સ્વર રૂંધાવા લાગ્યો અતિશય દુઃખના બોજાથી એને અંધારાં આવ્યાં. નતો ચીસ પાડી શકી, તેમ પતિ સામે નતો એક શબ્દ પણ બોલી શકી. આશાભરી બાળા આ વાકય સાંભળીને દુઃખથી બેભાન જેવી બનીને ધરણી ઉપર ઢળી પડી–એને મૂર્છા આવી.

એની મરણોન્મુખ સ્થિતિ જોઇને વિશ્વજીત ગભરાયો. અત્યારે પોતે એકલો હતો. શું કરવાથી એની મૂર્છા વળે એ વિચારે એ મુંઝાયો. એણે વિશિષ્ઠાને પંખાથી પવન નાંખવા માંડયો. એ સુંદર વદન ઉપર નિર્વિકારપણે પાણી છાંટવા લાગ્યો. એક ફરજ તરીકે દુઃખી મનુષ્ય તરફના મનુષ્યધર્મને લઇને જે કરવું ઘટે તે એણે નિર્વિકારપણે કર્યું. એ આત્મા જાગૃત થયેલો હતો. જાગૃત થયેલા આત્માને ગમે તેવાં મોહ-બંધનો પણ ગમે તેવી સ્થિતિમાં એને બાંધી શકતાં નથી.

કેટલીકવારે વિશ્વજીતને પોતાની મહેનતનું પરિણામ જણાયું અને વિશિષ્ઠાએ આંખ ઉઘાડી પાછી બંધ કરી દીધી. એને વિચાર થયો કે પોતે કેવી કેવી અભિલાષાઓ કરી રહી હતી ત્યારે નશીબ–એનું દુર્દૈવ એની મશ્કરી કરતું હતું.

એણે જોયું કે એનો પતિ એની સારવાર કરી રહ્યો હતો, પતિનું હૈયું દયાથી ભરેલું હતું, પણ પ્રેમ નહોતો. એક ફરજ સમજીને તે પોતાનો ધર્મ બજાવી રહ્યો હતો, પણ સ્ત્રી ગણીને નહી.

“ વિશિષ્ઠા ? વિશિષ્ઠા ? જાગૃત થા ? તને બેચેની જણાતી હોય તો જા સુખેથી તું તારે સુઇ રહે ? મારૂં કામ હવે પૂર્ણ થયું છે આવતી કાલે સવારના હું આ ઘર તજીને ચાલ્યો જઇશ. મારા બંધનમાંથી તું સ્વતંત્ર થઇશ. ”

“ તો શા માટે મને મુર્ચ્છામાંથી સજીવન કરી. મને મરવાજ દેવી હતી. આહા ? મૃત્યુની એ મીઠી નિદ્રામાં દુ:ખીયાઓને કેવી અપૂર્વ શાંતિ હોય છે ! હાય ? મારૂં જીવન, આશા, સૌભાગ્ય, ઉત્સાહ બધું નષ્ટ થવા બેઠું. ઓ દુર્દૈવ ? તેં આ શું કર્યું ? ” વિશિષ્ઠા ડુસકાં ભરી રડતી રડતી બોલી–“ હું કોઇ રીતે તમને જવા દઇશ નહી. પરણીને આશાભરી સ્ત્રીઓના મનોરથોનો ઘાત કરવો એ મોટામાં મોટું પાપ કરી શું તમે તપ કરશો ? ”

“ મારો નિશ્ચય ફરવાનો નથી. વિશિષ્ઠા ? તારો વિચાર મને જરાય અસર કરવાનો નથી. ભોગ એ તો રોગ કહેવાય.

આત્માને સ્ત્રીઓના સ્નેહનું બંધન એ એની ઉન્નતિમાં વ્યાઘાત કરનારૂં છે. તું તારે સુખેથી આ દુઃખમય સંસારમાં રહે, અને મને મારૂં ફોડી લેવા દે. આ માનવભવ સાર્થક કરી લેવા દે." વિશ્વજીતે પોતાનો નિશ્ચય કહી બતાવ્યો.

"અને પછી મારૂં શું ? પતિ એ સ્ત્રીનું જીવન છે તમે જાણો છો કે સ્વામી વગર જગતમાં સ્ત્રીઓની કેવી અધોગતિ છે ?"

"તારૂં જીવન સુધારવું એ તારી મરજીની વાત છે. તું પણ ભોળાનાથની સેવા કરી તારા આત્માનું કલ્યાણ કરજે. શિવજીને પ્રસન્ન કરી તારૂં જીવન સુધારજે."

"મારે તો અત્યારે પતિની સેવા જોઇએ. મને પતિની સેવાથી જે સુખ મળી શકે તે કાંઈ ભોળોનાથ નજ આપી શકે ? તરૂણ વયમાં યુવતીઓ તો પતિનું જ ધ્યાન કરી શકે, એને રીઝવી શકે ?"

"પતિ ન હોય એ સ્ત્રીયો શું કરી શકે ? દુનીયામાં બધાનાં ભાગ્ય કાંઈ સરખાં હોતાં નથી, વિશિષ્ઠા ? કોઇ પતિને સેવાથી રીઝવી શકે તો પતિ વગરની કોઇ સ્ત્રી પતિને અભાવે પ્રભુને પણ રીઝવી શકે ? પ્રભુના ધ્યાનથી પતિનો શોક વિસરી શકે ?"

હું સ્વામી વગર રહી શકીશ નહી. મને લાગે છે કે તમે મારો ત્યાગ કરશો તો થોડા દિવસમાં જ હું ઝુરી ઝુરીને મરી જઇશ. કાંતો ગાંડી થઈ જઇશ. અરે સ્વામી ? કટાણે

તમને તપ કરવાનું ક્યાંથી સૂઝયું. તમે સબુર કરો. થોડા સમય પછી આપણે સાથે તપ કરવા જઇશું ? હૃદયની ઉર્મિઓ શાંત થતાં હું પણ તમારી સાથે આવીશ ?"

"વિશિષ્ઠા ! આ માનવજીવનનો તે કાંઇ ભરૂસો કહેવાય ? કાચની શીશીની માફક કોણ જાણે એ તે ક્યારે ફુટી જશે ? આપણી અલ્પમતિ એ કાંઇ ન જાણી શકે. માટે આત્માર્થી મનુષ્યે જાગ્યા પછી પ્રમાદ ન કરવો. કાળ કાંઇ કોઇની ઓછી જ રાહ જુવે છે ?"

"તમારી તપ કરવાની વૃત્તિ હતી તો મારી સાથે લગ્ન કરીને મારૂં જીવન નાહક કાં બગાડયું ? પરણ્યા તો પછી બરાબર પરણી જાણવું જોઇએ. મને આશાભરીને છોડી દ્યો એ કોઇ રીતે તમને યોગ્ય તો નથી જ. હું સત્ય કહું છું કે મારૂં મન હું સંયમમાં રાખી શકીશ નહી. મારો સ્ત્રીધર્મ હું તમારા વગર કેવી રીતે સાચવી શકીશ ?"

"એ તારો ખાલી ખ્યાલ છે. મારા જવા પછી એ વિચાર પણ તારો ભૂંસાઇ જશે. ભોળાનાથની સેવા કરતાં તારૂં ચિત્ત ભક્તિમાં લયલીન થઇ જશે-મને વિસરી જશે."

વિશિષ્ઠાએ બની શકે એટલાં સ્ત્રી ચરિત્ર ભજવી વિશ્વજીતને સમજાવવાની કોશિષ કરી., પણ એ વૈરાગ્યથી રંગાયલું ચિત્ત એના સકંજામાં આવી શક્યુ નહી. એણે વિશિષ્ઠાને સમજાવી ઘરની માલમિલ્કત જે કંઇ હતું તે બધું સોંપી દીધું, એ રીતે એક બંધન એણે દૂર કીધુ.

પ્રાતઃકાળ થતાં જ વિશ્વજીત તપ કરવાને અરણ્યમાર્ગ તરફ ચાલ્યો ગયો. અને વિશિષ્ઠા હંમેશને માટે પતિ-વિયોગી બની.

# પ્રકરણ ૨૨ મું.

## શંકરનો જન્મ.

પતિ વિનાની વિશિષ્ઠા થોડા દિવસ ઘરમાં એકલી રહી તો ખરી, પણ એને કાંઇ ચેન પડતું નહી. આડોસી પાડોસી એના પતિની ખબર પૂછતાં (પણ વિશિષ્ઠા શું જવાબ આપે!) 'એ તો પરદેશ ગયા છે.' એમ કહીને બધાંને જવાબ વાળતી. પણ પોતે જાણતી હતી કે આ ભવમાં હવે પતિનું દર્શન એ કોઈ દિવસ કરી શકે એમ નથી. એ આશા ભરેલીની આશાઓનો કચરઘાણ વળી ગયો. હૈયું ભરાઇ આવવાથી ઘરના ખુણે રડીને હૃદયનો ઉભરો ખાલી કરતી. રડતાં પણ હવે એ હૈયામાં શાંતિ નહોતી. શાંતિ અને વિશિષ્ઠાને તો હવે આભ-જમીનનું અંતર પડી ગયું હતું. અનેક પ્રકારે એ બિચારી મનને સમજાવતી. પરાણે પ્રસન્ન રહેવાનો પ્રયત્ન કરતી પણ એમજ જો યૌવનવયના તોફાનથી ઉદ્ધત થયેલાં મન સહેજે વશ થઇ જતાં હોત તો મનુષ્યો માટે મોક્ષ સુલભ થાત અને કદાચ નરકનાં બારણાંને તાળાં દેવાં પડત.

થોડા દિવસ વહી ગયા અને વિશિષ્ઠા પતિનું ઘર છો-

ડીને એ ઘરની સારસાર વસ્તુઓ લઇ પિયર આવી. માતાપિતાને પોતાની રામકહાણી કહી સંભળાવી. એની કર્મકથની સાંભળીને માતાપિતાને પણ ઘણું દુઃખ થયું. છતે ધણીએ રંડાયેલી કમભાગ્યવાળી દિકરીને હૈયા સાથે દાબી એને આશ્વાસન આપ્યું અને પોતાના ઘરમાં રાખી મહાદેવની સેવાભક્તિમાં ચિત્ત પરોવવાને સમજાવ્યું. એ ભોળાનાથ–શિવ ઉપરથી વિશિષ્ઠાને શ્રદ્ધા તો ઉઠી ગયેલી; છતાં એકદમ માતાપિતાની આજ્ઞા તરછોડવી એ એને ઉચિત નહી લાગવાથી માતાપિતાનું વચન વિશિષ્ઠાએ મને કે કમને અંગીકાર કર્યું. એની ઉગતી યુવાની જોઇને માતાપિતાનું હૈયું કકળતું. શું કરે ! ફરીને વિશિષ્ઠનાં લગ્ન કરી શકાતાં હોત તો માતાપિતા એનાં લગ્ન કરી આપવાને આતુર હતાં.

પિયરમાં રહીને વિશિષ્ઠાએ ફુરસદને સમયે શિવજીની ભક્તિ કરવા માંડી, પણ એ યૌવનથી ઉદ્ધત થયેલી મનોવૃત્તિઓ વિશિષ્ઠા કાબુમાં રાખી શકી નહી. શિવની આરાધના કરતાં પણ વારંવાર મનોવિકારથી એનું ચપળ મન ઉદ્વિગ્ન રહેતું. હૃદય અશાંત બનતું, સમુદ્રમાં ડોલતા વહાણની માફક એનું ચિત્ત વાસનાઓથી ડામાડોળ થવા લાગ્યું. ગરીબ બિચારી વિશિષ્ઠા મહાદેવને વારંવાર ઓલંભા દેવા લાગી. “ અરે ભોળાનાથ ? મારે તો તમારી સેવા વ્યર્થ જ ગઇ. છતાં હજી પણ હું નાહક તમારી સેવા કરૂ છું ! આટઆટલી તમારી સેવાભકિત કરતાં પણ વાસનાઓથી હું પતિત થતી જાઉં છું. ખચીત મારે તો પૂર્વ ભવનાં કોઇ પાપ જાગ્યાં. યૌવન

વયમાં સ્ત્રીને પતિ છોડી દે અથવા તો પતિ મરી જાય એવી અભાગણી સ્ત્રીને સંસારમાં એથી બીજુ અધિકું દુઃખ શું હોય! પૂર્વના ભારે પાપ જાગ્યાં હોય ત્યારેજ સ્ત્રીને પતિ વિજોગ થાય. અરે ભોળાનાથ ? તમે તો ભોળા તે ભોળાજ રહ્યા. કહેશો ભલા કે હવે મારે પતિ વગર શું કરવું ? હૈયામાં ઉચ્છળી રહેલી વાસનાઓને કેવી રીતે રોકવી ? અરે જીવતાં છતાં હું તો મુએલી જ છું. હવે તો મૃત્યુજ આ દુઃખમાંથી શાંતિ અપાવી શકે." વિશિષ્ટા ભોળાનાથને ઘણું કહેતી, મનમાં ને મનમાં ઓળંભા દેતી, પણ ભોળાનાથ ક્યાં જવાબ આપે તેમ હતા!

જેમ જેમ મહીનાઓ:ઉપર મહીના પસાર થતા ગયા, તેમ એ વાસનાઓનું દુઃખ એને અસહ્ય લાગ્યું. એ અંતરના દુઃખના આઘાતથી વિશિષ્ઠા હંમેશાં ઉદાસ રહેતી. એ વૃત્તિઓની ચંચળતાથી મનડું જ્યાં ત્યાં ભટકવા લાગ્યું. મહાદેવના ધ્યાનમાં ઘણુંયે ચિત્ત પરોવતી, પણ એ મનડું તો કોઇ અન્ય:જગાએજ રમણ કરતું અને વિશિષ્ઠાને પોતાની પાછળ ઘસડતું" તું. દિવસ કરતાં રાત્રી દોહીલી જણાઇ. એ સંતપ્ત હૃદય પથારીમાં તરફડીયા મારતું પણ એમ તરફડતાં તે કોઇનો તાપ ગયો છે કે વિશિષ્ઠાનો જાય ! પથારીમાં ચેન ન પડતું ત્યારે આમતેમ આંટા દેતી. જુસ્સાના વેગને રોકવા પોતાના અધરોષ્ઠને કરડતી. વિલાસના વેગમાં ઉડું ઉડું થઇ રહેલી ગુલાબના પુષ્પની માફક નવપલ્લવ થયેલી નાજુક કાયાને સંયમમાં રાખવા ઘણોય પ્રયત્ન કરે. પણ લાચાર !

ન છુટકે દૃઢ આસનવાળી મહાદેવનું એકાગ્રચિત્તે ધ્યાન કરવા બેઠી. પણ ધ્યાનમાં મહાદેવને બદલે સુંદર પુરૂષોનાં ચિત્રો એની બંધ દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ થતાં. એનો પ્રેમ સંપાદન કરવાને પ્રાર્થના કરતાં. પોતે જાણે સ્વયંવરની માફક વર પસંદ કરતી હોય એમ એનું ચિત્ત એમાં લુબ્ધ થઇ જતું. ચંચળ મનને એજ ગમતું. એવી સ્થિતિમાંથી વળી બળાત્કારે મનને પાછું ખેંચી લેતી.

પ્રતિ દિવસ એનું મન એવી રીતે વિકારને વશ થતું ગયું. એની સમાધિ, શિવની ભકિત એ બધું એમાં લય થતું જણાવ્યું. એક દિવસ વ્યગ્રચિત્તે વિશિષ્ઠા પોતાના ઘરની બારી પાસે ઉભી ઉભી રસ્તા તરફ નજર કરી રહી હતી. ત્યાં નજીકમાંથી આવતા સંગીતના મનોહર સ્વરે એને ઘેલી કરી. એનું મન પરવશ થયું. એના વદન ઉપર કામદેવની લીપી લખાઇ રહી. એ કમનશીબ અબળાની લીપી અત્યારે કોઇ વાંચી શકે એવું નહોતું. કોઇ વાંચનારો શોધવા એનું મન હવે અધીરૂં થઇ રહ્યું. ઇંદ્રિયોના ચપળ ઘોડાઓ અંકુશને નહી ગણકારતાં સંસારમાં વિહરવાને ઉડું ઉડું થઇ રહ્યા હતા. ગરીબ બિચારી વિશિષ્ઠા ! એના અધઃપતનની તૈયારીઓ થવા લાગી. એમાંજ એને સ્વર્ગ ભાસ્યું. દુનીયાનું સર્વસ્વ વિલાસમાં જ સમાયું હોય એમ એને જણાયું.

એ કંઇને કંઇ બ્હાને પાડોસીઓને ત્યાં જતી. આડોસી પાડોસી સાથે વાતો કરી મનને રીઝવતી. એનાં માતાપિતા

એવી બાબતમાં વાંધો લેતાં નહી. દિકરી જેમ પ્રસન્ન રહે એમ જોવાને એ આતુર હતાં; છતાં જગતમાં આબરૂની પણ એમને ઘણી દરકાર હતી. જેથી પુત્રી ઉપર બારીક નજર રાખતાં; તથાપિ પાડોસીઓને ત્યાં બેસવા જવામાં વિશિષ્ઠાનું લક્ષ્યબિંદુ જુદું જ હતું. પોતાને યોગ્ય કોઇ ઉપવર શોધવામાં એની સાથે પ્રીતિની ગાંઠ બાંધવામાં એનું મન આતુર થઇ રહ્યું હતું.

તે છતાં એ મહાદેવની પણ સેવાભકિત કરતી. લોકો પોતાને મહાદેવની ભકતા તરીકે ગણે એમાં એને લાભ જણાયો. જેથી તે મહાદેવની ભક્તિ અધિકપણે કરવા લાગી. એની ભક્તિથી મહાદેવ રીઝ્યા–પ્રસન્ન થયા. સ્વપ્નામાં દર્શન આપી વર આપ્યો. "વિશિષ્ઠા ? તને પુત્ર થશે."

"મને પુત્ર !" વિશિષ્ઠા સ્વપ્નામાં પણ મહાદેવનો પ્રશ્ન સાંભળીને ચમકી. "મારી આબરૂનું ઠીક સત્યાનાશ વાળવા બેઠા છો તમે ? તમે જાણો છો ને હું તો ધણી વગરની છું તે ?"

"હા ! છતાં તને પુત્ર તો અવશ્ય થશે, એ સત્ય છે, તેનું નામ તું શંકર રાખજે. એ મારો ભક્ત થશે. જગતમાં સમર્થ થશે." મહાદેવે કહ્યું.

"પણ પતિ વગર તે પુત્ર શી રીતે થાય ? શું સ્ત્રીઓની એવી શક્તિ છે કે પતિ વગર પણ પુત્ર ઉત્પન્ન કરી શકે અથવા તો તમે એવું વરદાન આપો છો કે પતિ વગર પુત્ર ઉત્પન્ન થાય;" વિશિષ્ઠાએ કહ્યું.

"જે કુદરતી વસ્તુ સ્થિતિ છે એમાં ફારફેર કરવાની

તો મારી પણુ શક્તિ નથી. પણુ તારૂં મન વિકારવશ છે જેથી તું ઉપપતિને યોગ્ય છે અને એનાથી તને વિદ્વાન એવો પુત્ર થશે."

"નહી ! નહી ! તમે મારી ફજેતી ના કરો ? મને એવું વરદાન આપો કે પુત્ર નજ થાય, તોજ મારી આબરૂ સચવાય ! પતિ વગરની હું જગતમાં પુત્ર થતાં શું મોં લઇને ફરીશ. દુનીયા મારી સામે આંગળી કરશે."

"મેં વરદાન આપ્યું તે ફરે નહી, વિશિષ્ઠા ? મુંઝાઇશ નહી. લોકો તને નિંદશે નહી. તારો પુત્ર ભક્તિમાન થશે. જગતમાં મારો મોટો ઉપાસક થશે–મારા શૈવ ધર્મની વૃદ્ધિ કરશે." મહાદેવ તરતજ એમ કહીને અદૃશ્ય થઇ ગયા.

વિશિષ્ઠા પણુ ચમકીને જાગી ઉઠી. એને અતિ પશ્ચાત્તાપ થયો. "અરરર ! આ તો બહુ જ બુરૂં કહેવાય. ભવિતવ્યતા બળવાન છે. મનને નિયમમાં રાખવાને ઘણુંય મથી; પણુ વ્યર્થ. સંયમ મનને ગમતો નહી. આટલી બધી સાવધાનતા છતાં એની નજીકમાં રહેનાર એક ક્ષત્રીય યુવકની મનોહર મૂર્ત્તિ એના હૃદયમાં રમી રહી. એને જોવાને એનું હૈયું તલપતું. હૈયું એ હૈયાને જોવાને ઉછાળા મારી રહ્યું; છતાં દુનીયાની શરમ આડે આવતી. એ શરમ એને દુઃખદાયક થઈ પડી. એ યુવકના મંદ મંદ હાસ્ય કરતા મનોહર વદને એને ઘેલી કરી. જાણે યુવક એને સમજાવી રહ્યો હતો–પોતાની કરવાને અને તેને સુખી કરવાને પ્રાર્થના કરી રહ્યો હતો. બાળા પ્રેમથી એને જોતી–શરમાતી, રીસાઇ જતી. યુવક એને મનાવ-

વાનો પ્રયત્ન કરતો. પ્રેમભીના યુવકે એને પકડી એના હૃદય ઉપર વિશિષ્ઠાએ માથું નાખી દીધું. એમને એમ માનસિક આનંદ અનુભવતી યુવકના બાહુપાશમાં વિશિષ્ઠા પડી રહી.

બાળા ઝબકીને જાગી તો ખબર પડી કે એ ભ્રમણા હતી. એની નસેનસમાં ગરમ લોહી ફરવા માંડયું. એ શું થયું એની કંઇ ખબર ન પડી. લમણે હાથ દાબ્યા, આંખો ચોળી જોયું તો યુવક ક્યાં હતો! પોતે ક્યાં હતી ! એનાં અંગે અંગ ઉડીને એની પાસે જતાં હોય એમ લાગ્યું. એનું હૈયું ધબકવા લાગ્યું, પોતાનો કેળના ગર્ભ સમો કોમળ હાથ છાતી પર દાબ્યો. એ હૈયામાં ઉછળી રહેલા અવનવા ભાવોને દબાવતાનો એણે વ્યર્થ પ્રયત્ન કર્યો.

એનું ખીલેલું યૌવન એવી રીતે મસ્તી કરી રહ્યું 'તું. હૃદયનો ઝણઝણાટ વધ્યે જતો હતો. ફાલી ફુલી ગયેલા યૌવનને તો ભોગી ભ્રમર જોઈતો હતો. અધ:પતનનો એને જરા પણ ભય નહોતો. તમ થયેલા હૈયાને તો કોઇ ઠારનાર જોઇતો હતો. મહાદેવે દગ્ધ કરેલો કામદેવ દ્વેષથી એને બાળી રહ્યો હતો એ બળતા હૈયાને ઠારવા યુવક પાસે જવાને તે આતુર થઇ રહી હતી. દુન્યાની ઈજ્જત આબરૂની આજે એને પરવા નહોતી.

યુવકનું મકાન પોતાના મકાનની નજદીક હોવાથી તેમ એ બહોળા કુટુંબવાળો હોવાથી વિશિષ્ઠા એને ત્યાં આવ–જા કરતી'તી. એ આવ–જાને પરિણામે યુવક ઉપર એની દષ્ટિ ઠરી. શરૂઆતમાં એકબીજાં હસતાં, બોલતાં. એને પરિણામે

બન્નેના હૃદયમાં કોઇ છુપી પ્રેરણા થવા લાગી: એમાંથી પ્રેમ પ્રગટ થયો. એ પ્રેમમાંથી બચવા ઘણોય પ્રયત્ન કર્યો. પણ દિનપ્રતિદિન એમાં વૃદ્ધિ થતાં એક બીજાનાં હૃદય દગ્ધ થયાં. યૌવનના તોફાનથી આ પ્રેમીઓ અધ:પાતનું ભાન ભૂલી પ્રેમની મીઠી સુવાસ લેવાને અધીરાં થયાં.

આજે અધિરી બાળા વિશિષ્ઠા સંધ્યાકાળની વાટ જોતી હતી. એ સંધ્યા સમય પણ દૂરને દૂર જતો હોય એમ તેને લાગ્યું. દુનીયામાં કેટલાંક દુ:ખ સહન કરી શકાય છે તો કેટલાંક અસહ્ય થઇ પડે છે. પ્રિયના મેલાપની વાટ જોવાની વેદના અસહ્ય હોય છે. આખરે વાટ જોતાં એ સાયંકાળની વેળા પણ આવી પહોંચી. જમી પરવારીને માતા પાસેથી પાડોસીને ત્યાં બેસવાની રજા લઇને વિશિષ્ઠા પ્યારા યુવકને ભેટવાને ચાલી. આહા ? એક પાપ કરવાની પાછળ એને બીજાં કેટ-લાંક પાપ કરવાં પડતાં હતાં. એનું એને ભાન નહોતું. અત્યારે તો એનો વ્હાલો એજ એનો વિષય હતો–ધ્યાન હતું.

વિશિષ્ઠા આવી તો હૃદયના દેવનાં પ્રથમજ દર્શન થયાં. યુવકનું મુખ હસ્યું "વિશિષ્ઠા ? આવી ? ભલે આવી. આજે બધાં બહાર ગયાં છે ને હું એકજ તારી રાહ જોતો ઉભો છું."

એકાંત જોઈ વિશિષ્ઠાનું હૈયું ધબક્યું. છાતી ઉપર ધ્રુજતો હાથ નાખી એ ઉભી. જમીન ઉપર જકડાઇ ગયેલા ચરણોએ આગળ ચાલવાની ના પાડી.

"વિશિષ્ઠા ! આવો દેવદુર્લભ સમય ભાગ્યયોગેજ

આપણને મળ્યો છે. એમ શરમાયે કાંઇ ચાલશે! તારા યૌવન સામે તો જો?" હસતા મોંએ યુવક બોલ્યો.

બાળાએ બોલવાનો પ્રયત્ન કર્યો. પણ એનો કંઠ રૂંધાઇ ગયો. હૈયામાં જોસથી ધબકારા થતા જણાયા. પુષ્પધન્વા આવી અમુલ્ય ક્ષણો વ્યર્થ જવા દે એવો બેવકુફ નહોતો.

કંદર્પની મુર્ત્તિ સમો, મંદમંદ પગલાં ભરતો યુવક એની પાસે આવીને ઉભો. "ગભરાય છે શામાટે? અત્યાર સુધી આપણે મુએલાં હતાં, આજે જીવતાં થયાં." એણે પોતાના હાથ પહોળા કર્યા.

વિશિષ્ઠા ધડકતે હૈયે સ્થિર ઉભી રહી. એનું અંગ ધ્રુજી રહ્યું હતું. શરીર પરસેવાથી ભીંજાઇ ગયું હતું. શરીર ન તો પાછળ હઠતું ન તો એના હાથમાં—બાહુના બંધનમાં પડતું.

પણ ધ્રુજતી એ નાજુક દેહલતાને યુવકે આનાકાની કરતી એને બાથમાં ભીડી—ચગદી નાખી. એના બાહુપાશમાં તરફડતી—ધ્રુજતી વિશિષ્ઠા સુખનાં સ્વપ્ના અનુભવતી પડી રહી. યુવકે નીચા વળી એના ગાલ ઉપર ચુંબન લીધું.

આનંદમાં,—મદમાં,—પ્રેમના અખંડ પ્રવાહમાં વિશિષ્ઠા દેહભાન પણ ભૂલી ગઇ. એ પ્રેમ ઘેલી વિશિષ્ઠાને ઉચકી યુવક ત્યાંથી અદૃશ્ય થઇ ગયો. ત્યારથી વિશિષ્ઠાનો અધઃપાત શરૂ થયો.

તે પછી આ પ્રેમીઓની લજ્જા દૂર થઇ અને અવાર-નવાર બન્ને મલતાં. ને વાસનાઓને તૃપ્ત કરતાં. એમની

એવી પ્રેમચેષ્ટામાં કેટલોક સમય પસાર થઇ ગયો. એ ઉભયના પ્રેમનાફલરૂપે વિશિષ્ઠાએ ગર્ભ ધારણ કર્યો. જેમ જેમ ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો તેમ તેમ તેને દુનીયાની દહેશત લાગવા માંડી. લોક શું કહેશે! એમને શું જવાબ આપવો? એ માટે એ મુંઝાવા લાગી. માતાપિતાને પણ ખબર પડી ગઇ. એણે યુક્તિ ખોળી કાઢી. "પિતાજી ! માતાજી ! મહાદેવની હું સેવાભક્તિ કરતી હોવાથી મહાદેવ મારી ઉપર પ્રસન્ન થયા, મારા વદન કમલમાં પ્રવેશ કરીને મારા ઉદરમાં પુત્રરૂપ ગર્ભપણે ઉત્પન્ન થયા. એ પુત્રનું નામ પણ મહાદેવે શંકર રાખવાની મને આજ્ઞા કરી છે."

વિશિષ્ઠાની યુક્તિ આબાદ મહાદેવના પ્રભાવથી લાગુ પડી ગઈ, અને લોકોમાં મહાદેવનો મહિમા વધ્યો. ભોળા લોકો ઉલટા વિશિષ્ઠાની સેવા કરવા લાગ્યા. "ઓહો ! શી નશીબદાર વિશિષ્ઠા ! ખુદ શંકર પોતે એને પેટ અવતાર લઈ જગતનો ઉદ્ધાર કરશે." લોકો વિશિષ્ઠાને ઉલટા પૂજવા લાગ્યા. એ રીતે વિશિષ્ઠા યુક્તિથી લોકના કલંકમાંથી બચી ગઇ. તેના વ્યભિચાર ઉપર એક મોટો કાળો પડદો મહાદેવના પ્રભાવથી પડી ગયો. હવે એના હર્ષમાં તે શું ખામી રહે ? પતિથી જે સુખ મેલવી શકાય એ સુખ ઉપપતિથી મેળવવાને ભાગ્યશાળી થઇ. સાથે સાથે એક સમર્થ પુત્રની માતા પણ થઇ. છતાં દુનીયાની દૃષ્ટિએ તો વિશિષ્ઠા ખુદ શંકર ભગવાનની માતા તરીકે પ્રગટ થઇ. વાહ દુનીયા ?

પૂર્ણમાસે વિશિષ્ઠાને પુત્ર અવતર્યો. વિક્રમ સંવત

૮૦૫ ની સાલમાં આ પુત્રનો જન્મ થયો. મહાદેવના વરદાનથી પુત્રનું નામ પણ શંકર રાખવામાં આવ્યું. વિશિષ્ઠા શંકરને અનેક પ્રકારે લાડ લડાવતી, રમાડતી અને હુલરાવતી. ખુદ મહાદેવનો અવતાર સમજવાથી બીજી સ્ત્રીઓ પણ એને રમાડતી અને એના દર્શને આવતી. આવા સુંદર પુત્રની માતા થવાથી વિશિષ્ઠાને ચારે કોરથી શિરપાવમાં ધન્યવાદ મળતો.

શંકર પાંચ વર્ષનો થયો એટલે ગુરૂની પાસે વિદ્યાભ્યાસ કરવાને એની માતાએ મુક્યો. તીવ્ર બુદ્ધિનો હોવાથી શાસ્ત્ર શીખતાં એને ઝાઝી વાર લાગી નહી. બાલ્યાવસ્થામાંથી એનાં પરાક્રમ પ્રગટ થવાથી એના ભવિષ્ય માટે સર્વને સારી આશા બંધાણી.

# પ્રકરણ ૨૩ મું.

## કનોજમાં.

રાજપ્રધાનો સાથે બપ્પભટ્ટસૂરિજી ગોપગિરિના ઉપવનમાં ઉતર્યા. ત્યાંના રક્ષકે આમરાજાને વધામણી આપવાથી રાજાએ એને સારી બક્ષીસ આપીને નવાજ્યો. રાજા પૂર્વ કરતાં પણ અધિક મહોત્સવપૂર્વક સૂરિજીને નગરમાં લઇ ગયો. રાજમહેલમાં જઈને સૂરિએ અંતરના તાપને નાશ કરનારી દેશના આપી. "હે રાજન્? પોતાનું કલ્યાણ ઇચ્છતા મનુષ્યે ધર્મઆરાધન કરવામાં તત્પર રહેવું જોઇએ. નિરાધાર

જનોને આધારભૂત અને પરમપદ જે મોક્ષ એ પણ ધર્મ થકી જ પ્રાપ્ત થઇ શકે. એમાં જે દાન છે તે પોતાને અને પરને કલ્યાણકારી છે. સાતક્ષેત્રને વિષે કરેલું દાન ઉત્તમ ફલને દેનારૂં ગણાય. ૧ જીનમંદિર, ૨ જીનબિંબ, ૩ જ્ઞાન, ૪ સાધુ, ૫ સાધ્વી, ૬ શ્રાવક, અને શ્રાવિકા એ સાતે ક્ષેત્રોમાં વાવેલું દાન ભાવના પ્રમાણે ફલને આપનારૂં સમજવું. એમાં સર્વેનો આધાર જીનમંદિર ગણાય. જે પુરૂષોને લક્ષ્મીની સાર્થકયતા કરવી હોય એ પુરૂષોને તો આજના કાળમાં જીનમંદિર બંધાવીને ભવસાગર તરવું જોઇએ કે જે જીનમંદિરના પ્રભાવથી ભવ્ય પ્રાણીઓ સદ્‌ગતિની પ્રાપ્તિ કરે. તમને પણ આજે સર્વે સામગ્રી અનુકુલ હોવાથી જીનમંદિરનો લાભ તમારે અવશ્ય લેવો જોઇએ." ગુરૂનો ઉપદેશ સાંભળીને આમરાજાએ મંદિર બંધાવવાનું નક્કી કર્યું.

પોતાના નગરમાં રાજાએ શુભ મુહૂર્ત્તે એકસો હાથ ઉચ્ચ પ્રમાણવાળું જીનમંદિર બંધાવવાનું શરૂ કર્યું. કેટલેક દિવસે એ મંદિર બંધાઇને તૈયાર થતાં તેમાં **અઢારભાર** સુવર્ણ પ્રમાણે શ્રી વર્ધમાન સ્વામીની પ્રતિમા ભરાવીને બપ્પભટ્ટસૂરિના હસ્તક શુભ મુહૂર્ત્તે પ્રતિષ્ઠા કરાવી. એ મંદિરની રોનક, શોભા, એનું ઉન્નતપણું ને સૌંદર્ય અલૌકિક હતાં. વિશ્વકર્માના જેવા ઉત્તમ કારિગરો બોલાવીને રાજાએ મંદિર તૈયાર કરાવ્યું. એ ચૈત્યનો મૂળ મંડપ તૈયાર કરતાં સવાલાખ સોનૈયા રાજાએ ખર્ચ્યા. તો આખા મંદિરના ખર્ચની તો વાત શી ?

રાજાએ ગોપગિરિના પર્વત ઉપર બીજું ૨૩ ત્રેવીશ

હાથ ઉંચું જીનમંદિર બંધાવી એમાં પણ મહાવીર પ્રભુની સ્થાપના કરી. કનોજરાજ પ્રતિદિવસ હાથી ઉપર બેસીને ઋદ્ધિ સમેત મહાવીર સ્વામીને પૂજવા જતો હતો. એથી કનોજરાજના માન્ય બ્રાહ્મણ પંડિતોને ઈર્ષ્યા ઉત્પન્ન થઇ. તેમજ બીજા ગાઢ શૈવધર્મી પુરૂષોના હૃદયમાં મત્સર પેદા થયો. રાજાયે તો એ લોકોની પરવા ન કરતાં બપ્પભટ્ટીજીનું ગૌરવ વધારી જૈન ધર્મની ઉન્નત્તિ કરી. સાતે ક્ષેત્ર સિવાય દાનથી સર્વ લોકોને પણ એણે સંતુષ્ટ કર્યા.

સૂરિ ઉપરની પૂજ્ય બુદ્ધિને કારણે એમને બેસવાને રાજસભામાં મહા મૂલ્યવાળું સિંહાસન મંડાવ્યું. એ જોઇને ક્રોધથી બળતા બ્રાહ્મણોએ રાજાને વિનંતિ કરી. " હે દેવ! આ તો શ્વેતાંબર કહેવાય. એવા શુદ્રને આવા સિંહાસન ઉપર બેસાડી એને અપવિત્ર ન કરાવાય. " એવી રીતે બ્રાહ્મણો રાજાના કાનમાં વિષ રેડવા લાગ્યા.

" અરે પંડિતો ? એ ત્યાગની મૂર્ત્તિ છે. એનાં દર્શનથી આપણાં પાપ નાશ થાય. એવા જાગતા દેવની ભકિત કરીને આપણે આપણા આત્માને તારવો જોઇએ. તમે શા માટે વિના કારણે બળી મરો છો ? એ સાધુનો ત્યાગ—વૈરાગ્ય તો જુઓ ? "

રાજાના વચનની દ્વેષી બ્રાહ્મણોને શી અસર થાય એમણે તો પોતાનો હઠવાદ ચાલુ રાખ્યો. "દેવ ? એ તો નાસ્તિક કહેવાય ? જૈનો ઇશ્વરને માનતા નથી. છતાં એવા નાસ્તિકોને આપે આશ્રય આપ્યો એ શું ઠીક કર્યું કહેવાય ? "

" એ નાસ્તિક છે કે આસ્તિક એ કાંઇ તમારા કહેવાથી ન માની લેવાય. જો એ નાસ્તિક હોય તો એમની આગળ વાદ કરીને તમારૂં ઇશ્વરપણું સાબીત કરી બતાવો ? તમારી વિદ્વત્તાથી તમો એમને હરાવો ? " રાજાએ કહ્યું.

રાજાનો જુવાબ સાંભળ્યા છતાં અણુસાંભળ્યો કરી એ મણે કહ્યું. " મહારાજ ! વાદ કરવાથી શું ? વાદ કરવામાં તો જે બુદ્ધિવંત હોય એ જીતી જાય ને સાચો હારી જાય. વાદ એ તો વિતંડાવાદ કહેવાય. "

" તમારામાં તમારો મત તો સ્થાપન કરવાની તાકાદ નથી. એ બાળ સાધુ આગળ પણ તમારી જીભ હાલતી નથી. તો પછી દ્વેષથી શા માટે સળગો છો." રાજાએ બરાબર ડાંભ્યા.

" દેવ ! અમે આપને સત્ય કહીએ છીએ. આપની ઇચ્છા હશે તો અમે વાદમાં એને અમારો ચમત્કાર કોઇ વખત બતાવશું. પણ એવા શુદ્રોનો આપે પરિચય કરવો એ શું લાજમ છે કે ? "

" એ શુદ્રો કેવી રીતે વારૂ ? " રાજાએ પૂછયું.

"શરીરે મેલા, મલીનવસ્ત્રોવાળા, કોઇ દિવસે સ્નાન પણ નહિ કરનારા એવા એ શ્વેતાંબર મુનિઓ શુદ્રજ કહેવાય. વળી દાતણ કરી મુખશુદ્ધિ પણ એ લોકો કરતા નથી. મહારાજ ! શુદ્રો પણ એમનાથી સારા તો કહેવાય."

બ્રાહ્મણો રાજાને આ રીતે હમેશ સમજાવતા હોવાથી તેમજ સિંહાસન જોઇ બળતા હોવાથી રાજાએ એક દિવસે

સિંહાસન ભંડારમાં મુકાવ્યું. બીજા દિવસે સૂરિ રાજસભામાં આવ્યા, ત્યારે અમૂલ્ય સિંહાસન એમના જોવામાં આવ્યું નહિ. જેથી એ બધી બાબત કળી ગયા. એમણે રાજાને ઉપદેશ કર્યો. “હે રાજન્ ! જગતમાં માન એ પ્રાણીઓનો મોટામાં મોટો શત્રુ કહેવાય. એવા માનરૂપી હાથીના દર્પનું મર્દન કર ! વિજયરૂપી શરીરનો નાશ કરનારા સર્પને બંધીવાન કર ? કારણ કે એમનાથી સમર્થ પુરૂષો પણ ક્ષીણ થઇ ગયા. જગતમાં એકજ અદ્વિતીય વીર એવો દશાનન પણ અભિમાનથી ક્ષીણ થઈ ગયો. મહાસમર્થ દુર્યોધન પણ માનથી હતો ન હતો થઇ ગયો. માટે હે ઉત્તમ રાજહંસ ! કાગડાંના ટોળામાં રહીને તું તારૂં હંસપણું તજતો ના ! તારે તો માનસરોવરને કાંઠે સાચા મોતીનો ચારો ચરવાનો હોય, હે મૌકિતક ! તારા ઉત્તમ પાણીને લજવતો ના ! રાહુથી ગ્રસાયેલ ચંદ્ર પણ જગતને તો આનંદ આપનારજ હોય. વાદળથી ઘેરાયેલા સૂર્યને શું શ્યામતા લાગે ખરી ? ”

સૂરિનાં આવાં વચન સાંભળીને રાજાએ શરમાઇ જઈ મૂળ સિંહાસન ભંડારમાંથી પાછું મંગાવ્યું અને અપરાધની ક્ષમા માગી. મુષકનો (ઉંદરનો) ધંધો કરનારા બ્રાહ્મણોનાં મુખ એથી શ્યામ થઇ ગયાં. ગમે એવા ગજેંદ્રો પણ શું કેસરી સામે ગર્જના કરી શકે ખરા કે ? એ શ્યામતાથી છવાયેલાં બ્રાહ્મણોનાં વદન અધોમુખ થઇ ગયાં.

એક દિવસ રાજાએ સૂરિની વિદ્વત્તાથી પ્રસન્ન થઈને ગુરૂસેવામાં સવાકોટી સુવર્ણ આપ્યું. નિઃસ્પૃહ એવા ગુરૂએ એ

દ્રવ્ય પોતાને અસ્પૃશ્ય હોવાથી શ્રાવકો માર્ફતે જીર્ણોદ્ધારના કાર્યમાં વપરાવ્યું. ધર્મનું ગૌરવ વધાર્યું. સૂરિની વિદ્વત્તાથી રાજા એમની ઉપર પ્રસન્ન રહેતો, જેથી દ્વેષી બ્રાહ્મણો એમનાં છિદ્ર શોધવા લાગ્યા. એમને કેમ દેશવટો મળે ? તે માટે ઉપાય શોધવા લાગ્યા.

*રાજાના દિવસો એ રીતે ગુરૂના સહવાસમાં સુખે વ્યતીત થવા લાગ્યા. ને આમ રાજાનું હૃદય જૈનના ઉંડા તત્વોથી* રંગાતું જતું હતું.

બ્રાહ્મણ પંડિતોને લાગ્યું કે રાજા સૂરિના સહવાસથી જૈન થઇ જશે તો આપણી રોજી પડી ભાંગશે. કાંતો આપણે જૈનધર્મ અંગીકાર કરવો પડશે. માટે કોઇ રીતે આ સાધુનું કાસળ કાઢવું જોઇએ. ને રાજાને સમજાવી વેદાંતમાં એની શ્રદ્ધા દૃઢ કરવી જોઇએ. અવસર મેળવીને રાજાને બ્રાહ્મણો સમજાવવા લાગ્યા. પોતાના વેદાંતમતનું રાજા આગળ પ્રતિપાદન કરવા લાગ્યા. "મહારાજ ! દુનીયામાં પ્રાચીનમાં પ્રાચીન જુઓ તો આપણા વેદો છે. બાકી બીજાં દર્શનો તો તે પછી નીકળ્યાં છે. બ્રહ્માજીએ જ્યારે સૃષ્ટિ રચી ત્યારે મનુષ્યોના હિતને માટે વેદો પણ એમણે ઉત્પન્ન કર્યા ?"

"વેદો બ્રહ્માએ ઉત્પન્ન કર્યાં ? ત્યારે વેદના બનાવનાર તો કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજી કહેવાય છે તે શું ખોટું ?" રાજાએ પૂછ્યું.

"તે પણ ખરૂં છે દેવ ? વ્યાસજીએ તો દરેક બ્રાહ્મણો

અને રૂષીઓ પાસેથી શ્રુતિઓ એકઠી કરીને ચાર વેદોરૂપે ગુંથણી કરી. બીજા દર્શનો ઘણાખરાં તો એમાંથીજ નીકળ્યાં છે. તેમાંય આ જૈનદર્શન તો હમણાંજ છેલ્લામાં છેલ્લું પ્રગટ થયુ." એક પંડિતે કહ્યું.

"તમે કેમ જાણ્યું કે હમણાંજ એ દર્શન પ્રગટ થયું ?" રાજાએ પૂછયું.

"અમારા વેદાંત મતના મુખ્ય આચાર્ય કુમારિલભટ્ટે ચોખું ને ચટ્ટ બતાવી આપ્યું છે. એ જૈનોનાં કેટલાંક અયોગ્ય મંતવ્યનું એમણે ખંડન પણ કર્યું છે. જૈનો સાચા હોય તો એમને જવાબ દેવા કેમ બહાર આવતા નથી. વિદ્વત્તા હોય તો કેમ બતાવતા નથી."

એટલામાં બપ્પભટ્ટસૂરિ આવ્યા અને એમના તેજને સહન નહી કરનારા પંડિતો ચૂપ થઇ ગયા. સૂરિજી એથી કંઇક ભેદ કળી ગયા. "રાજન્ ! શું હકીકત છે ?"

"અમારા પંડિતો કહે છે કે તમારૂં જૈન દર્શન તો હમણાં શરૂ થયું છે. એમના કુમારિલભટ્ટે એ દર્શનનું ખંડન કર્યું છે. આપ એ સંબંધી કેમ કાંઇ બચાવ કરતા નથી ?"

"અમારૂં દર્શન મહાવીરથી શરૂ થયું છે એવું પ્રતિપાદન કરનાર પંડિત મારી સામે આવે. હું એમને બતાવી આપવા તૈયાર છું કે પહેલાં જૈનદર્શન કે વેદાંત ?"

રાજાએ પંડિતોને પડકાર્યા. પણ કોઈ પંડિત બોલેલું

સિદ્ધ કરવાને ઉભો થયો નહી. રાજાએ જાણ્યું કે એ પંડિતો સૂરિ આગળ નિસ્તેજ અને નિર્માલ્ય હતા.

"રાજન્ ? ભલે એ પંડિતોને પોતાનું વચન સિદ્ધ કરવાની શક્તિ ન હોય તો હરકત નહી. એમને કહો કે જૈન મતનું ખંડન કરનારા એમના આચાર્ય કુમારિલભટ્ટને બોલાવે. એમની સાથે વાદ કરી અમારૂં જૈન દર્શન અનાદિ છે એ સિદ્ધ કરવાને હુ તૈયાર છું."

ગુરૂની વાણી સાંભળીને રાજાએ પંડિતોને જણાવ્યું કે "તમે તમારા આચાર્ય કુમારિલભટ્ટને તેડાવો ! મોટી સભામાં કુમારિલ અને સૂરિનો વાદ થતાં સત્ય હશે એ જણાઈ આવશે."

બ્રાહ્મણોએ પણ રાજાનું વચન માન્ય કરીને કુમારિલને બોલાવવાનું બીડું ઝડપીને તરતમાં આવનારી આફતને એ રીતે ખોરંબે નાંખી.

# પ્રકરણ ૨૪ મું

## વિનોદમાં વિક્ષેપ.

એક દિવસ રાજાએ પ્રભાતના સમયમાં જાગૃત થયેલી પોતાની પ્રાણવલ્લભાને મ્લાન મુખવાળી જોઇ. જેથી એણે અર્દ્ધી ગાથા એ સંબંધી જોડી કાઢી.

' अज्जवि सा परितप्पइ कमलमुही अत्तणो पमाएण । '

**ભાવાર્થ**—' પોતાના પ્રમાદથકી એ કમલમુખી હજી પણ પરિતાપ પામે છે. '

રાજા સભામાં એ અર્ધ ગાથા વારંવાર બોલવા લાગ્યો. રાજપંડિતોને એ ગાથા સાથે બંધબેસનારી ઉતરાર્દ્ધ ગાથા જોડવાને કહ્યું, પંડિતો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે ઉત્તરાર્ધનું પદ કહેવા લાગ્યા. પણ રાજાના હૃદયમાં ઉતર્યાં નહી. જ્યારે બપ્પભટ્ટજી આવ્યા, ત્યારે પણ રાજાએ આ પદ બોલીને એમને એનું ઉતરાર્ધપદ બોલવાને કહ્યું. સૂરિજી કેવી રીતે પાદપૂર્ત્તિ કરે છે એ સાંભળવાને બધા પંડિત આતુર થઈ રહ્યા.

" રાજન્ ! આ પદ તો શ્રૃંગારના ભાવોથી ભરેલું કહેવાય. એનું ઉત્તરાર્ધ પદ પણ એવાજ ભાવોથી ભરેલું હોવું જોઇએ, પણ આવા શ્રૃંગારિક વિષયમાં અમારે સાધુએ કાંઇ કહેવું એના કરતાં મૌન રહેવું એજ ઉચિત કહેવાય. "

સૂરિનું વચન સાંભળીને રાજાએ કહ્યું. " ભગવન્ ! આનું ઉત્તરાર્ધ પદ મારા પંડિતોએ કહ્યું પણ એ બરાબર બંધબેસ્તુ આવતું નથી, તો આપ પણ કહો ? કે જેથી મારા પંડિતો પણ જાણી શકે કે દુનીયાતો રત્નોથી ભરેલી છે. ઈર્ષ્યા કરવાથી શું ઈષ્ટ સિદ્ધિ થયેલી છે ? "

" તમારો અતિ આગ્રહ છે કે એનું ઉત્તરાર્દ્ધ મારે સંભળાવવું ત્યારે સાંભળો:—

' पढमवि वुहेण तए जीसे पच्छाइअं अंगं '

**ભાવાર્થ**—"પ્રમાદના વશથી પોતાનાથી સ્વામી વહેલા જાગ્યા અને પોતાનાં ખુલ્લાં ગુહ્ય અંગો સ્વામીએ ઢાંકયાં, એથી એ કમલમુખીને દુઃખ થયું. તેથીજ એનું મુખ શ્યામ થયું."

ગુરૂ મહારાજાએ જે વાત કહી તેજ વાત રાજાના મનમાં હોવાથી રાજા ચમત્કાર પામ્યો. જાણે ગુરૂ પોતાની વાત જાણી ગયાજ ન હોય જેથી રાજાને કંઈક લજ્જા પણ આવી.

એ વાતને વળી થોડા દિવસો વહી ગયા. રાજાના દિવસો એવા વિનોદમાં પાણીના પ્રવાહના માફક પસાર થતા હતા, રાજાની પાદપૂર્ત્તિ એના કોઈ પણ પંડિતો પૂર્ણ કરવાને સમર્થ નહોતા, પણ સરસ્વતીના પ્રભાવથી સૂરિ રાજાનો મનોભાવ સમજી એના મનમાં જે મતલબ હોય તેવીજ રહસ્યમય પાદપૂર્ત્તિ કરી રાજાના મનનું સમાધાન કરતા. એમની વિદ્વત્તાથી મિત્રો ખુશી થતા. શત્રુઓના હૃદયમાં દ્વેષનો વધારો થતો હતો. કેટલાક સરળસ્વભાવી શત્રુઓ પણ એમની વિદ્વત્તાથી અંજાઈ એમની તરફ પૂજ્ય બુદ્ધિવાળા થયા હતા.

સૂરિની આવી શૃંગારમય પાદપૂર્ત્તિ સાંભળીને બધા હર્ષ પામ્યા. વિરોધી બ્રાહ્મણ પંડિતોને ગુરૂના છિદ્ર જોવાનું કારણ મળ્યું.

એકાંત સમય મેલવીને રાજાને વિરોધી બ્રાહ્મણોએ સમજાવ્યો કે "જોયું દેવ! તમારા ગુરૂએ પાદપૂર્ત્તિ કરી તે! આપની ગુહ્યમાં ગુહ્ય વાત પણ એ કેવી રીતે જાણી શકયા ?"

રાજા વિચારમાં પડયો. એણે મોટો નિઃશ્વાસ નાખ્યો.

મનમાં અનેક પ્રકારે શંકા થવા લાગી. "મને નથી સમજાતું કે ગુરૂમહારાજ મારી ખાનગી વાત કેવી રીતે જાણી શકે છે!"

"દેવ! ખરી હકીકત કહેતાં અમારી જીભ ચાલતી નથી, પણ શું કરીયે? સત્ય વસ્તુ આપને કહ્યા વગર આપ શી રીતે સમજી શકો." પંડિતે કહ્યું.

રાજાએ પૂછયું. "વારૂ, ભલા તે માટે તમે શું ધારો છો?"

"આપનું અંતઃપુર આપના ગુરૂએ ફોડયું છે. એનુંજ આ પ્રત્યક્ષ પરિણામ?"

"મને પણ એમજ લાગે છે. નહીતર મારી ગુહ્ય વાત શી રીતે એ જાણી શકે?" રાજાનો વહેમ પણ દૃઢ થયો. "હવે શું કરવું, ત્યારે!"

"એમનો પરિચય આપે ઓછો કરવો, રાજદરબારમાં આવતા બંધ કરવા, એવો ઉપાય કરવો કે જેથી એ પોતેજ આપને છોડીને ચાલ્યા જાય, મીઠાશથી કામ કાઢી લેવાનું હોય ત્યાં કડવાશ ઉભી કરવી એ પાંડિત્ય ન કહેવાય!"

"તમારૂં કથન સત્ય છે. આવાં છિદ્રોને પ્રગટ કરનારા પુરૂષોથી સર્યું. એથી તો લાભને બદલ ઉલટી હાની થવા સંભવ રહે?"

"અમે તો આપને પહેલેથીજ કહેતા હતા કે આ નાસ્તિક–શુદ્રનો આપ સહવાસ ન વધારશો? એ સહવાસના પરિણામ સારાં તો નજ હોય. અમે તો પ્રથમથીજ સમજતા

હતા. કે રાજાજી અમારૂં કહેવું સાંભળશે નહી, પણ એ તો ઠોકર વાગે ત્યારેજ સમજણ આવે ? ”

“ હવે મારી બંધ આંખ આજે ખુલી ગઇ છે. આજ સુધી હું એમના સ્નેહમાં કંઇ સમજતો નહોતો, પણ હવે સમજાયું કે મારા અંતઃપુરમાં પણ એમનો સંચાર છે. નહીંતર આવી વાત ક્યાંથી જાણે ? ” રાજાએ જણાવ્યું.

“અને વળી ભરી રાજસભામાં તમારી ગુહ્ય વાત પ્રગટ કરતાં જરાય લાજ શરમ પણ તેને ન આવી.” એક પંડિત બોલ્યો.

બીજાએ એમાં ઉમેર્યું. “અરે સાધુ થયો છતાં વિવેકનો તો છાંટો પણ નથી. કે આવી ગુપ્ત વાત ભર સભામાં થાય કે નહી ? ”

“ એને કોઈની પરવા જ ક્યાં છે ? એતો જાણે છે કે રાજા મારા હાથનું રમકડું છે. હું જેમ નચાવું તેમ નાચે છે, પણ મહારાજને ઇશ્વરે બુદ્ધિ આપી છે. એ બંધુય સમજે છે ! ” ત્રીજાએ ઉમેર્યું.

“ના કેમ સમજે ! એમને તો આખું રાજતંત્ર ચલવવું છે. એ સેવડાની હાએ હા કહ્યે એમને ના પાલવે. એજ વિવેક કે જે ખરા–ખોટાનો ખ્યાલ કરે ! જરાય પક્ષપાત ન કરે ? ” એકે મહારાજને મોટા મોંયે ચડાવી મસ્કો લગાડયો.

બ્રાહ્મણોએ માખણ લગાડવામાં જરાય કચાસ ન રાખી.

જરાતરામાં મહારાજનું મન એમણે ઉશ્કેરી સૂરિને અહીંયાથી કાઢવાની પેરવી કરી. સૂરિ ઉપર ચીડાયેલા તેઓ ઘણા વખતથી આવા અનુકુળ સમયની વાટ જોતા હતા. આજે અનાયાસે હાથ આવેલી તક જવાદે એવા એ પંડિતો બેવકુફ તો નહોતાજ ! આ અણમોલ તકનો ઉપયોગ એમણે બરાબર રીતે કર્યો. મહારાજ અને સૂરિ વચ્ચેની જે મિત્ર ગાંઠ—સ્નેહબંધન હતું. એને ઉલટાવી દ્વેષના રૂપમાં પલટાવી નાખ્યું. એ રીતે ઘણા દિવસોથી ધારી રાખેલું કાર્ય આજે પાર ઉતાર્યું. ને આખરે એ ભયંકરમંડલ વિખરાયું.

ગમે તેમ પણ તેજ દિવસે આ કારસ્તાનની બપ્પભટ્ટ-સૂરિજીને તરત ખબર પડી ગઇ. રાજાના મનની વાત પાદપૂર્તિ કરીને કહી એથી રાજાએ એનો અવળો અર્થ કર્યો. અને પંડિતોએ આ તકનો લાભ લઇ રાજાને ઉશ્કેરી મુક્યો. એમણે વિચાર કર્યો. "હશે, જે થતું હશે તે સારાને માટે! પણ અત્યારે તો વિદ્યાગુણ પણ મારે દોષનું કારણ થયો. જલના તરંગો અને વાનરનું ચાપલ્ય કદાચ માનો કે રોકી શકાય, પણ રાજાઓના ચિત્તની ચપળતા રોકવી અશક્ય કહેવાય. કાચા કાનના રાજાઓને નામનાજ કાન હોય, પોતાની બુદ્ધિથી વિચાર કરવા કરતાં અડખે પડખે રહેલા ખુશામતીખોરોના કહેવા પ્રમાણે જ ચાલનારા હોય. રાજાની અપ્રીતિ થઈ માટે અહીયાં રહેવું હવે વ્યાજબી નથી. દ્વેષી બ્રાહ્મણો ક્યારે રાજા પાસે શું કરાવશે એ કેમ કહી શકાય."

રાત્રીએ ત્યાંના સંઘની પણ રજા લીધા વગર પ્રાતઃકાલે રાજદ્વાર ઉપર એક ઉપદેશ સ્વરૂપ કાવ્ય લખીને સૂરિ પોતાના પારવાર સાથે નગર બહાર નીકળી વિહાર કરી ગયા.

વિહાર કરતા કરતા સૂરિ ભવ્યજનોને પ્રતિબોધ કરતાં ગૌડ દેશમાં ગયા, એક દિવસ ગૌડ દેશની રાજધાની લક્ષણાવતી નગરીની બહારના ઉદ્યાનમાં સૂરિ પરિવાર સહિત આવી પહોંચ્યા. આ નગરીમાં આમરાજાનો પ્રતિસ્પર્ધી ધર્મરાજા રાજ્ય કરતો હતો. એ રાજાની સભામાં વાક્પતિ નામનો પંડિત વિદ્વાનોને વિષે મુગટ મણિસમો કવિરાજ તરીકે પ્રસિદ્ધ હતો. એ ચુસ્ત શૈવધર્મનો ઉપાસક હતો. પોતાના ધર્મની શ્રદ્ધા એની એવી તો અચળ હતી કે કોઇ એને ચળાવી શકે તેમ નહોતું. છતાં અન્ય બ્રાહ્મણોની માફક પોતે બ્રાહ્મણ છતાં ઇર્ષ્યાળુ નહોતો. એણે બપ્પભટ્ટસૂરિની વિદ્વત્તા સાંભળી હતી. પોતે પણ કવિ અને ગુણજ્ઞ હોવાથી આવા અલૌકિક વિદ્વાનોના પરિચયનો તે ઉત્સુક હતો. નગરની બહાર બપ્પભટ્ટસૂરિ પધારેલા સાંભળી મેઘને જોઇને જેમ મયૂર હર્ષ પામે તેમ એને અતિ આનંદ થયો. કવિરાજે ગૌડરાજને વિનંતિ કરી કે “ આપણા નગરની બહાર કનોજરાજના ગુરૂ બપ્પભટ્ટસૂરિજી પધાર્યા છે. એ કનોજરાજના ધર્મગુરૂ આપને પણ પરિચય કરવા યોગ્ય છે. એ સરસ્વતીના પુત્રને સાક્ષાત સરસ્વતી પ્રસન્ન થયેલી છે. એમ મેં પરંપરાયે સાંભળ્યું છે તે ખોટું ન હોય. હે પ્રભો ? માનો કે આપના પુણ્યબળે જ

ખેંચાઇને તે આજે અહીંયાં પધાર્યા છે. માટે આપ શ્રીમાન એમનો પ્રવેશ મહોત્સવ કરાવો ? ”

કવિરાજ વાકપતિના આ વચન સાંભળી ગૌડરાજે કહ્યું. “ કવિરાજ ? આમરાજ આપણો શત્રુ છે. એના ગુરૂ અહીં આવે એતો નવાઇ ! શામાટે આવતા હશે ? એ માટે આપ શી કલ્પના કરો છો ! ”

“ કલ્પના શી ? રાજન્ ! એતો જૈન સાધુઓમાં પણ શિરોમણિ-ત્યાગી પુરૂષ છે. એવા પુરૂષપુંગવમાં દોષની સંભાવના કરવી એ પણ આપણી પાપબુદ્ધિ કહેવાય. રાજન મને લાગે છે કે એ સરસ્વતીપુત્રને કનોજરાજે દુહવ્યા હશે. તેથીજ તેઓ ફરતા ફરતા અહીં આવ્યા હશે. ત્યાગીઓને સંસારીયોની પરવા ઓછીજ હોય. ” કવિરાજે ગૌડરાજના મનનું સમાધાન કર્યું.

“ કવિરાજ ? એ ગુરૂ આપણી પાસે રહીને આપણને ધર્મોપદેશ તો આપશે ખરાને ? તમે ગુરૂને મલી આવો પછી પ્રવેશ મહોત્સવ કરીયે ? ”

ગૌડરાજનાં વચન સાંભળી કવિરાજ સૂરિના દર્શને ગયો. એણે પાછા ગૌડરાજ પાસે આવી સર્વ હકીકત જણાવી. ગૌડરાજે કનોજરાજ કરતાં સહસ્ર ગણો અધિક પ્રવેશ મહોત્સવ કરી સૂરિને નગરમાં લાવ્યા. રાજમહેલની નજીકમાંજ ગુરૂને રહેવાની જગ્યા આપી. જૈનધર્મનો પ્રભાવ વધાર્યો. રાજાએ કવિઓને, બ્રાહ્મણોને તથા ગરીબોને દાન આપી

સંતુષ્ટ કર્યા. રાજાને ધર્મોપદેશ કરતાં, રાજસભામાં અવનવાં કાવ્યોથી વાણીવિનોદ કરતાં સૂરિ સુખપૂર્વક કાળ નિર્ગમન કરવા લાગ્યા.

# પ્રકરણ ૨૫ મું.

## પશ્ચાત્તાપ.

यामः स्वस्ति तवास्तु रोहणगिरे मत्तः स्थितिः प्रच्युता
वर्त्तिष्यन्त इमे कथं कथमिति स्वप्नेऽपि मैवं कृथाः ।
श्रीमंस्ते मणयो वयं यदि भवल्लब्ध प्रतिष्ठास्तदा
ते श्रृंगार परायणाः क्षितिभुजो मौलीकरिष्यंति नः ॥ १ ॥

**ભાવાર્થ**—"અમે જઇએ છીએ. તારૂં કલ્યાણ થાઓ. હે રોહણગિરિ! તું મનમાં પણ એમ ન લાવીશ કે મારાથી અલગ થતાં આ હવે કયાં જઇને રહેશે–એમનું શું થશે? તારાથી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાયેલ મણિયો જેવા અમે, એને શ્રૃંગાર પરાયણ અનેક રાજાઓ પોતાને માથે ધારણ કરશે જ?"

બીજે દિવસે પ્રભાતમાં આમરાજા જ્યારે રાજદરબારમાં આવ્યો ત્યારે સૂરિ આવ્યા નહી. કેમ આવ્યા નહી તેની તપાસ કરાવતાં ખબર પડી કે સૂરિ વિહાર કરી ગયા હતા. આ સાંભળીને રાજા વિલખો થઇ ગયો. એ બાલમિત્રનો સ્નેહ યાદ

આવતાં પારાવાર પશ્ચાત્તાપ થયો. સેવકદ્વારા ખબર પડવાથી રાજદ્વાર ઉપર 'અમે જઈએ છીએ' એ ભાવાર્થવાળુ કાવ્ય વાંચી એને ખાતરી થઇ કે ગુરૂ અહીંથી વિહાર કરી ગયા.

શોકથી વિહ્વલ થયેલો રાજા અન્ત:પુરમાં ગયો "અરે મેં નકામો એમને માટે ખોટો અભિપ્રાય બાંધ્યો, આવા ત્યાગી પુરૂષ–પુરૂષ પુંગવ માટે હલકો મત બાંધી મારા આત્માને મેં ભ્રષ્ટ કર્યો. મારા ઉપર ઉપકાર કરવાની ખાતર સ્નેહને લઇને મારી પાસે એ શત્રુઓની મધ્યમાં રહેતા હતા. પણ મેં મુર્ખાએ વગર વિચારે હાથમાં આવેલું અમોઘ ચિંતામણીરત્ન ફેંકી દીધું. મારા દુષ્ટ બ્રાહ્મણ પંડિતોએ મારી મતિ ફેરવી દીધી. મુત્રકની માફક પરનાં છિદ્રજ શોધનારા એવા છિદ્રાન્વેષી પુરૂષોને ધિક્કાર થાઓ ? આવા મોટા પંઠિતો છતાં ઇર્ષ્યાની આગમાં એમનું પાંડીત્ય બળી ગયું, એમની બુદ્ધિ મલીન થઈ ગઇ. ખરી વાત છે કે જ્યારે ને ત્યારે એ બ્રાહ્મણો જૈનોના ઉત્કર્ષથી બળતાજ આવ્યા છે. તેથીજ એ નાસ્તિક, ક્ષુદ્ર આદિ વિશેષણોથી વધાવે છે, પણ ખરી રીતે જોતાં શુદ્રોનું કામ કરનારા તો તે પોતેજ છે." રાજાને આમ ચિંતાતુર જોઇ કમલાને કાંઇક આશ્ચર્ય થયું.

"દેવ! આજે કાંઇ ચિંતામાં?" પાસે આવી ખભા ઉપર સ્નેહ ભર્યો હાથ મુકી બહુજ મીઠાસથી રાજાને પૂછયું.

કનોજરાજનું ચિત્ત ચિંતાથી વ્યગ્ર હતું. એ પ્રતાપી વદનઉપર ગ્લાનિ છવાઇ હતી. શોકના આવેગમાં એમને બીજું

કાંઇ ભાન નહોતું. પટ્ટરાણી કમલાવતીના શબ્દોએ એમને ચમકાવ્યા, વાંકી નજર કરી પ્રિયા સન્મુખ રાજાએ જોયું. "દેવ! આજ આટલું બધું શું છે? પ્રાણેશ! કંઇ આ દાસીનો અપરાધ થયો છે! આપને ચિંતાતુર જોઇ બીજી રાણીઓ પણ વિષાદમાં પડી છે. અંતઃપુરમાં શોક છવાઇ રહ્યો છે!"

"દેવી! મારા બાલમિત્ર સૂરિજી અહીંથી જતા રહ્યા? આપણને તજીને જતા રહ્યા?"

"એમને એકાએક જવાનું કારણ?" પટ્ટરાણીએ પૂછયું

બીજી રાણીઓ પણ રાજાના શોકમાં ભાગ લેવાને રાજા આગળ આવીને હાથ જોડી ઉભી રહી, મહારાજ શું કહે છે એ સાંભળવાને આતુર થઇ રહી. મહારાજે જે વાત બની હતી તે સંક્ષેપમાં પટ્ટરાણીને ઉદ્દેશીને બધાંને કહી સંભળાવી.

"મહારાજ? આપે એ ઠીક ન કર્યું. ગુરૂએ સારસ્વત મંત્ર સિદ્ધ કરી સરસ્વતીને પ્રસન્ન કરી વર મેળવ્યો છે. એ વાત આપ ક્યાં નથી જાણતા! એ સરસ્વતી પુત્ર સરસ્વતીના પ્રભાવથકી અગોચર વસ્તુઓ પણ જાણી શકે છે. આપના દિલની પ્રસન્નતા માટે જે કામ આપની સભાના પંડિતોએ ન કર્યું એ એમણે સરસ્વતીના પ્રભાવે કર્યું. તો આપે એનો ઉલટો અર્થ કર્યો. એમનો વિદ્યાગુણ પણ એ રીતે દોષ રૂપે

થયો." પટ્ટરાણીએ કંઇક પૂર્વની સ્મૃતિ યાદ કરાવી રાજાના મનનું સમાધાન કર્યું.

"એ માટે મને ઘણો પશ્ચાત્તાપ થાય છે કે આ બધું ઠીક ન થયું. હવે એનો શું ઉપાય!"

"આપનું મન લગારે કોચવાયેલું જોયું કે એ ત્યાગી પુરૂષ અહીંયા ન જ રહ્યા! બીજાને દુ:ખ થાય એવું ઉત્તમ પુરૂષો કાંઇ પણ કરતા નથી, એ મહાપુરૂષે પણ એમ સમજીને વિહાર કર્યો હશે?"

"હા! એ બધું આપણા મુર્ખ પંડિતોએ કરાવ્યું. સમયનેજ રાહ જોઇ રહેલા એ ઇર્ષ્યાળુઓએ લગાર મારૂં મન વિકારવાળું જોયું કે તરતજ મને ઉશ્કેરી મુક્યો. મને હથીયાર બનાવી એમણે સૂરિને અહીંથી કઢાવવાનું કાર્ય સ્હેલાઇથી સિદ્ધ કર્યું. એ લોકો તો હમેશા એમનાં કંઇ ને કંઇ દુષણ મારી આગળ કહેતાજ પણ હું ધ્યાનમાંજ ન લેતો. પણ આખરે એ બ્રાહ્મણોએ મને ફસાવ્યો?"

"એમનો સ્વભાવજ છિદ્રો શોધી બીજાને હલકો પાડવાનો છે. આપનોજ પગાર ખાનારા છતાં આપને સારી સલાહ ક્યાંથી આપી શકે? એ સ્વાર્થ સાધુઓ તો પોતાનો સ્વાર્થ માત્રજ સાધી શકે?—નીમકહરામજ બની શકે?"

"એમની ક્યાં તપાસ કરાવવી? શું મોઢેરા ગયા હશે કે બીજે કંઈ વિચરતા હશે, જ્યાં સુધી એમનાં દર્શન નહી થાય ત્યાં લગી શાંતિ નથી.—આરામ નથી."

" એ તમારા પંડિતોનેજ મોકલો ગમે ત્યાંથી એમની શોધ કરી લાવે? ચુગલીનું કામ કરવામાં આગળ પડતો ભાગ લીધો તો શોધવાનું કાર્ય પણ એજ કરે ? "

" તારૂં કહેવું બરાબર છે. એ લોકોનેજ હું શોધવાને રવાને કરીશ. એમણે કરેલા ચુગલીપણાની એમને શિક્ષા કરીશ."

રાણીઓના હાસ્યવિનોદમાં રાજાનો સમય પસાર થતો છતાં એ પોતાના બાળમિત્રને ભૂલી શક્યો નહી. એ ગુરૂભક્તિ, એ વિદ્યાની અલૌકિક શક્તિ, એ ગૌરવ વગર કનોજની સભા ઝાંખી પડી ગઈ. રાજા પણ ચિંતાતુર રહેવા લાગ્યો.

એક દિવસ રાજા દિલને આરામ મેલવવાને ઘોડા ખેલાવતો જંગલની કુદરતી લીલાનો આનંદ મેલવવાને નગર બહાર ચાલ્યો ગયો. કુદરતનું સૌંદર્ય જોતાં જોતાં રાજાની નજર અચાનક એક મોટા કૃષ્ણ સર્પ ઉપર પડી. રાજાએ એને મુખેથી લીલામાત્રમાં પકડી લીધો, ઉપર લુગડું ઢાંકી નગરમાં આવ્યો. એણે પંડિતો અને કવિઓને એ સંબંધી અર્ધી ગાથા સંભળાવી પાદપૂર્ત્તિ કરવા કહ્યું. રાજસભામાં પણ એ અર્ધી ગાથા કહી સંભળાવી.

शस्त्रं शास्त्रं कृषिर्विद्या, अन्यो यो येन जीवति ।

**ભાવાર્થ**—' શસ્ત્ર, શાસ્ત્ર અને કૃષિવિદ્યા તેમજ બીજુ જે કંઇ જેનાથી આજીવિકા ચાલતી હોય. ' દરેક જણે પોતપોતાની શક્તિ મુજબ એનીપાદપુર્ત્તિ કરી પણ કોઈના

કથનમાં રાજાને ચમત્કાર લાગ્યો નહી, તેમજ એમેના મનોગત ભાવ પણ કોઈ કહી શકયું નહી.

" હા ? મારી સભા આજે બાલમિત્ર સરસ્વતી પુત્ર વગર કેવી ઝાંખી લાગે છે ? મારો પગાર ખાનારા પંડિતો પણ મારા કથનની પુર્ણાહુતિ કરી શક્તા નથી. કયાં ચંદ્રનું તેજ અને કયાં ખજુઆ ? શીયાળવાંની આગળ ઐરાવત હાથી સમા એ મારા મિત્ર આગળ મારા પંડિતો અને કવિઓ ખજુઆ જેવા છે. મારા મિત્રની સોળમી વિદ્યા કળા આ પંડિતોમાંના કોઇની પાસે નથી. "

રાજાએ તે પછી જાહેર કર્યું કે "આ મારી અર્ધ ગાથાની જે પાદપૂર્ત્તિ કરશે તેને એક લાખ સોનૈયા આપવામાં આવશે."

લોકોએ આ સમસ્યા મોંએ કરી, ઘરે ઘર, ગામે ગામ ને નગરે નગર આ સમસ્યા બોલાવા લાગી. એક બીજા પાદપુર્ત્તિ કરી રાજાને સંભળાવવા લાગ્યા. પણ રાજાના હૃદયમાં જે ભાવ હતો એ કોઇ લાવી શકતું નહી. જેથી લાખ સોનૈયા મેલવવાને કોઇ ભાગ્યવંત થયો નહી.

જ્યારે દેશમાં આ સમસ્યા કોઇ પૂરી શકયું નહી ત્યારે લોકો પરદેશમાં જઇ આ સમસ્યાની ટેલ નાખવા લાગ્યા. દેશ પરદેશમાં લોકો સમસ્યાનો અર્થ-ઉત્તરાર્ધ મેળવવા માટે એક લાખ સોનૈયાનું ઇનામ મળવાની લાલચે નીકળી પડયા.

રાજાને પણ એટલુંજ જોઇતું હતું એણે ધાર્યું કે બાળમિત્રની શોધ કરવા માટે આ યુકિત આબાદ હતી એણે જોયું

તો ઇનામ મેળવવાની લાલચે પોતાની પ્રજા ભારતના ખુણે ખુણે પહોંચી ગઇ હતી. કનોજદેશવાસીઓમાં ઇનામ જીતી જવાની સ્પર્ધા ચાલી હતી. એ ઇનામને માટે પરદેશ રખડતા લોકો રાત દિવસ મહેનત કરી રહ્યા હતા.

એક દ્યુતકારે વિચાર્યું કે આવી રીતે વ્યર્થ કાયકલેશ કરવા કરતાં એ રાજગુરૂ બપ્પભટ્ટીસૂરિ ક્યાં છે એની તપાસ કરવી, કેમકે એમના વગર આ સમસ્યા કોઇ પૂર્ણ કરી શકે એમ નહોતું. આજના જમાનામાં સરસ્વતી પુત્ર તો એ એકજ હતા.

એણે સૂરિની તપાસ કરવા માંડી, દેશ પરદેશ ભ્રમણ કરતાં એણે જાણ્યું કે સૂરીશ્વર ગોડ દેશમાં પધાર્યા હતા. તરતજ ગૌડ દેશમાં ગયો. ત્યાં એણે જાણ્યું કે સૂરિ તો ગોડરાજના ગુરૂ થયા હતા. જેથી દ્યુતકાર લક્ષણાવતી નગરીમાં ગયો. બપ્પભટ્ટસૂરિને નમી એમની આગળ રાજસભામાં સમસ્યાનું પૂર્વાર્ધ કહી સંભળાવ્યું.

સૂરીશ્વરે જાણ્યું કે ' આમ રાજાની પોતાને શોધવાની આ એક યુકિત હતી. દ્યુતકારની પાસેથી રાજાની હકીકત જાણ્યા પછી એ સૂરીશ્વરે એનું ઉત્તરાર્ધ દ્યુતકારને કહ્યું.

सुगृहितं च कर्त्तव्यं, कृष्ण सर्प मुखं यथा ।

**ભાવાર્થ**—'કાળા સર્પના મુખની જેમ એ બધાં સારી રીતે પકડી રાખવાં.

બપ્પભટ્ટસૂરિની ઉત્તરાર્ધ ગાથા ધુતકારે બરાબર ધારી લીધી. ગુરૂને નમી વંદન કરી એમની રજા લઇને કનોજ દેશ આવવા નીકળ્યો.

કનોજરાજ આગળ એ ધુતકારે બાકીનું અર્ધું પદ કહી સંભળાવ્યું. પોતાનો મનોગત ભાવ સ્પષ્ટ રીતે જાણ્યો હોવાથી રાજા ચમત્કાર પામ્યો, જેથી રાજાએ પૂછયું. "આ પાદપૂર્ત્તિ કોણે કરી ?"

ધુતકારે ચલાવ્યું. "એ તો દેવ ? મેં મારી શકિતથી આપને ઉત્તરાર્ધ રચી આપ્યું."

રાજાએ જોયું કે ધુતકાર તદ્દન અસત્ય બોલતો હતો.

રાજાએ દમ ભરાવ્યો. "કેમ સાચું માનીશ નહી કે; તારૂં ઇનામ પણ જશે અને શિક્ષા થશે. માટે સાચી હકીકત કહી દે."

ધુતકારે જોયું કે 'અહીં પોલ ચાલે એમ નથી. માની જવામાં સાર છે નહીંતર માર ખાઇને સીધા થવું પડશે.' "પ્રભુ! માફ કરો ? હું ગૌઠ દેશમાં ગયો હતો. ત્યાં બપ્પભટ્ટસૂરિજીએ આ ઉત્તરાર્ધ રચી આપ્યું."

રાજાને સંતોષ થયો, બપ્પભટ્ટસૂરિની વિશેષ હકીકત જાણવાને પૂછયું. "ગુરૂ હાલમાં કયાં છે ? અને શું કરે છે ?"

"દેવ ? ગૌડદેશના એ ગુરૂ થયા છે. આપના પ્રતિપક્ષી ધર્મરાજે આપથી પણ સહસ્ત્રગુણા માનપાનથી એમને પોતાના

રાજમહેલમાં રાખ્યા છે, એમના સહવાસથી વાણી વિનોદમાં દેવતાની માફક પોતાનો કાલ ધર્મરાજ સુખમાં વ્યતિત કરે છે.”

રાજાએ ઇનામ આપી ધુતકારને વિદાય કર્યો.

## પ્રકરણ ૨૬ મું.

### આમંત્રણ.

પોતાના બાળમિત્ર સૂરિવરના વિરહથી રાજા દુઃખે દુઃખે જેમ તેમ પોતાનો કાલ વ્યતીત કરતો હતો. એ ગુરૂ વિરહ–મિત્રવિરહનું દુઃખ ભૂલવવાને તે અનેક પ્રકારનાં બાહ્ય આનંદનાં સાધનો પ્રાપ્ત કરતો, પરન્તુ પૂર્વના ઋણાનુબંધે કરીને એ દુઃખ એનું દૂર ન થઈ શકતું, તે ક્ષણમાં અંતઃપુરમાં તો વળી રાજા સભામાં કે વનમાં અથવા ઉપવનમાં મનને આનંદ મેળવવાના પ્રયત્ન કરતો. એના પંડિતો અનેક પ્રકારની યુક્તિ વાણી વિલાસવડે રાજાને મિત્રનો ગમ ભુલવવાને પ્રયત્ન કરતા હતા. પણ રાજાને તો એ પંડિતો ઉપર અભાવજ આવેલો, જેથી એ લોકોનું તો વચન સાંભળવું પણ એને ગમતું નહીં.

એક દિવસ શોકને દુર કરવાને રાજા નગર બહાર ઉપવનમાં ફરતો હતો. તેવામાં એક મોટા વટવૃક્ષની નીચે એક

મુસાફરનું મુવેલું શબ પડેલું એના જોવામાં આવ્યું. એ વૃક્ષની શાખાએ એક કરપત્ર ટાંગેલું લટકતું 'તું. તેમાં એક અર્ધ ગાથા લખેલી રાજાએ વાંચી.

तइआ महनिग्गमणे पियाइ थोरं सुएहित्तं रुन्नम् ।

રાજાએ એ સમસ્યા રાજસભામાં પંડિતો અને કવિઓને કહી સંભળાવી પોતપોતાની બુદ્ધિ વડે એમણે એનું ઉત્તરાર્ધ કહ્યું, પણ એથી રાજાના મનનું સમાધાન થયું નહિ. રાજાએ વિચાર્યું "વેશ્યાના મુખની માફક વિદ્યાનું મુખ કોણે જોયું નથી. ? પણ એના હૃદયને પકડનાર તો મારા મિત્ર જેવા કોઇ વિરલાજ હોય."

રાજાએ પેલા દ્યુતકારને બોલાવ્યો એને સૂરિવર પાસેથી આ સમસ્યા પૂર્ણ કરી લાવવા આજ્ઞા કરી. રાજાની આજ્ઞા પામીને દ્યુતકાર એ સમસ્યા લઇ બીજી વખત બપ્પભટ્ટીજીની પાસે ગયો. સૂરિને નમી–વાંદીને સમસ્યા કહી સંભળાવી, સમસ્યાનું અર્ધુ પાદ સાંભળીને ગુરૂએ તરતજ આગળનું ઉત્તરાર્ધ પદ કહી એની પુર્ણાહુતિ કરી.

" करवत्तय बिंदु निवडुणं गिहेणं तं अज्झ संभरिअं ।

દ્યુતકારે આ પાદપૂર્તિ કનોજરાજની આગળ આવીને કહી સંભળાવી રાજા ઘણો હર્ષમાન થયો, " આહા ? પોતાના મન પ્રમાણે સમસ્યા પુરનાર આજે જગતમાં એ એક જ સરસ્વતી પુત્ર છે. પ્રધાન પુરૂષોને સમજાવી એમને અહીંયા

તેડી લાવવાને મોકલવા જોઇએ." રાજાએ એક દિવસ રાજસભામાં ગુરૂને તેડી લાવવા માટે પ્રધાનોને કહ્યું. "આપણા પ્રતિપક્ષી ધર્મરાજાના દરબારમાં સૂરિજી રહેલા છે. માટે તમે કોઇ પણ પ્રકારે એમને સમજાવીને તેડી લાવો."

"આપે એમની ઉપેક્ષા કરેલા એ મનસ્વી પુરૂષ આવશે કે કેમ? એ કાંઈ કહી શકાય નહિ, પણ આપની આજ્ઞાથી અમે એમને સમજાવવા પ્રયત્ન કરીશું."

"તમે એમને મારાજ શબ્દોમાં વિજ્ઞપ્તિ કરજ્યો. સાથે આ પંડિતોને પણ લેતા જાઓ કે જેમણે એ મુનિવરને કાઢવામાં મુખ્ય પણે ભાગ ભજવ્યો છે." રાજાએ કહ્યું ને બ્રાહ્મણોનાં મુખ ફીકાં પડી ગયાં.

"મહારાજ! અમારો અપરાધ ક્ષમા કરો?" પંડિતોએ માફી માગી.

"જાઓ? તમારા પાપનું મારા ગુરૂની માફી માગી પ્રાયશ્ચિત કરો. તમારી સલામતી ચાહતા હો તો એમને સમજાવી એમના શિષ્ય બની તેડી લાવો! એમને તેડી લાવ્યા વગર તમારૂં મુખ મને ના બતાવતા?"

"પ્રભુ! અમારી વિનંતિથી એ મનસ્વી પુરૂષ આવશે નહી. અમારા કરતાં તો રાજપ્રધાનો એમને સમજાવી આપના તરફથી વિનંતિ કરશે." પંડિતો બોલ્યા.

"તમારેજ જવું પડશે. જો તમારામાં નિમકહલાલી

હોય તો જાઓ એમને મનાવીને તેડી લાવો. ” રાજાએ પરખાવી દીધું.

મને કે કમને આજ્ઞા મંજુર કર્યા વગર ચાલે એમ ક્યાં હતું ? એ લક્ષ્મીવાન્ આગળ સંસારના માયાપાશમાં બંધાયલા પંડિતોને નમવું પડ્યું. સરસ્વતી ત્યારેજ લક્ષ્મીને જીતી શકે કે એ નિઃસ્પૃહી–ત્યાગી પુરૂષને વરી હોય. બાકી તો મોટા મોટા પંડિતો–વિદ્યાના અધિષ્ઠાતાઓ પણ લક્ષ્મી આગળ નમી પડે છે. એ લક્ષ્મી પંડિતોને મોંએ પોતાની ખુશામત કરાવે, એમને ટળવળાવે, ત્યારે વળી થોડીક પોતાની પ્રસન્નતા દેખાડે. સંસારમાં કવચિતજ એવું જોવાય કે જ્યાં લક્ષ્મી અને સરસ્વતી સંપીને એક સાથે રહેતાં હોય. બાકી તો જ્યાં સરસ્વતી હોય ત્યાં લક્ષ્મી ન હોય અને લક્ષ્મી હોય ત્યાં સરસ્વતી ન હોય. એવું પણ બને છે કે લક્ષ્મી આગળ સરસ્વતીને પણ માથુ નમાવવું પડે છે. એની ખુશામત કરવી પડે છે. લક્ષ્મીને અનુકુળ રહેવું પડે છે. કોઈ પ્રસંગે સરસ્વતી લક્ષ્મીને જીતી જાય છે. સરસ્વતીપુત્રો આગળ લક્ષ્મીવાન રાજાઓનાં મસ્તક નમેલાં હોય છે. કારણ કે જગતમાં તો જેનું બળ અધિક હોય એ જીતી જાય એ સામાન્ય નિયમ છે.

રાજાની આજ્ઞાથી પ્રધાનો અને પંડિતો ગૌડ દેશમાં બપ્પભટ્ટ સૂરિની પાસે આવ્યા. કુશલ વર્ત્તમાન પૂછી એમણે રાજાની વિનંતિ કહી સંભળાવી.

પ્રધાનોની વાણી સાંભળી સૂરિએ કહ્યું. “ અમારા

આવવાથી એમના-રાજાના આ પંડિતોને દુઃખ થાય, વળી પાછી એમને ખટપટો કરવી પડે એવું અમારે શામાટે કરાવવું જોઇએ ! કનોજરાજની સભા પણ પંડિતોથી ક્યાં ભરેલી નથી ? ”

મ્લાન મુખવાળા પંડિતોએ ગુરૂની ક્ષમા માગી, “ સ્વામિન્ ! અમારા દોષ તરફ આપે દુર્લક્ષ્ય આપવું જોઇએ. અમારા ઉપર કૃપા કરી આપે અમારા સ્વામીની વિનંતિ માન્ય કરવી જોઇએ. ”

“ પંડિત મહાશયો ? એ નજ બની શકે ! અત્યારે જોકે તમારા દિલમાં પશ્ચાત્તાપ સળગે છે છતાં કાલે અમારા આવવા પછી વળી ખટપટ જાગે એ ઠીક ન કહેવાય. ” સૂરિજીએ જણાવ્યું.

પંડિતો મનમાં તો ઘણા લજવાયા. એમને લાગ્યું કે આવા ઉત્તમ પુરૂષ સામે ધર્મદ્વેષી બની ખટપટ ઉભી કરી એ ઠીક કર્યું નહી. “ મહારાજ આમરાજ આપના દર્શન માટે ઘણા અધિરા છે. આપ કોઇ રીતે પણ ત્યાં આવો એજ અમારા મનની અભિલાષા છે. ” એક પંડિતે કહ્યું.

“ આપ લોક કોઇ રીતે સ્વામીનું મન મનાવો તો રસ્તો સરળ બની શકે. ” રાજમંત્રીએ પંડિત મહાશયોને કહ્યું.

“ તમે કુમારિલભટ્ટને તે દિવસે વાદ કરવા તમારા

તત્વોનું સ્થાપન કરવા બોલાવવા કહેલું. જ્યારે તમારા પંડિત મહાશય–આચાર્ય મહાશય આવે ત્યારે અમને આમંત્રણ કરજો, ધર્મરાજ તરફથી હું વાદ કરવાને આવીશ; પછી કાંઇ ?" સૂરિજીએ જણાવ્યું.

"ગુરૂ મહારાજ ! એ ગઇ બાબત શા માટે યાદ કરો છો ? અમે સમજીએ છીએ કે આપની સાથે વાદ કરવા કોણ શક્તિવાન છે ?"

"પણ તમારા વેદાંતમતનું તમે મારી આગળ ત્યારે પ્રતિપાદન કરોને ? તમે પાછળ શા માટે જૈનમતની નિંદા કરો છો ? એ દર્શનના સાધુઓને શુદ્ર આદિ હલકા વિશેષણોથી વધાવો છો ?" સૂરિએ કહ્યું.

"ભગવન્ ! એ તો સ્હેજ સ્વભાવે કોઇના મુખમાંથી એવાં હલકાં વચન નીકળ્યાં હશે, એ સંબંધી આપે મનમાં કંઇ લાવવું નહી. જૈનત્વ માટે, એના સિદ્ધાંત માટે અમને પણ માન છે." એ પંડિતોમાંના એકે સૂરિવરના મનનું સમાધાન કર્યું.

"જો તમને જૈન સિદ્ધાંત માટે માન હોય તો તમે શામાટે જૈનપણું અંગીકાર કરતા નથી." સૂરિવરે એમના સત્વની કસોટી કરવા માંડી.

"આપ જો કનોજ આવવાને મહેરબાન થાઓ તો આપનું વચન અંગીકાર કરવામાં અમને હરકત નથી." પંડિતોમાંથી એક; જણે કહ્યું.

"મને રાજી રાખવા ખાતર તમે જૈન થાઓ, એના

કરતાં જૈનતત્વનો અભ્યાસ કરી તમે જૈન થાઓ એથી તમારા આત્માનું કલ્યાણ થાય." સૂરિએ કહ્યું.

"આપના સહવાસથી એ અમારી તત્વદૃષ્ટિ શુદ્ધ થશે. આમરાજાની સાથે અમને પણ આપના જ્ઞાનનો લાભ મલશે. એ શું ઓછી વાત છે? ભગવન્?"

બ્રાહ્મણોએ ગુરૂ વચન અંગીકાર કરી જૈનત્વ અંગીકાર કર્યું. પછી સૂરિને વિનંતિ કરી કે "ભગવન્? આપની વાણી પ્રવાહમાં લુબ્ધ અમારા રાજાને અન્ય કોઇ કવિની વાણી રૂચતી નથી. આપની કથા જેમણે સાંભળી હોય એને અન્યની કથામાં રસ ક્યાંથી પડે! ઉત્તમ વૃક્ષના પાંદડાને ખાનારા કસ્તુરી મૃગો ક્યારે પણ તૃણ–ઘાસ ખાતા નથી. માટે આપે હવે સત્વર ત્યાં પધારવું જોઇએ."

પંડિતોનાં વચન સાંભળીને ગુરૂએ કહ્યું. "તમે આમ-રાજાને કહો કે અમે આવવાને આતુર છીએ. પણ ધર્મરાજ સાથે અમારે કબુલાત થઈ છે કે "આમરાજ જાતે આવીને તમને તેડી જાય ત્યારે આપે જવું." માટે તમે આમરાજાને મોકલજો, કેમકે સત્યવાદી પુરૂષોએ પ્રતિજ્ઞાનો ભંગ કરવો એ સારૂં નહી. ને આમરાજાને આ પત્ર આપજો." એમ કહીને એક પત્ર આપ્યો.

તે પછી આમરાજ આગળ આવીને પ્રધાનોએ અને પંડિતોએ સર્વે હકીકત કહી સંભળાવી અને ગુરૂએ આપેલો પત્ર આપ્યો.

# પ્રકરણ ૨૭ મું.

## ગોદાવરીના તીરે.

" મનુષ્ય છતાં આ રાજાનું રૂપ તો જુઓ ? એ સૌંદર્ય દેવબાળાને વિહ્વળ કરે તો માનવ રમણીઓ તો અવશ્ય લોભાયજ ! આહા ? શું એની કોડીલી ચાલ ? એ મધુરૂ મંદ મંદ હાસ્ય કરતું ચંદ્રવદન ! પુરૂષ છતાં એ મનમોહક સ્વરૂપ ! એ તો અદ્‌ભૂત જ ! જગત્‌માં રૂપલક્ષ્મી તો રમણીયોના જ બાપની ? પણ આતો રૂપવંતી રમણીઓ પણ એની સ્પર્ધા કરી શકે એવું અથાગ રૂપ ! હું દેવબાળા છતાં એણે મારૂં મન વિહ્વલ કર્યું. અરે ? એને મેલવવા-એની સાથે વિલાસ ભોગવવા મારૂં મન પણ અધિરૂં થઇ રહ્યું. એ પણ રૂણાનુબંધજને ?" મનુષ્ય કરતાં ઉચ્ચ કોટીમાં જેની ગણના થઇ શકે એવી એક દેવબાળાના આ ઉદ્‌ગાર હતા. અહીંઆં છાવણી નાખીને રહેલા ઘણા પુરૂષમાંના એક પુરૂષ તરફ એનું આકર્ષણ થવાથી એ દેવબાળાનું હૈયું એને મલવા-ભેટવા અધિરૂં થઈ રહ્યું હતું.

કનોજરાજ આમરાજા પોતાના કેટલાક સારભૂત પ્રધાન પુરૂષોની સાથે ગૌડદેશ તરફ જવાને રવાને થયો હતો. એ નાના કાફલાએ માર્ગમાં ગોદાવરીને કાંઠે દેવમંદિરની પાસે આ સુંદર જગા જોઇને વિશ્રાંતિ લેવાનો ઠરાવ કરી પડાવ નાખ્યો. [illegible] રીતે લક્ષણાવતીમાં જઈ ગુરૂ મહારાજને તેડી લાવવા

એમને વિનંતિ કરવી એ એનો નિશ્ચય હતો. જો કે ધર્મરાજ એનો વિરોધી હતો એની રાજસભામાં આમરાજ આવ્યો છે એવી એને ગંધ માત્ર પણ આવે તો એની રીતસર સેવાભક્તિ કરવાને–પકડી લેવાને એ આતુર હતો. એ માટે તો એણે ગુરૂ પાસે પ્રતિજ્ઞા કરાવી હતી કે–' આમરાજ જાતે જ આપને આમંત્રણ કરવા આવે તો જવું ' એને ખાત્રી હતી કે કોઇ દિવસ આમરાજ ગુરૂ મહારાજને વિનંતિ કરવા આવશે, એ સમયે એને હાથ કરવાનો દાવ ઠીક હાથ આવશે. એક પ્રબળ શત્રુ એ રીતે અનાયાસે કબજે થશે.

આમરાજા પણ યુક્તિ પ્રયુતિથી કામ કરવા માગતો હતો. કોઇ રીતે એણે ગુરૂપાસે જવાનો વિચાર મક્કમ કર્યો હતો. પોતાના પ્રધાનો યુક્તિ પ્રયુક્તિમાં કુશળ હતા. ધર્મ-રાજની આગળ જ સૂરિવરને વિનંતિ કરવી એ માટે કેવી ગોઠવણ કરવી એમાં એ નિપુણ હતા, એ માટે દરમજલ પ્રયાણ કરતાં ગોદાવરીને કાંઠે એક ગામની નજીક દેવમંદિ-રમાં અત્યારે ઉતર્યા હતા. ત્યાં રહેલી દેવમંદિરની અધિષ્ઠિત વ્યંતરદેવી કનોજરાજના રૂપસૌંદર્ય ઉપર મુગ્ધ થઈ હતી.

અત્યારે રાત્રીનો પ્રથમ પ્રહર વહી ગયો હતો, રાજપુરૂષો અને પ્રધાનો નિદ્રાદેવીના ખોળે પડવાને આતુર થઇ રહ્યા હતા. કનોજરાજ પણ દેવમંદિરના એક ઓરડામાં શયનના પોશાકમાં સજ્જ થઈ સૂવાની તૈયારી કરી રહ્યો હતો. ઇષ્ટદેવનું સ્મરણ કરી દેવગુરૂને નમી–વંદી અત્યારે બિચ્છાના ઉપર બેઠો

હતો, એવામાં એની દ્રષ્ટિ એકમનમોહન સુંદર વસ્તુ ઉપર પડી. એક સોળ વર્ષની તરૂણ લાવણ્યવતી બાળા મંદમંદ ડગલેચાલતી એની સામે આવીને ઉભી. એનાં સુંદર અને નાજુક અવયવો હાવભાવ ભરેલાં હતાં, વદન ઉપર મંદમંદ હાસ્ય છવાયું હતું. એ ચંદ્રવદનનું લાલિત્ય, હૈયાના ઉંડાણમાં રહેલો પ્રેમપ્રવાહ, મૃગનયની સમાં સ્થિર વિશાલ નયનો એમાંથી ઝરતો સ્નેહ. એનું આકર્ષણ અદ્‌ભૂત હતાં. ખચિત મોટા ભાગ્યથી પણ ન મલી શકે એવું એ દિવ્ય સૌંદર્ય મનુષ્યના ઉપભોગમાં તો કવચિતજ આવી શકે ?

“ રાજન્ ! તમારી ઉપર હું પ્રસન્ન છું ? ” રાજાની નજીક સામે ઉભાં ઉભાં એ દેવબાળાએ મધુરૂ હસતાં કહ્યું.

“ બાળા ? તું કોણ છે ? અત્યારે આ સમયે અહીયાં ? ” રાજાએ એના સૌંદર્યમાં અંજાઇ આંખો ચોળતાં પૂછયું. “ આહા ? મનુષ્યમાં તો આવું સૌંદર્ય નજ સંભવી શકે ? ”

દેવબાળા મૃદુ હસી. “ તમારૂં કથન સત્ય છે ! ”

“ કેમ ! તો પછી તું કોણ છે ત્યારે ? ”

“ આ દેવમંદિરની અધિષ્ઠિત વ્યંતરદેવી ? ”

રાજા ચમકયો. “ શું તું દેવી છે ? ”

“ હા ! મહારાજ ? ”

“ અત્યારે અહીયાં કેમ આવી છે ! ”

“ તમને મલવા ! હૈયાની હોંશ પૂરી કરવા ? ”

" એટલે ? "

" તમારૂં સૌંદર્ય જોઈ હું મોહ પામી છું. મહારાજ ? મારી ઉપર પ્રસન્ન થઇ મારૂં સંતપ્ત હૈયું શાંત કરો ? "

" તું દેવી હું મનુષ્ય ! તારો ને મારો મેળ કેમ મલે ? "

" શા માટે ન મળે ? જુઓને ભોગને યોગ્ય મારૂં લાવણ્ય તમારો પ્રેમ જીતવા કેવું અધિરૂં છે ! "

" બેશક આવું અથાગ સૌંદર્ય મેં આજેજ જોયું છે ? એ રૂપનું પાન કરતાં મારૂં ભાન પણ મેં ખોયું છે ! આહ ! શું અજબ સ્વરૂપ ? "

એકાંત હતી, શાંતિ હતી, રાત્રિનો બીજો પ્રહર શરૂ થઇ ચુકયો હતો. એક દેવબાળા હતી બીજો મનુષોત્તમ હતો. ભોગની કળામાં બન્ને રસીક હતાં. પુષ્પધન્વાના અમોઘ શસ્ત્રોના ઘા બન્નેને લાગેલા હતા. હૈયાં એકબીજાને ભેટવા ઉચ્છળી રહ્યાં હતાં. એકાંતનો લાભ મેળવી અંતરમાં થતાધબકારાથી એ શરીર કંપી રહ્યાં હતાં. અરસપરસ હૈયાં ભેટવાને એકબીજાને પ્રેરણા કરી રહ્યાં હતાં. પળે પળે મન્મથના આવેશમાં બાહ્યજ્ઞાન ભુલાતું ને ભુસાતું, મન્મથે કયારનાંય દર્શન માત્રથી હૈયાં વલોવ્યાં હતાં. એ અધિરો રાજા મંદમંદ હાસ્ય કરતો બિચ્છાનેથી ઉભો થયો. દેવબાળા એ હાસ્ય જીલવા ધડકતે હૈયે આતુર હતી. " પ્રાણપ્રિયે ! સંસારમાં એનું જ જીવ્યું ધન્ય છે કે જેણે તારા અધરોષ્ઠનું પાન કરતાં પોતાના વિશાળ હૈયા ઉપર તને સ્થાન આપ્યું હશે. "

" ખચીત એજ નારી જીવન સફલ થતું હશે કે જેના કનોજરાજ સ્વામી હશે. " દેવબાળા હસી.

મંદમંદ પગલે કનોજરાજ ડગલાં ભરતો દેવબાળાની પાસે આવ્યો એ કામના તોફાનથી ધ્રુજતો મજબુત હાથ દેવબાળાના સ્કંધ ઉપર મુકયો. આંખો સાથે આંખો મેલવી દેવબાળાની સ્થિર આંખોમાંથી અમૃત સમાન ઝરતા પ્રેમપ્રવાહનું પાન કરતાં રાજાનાં લોચન પણ સ્થિર થઇ ગયાં. " મહારાજ ? " બોલતાં બોલતાં દેવબાળાનાં લોચન હસ્યાં.

"દેવબાળા ?" કહી રાજાએ એ કેળનાગર્ભસમી એની નાજુક કમ્મરની આસપાસ પોતાના હાથ વિંટાળ્યા. મદનના સંતાપથી લાલ લાલ થયેલા એ વિશાળ કપોળ પ્રદેશ ઉપર એક મીઠું ચુંબન લીધું. દેવબાળાએ એ વિશાળ હૈયા ઉપર પોતાનું શરીર નાખી દીધું. પ્રણયરસનાં મધુરાં પાન એ રીતે ભેટીને પીવાયાં.

એ સુખી જીવડાઆને વિશાળ રાત્રી પણ ક્ષણ જેવી લાગી પ્રાતઃકાળ થવાની તૈયારી હતી. એટલે રાજાએ એ દેવબાળાની રજા માગી. "હૃદયેશ્વરી ? મારા માણસો તૈયાર થઇ મારી રાહ જોતા હશે. અત્યારમાંજ અમે ગૌડદેશ તરફ રવાને થવાના છીએ ?"

તાજા-નવીન પ્રેમમાં વિયોગએ બન્નેને દુઃખ કારક હતો. મન ચાહતું કે બન્ને એક બીજા સાથે રહે. પણ ફરજ ચેતવતી કે આરંભેલું કાર્ય અધવચ રખડતું મુકવું એ પંડિતજનને

ચોગ્ય તો નજ કહેવાય. "મહારાજ ! થોડા દિવસતો રહો અ-હીયાં !" દેવબાળાએ જણાવ્યું.

"મને પણ જવું ગમતું તો નથી. આવું સૌંદર્ય પૂર્વના પ્રબળપુણ્ય યોગેજ મલી શકે ? કે આ નવજુવાની અનાઘ્રાત પુષ્પની માફક હમેશાં તાજીનેતાજી ભોગમાં આવે ? મારાં એવાં ક્યાંથી અહોભાગ્ય હોય કે આ હમેશ ખીલેલ પુષ્પ મારા ભોગમાં આવી શકે !" રાજાએ જીજ્ઞાસાથી કહ્યું.

"તો શામાટે ઉતાવળા થાઓ છો ? હું તમારા ચરણની દાસી છું. રોજ આપણે નવાનવા અને તાજી યુવાનીના ભોગો ભોગવીશું. પૂર્વે ભરત મહારાજ પણ ગંગાદેવીના પડખામાં હજાર વર્ષ પર્યંત રહ્યા હતા. મનુષ્ય સ્ત્રી કરતાં દેવબાળાઓ સાથેના ભોગમાં અસંખ્ય ગણું અધિક સુખ ભોગવાય. દેવાં-ગનાઓ મન ગમતું રૂપ કરી શકે. ભોગને અનુકુળ સર્વ સામગ્રી મેલવી શકે. પુરૂષને પોતાની કળાથી અનંત ગણું સુખ આપી શકે." દેવાંગનાએ કહ્યું.

"છતાં દેવી ફરજ આગળ હું લાચાર છું. તમારી વાત હું ઉત્થાપી શકું તેમ નથી, તેમ ગુરૂ દર્શન વગર પણ રહી શકતો નથી, એ બાલમિત્રનો વિયોગ અસહ્ય છે."

રાજાનાં વચન સાંભળીને, દેવીએ કહ્યું. "જેવી તમારી મરજી !"

દેવીની રજા લઇ રાજા પોતાના પરિવાર સાથે આગળ

ચાલ્યો. છતાં એ દેવબાળાનો મોહ દુસ્ત્યાજ્ય હતો. રાતનાં એ ભોગવેલાં સુખો વારંવાર એને સ્મરણમાં આવવા લાગ્યાં. એ દેવબાળાનું સુંદર સ્વરૂપ મનુષ્યને અજબમોહક હતું. માર્ગગમન કરતાં પણ એના હૃદયપટ ઉપર એ ચિત્ર ખડું હતું. કેટલેક દિવસે માર્ગનું ઉલ્લંઘન કરીને તે ધર્મરાજની નગરીમાં આવી પહોંચ્યા.

# પ્રકરણ ૨૮ મું.

## લક્ષણાવતીમાં.

રાત્રીના સમયમાં આમરાજા પોતાના માણસો સહીત ધર્મરાજની નગરીમાં આવી ગુરૂ મહારાજને નમ્યો. સારી રીતે વાર્તાલાપ કરી મલ્યા–ભેટ્યા. બન્ને મિત્રોનાં હૈયાં હરખ્યાં, રાજાને ઘણો હરખ થયો. "ભગવન્ ! આજે મારી પ્રીતિ સફલ થઇ, જન્મ સફળ થયો. આજ મને માનો કે મારા મનુષ્ય જન્મનું ફલ પ્રાપ્ત થયું." તે પછી શેષ રાત્રી રાજાની માનિતી વેશ્યાને ત્યાં પસાર કરી. પ્રભાતે એણે પોતાના નામવાળુ કંકણુ વારાંગનાને ભેટમાં આપી દીધું.

પ્રાત:કાળ થયો. એટલે સૂરિ યથા નિયમ પ્રમાણે ધર્મરાજના દરબારમાં આવ્યા. ધર્મરાજ સાથે અનેક પ્રકારે વાણીવિનોદ ચાલી રહ્યો હતો. એવામાં કનોજરાજ સ્થગીધ-

રનું સ્વરૂપ ધારણ કરી હાથમાં બીજોરૂ લઈ પોતાના પ્રધાનોની સાથે ધર્મરાજના દરબારમાં આવ્યો. રાજપુરૂષોને જોઇ "આવો ! આવો ! આમ ! આવો ?" ગુરૂ બપ્પભટ્ટસૂરિએ આમરાજનું સન્માન કર્યું "રાજન્ ! આ આમરાજાના પ્રધાનો મને તેડવા આવ્યા છે."

ધર્મરાજે આમરાજાના પુરૂષોને એક દૃષ્ટિથી નિહાળ્યા. એણે રાજપુરૂષોને પૂછયું." હે મંત્રીશ્વરો ! તમારો સ્વામી કેવોક છે !"

રાજપુરૂષોએ સ્થગીધર તરફ અંગુલી નિર્દેશ કરી કહ્યું. "મહારાજ ! અમારા મહારાજ આ સ્થગીધર જેવા છે ! આપ એમને જોઇ ખાતરી કરી લ્યો !"

એટલામાં ગુરૂ મહારાજે પૂછયું. "તમારા હાથમાં શું છે ?"

"બીજા ઉરા !" સ્થગીધરના વેશમાં છુપાયેલા આમ-રાજાએ કહ્યું.

"આ બીજું શું છે ?" ધર્મરાજે કહ્યું. તેના જવાબમાં સ્થગીધરે કહ્યું. "તું અરીપત્રક છે–તુ શત્રુ છે."

ધર્મરાજ તીક્ષ્ણ નજરથી સ્થગીધરનાં લક્ષણ જોવા લાગ્યો, ઇંગિતાકારથી રાજાની ચેષ્ટા જાણી લઇ સૂરિવરે ઉચ્ચામાં ઉચ્ચો વાણી વિલાસનો પ્રવાહ રેલ્યો એ પ્રવા-હમાં રાજા સહીત રાજસભા એવી તો મુગ્ધ થઇ કે એ

અવસરનો લાભ લઇ કનોજરાજ ત્યાંથી ખસી ગયો. ઝટપટ રાજદ્વાર આગળ આવ્યો. દ્વારપાળ મોટો પુરૂષ ધારી એને નમ્યો. રાજાએ એક કંકણુ રાજાની માનિતી વારાંગનાને આપેલું બીજું બાકી રહેલું સુવર્ણ કંકણુ એણે દ્વારપાલને આપી દીધું. બન્ને કંકણો પોતાના નામથી મુદ્રિત હતાં. નગરના દરવાજાથી બહાર નિકળીને પોતાને માટે તૈયાર રહેલી શીઘ્ર વેગવાલી સાંઢણી ઉપર સ્વાર થઈ સ્વદેશને માર્ગ રવાને થઈ ગયો. જોજન જોજનને અંતરે સાંઢણીયો તૈયાર રખાવી હતી. પવનની માફક હંકારતો અને એક પછી બીજી બદલતો રાજા બે પ્રહરમાં તો ધર્મરાજની હદ ઉલંઘી ગયો.

બે પ્રહરપર્યંત ગુરૂની વાણીવિલાસમાં મગ્ન થયેલો રાજા અચાનક જબકયો. એણે ગુરૂ સામેથી સહસા સ્થગીધર તરફ નજર કરી પણ એતો પૃથ્વીના પડમાં સમાઇ ગયો. "પ્રભુ ! સ્થગીધર કયાં ?" રાજાએ સહસા પૂછયું.

લગભગ બે પ્રહર વહી ગયા હોવાથી ખુલાસો કરવામાં ગુરૂને કાંઈ અનુચિત જણાયું નહી. "રાજન્ ! એ સ્થગીધર કોણ હતો એ તમે સમજ્યા કે ?"

રાજા આશ્ચર્ય પામ્યો. એના હૈયામાં ધ્રાસકો પડયો એને લાગ્યું કે આ છુપા ભેદથી પોતે ઠગાઇ ગયો હતો. ઉત્સુક હૈયે પૂછયું. "ભગવન્ ? એ સ્થગીધર તે કોણ ?"

સૂરિવર મંદ હસ્યા. "એ સ્થગીધર તે કનોજરાજ પોતેજ ? રાજન ? "

ધર્મરાજ ચમકયો, એણે હાથ ઉપર હાથ પછાડયો, જોસથી પોતાના બન્ને હાથો એક બીજામાં ભરાવી આમળ્યા. " હા! ભગવન્ ? શું એ પોતે આમ હતો કે ? "

" મારા વચનમાં તમને અવિશ્વાસ છે રાજન્ ? એ પોતે મને આમંત્રણ કરીને ચાલ્યા ગયા " સૂરિવરે જણાવ્યું.

એટલામાં રાજાની માનિતી વારાંગનાએ એક સુવર્ણ કંકણ રાજાના ચરણમાં મુકયું, રાજાએ સુવર્ણ કંકણ ઉપર આમ રાજાનું નામ વાંચ્યું. " ઓહ ! આ શું ? તને આ સુવર્ણ કંકણ કોણે આપ્યું. "

" દેવ! રાતના મારે ત્યાં એક ઉત્તમ પુરૂષ આવેલા, મારી સેવાથી પ્રસન્ન થઇ આ સુવર્ણ કંકણ એમણે મને આપેલું સાથે કહેલું કે આ સુવર્ણ કંકણ તું રાજાને બતાવજે જેથી મહારાજ હું આપને બતાવા આવી છું. " વારાંગનાએ કહ્યું

" શું તારે ત્યાં એ રાત રહેલો કે ? " રાજાએ પૂછયું

" હા ? મહારાજ ! " તેણીએ જવાબ આપ્યો.

ત્યાં તો દ્વારપાલે આવીને બીજું કંકણ રાજાને બતાવ્યું એ કંકણ પણ રાજાએ જાણી લીધું. કે તે આમરાજાનું હતું.

" ભગવન્ ! અફસોસ ! હું ઠગાઇ ગયો, દુર્દૈવે મને છેતર્યો. આવા પ્રબળ મેમાનની હું પરોણાગત બરાબર ન કરી શકયો. પણ હરકત નહી. "

રાજા એમ કહીને સેનાપતિ તરફ ફર્યો. "સેનાપતિજી! એને પકડવાને તમારૂં ઘોડેશ્વાર લશ્કર ચારેકોર છોડીમુકો! ગમે ત્યાંથી પકડીલાવી મારી આગળ એને હાજર કરો!"

રાજાનો હૂકમ સાંભળતાંજ ઘોડેશ્વાર સૈનિકો આમરાજને પકડવાને ચારે દિશાએ તીરની માફક છુટ્યા.

"રાજન્! તમારો પ્રયાસ વૃથા છે. એ પુરૂષ અત્યારે તો તમારી હદ પણ વટાવી ગયા હશે" ગુરૂમહારાજે કહ્યું.

"એ કેમ બની શકે ભગવન્! હજી તો હમણાંજ એ અહીંથી ગયો છે ને! એટલામાં તે હદ છોડીને કેવી રીતે જઈ શકે?."

રાજાનો જવાબ સાંભળી કનોજરાજના રાજપ્રધાનો હસ્યા "દેવ? જોજન જોજન ને અંતરે પવન વેગી સાંઢણીઓને અમે અમારા રાજા માટે તૈયાર રખાવી છે. એ દરેક ઠેકાણે સાંઢણીઓને બદલતા અને પવનની માફક ગતિ કરતા કનોજરાજ અત્યારે આપની હદ છોડી કયાંય દૂર પસાર થઇ ગયા હશે"

"હા! ત્યારે તો હું ઠગાઈ ગયો!" રાજા ઘણો કકળ્યો

"બીજોરાની ઉક્તિથી એણે જણાવ્યું કે 'બીજો રા' છતાં તમે સમજી શકયા નહી, વળી તું અરીથી સ્પષ્ટ કર્યું. પણ હવે શું ઉપાય! બનનાર બની ગયું." ગુરૂએ રાજાને દિલાસો આપ્યો.

" હાય ! એ બધું સરસ્વતીની કુટિલતાનું ચેષ્ટિત છે. વ્યંગ વચનથી કહેવાયેલી એ બધી ભરમ ભરેલી ગોષ્ટી છે. " રાજાએ કહ્યું.

" એમાં કાંઈ સરસ્વતીને દોષ ન દેવાય, પણ આપણી-જ અજ્ઞતાનું એ પરિણામ કહેવાય ! હશે હવે ગઇ વાતનો શોક શો ! " ગુરૂએ રાજાનું મન મનાવ્યું " અમારી પ્રતિજ્ઞા-પૂર્ણ થવાથી અમે હવે કનોજ દેશ તરફ વિહાર કરશું ? "

સૂરિવરના વિહારની વાત સાંભળી રાજા દુભાયો, " પ્રભુ ! મારા મનની મનમાંજ રહી. હતાશ ! વિધિએ મને દગો દીધો, નહીતર તો આમરાજની બરાબર રીતે મહેમાન ગતિ કરત ! આપ શ્રીમાનને પણ અહીયાંજ રાખત ? "

" હશે ! રાજન્ ! તમારી પ્રતિજ્ઞા મુજબ આમરાજ પોતે જાતે આવીને વિનંતિ કરી ગયો એ પોતાનું કાર્ય સત્વર સાધી ગયો. "

" આપને સુખ પડે તેમ કરો ! " દુભાતા મને ધર્મરા-જે કહ્યું.

સૂરિવર રાજાની આજ્ઞા લઇ પોતાના મુકામે આવ્યા રાજાનું લશ્કર પણ નાસી પાસ થઇ પાછુ આવ્યું સૂરિએ રાજ પ્રધાનો સાથે વિહારની તૈયારી કરવા માંડી, ત્યાં રાજાનો માનિતો વાક્પતિ સૂરિવરને આવીને નમ્યો. સૂરિવરની અલૌ-કિક કાવ્ય શકિત, એમનો વાણી વિલાસ, એમનામાં રહેલી

ત્યાગ–વૈરાગ્ય વૃત્તિ, એ સમશ્યા પૂરવાની એમની અદ્ભૂત શક્તિ એ ઉપર કવિ મુગ્ધ થયો હતો. " સૂરિવર ! રાજાઓ જેમના ચરણમાં નમન કરી રહ્યા છે એવા આપનું હું શું પ્રિય કરૂં ? "

" કવિરાજ ! અમે તો ત્યાગી છીએ. અમને કઇ ચીજનો ખપ હોય ! છતાં તમારા હૃદયમાં આવી અપૂર્વ ભક્તિ છે, એ શું થોડું છે ! " ગુરૂએ કહ્યું.

" છતાં ભગવન્ ! કંઈ મારા લાયક કાર્ય હોય તો ફરમાવો ! જે બજાવી હું આપનો અનૃણી થાઉ ! " કવિરાજે પોતાની અપૂર્વ ભક્તિ દર્શાવી.

" કવિવર ! હાલમાં એવું કંઇ ખાસ કારણ નથી. છતાં પણ જ્યારે એવો કોઇ સંજોગ ઉભો થશે, એમાં કદાચ અમને તમારી જરૂર જણાશે, તો તે પ્રસંગે અમે તમને અવશ્ય યાદ કરશું સમજ્યાને ! " બોલતાં બોલતાં સૂરિવર હસ્યા.

" તો આપની કૃપા એટલી, એ દિવસ હું મારો ધન્ય થયેલો સમજીશ. " સૂરિવરનું વચન કવિરાજે વધાવી લીધું.

" કવિરાજ ! અમે તો હવે વિહાર કરશું ! પણ કોઇ કોઇ સમયે તમારી રાજસભામાં વાણી વિલાસને સમયે અમને યાદ કરજો ? " સૂરિવર બોલ્યા.

અહીંની રાજ સભા અને રાજાને હાલમાં થોડા વખતને માટે તો આપશ્રી ક્ષણે ક્ષણે યાદ આવશો, જેમ જેમ આ તાજો

બનાવ જુનો થતો જશે એમ જો કે આપનું સ્મરણ ઓછું રહેશે છતાં પણ અમુક પ્રસંગ સમયે તો આપશ્રી જરૂર યાદ આવશો. પણ અત્યારે તો આપ સિવાય અમારી રાજસભા ઝાંખી પડી ગઇ. અમને ગર્વ હતો કે આપને અહીંયાં સન્માનીને અમે કનોજરાજનું નાક કાપ્યું હતું. પણ આજે એ સમય પલટાઇ ગયો. હવે તો લાચાર ! ” વાક્પતિએ કહ્યું.

“ કવિરાજ ! ભવિતવ્યતા બળવાન છે. જે કાળે જે બનવા નિર્મિત હોય એ અવશ્ય બને છે. ડાહ્યા પુરૂષો એમાં હર્ષ કે શોક કોનો કરે ? ”

શુભ દિવસે બપ્પભટ્ટસૂરિ પોતાના પરિવાર સહિત ધર્મરાજની રજા લઇ છેલ્લાં એમને ધર્મોપદેશ આપી આમ રાજના પ્રધાનો સાથે કનોજ દેશ તરફ વિહાર કરી ગયા.

# પ્રકરણ ૨૮ મું.

## ગુરૂ વિયોગ.

બપ્પભટ્ટસૂરિ લક્ષણાવતીથી વિહાર કરતા આમરાજાની હદમાં આવ્યા, ત્યાં આમરાજ એમની રાહ જોતા હતા તે માર્ગમાં મળ્યા. બધા સાથે ત્યાંથી આગળ ચાલ્યા. રસ્તે વાણીવિનોદ કરતાં જતા હતા, એવામાં રાજાએ તલાવમાં એક

ભીલ્લને પાણીમાં મોં નાખીને બકરાની માફક પાણી પીતો જોયો, આવી રીતે આ પુલિંદની વિચિત્રતા જોઇ તરતજ કનોજરાજે પ્રાકૃત કાવ્યનું અર્ધપદ કહી સંભળાવ્યું.

**पसु जीम पुलिंदउ पय पीअइ जुपंथिउ कवण कारणिए**

**ભાવાર્થ**—પશુની માફક આ વનેચર–ભીલ્લ તલાવમાં ક્યા કારણે પાણી પીતો હશે. ?

રાજાની આ સમસ્યા સાંભળીને સૂરિએ તરતજ ઉત્તરાર્ધપદ કહ્યું, કેમકે સિદ્ધ સારસ્વત પુરૂષો એવી સમસ્યામાં પણ પ્રત્યુત્તર આપવાને વાર લગાડતા નથી.

**' करवेवि करं विय कज्जलिण मुद्धहिअं सुसिवारणिए. '**

**ભાવાર્થ**—કાજળથી શ્યામ થયેલા પ્રેમની નિશાનીવાળા હાથ રખે ધોવાઇ જાય એ માટે મુખવડે પાણી પીધું.

ગુરૂના વચનની ખાતરી કરવાને રાજાએ એ ભીલને પોતાની પાસે બોલાવ્યો અને મુખવડે પાણી પીવાનું કારણ પૂછયું " કે આવી રીતે તેં જલ કેમ પીધું ? "

" મહારાજ ? રડતી એવી પ્રિયાની કાજળવાળી ચક્ષુઓમાંથી પડતાં અશ્રુ બિંદુઓ સાફ કરતાં મારા બન્ને હાથ કાજલવાળા થયા છે એ પ્રિયાના પ્રેમની નિશાની જતી ન રહે એ માટે મેં મુખ થકી પાણી પીધું. " ભીલે શરમાતાં શરમાતાં રાજાને કહ્યું.

ભીલનાં વચન સાંભળીને રાજા હસ્યો. " તને પણ પ્રિયાનાં મોહબાણ વાગ્યા છે શું ? "

પ્રત્યુત્તરમાં ભીલ પણ હસ્યો "દેવ ? યૌવનવયમાં સ્ત્રીઓ કોનું ચિત્ત નથી હરણ કરતી ?"

"જગતમાત્રનું ? છતાં કોઇ એવા પુરૂષ પુંગવો પણ હશે કે જેમને સ્ત્રીઓનાં મોહબાણ પણ અસર ન કરી શકે ! એ મદનનાં મીઠાં બાણો જેમનું હૃદય લેશમાત્ર પણ ન ભેદી શકે ?" રાજા ગુરૂ સામે જોઇને હસ્યો અને બોલ્યો.

"એવા પુરૂષો તો પુરૂષ નહી : પણ મનુષ્યરૂપે દેવ કહેવાય. મનુષ્ય તો સુંદરીયોના પ્રેમપાશમાંથી ભાગ્યેજ બચી જાય !" ભીલ એ પ્રમાણે કહીને ચાલ્યો ગયો.

તે પછી રાજા અને સૂરિવર અસ્ખાલિત વિહાર કરતા–પ્રયાણ કરતા કનોજ આવી પહોચ્યા. રાજપ્રધાનોએ અને નાગરિકોએ એમનો મોટા આડંબરપૂર્વક પ્રવેશમહોત્સવ કર્યો. દીન, હીન, ગરીબ, બ્રાહ્મણજનોને દાન આપી એમનાં મન સંતુષ્ટ કર્યાં. જૈનધર્મની મોટી પ્રભાવના કરી.

એક દિવસ રાજાએ ગોદાવરીને કાંઠે દેવબાળાના વિલાસની બનેલી હકીકત સ્મરણમાં આવવાથી એનું પૂર્વાર્ધપદ સમસ્યારૂપે પ્રાકૃતમાં ગુરૂને કહી સંભળાવ્યું.

'अज्ज विसासुमरिज्जई को नेहो राग राइए'

**ભાવાર્થ**—હજી પણ તેણી યાદ આવે છે, રાગી જનોને સ્નેહ કેવો દુર્જય છે ?

ગુરૂએ તરતજ એનું ઉત્તરાર્ધપદ કહી સંભળાવ્યું.

गोदानइ ए तीरे देउल मज्जे पहि अज नंवसिडसि.'

**ભાવાર્થ**—ગોદાવરીને કિનારે દેવમંદિરમાં ભોગવેલી દેવબાલાનો સ્નેહ એવો છે.

એવી રીતે નવ નવી સમસ્યાઓમાં તેમજ વાણી વિનોદમાં રાજાનો કાળ દેવતાની માફક સુખમાં વ્યતીત થવા લાગ્યો.

એક દિવસ બન્ને જણા રાજા અને સૂરિ વાર્ત્તા વિનોદમાં બેઠા હતા, તેવામાં બે મુનિઓ આવી સૂરિવરના ચરણમાં નમ્યા. વંદના કરી એમના હાથમાં એક પત્ર આપ્યું. પત્ર જોઇ ગુરૂના હૃદયમાં ધ્રાસકો પડ્યો. હૈયામાં અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો થવા લાગ્યા. કોઇ દિવસ નહીં ને આજે આ બે પરદેશથી આવેલા મુનિઓ સૂરિવરને કાગળ આપે એ બનાવ પહેલ વહેલો હતો. રાજાના મનમાં પણ સંદેહ પડ્યો. એણે મુનિઓને વંદના કરી. કુશલ વર્ત્તમાન પૂછ્યા. "મુનિરાજ ! આપ ક્યાંથી આવ્યા છો ?"

"મોઢેરાથી !" મુનિનો જવાબ સાંભળી રાજા સમજી ગયો કે ગુરૂ સિદ્ધસેન સૂરિના સમાચાર લાવ્યા હશે.

"ગુરૂ સિદ્ધસેનસૂરિને તો કુશલ છે ને ?" રાજાએ પૂછ્યું.

ત્યાં તો બપ્પભટ્ટસૂરિ પત્ર વાંચીને બોલ્યા. "રાજન્ ? ગુરૂ મહારાજ મને તેડાવે છે." એમ કહીને પત્ર રાજાને આપ્યો. રાજાએ ચમકીને પત્ર લીધો, વાંચી જોયો.

"ગુરૂ મહારાજની તબીયત ઘણી નરમ જણાય છે." પત્ર વાંચી રાજાએ કહ્યું.

" હા! એમનું શરીર વૃદ્ધાવસ્થાથી જર્જરિત થઇ ગયું છે, આંખોનું તેજ પણ ઓછું થયું છે, એમની તબીયતનો હવે એમને ભરૂસો નથી તેથી લખે છે કે ' વત્સ ! તને ભણાવી ગણાવી વિદ્વાન્ બનાવ્યો, પદવીએ ચઢાવ્યો તો હવે તેના બદલામાં મારી પાસે આવીને કાંઇ કર ? આખર સમયની આરાધના કરાવી મને ઉપવાસરૂપી રથમાં બેસાડી સ્વર્ગધામમાં પહોંચાડ. વત્સ ! ઘણા દિવસના તારા વિજોગથી તારૂં મુખ પણ હું તો ભૂલી ગયો. તેથી મનમાં બહુ દુ:ખ થાય છે. તું રાજા પાસે ગયો એ ઠીક ન થયું. માટે ઝટ આવ અને મને સાધના કરાવ ?, રાજન્ ? ગુરૂ મને મળવાની ઉત્કંઠા ધરાવે છે. માટે મારે સત્વર જવું જોઇએ. " ગુરૂ બપ્પભટ્ટસૂરિએ કહ્યું.

" મને પણ લાગે છે કે આપે જવું તો જોઇએ. " કંઇક કચવાતે મને રાજાએ કહ્યું.

" જેમ બને તેમ આપે જલદીથી વિહાર કરી આવવું. એવી ગુરૂ મહારાજની ઇચ્છા છે. સમજો કે તમને મળવાને ખાતરજ એમનું શરીર વૃદ્ધાવસ્થાનું દુ:ખ ભોગવતું ટકી રહ્યું છે. રાતદિવસ આપને યાદ કરે છે એક વખત આપને મળવાની એમને એટલી તો ઉત્કંઠા છે કે ' મારો ભદ્રકીર્ત્તિ આવ્યો ! ભદ્રકીર્ત્તિ ક્યાં છે ? એને ઝટ બોલાવો ? ' અમને પણ એટલી બધી તાકીદ છે કે જેમ બને તેમ સત્વર આપને લઇ આવવું. " બે મુનિઓમાંના એક મુનિએ કહ્યું.

" આપણે આવતી કાલે પ્રભાતનાજ અહીંથી વિહાર

કરી જઇશું ” બપ્પભટ્ટસૂરિએ કહ્યું. ગુરૂભક્તિથી એ હૈયું અતિ કુમળુ થયું હતું. એ સમર્થ વિદ્વાનો અને વાદીઓ ઉપર પોતાનો પ્રભાવ પાડનારી આંખમાંથી અશ્રુના બે બિંદુ ખરી પડ્યાં.

“ પ્રભુ ? મારી પણ ઇચ્છા છે કે આવતીકાલે રવાને થઇ જાઓ ! મારા પ્રધાનો આપની સાથે આવશે. અનુકુળ જણાય તેટલો સમય આપ ત્યાં રહી આ તરફ વેલા પધારશો. હમેશાં આપના દર્શનની અમે રાહ જોશું. ” રાજાએ કહ્યું.

બીજે દિવસે પ્રાતઃકાળ થતાં ગુરૂ બપ્પભટ્ટસૂરિ પોતાના પરિવાર સહીત રાજ મંત્રીઓ અને પંડિતો સાથે મોંઢેરા તરફ વિહાર કરી ગયા. જેમ બને તેમ એ વિહારમાં લાંબો પંથ કાપવામાં આવતો હતો. પોતાના ગુરૂને મલવાને સૂરિવરનું મન ઘણું અધિરૂં થઇ રહ્યું હતું. કેમકે જગતમાં ગુરૂનો ઉપકાર અસાધારણ કહેવાય. માતાપિતાતો એકજ ભવનાં ઉપકારી હોય છે પણ દેવ ગુરૂ અને ધર્મનો માર્ગ બતાવનાર–ઓળખાવનાર ગુરૂનો ઉપકાર તો નહી વાળી શકાય એવો છે. સંસારસાગરથી પાર ઉતારી જે ગુરૂએ મોક્ષ માર્ગ તરફ પહોંચાડવાને સમકિતરૂપી દીવો જાગૃત કરાવી આપ્યો છે. જ્ઞાન, દર્શનને ચારિત્ર રૂપી રત્નત્રયીથી એ માર્ગ વિભૂષિત કર્યો છે. એવા ગુરૂતો ભવસ્થિતિ પરિપાક થાય તોજ મલે. એવાનો ઉપકાર શે વિસરે ?

ગુરૂના ઉપકારનું સ્મરણ કરતા શીઘ્રગતિએ વિહાર કરી

બપ્પભટ્ટસૂરિ મોઢેરા આવી પહોંચ્યા. શ્રીમહાવીરને વંદના કરી બપ્પભટ્ટસૂરિ ગુરૂવર્યના ચરણમાં આવીને નમ્યા. સિદ્ધસેનસૂરિ સંથારા ઉપર સુતેલા હતા. એમનું શરીર વૃદ્ધાવસ્થાથી બહુ જર્જરિત થયું હતું. માંડમાંડ શ્વાસોશ્વાસ લઇ શકતા હતા. હાલવા ચાલવાની શક્તિઓ પણ મંદ પડી ગઇ હતી. એક તો વૃદ્ધાવસ્થા, બીજો મંદવાડ એટલે માંડ તેઓ બોલી શકતા. છતાં ગુરૂ ભક્તિમાં એકચિત્તવાળા શિષ્યો એમની સેવા ભક્તિથી પોતાનો સમય સફલ કરતા, કંઇ પણ પુણ્ય-વૈયાવચ્ચનો લાભ બાંધવામાં તે ઉત્સાહવાળા હતા.

ગુરૂ ચક્ષુનું મંદ તેજ છતાં બપ્પભટ્ટજીને મહા પ્રયાસે ઓળખ્યા, મલ્યા. " વત્સ ? ઠીક થયું તું આવ્યો તે ? હું તને ભૂલી ગયો હતો. ઘણો સમય તું રાજાની પાસે રહ્યો હોવાથી મને તારા મુખની પણ સ્મૃતિ નહોતી. હવે મને આરાધના કરાવા મારા રૂણમાંથી તું મુક્ત થા ? " જરાવાર અટકયા.

પછી આરાધના પહેલાં સિદ્ધસેનસૂરિએ ગચ્છની તમામ ચિંતા બપ્પભટ્ટજીને ભળાવી, એમને પોતાની પાટે સ્થાપ્યા.

તે પછી સૂરિવરે:ઉત્તમ પ્રકારે આરાધના કરાવવા માંડી. ચાર શરણ, દુષ્કૃત નિંદા, સકૃતનું અનુમોદન, તીર્થવંદન, નવકાર સ્મરણ વગેરે વિધિ પૂર્વક આરાધના કરાવી. તત્વચિંત્વન અને નવકાર સ્મરણ કરતા ગુરૂ સિદ્ધસેનસૂરિ આયુષ્ય પરિપૂર્ણ કરી સ્વર્ગલોકમાં ગયા.

ગુરૂના સ્નેહને સંભારતા શિષ્યો અને શ્રાવક આદિ ચતુર્વિધ સંઘ ગુરૂવિયોગથી શોક સાગરમાં ડુબી ગયો. એ પ્રશસ્ત રાગ સંભારીને શિષ્ય વર્ગ રડતો. હૈયામાં રહેલી ગુરૂભક્તિ ચક્ષુમાંથી અશ્રુનો પ્રવાહ વહેવડાવતી હતી. પણ જગતમાં સામાન્ય એવો નિયમ હોય છે કે દુઃખનું ઓસડ દહાડા ' જેમ જેમ સમય વહેતો ગયો એમ એમ ગુરૂ સંબંધી શોક નરમ પડતો ગયો.

થોડા દિવસ વહી ગયા પછી બપ્પભટ્ટજી ગોવિંદસૂરિ અને નન્નસૂરિને ગચ્છનો ભાર ભળાવી રાજપ્રધાનો સાથે કનોજ રાજ પાસે જવાને વિહાર કરી ગયા.

## પ્રકરણ ૨૯ મું.

### સ્વધર્મને માટે.

શંકરની ઉમર પાંચ વર્ષની થઇ એટલે એણે ભણવાનું શરૂ કર્યું. ભણવામાં એની બુદ્ધિ તીક્ષ્ણ હતી. જે ગુરૂ પાસે શંકર ભણતો એની સાથે બીજા પણ ઘણા શિષ્યો ભણતા. એ બધા શિષ્યોમાં બાલ્યાવસ્થા છતાં શંકર ભણવામાં ચતુર હતો. એની તીક્ષ્ણ બુદ્ધિ, તર્કશક્તિ, સમજ શક્તિ અને ધારણા શક્તિ સારી હોવાથી ગુરૂ પણ એની ઉપર પ્રસન્ન રહેતા. ઘણીજ કાળજીથી–સ્નેહથી એને શિખવતા. શંકર બાલક હતો છતાં ભણવામાં કોઈ શિષ્ય એની સ્પર્ધા કરવા સમર્થ થતો નહી.

એ સર્વની આગળ વધી ગયો. થોડા વર્ષોમાં એણે ગુરૂ પાસે જેટલી વિદ્યા હતી એ બધી શીખી લીધી. બાલ્યાવસ્થામાંજ એ શંકર ભણીને પંડિત થયો. વિદ્વાનોને માનવા યોગ્ય થયો.

શંકરનું મન કંઈક વૈરાગ્ય ભાવનાવાળું તેમજ વેદાંત મત ઉપર પરિપકવ આસ્થાવાળું હતું. વેદ પ્રત્યે એને અભિમાન હતું. દુનીયાંને પોતાનું પાંડિત્ય બતાવા એની જીભ તરવરવા લાગી. વાદ કરીને બીજાને હરાવવા, પોતાની વિદ્વત્તાથી અન્યને ચકીત કરવા તેમજ પોતાની વિદ્વત્તાથી રાજાઓ અને અમીરો ઉપર પણ પોતાનો પ્રભાવ પાડવો એવી અનેક પ્રકારની મહત્વાકાંક્ષા એના હૃદયમાં ઉત્પન્ન થઇ. વેદાંત મતના આચાર્ય થઈ હજારો શિષ્યો બનાવવા, મંદ પડી ગયેલા વેદ ધર્મની જ્યોતિ સતેજ કરી દુનિયામાં એની પ્રતિષ્ઠા વધારવી, લોકોને એ તરફ આકર્ષવા, જૈનો અને બૌદ્ધોના અહિંસાના ફેલાવવાથી બંધ પડી ગયેલા યજ્ઞ યાગો પાછા ચાલુ કરવા અને એ ધર્મોની જડ કાઢી નાખવી, આવી આવી અનેક પ્રકારની ઉત્કંઠાઓ એના હૃદયમાં જન્મ પામી. એણે વિચાર્યું કે "આ બધું કયારે બની શકે? કે હું સંન્યાસી થાઉં ત્યારે ?"

સંન્યાસી થવા માટે માતાની આજ્ઞાતો મેલવવી જોઈએ. માતાની આજ્ઞા મેલવીને કોઈ મહાપંડિત આચાર્ય કે સંન્યાસી હશે એનો હું શિષ્ય થઈશ. મારી મહત્વાકાંક્ષાઓ હું પૂર્ણ કરીશ. પણ માતા રજા આપશે કે કેમ ? એ જરા વિચાર પડતી વાત છે. કોઈપણ યુક્તિથી માતાની રજા તો લેવીજ જોઇએ. એને માટે કોઈ ઉપાય કરવો જોઇએ.

એક દિવસ માતા પાસે આવીને શંકરે પોતાની દલીલ રજુ કરી, માતા તો શંકરની આવી તીક્ષ્ણ બુદ્ધિ, એની ચપળતા, સુંદરતા, બાલક છતાં બોલવાની છટા, ક્ષત્રીય જેવી શૂરવીરતા જોઈ હૃદયમાં ખુશી ખુશી થતી. એણે જાણ્યું કે ગમે તેવી મુશીબતો છતાં શંકરની ભક્તિ પ્રત્યક્ષ આજે ફલીભૂત થઈ હતી. જાણે શંકર પોતે પોતાના શંકરરૂપે ઉત્પન્ન થયા હોય. એવો તેજસ્વી પુત્ર એણે જણ્યો હતો; છતાં દુનિયાના કલંકમાંથી એ મહાદેવના પ્રતાપે બચી ગઈ હતી, એજ એને મન આનંદ હતો. એની યુક્તિથી ભોળા લોકો ભરમાયા હતા કે સાક્ષાત મહાદેવજી ધર્મનું સ્થાપન કરવા માટે વિશિષ્ઠાને પેટે પુત્ર પણે ઉત્પન્ન થયા હતા. ત્યાં વિશિષ્ઠાને લોકો કલંક કેમ આપી શકે ? કોઈ જાણકારો રહસ્ય જાણી ગયા હતા તે સમજતા હતા કે આ બધો ગોટાળો–ખોટો બચાવ છે, પણ દુનિયાના ઘણા લોકો ભરમાયેલા હોવાથી સમજનારા મૌન હતા. કોઇ પ્રસંગે જગત્‌માં સાચી વાત પણ મારી જાય છે. ત્યારે ખોટી વાતને દુનિયા સાક્ષાત્ પ્રગટ સત્ય તરીકે ઓળખે છે. એવો જગતનો સાધારણ નિયમ છે. પ્રચાર પામેલી શંકરની જન્મોકિત શંકરની વિદ્રત્તા અને એનું તેજ જોતાં લોકોની ખાતરી ચોક્કસપણે થઇ કે 'આ તો સાક્ષાત શંભુ મનુષ્યાવતાર રૂપે પ્રગટ થયા.'

માતાના હર્ષનો તો પાર ન હતો. એનું સર્વસ્વ કહો કે જીવન કહો તે સર્વ શંકર હતો. દુનિયાના મોંએ શંકરનાં વખાણ સાંભળી એ માતાનું હૈયું હર્ષથી ગજ ગજ ઉચ્છળ-

તું'તું. એક ક્ષણભર પણ પુત્રનો વિયોગ સહન કરવા તે અસમર્થ હતી. છતાં એને એક દુ:ખ હતું. કોઇ ભવિષ્યવેતાને મોંએથી સાંભળ્યું'તું કે શંકર અલ્પાયુષી છે.

શંકરે માતાના ચરણમાં વંદન કર્યું, માતાએ એને હસ્તે હૈયે આશિષ આપી. "માતાજી ? તમારી રજા હોય તો હું સંન્યસ્ત દીક્ષા ગ્રહણ કરૂં ?"

પુત્રની સંન્યાસી થવાની વાત સાંભળી માતા ચમકી. હેં ? શું કહ્યું ? તું સંન્યાસી થવા માગે છે ?"

"હા ? માતાજી ? આ ક્ષણભંગુર સંસારમાં ધર્મ એ એકજ સાર છે દુનિયા તો અસાર છે!" શંકરે માતાને સમજાવવા માંડી.

"દિકરા ? હું તો તને હવે ઝટ પરણાવવા માંગું છુ !! તારી વહુ આવે એટલે મારા તો બધા કોડ તેં પુર્યા એમ સમજીશ !"

"માતાજી ? એ માયાના પાશમાં ફસાઇ આ મનુષ્ય જીવન કાંઈ પણ મહત્કાર્ય વગર વ્યર્થ જાય એ શું તમે ઇચ્છો છો ? કે તમારા પુત્રનું કલ્યાણ ચાહો છો ?"

"એવી કઇ અભાગિણી માતા હોય કે પોતાના દિકરાનું એ કલ્યાણ ન ચાહે ? વત્સ ! અમને સ્ત્રીઓને તો માયા વ્હાલી લાગે ? તેથી જ તું પરણ્યો હોય, તારી વહુ આપણા ઘરમાં રમતી ફરતી હોય, એવું સૌભાગ્ય કોને ન ગમે ?" માતાએ કહ્યું.

" માતા ? હું સંન્યાસી થઈશ તો ઘણા રાજારાણા મારા પગમાં પડશે. ઘણા શિષ્યો મારા હાથતળે કેળવાઇ વેદધર્મનો ઉદ્ધાર કરશે, મારો મનુષ્યજન્મ પણ સાર્થક થશે."

" હા ! સત્ય છે, પણ મારૂં મન કેમ માને દિકરા ? મેં સાંભળ્યું છે કે તારૂં આયુષ્ય અલ્પ છે. જે સાંભળીને રાત દિવસ હું ચિંતાથી બળું છું તેથીજ તને ઝટ પરણેલો જોવાને ઇન્તેજાર છું. ત્યારે તું તો સંન્યાસી થઇ જવાની વાત કરે છે."

" એ ચિંતા આપની નકામી છે, માતાજી ? માણસ થોડું જીવે કે ઘણું એથી શું ? ઘણું જીવ્યા કરતાં જગત્માં જન્મીને મનુષ્યે કરવા યોગ્ય કાંઇ ન કર્યું તો એ જીવ્યો તોયે શું ? ને અલ્પ જીવનમાં પણ જે ઘણું કરી જાય છે એનુંજ જીવતર ધન્ય ગણાય. જગત્માં એજ જીવ્યો લેખાય." શંકરે માતાના મનનું સમાધાન કર્યું.

" પણ એથી માતાનું મન કેમ માને ? દિકરાનું અલ્પ આયુષ્ય સાંભળી કયી માતાને દુઃખ ન થાય ? દિકરા ! તું આટલું બધું ભણ્યો ગણ્યો તો એવો કોઈ ઉપાય નથી કે તારૂં આયુષ્ય વધારી તારી વ્હાલી માતાને તું પ્રસન્ન કરે ?" સ્નેહઘેલી માતાએ પુત્રને આયુષ્ય વધારવાનો ઉપાય પૂછયો. બિચારી હંમેશાં મહાદેવને પ્રાર્થતી કે ' પુત્રનું આયુષ્ય વધારે ! '

"માતાજી ? આયુષ્ય વધારવાની તમે વાતો કરો છો તો તો તમારે મને સંન્યાસી થવાની રજા આપવી જોઇએ. શરીરને દૃઢ કરવાનો, યોગ-સમાધિના પ્રયોગે કરી આયુષ્યને

વધારવાનો માર્ગ તો તે સ્થિતિમાંજ થઇ શકે." શંકરેયુક્તિ લડાવી.

"એમતો નહી, તારે પરણવું તો પડશે સમજ્યો કે, દિકરા ?" માતાએ પોતાની હઠ ચાલુ રાખી. "તારો વિયોગ હું સહન કરી શકીશ નહી."

"માતાજી ! જો મને પરણાવશો તો સાચે હું અલ્પાયુષીજ રહેવાનો ? કારણ કે ગ્રહસ્થધર્મનું પાલન કરતાં સ્રીઓના સહવાસમાં ઉલટાં આયુષ્ય બળ ઘટે છે. તમે જોતાં નથી કે સંસાર ત્યાગી સાધુસંન્યાસીઓ બ્રહ્મચર્યનું પાલન કરી કેવા દીર્ઘાયુષી અને નિરોગી બને છે, ત્યારે ભોગોમાં લુબ્ધ સંસારીઓ રોગવાળા, નિર્બળ અને જરાના પાસમાં જલદી પહોંચી જાય છે." શંકરે સમજાવવા માંડયું.

"એનું કારણ ! ગૃહસ્થો કેમ દીર્ઘાયુષી ન બની શકે ?" માતાએ શંકા કરી.

"કારણ એ કે ગૃહસ્થ ધર્મ અનેક ચિંતાઓથી ભરેલો જ હોય. આધિવ્યાધિને ઉપાધિઓ જ એને વળગેલી હોય. વ્યવહારમાં એને અનેક પ્રકારની મુશ્કેલીઓ ભોગવી પડે. સગાં વ્હાલાં અને સંબંધીજનનાં મન સાચવવાં પડે. એ ઉપરાંત વળી જો ઘરમાં સ્રી સારી હોયતો તો ઠીક; નહીતર જો શંખણી જેવી સ્રી સાથે પાનો પડયો હોય તો એ ધણીનું લોહીજ ચુસી લે અને પરભવમાં પુરૂષને દુર્ગતિ તરફ લઇ જાય. આ ભવમાં પણ એનું સત્યાનાશ વાળે 'જીવતાં ખાયે કાળજુ, મુએ નરક લઇ જાય.'

એવી પણ સ્ત્રી હોય. એવી અનેક મુશ્કેલીથી ભરેલો ગૃહસ્થ દુનિયામાં ક્યાંથી સુખી હોય ? ગમે તેવી સારી સ્થિતિ હોવા છતાં ભાગ્યેજ ગૃહસ્થ કોઈ ચિંતા વગરનો હોઈ શકે. એ ચિંતા પુરૂષના સશકત શરીરને પણ નિર્બળ બનાવી દે, વૃદ્ધાવસ્થાનું આમંત્રણ કરે, રોગ શોક તો અણનોતર્યા જ આવી જાય છે. એ બાબતનો જેને અનુભવ છે, એતો સમજી શકે છે કે પરણવાની ઉપાધિ વ્હોરવામાં કેટલું દુઃખ સમાયલું છે." શંકરે વિસ્તારથી વર્ણન કરવા માંડયું.

"દિકરા ? ત્યારે સંન્યાસી થવાનો તારો ચોક્કસ વિચાર છે ?" માતાએ પૂછયું.

"હા ? માતાજી ! મારા જીવનનું ધ્યેય તો એજ છે. સંસારની જંજાળમાં પડવા હું મુદ્દલે ઇચ્છતો નથી." શંકરે પોતાનો નિશ્ચય જણાવ્યો.

"તો જેમ તને સુખ લાગે તેમ કર ? પણ મને મળતો રહેજે. તારા જીવનનો ઉત્કર્ષ જોઇ–સાંભળી હું સંતોષ પામીશ."

માતાની રજા સાંભળી શંકર પ્રસન્ન થયો. એક દિવસે શુભ મુહુર્ત્ત જોઇ એણે માતાની આશિષ સાથે પ્રયાણ કર્યું. જતા એવા પુત્રને જોઇ માતાના હૈયામાં પારાવાર દુઃખ થયું. આંખમાંથી અશ્રુ પડવા માંડ્યાં. સમર્થ પુત્રની માતા છતાં સંસારમાં અત્યારે એ એકલી અટુલી હતી. એને યાદ આવ્યું કે એક દિવસ આવીજ રીતે એનો પરણેલો પોતાને તજીને તપ કરવા ચાલ્યો ગયો હતો. તે પછી કેટલાંક વર્ષનાં વ્હાણાં વીતી ગયા

છતાં પણ આજે એનો એકનોએક જીવનના આધાર સ્વરૂપ પુત્ર એનો ત્યાગ કરીને સંન્યાસી થવા જતો હતો. વર્ત્તમાન કાળની વાતો સાથે ભૂળકાલની વાતોનું સ્મરણ કરતાં વિશિષ્ઠાને પારાવાર દુઃખ થતું હતું. છતે ધણીએ જેમ રંડાયેલી હતી તેમ એને લાગ્યું કે ' છતે પુત્રે પણ એ વંધ્યા જેવી હતી. '

# પ્રકરણ ૩૦ મું.

## પાપનું પ્રાયશ્ચિત.

નર્મદા નદીના કિનારા ઉપર સંન્યાસીનો એક આશ્રમ હતો. આજુબાજુ અનેક પ્રકારની વૃક્ષલતાઓ, વનની કુદરતી સૌંદર્યતા અને એક બાજુએ વહ્યાં જતાં નર્મદાનાં અથાગ ઉંડાં નીર એ આશ્રમની મનોહરતામાં વધારો કરી રહ્યાં હતાં. એ પર્ણકુટિર સ્વચ્છ અને શોભિતી હતી. એના ચોગાનમાં એક આચાર્ય જેવો સ્વામી બેસતો. એની આજુબાજુ બેઠેલા અનેક શિષ્ય સંન્યાસીઓને એ ધર્મશાસ્ત્રનું અધ્યયન કરાવતો. એ આચાર્ય જગતમાં ગોવિંદનાથને નામે ઓળખાતો'તો. પોતાનાથી બની શકે એટલું સંન્યાસધર્મનું પાલન કરી, પોતાની વિદ્યા બીજાને આપી પોતા સમાન સમર્થ વિદ્વાન્ બનાવવા એ એનો ઉદ્દેશ હતો. એ ઉદ્દેશ પાર પાડવા અને સ્વધર્મની વૃદ્ધિ કરવા એણે આ આશ્રમની સ્થાપના કરી હતી.

એક દિવસ સંન્યાસી ગોવિંદનાથ પોતાના શિષ્યોને ભણાવતો હતો, એવામાં એક ઉગતી વયનો બ્રાહ્મણ જેવો દેખાતો તરૂણ બાળક એને આવીને નમ્યો. ગુરૂ ગોવિંદનાથે શિષ્યોને પાઠ આપતાં એ નવા આવનાર તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોયું, તો એનામાં કંઇક અધિકતા એણે જોઈ. એ નવા આંગતુકે સંસ્કૃત ભાષામાં એની સાથે વાત કરવા માંડી. એ અદ્દભૂત વાણીની છટાથી શિષ્યો સહિત ગોવિંદનાથ આશ્ચર્ય પામ્યા. બાલ્યાવસ્થામાં આવી વિદ્વત્તા જોઇને ગુરૂ ગોવિંદનાથે શંકરને પ્રસન્ન થઇને અત્ર આગમનનો હેતુ પૂછયા. "વત્સ ! તારી શું ઇચ્છા છે એ કહે ?"

"હું આપનો શિષ્ય થઇ આપની પાસેથી સૂત્રોનું, ઉપનિષદોનું અધ્યયન કરવા ચાહું છું. શ્રુતિયો, છંદો, મંત્રોની આમ્નાય સમજવા આવ્યો છું." શંકરે આગમનનો હેતુ કહી સંભળાવ્યો.

"વત્સ ! એ બધું જાણવા માટે તારે પ્રથમ સન્યસ્ત દીક્ષા લેવી પડશે, કેમકે સંન્યાસી થયા વગર એ શિખવાનો—રહસ્ય સમજવાનો ગૃહસ્થનો અધિકાર નથી." ગોવિંદનાથે ખુલાસો કર્યો.

"હું સન્યાસી થવા તો આપની પાસે આવ્યો છું. ખુશીથી આપ મને સન્યસ્તદીક્ષા આપો ! મંત્રો વગેરેનું ગૂઢ રહસ્ય મને સમજાવો !" શંકરે ખુલાસો કર્યો.

શુભ દિવસ જોઇ ગોવિંદનાથે શંકરને દીક્ષા આપી.

એટલે શંકર ગૃહસ્થ મટીને સંન્યાસી થતાં શંકરસ્વામી તરીકે ઓળખાયો.

શંકર સ્વામીયે ગુરૂની પાસે રહીને શેષ રહેલાં ઘણાં ખરાં શાસ્ત્રાનું અધ્યયન કર્યું. અલ્પ સમયમાં ગુરૂ પાસેથી એમની સર્વ વિદ્યા શીખી ગયો. શ્રુતિઓનું, છંદશાસ્ત્રનું, મંત્રશાસ્ત્રનું વગેરે સર્વ રહસ્ય ગુરૂએ શંકરસ્વામીને સમજાવ્યું. થોડાં વર્ષમાં શંકરસ્વામી પ્રખર વિદ્વાન થયો. વેદમતના તત્વોનો સંપૂર્ણ જ્ઞાતા થયો.

અત્યાર લગી એણે પોતાનું જીવન અભ્યાસ કરવામાં વીતાવ્યું. હવે એ ખીલેલી *શક્તિઓનો જગતને* ચમત્કાર દેખાડવાનું મન થયું. વાદવિવાદ કરવાની ધુન લાગી. સમર્થ વિદ્વાનોને જીતવા એની વાણી આતુર બની. તેથી ગુરૂની રજા મેળવી કેટલાક શિષ્યોને લઇને શંકરસ્વામી કાશી નગરમાં આવ્યો. શિષ્ય સહિત શંકરસ્વામીએ એક જાહેર મંદિરમાં પડાવ નાખ્યો. શંકરસ્વામીએ અહીંયાં લોકોને બ્રહ્મ વિદ્યાનો ઉપદેશ આપવા માંડ્યો. શરૂઆતમાં જોકે એનો ઉપદેશ સાંભળનાર ઘણા મનુષ્યો નહોતા. પણ જેમ જેમ સ્વામીની વાણી લોકોને રૂચતી ગઇ, તેમ શ્રોતાઓમાં વૃદ્ધિ થવા લાગી, સાંભળનારને રસ પડવા લાગ્યો અને શહેરમાં સ્વામીની પ્રશંસા થવા લાગી એમ એમ મેદની જામતી ગઇ. પંડિતો પણ સ્વામીની પ્રશંસા સાંભળીને આકર્ષાયા. એમણે શંકરસ્વામીની વિદ્વત્તાની કસોટી કરી અનેક પ્રકારના ચર્ચાળુ

વિષયો ઉત્પન્ન કરીં,સ્વામીજી સાથે તેઓ ચર્ચા કરતા. સ્વામી તે સર્વેને પોતાની બુદ્ધિશક્તિથી, તર્કશક્તિથી સમજાવતો. એમની શંકાનું નિવારણ કરતો હતો; જેથી અલ્પ સમયમાં સમસ્ત કાશી નગરમાં શંકરસ્વામીની પ્રસિદ્ધિ થઈ ગઇ. કેટલાક તો એના ભક્ત રાગી થયા. કેટલાકે તેની પાસે સંન્યસ્ત દીક્ષા ગ્રહણ કરી. એની વિદ્વત્તાથી પ્રસન્ન થયેલા કાશીના પંડિતોએ શંકરસ્વામીને આચાર્ય પદવીથી વિભૂષિત કર્યો. ત્યારથી શંકરસ્વામી શંકરાચાર્ય તરીકે જગતમાં ઓળખાયો.

કાશી નગરમાં શંકરાચાર્ય કેટલોક વખત રહ્યા પછી પોતાના શિષ્યોના પરિવાર સાથે દેશોદેશ ઉપદેશ કરતો હિમાલય પર્વતના બદ્રિનારાયણ આશ્રમમાં::જઈને રહ્યો. અહીંયાં એણે સ્થિર નિવાસ કરી વેદાંત ઉપર ભાષ્યને ઉપનિષદો બનાવવા માંડ્યા. એ પોતાનાં રચેલાં ઉપનિષદો અને ભાષ્યો શિષ્યોને શીખવવા લાગ્યો. તે પછી શારીરિક સૂત્રોનું ભાષ્ય રચ્યું. એવી રીતે કેટલાંક શાસ્ત્ર એણે રચ્યાં. તેમજ બૌદ્ધ અને જૈન મતનું ખંડન કરવા માંડયું. લોકોને પોતાના મતમાં ખેંચવા માંડ્યા. પોતાના ધર્મની મહત્વતાનું વર્ણન લોકોની આગળ કરવા માંડયું. પોતાને વિદ્યાનું એટલું બધું અભિમાન હતું કે જેથી શંકરાચાર્યને લાગ્યું કે પોતાને જગતમાં કોઇ જીતી શકે એમ નથી. એવામાં કુમારિલભટ્ટની કીર્ત્તિ એણે સાંભળી એટલે કુમારિલભટ્ટની સાથે વાદ કરવાની જીજ્ઞાસા ઉત્પન્ન થઇ.

શંકરાચાર્ય હિમાલયથી શિષ્યો સાથે વિહાર કરતો

કરતો—ચાલતો દક્ષિણ દિશા તરફ પ્રયાગ આવ્યો. આ તીર્થ સ્થળ હોવાથી ત્રિવેણીમાં એમણે સ્નાન કર્યું ને કાયા પવિત્ર કરી. શિષ્યો સહિત શંકરાચાર્ય કિનારે બેઠો. હજારો નગરવાસી જનોએ એની કીર્ત્તિ સાંભળેલી તેથી તે એના દર્શને દોડી આવ્યા. કેટલાક પ્રયાગના પંડિતોએ એની સાથે વાદવિવાદ કરવા આવ્યા. એ સર્વને શંકરાચાર્યે જીતી લઇ પોતાની કીર્ત્તિમાં વધારો કર્યો. અહીંયાં પણ એણે કુમારિલભટ્ટની કીર્ત્તિ સાંભળી. જેથી એને જીતવાની ઇચ્છા શંકરાચાર્યની પ્રબળપણે વધી ગઇ.

" કુમારિલભટ્ટ મને કયાં મળી શકે ? મારે મળવું હોય તો ? " શંકરાચાર્યે એક જાણકાર પંડિત પુરૂષને પૂછ્યું.

" સ્વામીજી ! કુમારિલભટ્ટ મહાસમર્થ આચાર્ય, વેદના તત્વોના જ્ઞાતા જેમણે બૌદ્ધોને પણ હરાવ્યા ! કેટલાય દર્શનોનું ખંડન કરીને દુનિયાની દૃષ્ટિમાં વેદાંતતત્વનું સ્થાપન કર્યું. એ મહાસમર્થ જ્ઞાનીનો પરિચય આપને કરવા યોગ્ય છે ! " એમ પંડિતે જણાવ્યું, એના હૃદયમાં કુમારિલ માટે માન હતું. એમ એના બોલવા ઉપરથી સમજાતું 'તું.

" હું પણ એ કુમારિલભટ્ટને મલવા માગું છું. એની સાથે કંઇક ચર્ચા કરવા ચાહું છું. અમારા વિચારોની અરસપરસ આપ લે થાય તો કંઈક નવીન જાણવાનું મળે. " શંકરાચાર્યે કહ્યું.

" આપનું કહેવું સત્ય છે. એમની સાથે આપને જો મલવાની ઇચ્છા હોય તો સત્વર આપે એમની પાસે જવું જોઇએ." પંડિતાએ જણાવ્યું.

" કેમ ? ઉતાવળનું કંઇ કારણ, વારૂ ? " શંકરાચાર્યે આતુર હૃદયે પૂછયું.

" અરે ! એ મહાપુરૂષ પોતાના પાપોનું પ્રાયશ્ચિત કરવાને તૈયાર થયા છે. અગ્નિમાં પોતાની કાયાને બાળી ભસ્મ કરી શરીરનો નાશ કરવા આતુર થયા છે. "

કાષ્ટ ભક્ષણની વાત સાંભળીને શંકરાચાર્ય ચમક્યો. " હેં શું કાષ્ટ ભક્ષણ ? કાષ્ટ ભક્ષણનું કાંઈ કારણ ? શામાટે આગમાં બળી કાયાનો નાશ કરવા આતુર થયા છે ? "

" અમને લાગે છે કે એમણે અનિશ્વર વાદીની પ્રરૂપણા કરી છે. ઈશ્વર છતાં એમણે ઇશ્વરનું ખંડન કરી અનિશ્વરપણું સ્થાપન કર્યું. બીજાં પણ કંઇ કારણો હશે. આપ સત્વર જઈ એમને મળો તો આપને જોઇ એ ઘણા રાજી થશે. એમને સંતોષ થશે કે પોતાની પછવાડે પોતાનું કાર્ય પાર પાડવાને એક પુરૂષ જાગેલા છે. "

" ઠીક છે, મારી ઇચ્છા પણ છે કે હું સત્વર જઇ તેમને મળું. " એમ કહી એણે કુમારિલ ભટ્ટ પાસે જવાની ઉતાવળ કરવા માંડી.

એકદમ ઉતાવળી ગતિએ ચાલતાં શંકરાચાર્ય શિષ્યોની સાથે કુમારિલભટ્ટ જ્યાં આગને પોતાનો ભોગ આપી રહ્યો હતા ત્યાં આવી પહોંચ્યો.

કુમારિલભટ્ટ ચિંતાથી પ્રજ્વળતો કાષ્ટની ચિતામાં બેઠેલો છે. એની આજુબાજુ બેઠેલા પ્રભાકર આદિ એના શિષ્યો રૂદન કરી રહ્યા હતા, ગુરૂને કાષ્ટ ભક્ષણ નહી કરવાને સમજાવી રહ્યા હતા, પણ પ્રાયશ્ચિત કરવાનો ગુરૂનો દૃઢ નિશ્ચય એથી શિથિલ થાય એમ નહોતું. એવામાં કુમારિલ શંકરાચાર્યને જોઈ અતિશય આનંદ પામ્યો. શંકરાચાર્ય પણ એ વૃદ્ધને નમ્યો. નમીને પોતાનો રચેલો ભાષ્ય શંકરાચાર્યે કુમારિલ ભટ્ટને બતાવ્યો. કુમારિલે એ ભાષ્યનાં પાનાં ફેરવી જોયાં અને જણાવ્યું કે " સ્વામીજી તમારો ભાષ્ય તો ઠીક છે. પણ આ ભાષ્યના પ્રથમ અધ્યાયમાં આઠહજાર વાર્ત્તિકા જોઇએ. જો મેં પહેલાં દીક્ષા ન લીધી હોત તો હું એની વાર્ત્તિકા અવશ્ય કરત !"

" પણ આચાર્યજી ? આપ શામાટે અગ્નિ ભક્ષણ કરવાને તૈયાર થયા છો. હું ઇચ્છું છું કે આપ એનું વાસ્તવિક કારણ મને ખુલાસાવાર જણાવો !"

શંકરાચાર્યના જવાબમાં કુમારિલભટ્ટે કહ્યું. "સ્વામીજી! કરેલા પાપોનું પ્રાયશ્ચિત તો અવશ્ય કરવું જોઇએ. આપણા જેવા જ્ઞાતા પુરૂષો પણ જો પ્રાયશ્ચિત ન કરે તો પછી સાધારણ મનુષ્યની તે શી વાત ? એ પાપનું પ્રાયશ્ચિત કરવાથી ભોગવાઇને છુટી જાય, અન્યથા ભવાંતરમાં પણ કરેલું પાપ ભોગવ્યા વગર છુટતું નથી, માટે આ ભવમાંજ મારે ભોગવીને છુટી જવું. હું હવે વૃદ્ધ થયો. વળી મારી પછવાડે તમે ઉઠેલા જોઈ આજે હું કૃતકૃત્ય થયો. તમે આપણા વેદ ધર્મની જ્યોતિ

જગતમાં ફરકાવજો. એની સામે ઉઠેલા હરીફોને હંફાવશો એ મારી ખાતરી છે. હવે તો હું અવશ્ય પાપનું પ્રાયશ્ચિત કરીશ. મારા આત્માને પાપ થકી મુક્ત કરીશ. ” કુમારિલે ખુલાસાથી વાત કરવા માંડી.

“ પણ એ પાપ તો કહો, કે તમે તમારા ક્યા પાપનું પ્રાયશ્ચિત કરવા ચાહો છો ? ” શંકરાચાર્યે આતુરતાથી એનું કારણ જાણવા માગ્યું.

“ સાંભળો ! મને વિશ્વાસઘાતનું મોટામાં મોટું પાપ લાગેલું છે. શાસ્ત્રમાં પણ એને નિંદ્યું છે કે “ વિશ્વાસઘાતી મહા પાપી ? ”

“ તમે કોની સાથે વિશ્વાસઘાત કર્યો છે તે ? ” સ્વામીજીએ પૂછયું.

“ એક ઇશ્વર સાથે અને બીજો બૌદ્ધ લોકો સાથે ? ”

“ તે કેવી રીતે જરી ખુલાસાથી સમજાવો તો ? ”

“ બૌદ્ધ સાથેના વાદ વિવાદમાં પ્રથમ જ્યારે હું હાર્યો ત્યારે મેં હારીને એમનું શરણુ અંગીકાર કર્યું એમનો શિષ્ય થઇ ગયો ? ”

“ શું તમે વેદાંત મત છોડી નાસ્તિક બૌદ્ધ થઈ ગયા. અફસોસ ? ”

“ હા ! એમનો શિષ્ય થઈને એમના સિદ્ધાંત હું ભણવા લાગ્યો. વચમાં કેટલોક સમય પસાર થઇ ગયો ને એમના સિદ્ધાંતો મેં જાણી લીધા. ”

"એ પણ ઠીક ! એક રીતે તમે એ બ્હાને બૌદ્ધોનું રહસ્ય જાણી લીધું." શંકરાચાર્યે જણાવ્યું. "પછી તમે શું કર્યું !"

"હા ! તમારૂં કહેવું સત્ય છે. કુશાગ્રબુદ્ધિવાળા બૌદ્ધ લોકો એક દિવસે વૈદિકમતનું ખંડન કરવા લાગ્યા. દુન્યાની આગળ વેદમતનું ખંડન કરી પોતાના મતનાં તત્વો સમજાવવા લાગ્યા."

"હા ? પોતાના ધર્મનું ખંડન નજર આગળ થતું હોય તે કયો ધર્માભિમાની પુરૂષ સહન કરે !" સ્વામીજીએ વચમાં કહ્યું.

"કોઇ ના સહન કરે ! મને પણ એમજ થયું. મારી નજર આગળ મારાજ ધર્મનું ખંડન તેઓ કરતા પણ મારૂં જોર કાંઇ ચાલતું નહિ. છતાં: મારા હૈયામાં અતિશય દુઃખ થવાથી હું રડવા લાગ્યો. મારૂં રડવાનું કારણ મારી પાસેથી એ લોકોએ જાણી લીધું, જ્યારે એ કારણ બૌદ્ધાચાર્યના જાણવામાં આવ્યું ત્યારે એ નાખુશ થયો. સર્વે બૌદ્ધ ભિક્ષુઓ મારી તરફ અવિશ્વાસની નજરથી જોવા લાગ્યા. એમને લાગ્યું કે આ આપણા વિરોધીને બૌદ્ધશાસ્ત્રના રહસ્યનું જ્ઞાન કરાવ્યું એ ઠીક ન થયું." વચમાં શ્વાસ લેવાને થોભ્યો.

"શંકાની નજરથી જોનારા એ દુષ્ટો તમને મારવા તૈયાર થઈ ગયા હશે ત્યારે તો ?" શંકરસ્વામી બોલ્યો.

"હા ? એ લોકોએ મને હેરાન કરવાનો વિચાર કર્યો. હું નાશી ના જાઉં તે માટે મારા ઉપર સખ્ત નજર રાખવા લાગ્યા. એક દિવસ એમણે સલાહ કરી ઉંચ્ચા પ્રાસાદ ઉપર ચડાવી

મને નીચે ફેંકી દેવાનો નિર્ણય કર્યો. એ મુજબ એ લોકોએ મને ઉચ્ચા પ્રાસાદ ઉપર ચઢાવ્યો. મરવાને તૈયાર થયેલા મેં મોંએથી ઉચ્ચાર કર્યો કે 'વેદની શ્રુતિઓ સત્ય હોય તો અહીંથી પડવા છતાં પણ હું જીવતો રહું.' એમ બોલતા મને નીચે પાડી નાખ્યો છતાં વિધિની મરજીથી હું જીવતો રહ્યો પણ તે સમયે મારી એક આંખ ફુટી ગઈ. ખેર જેવી દૈવની મરજી!" કુમારિલ ભટ્ટ શંકરાચાર્ય સાથે વાત કરતો'તો, તે વળી બોલ્યો.

"તો એ દુષ્ટોએ ફરીને મારવાનો ઉપાય કર્યો કે નહીં!" સ્વામીજી બોલ્યાં.

"પછી તો હું ત્યાંથી કોઇ પ્રકારે ચાલી ગયો, પણ એ દુષ્ટ બૌદ્ધો ઉપર મને બહુ દ્વેષ આવ્યો. શાસ્ત્રનો એક અક્ષર શિખવનાર પણ ગુરૂ કહેવાય તો પછી જે બુદ્ધ ગુરૂ પાસે શાસ્ત્ર ભણીને એમનુંજ મેં બુરૂ કર્યું. એમના કુલનો મેં નાશ કરી નાખ્યો. એમનાં શાસ્ત્ર હું જાણતો હોવાથી એમના શાસ્ત્રોનું સત્યાનાશ વાળવાની મને બહુજ સારી તક મળી, ને એ પ્રમાણે એમના કુલનો નાશ કરી મેં મારૂં વેર વાળ્યું." કુમારિલે પ્રાયશ્ચિતનું સ્વરૂપ કહી સંભળાવ્યું.

"એતો તમે ઘણું સારૂં કામ કર્યું, વેદાંતધર્મની તમે તો ભક્તિ કરી, એમાં તમને પ્રાયશ્ચિત શેનું હોય. કયા મુર્ખ પુરૂષે તમને ભમાવ્યા!" સ્વામીએ કહ્યું

"એ પ્રાયશ્ચિત અવશ્ય મારે કરવું જોઇએ, તેમજ

જેમની મત માનવાથી મેં ઇશ્વરની અસ્તિનું ખંડન કર્યું ને ઇશ્વર જગતકર્ત્તા નથી એવું જગતના ચોકમાં મેં સિદ્ધ કર્યું. આ બન્ને પાપથી છુટવા હું અગ્નિમાં બળીમરી પ્રાયશ્ચિત કરૂં છું." કુમારિલે પ્રાયશ્ચિતનું કારણ પોતાનું પાપ કહી બતાવ્યું.

"અરે દ્વિજ ? આ તમે અજ્ઞાનકષ્ટ શું કરો છો! શ્રુતિના ગૂઢ અર્થની વ્યાખ્યા તમે નથી જાણુતા, શ્રુતિમાં કહ્યું છે કે મારનારને જે હિંસક માને છે અને મરનારને જે મરેલો માને છે એ બન્ને અજ્ઞાની કહેવાય. કારણકે કોઇ કોઇને મારતું નથી કોઇનાથી કોઇ મરતું નથી."

શંકરાચાર્યની વાણી સાંભળીને કુમારિલભટ્ટ બોલ્યો "અરે આવું બોલીને તમે મારા આત્માને ન તપાવો !"

"અરે ભટ્ટાચાર્ય ! આ બૌદ્ધોની ક્ષણિક યુકિતને લઇને હું કહું છું એમ નથી. શુદ્ધ અદ્વૈત માર્ગનું અવલંબન કરીને તમને હું જણાવું છું. વળી મને પણ હજી તમારી સાથે વાદવિવાદ કરવાની જીજ્ઞાસા હતી. તેથીજ હું તમને સહીસલામત જોવા ચાહું છું." સ્વામીએ પોતાનો મનોગત અભિપ્રાય કહી સંભળાવ્યો.

"સ્વામીજી ! મારૂં કહ્યું માનો તો હવે વાદવિવાદ કરવાનું છોડી દ્યો! એ ઝઘડામાં પડવા કરતાં તમે તમારૂં કામ કર્યા કરો ! તે છતાં તમારી ઇચ્છા હોય તો માહીષ્મતી નગરીમાં મંડનમિશ્ર નામે મારો બનેવી છે, એ સર્વજ્ઞ જેવો સકલ વિદ્યાનો પારંગામી છે. એમની સાથે વાદ કરીને તમારી ખાજ શાંત કરો !" કુમારિલે કહ્યું.

" અસ્તુ ? તમારા વચન પ્રમાણે હું અહીંથી માહીષ્મતિ નગરી તરફ જઇશ ને મંડનમિશ્રને વાદમાં જીતી લઇશ. " શંકરાચાર્યે જણાવ્યું.

" હવે હું તો મારા કાર્યમાં તત્પર થાઉ છું. " એમ કહી ચિત્તામાં આગ મુકી એ આગ ધુંધવાણી. ભડકા થવા લાગ્યા કુમારિલનાં અંગોપાંગો આસ્તે આસ્તે અગ્નિમાં દગ્ધ થતાં પાપનું પ્રાયશ્ચિત કરવા લાગ્યાં.

એના શિષ્યોએ–શંકરાચાર્યે ઘણીય મના કરી પણ એના ધ્યાનમાં એકે વાત ઉતરી નહીં, એ જાણતો હતો કે પાપ કરેલું હોય એ અવશ્ય ભોગવવું જ પડે છે. ભોગવ્યા વગર એવાં આકરાં કર્મબંધનો નાશ પામતાં નથી, શંકરાચાર્યની વાણીમાં એને યૌવનનો મદ જણાયો. ગર્વ ભરેલું જ્ઞાન જોયું. એ બધો બાહ્ય આડંબર હતો, છતાં એને છેલ્લાં છેલ્લાં હર્ષ થયો કે પોતાની પાછળ પોતાનાજ વેદાંત ધર્મનો ઉદ્ધાર કરનાર એક પ્રબળ પુરૂષ મુકતો જાય છે. આશાનિરાશા વચે પાપનું પ્રાયશ્ચિત કરતો કુમારિલ અગ્નિમાં બળી ભસ્મ થઈ ગયો. પાપનું પ્રાયશ્ચિત કરતો રામશરણ થઈ એનો આત્મા પરલોકે પ્રયાણ કરી ગયો.

# પ્રકરણ ૩૧ મું.

## પુષ્પધન્વાનું અનુક્રમ આમંત્રણ.

કનોજરાજ એક દિવસે રાજસભામાં ખુશખુશાલ બેઠા છે. પ્રધાનો, ભાયાતો, પંડિતો પણ પોતપોતાને યોગ્ય આસને બેઠેલા, સૂરિવર બપ્પભટ્ટજી પણ રાજાની પાસે એક સિંહાસન ઉપર બેઠા હતા. અત્યારે વાક્‌વિનોદ કરવાની ફુરસદ નહોતી. હમણાં તો કનોજરાજના દરબારમાં નાટારંગ થઈ રહ્યો હતો. દૂર દેશાવરથી આવેલી એક નર્ત્તકીએ કનોજરાજની આગળ પોતાની નૃત્યકળા—અભિનય કળા દેખાડવાની ઈચ્છા પ્રગટ કરેલી, જે રાજાએ મંજુર કરેલી હોવાથી અત્યારે તો મનુષ્યોને દુર્લભ એવું નૃત્ય ચાલતું હતું. એ નૃત્યકીની અભિનય કળાથી રાજા વગેરે સર્વે ખુશ ખુશ થયા હતા. એના હાવભાવ, એ આંખોને નચાવવાની પ્રણાલિકા, અંગમરોડની ચતુરતા, કોકિલાથી પણ મીઠાએ કેળના ગર્ભ સમા સુકોમલ અને માખણ સમા સુંવાળા કંઠમાંથી નીકળતા સુસ્વરો, ગાવાનીકળા, નૃત્યનીકળા એ સર્વે ગમે તેવા વજ્રસમા હૃદયવાળા પુરૂષને પણ આકર્ષવાને અદ્‌ભૂત હતાં. નૃત્યકીનું સંપૂર્ણ ખીલેલું યૌવન પણ હમણાં હજી ઉગી ને ઠીક ઠાક થતું હતું. એનાં એકએક અંગ મોહક હતાં, લાલિત્ય, સૌંદર્ય અને ચાતુર્યથી ભરેલાં હતાં. મનુષ્ય બાળા છતાં દેવને પણ દુર્લભ એવું એનું અથાગ રૂપ હતું.

નૃત્યકીએ પોતાની પાસે જેટલી અભિનયની કળા હતી

તે બધી કનોજરાજના દરબારમાં પ્રગટ કરી, કનોજરાજ બહુજ ખુશી થયો. સૂરિવર આ અભિનય કળા સમયે પણ પુસ્તકમાં નજર રાખીને બેઠા હતા. કેટલીક વારે આખમાં આંખ આવવાથી એમણે નૃત્યકીની તરફ નજર કરી.

કનોજરાજનું ધ્યાન પણ તે તરફ ગયું. એના મનમાં વિચાર થયો કે " સિદ્ધાન્તના પારને પામેલા ને મન, વચનને કાયાના યોગે કરીને યુક્ત એવા સમર્થ યોગીઓ પણ સુંદર રમણીયોના હાવ ભાવમાં લોભાઈ જાય, એ આજે પ્રત્યક્ષ જોયું. ત્યાગની પરાકાષ્ઠાએ પહોંચેલા મારા મિત્ર પણ આ રમણને યોગ્ય રમણીમાં–નૃત્યકીમાં આકર્ષાયા છે. તો આ નૃત્યકીને રાતના એમની પાસે મોકલવી. " રાજાએ એ પ્રમાણે મનમાં સંકલ્પ કરી રાજ સભા બરખાસ્ત કરી.

નૃત્યકીને પણ ખાનગીમાં બોલાવીને સુરિવરની પાસે જવા માટે રાજાએ જણાવ્યું, તે મુજબ એણે રાજાની વાત અંગીકાર કરી, ત્યાંથી વિદાય થઇ ગઈ.

સમય મધ્ય રાત્રીનો થવા આવ્યો છે. જગતમાં અદ્ભૂત શાંતિ છવાઈ રહી છે. અલ્પનિદ્રાળુ જનો પણ અત્યારે નિદ્રાદેવીના ખોળે પોઢેલા હતા. તેવીજ રીતે સૂરિવર પણ પોતાના સ્થાનકે શાંત નિદ્રામાં હતા. તે સમયે એમને જણાયું કે કોઈ સ્રી પોતાના કોમલ કરથી એમના પગ દાબી રહી છે. એવું એ કોમલ કરસ્પર્શ ઉપરથી જાણ્યું. તરતજ સાવધાન થઈ એકદમ બેઠા થઈ ગયા. " અરે અત્યારે આ સમયે આવેલી તું કોણ છે ? "

" મહારાજ ! હું આપની દાસી છું. ? આપની સેવા કરવા ઈન્તેજાર છું ! " નૃત્યકીએ પોતાના કોયલ સમા હમેશના મધુર સ્વરે કહ્યું.

" પણ તું તે કોણ ! " ફરીને પૂછયું.

" રાજસભામાં આપની આગળ નૃત્ય કળા બતાવી આપની પ્રસન્નતા મેળવનાર એક અદના નર્ત્તકી ? " એણે ખુલાસો કર્યો.

એકાંત હતી, રાત્રીનો સમય હતો, પદ્મનીનો તિરસ્કાર કરે એવી સ્વર્ગમાંથી ભ્રષ્ટ થયેલી આ રંભા હતી. પુર્વે પણ વિશ્વામિત્રનું તપ મેનકા અપચ્છરાએ મોહપમાડી ભંગ કર્યું હતું. તેમજ ઉર્વશી, રંભા, તિલોત્તમા વગેરે અપચ્છરાઓએ સ્વર્ગમાંથી ભ્રષ્ટ થઈને યોગીજનોના તપનો ભંગ કર્યો હતો. આજે આ નૃત્યકી સૂરિવરનું તપ ભંગ કરવા આવી હતી. સૂરિવરે જોયું કે "મોટો ઉપસર્ગ આવ્યો. જો કે મારૂં મન એ બાળા લેશમાત્ર ક્ષોભ પમાડી શકશે નહી, પણ દુર્જન પુરૂષોને આકારણ આગળ કરીને જૈન શાસનની નિંદા કરવામાં હું નિમિત્તરૂપ થઈ પડીશ. " સૂરિવર વિચારમાં પડી ગયા. શું ઉપાયથી સલામત રહી શકાય એનો વિચાર કરવા લાગ્યા.

" દેવ ! વલ્લભ ? શું વિચાર કરો છો ? આપના તપથી હું પ્રસન્ન થઇને આવી છું." એકાંતમાં પોતાની અભિનય કળા–કામકળાઓથી પુરૂષના દિલને મુંજવનારી કેલિનો ઉપયોગ કરવા માંડયો.

" બાળા ? તારો પ્રયાસ વૃથા છે. બ્રહ્મચર્યમાં સુદૃઢ એવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યવંત પુરૂષોને તું વ્રત થકી સ્ખલિત કરી શકશે ખરી કે ? " સૂરિવરે એને નિવર્ત્તવાને કહ્યું.

" સ્વામી ? હું આપની પ્રાણવલ્લભા છું. આપને સ્ત્રી સુખની હજી ખબર નથી, આપ એકજ વખત એ રતિસુખનો અનુભવ કરશો તો પછી કોઈ દિવસ આપ મને છોડી શકશો નહી. મારા જેવી સુંદરી મનુષ્યોને કવચિતજ ભાગ્યયોગે પ્રાપ્ત થઈ શકે. આપ શામાટે મારી કદર કરતા નથી." એ અવાજમાં માધુર્ય અનુપમ હતું. નમ્રતાને પ્રાર્થના હતી. આતુરતાને ઉત્સુકતા હતાં એ હાવ ભાવો ખુલે ખુલા પ્રગટ જણાતા હતા. નૃત્યકીએ પોતાનું ઉત્તરીય વસ્ત્ર ઉતારી નાખ્યું.

" બાઈ ? તારા ગમે તેવા ચેનચાળા મને અસર કરશે નહી, શામાટે તારી કાયાને નાહક દુ:ખી કરે છે!" સૂરિવરે કહ્યું.

"નહી, ભગવન્! આપ સાથે રમ્યાવગર હું પાછી જવાની નથી. આપને તપ કરીને પણ સ્ત્રી સુખજ પ્રાપ્ત કરવાનું છે તો હું પ્રત્યક્ષ આવેલીનો અનાદર આપે ન કરવો જોઇએ." નૃત્યકી બોલી.

સૂરિવરે જોયું કે આને સમજાવવું ફોગટ હતું. જેમ જેમ સમજાવીએ છીએ તેમ તે તો અધિકપણે વળગતી જ આવે છે. સુરિવરે કાંઇ પણ જવાબ આપવાનો વિચાર જ માંડી વાળ્યો, યોગતત્વથી ઑંકાર બીજનું સ્મરણ કરતા સિદ્ધાસન

વાળી સમાધિમાં લીન થઇ ગયા,–પરમાત્માના ધ્યાનમાં એક ચિત્તવાળા થયા.

નૃત્યકીએ સૂરિવર આગળ હાવભાવ કરવા માંડયા અંગના મરોડ બતાવતી શ્રૃંગારને ઉત્પન્ન કરનારી ચેષ્ટા કરવા લાગી. મીઠાં મીઠાં કામનાં ગીતો ધીમે સ્વરે ગાવા લાગી. "પુરૂષોત્તમ ! બોલો ? બોલો ? મીઠાં શબ્દોથી મને રીજવી તમારા હૈયામાં દબાવો ? સ્થાન આપો ? હું હવે અધિરી થઇ ગઇ છું. કામના સંતાપથી બળી ગઇ છું" ગમે એટલા મીઠા સ્વરો હતાં પણ સાંભળનાર તો બ્રહ્મમાં લીન હતો.

"માનદ ! શા માટે મારી સાથે અબોલા કર્યા ! શું રીસાયા છો ! તો હું મનાવું ! પ્યારી સ્ત્રી આગળ એના હાવ ભાવ અને રમણીય વિલાસો આગળ પ્રેમમુર્ત્તિની રીસ તે કયાં સુધી રહી શકે ! પ્યારા જાગો ! જાગો ! મને બળતીને ઠારો તમને મહદ્ પુણ્ય થશે. અહીંયાજ તમને મોક્ષ મલશે." જવાબ કાંઇ પણ ન મલ્યો.

રમણી સૂરિવરની પાસે આવી જેમ જડ વસ્તુની સાથે કામથી વ્યાકુળ થયેલી સ્ત્રી કામ ચેષ્ટા કરે એવી રીતે પોતાના કેશ કલાપને ઉચ્છાળતી ને આસ્તેથી એ કેશનો સૂરિના શરીરે સ્પર્શ કરતી પોતાના લાંબા કેશ સુરિના શરીરે વીંટાળતી ક્ષોભ પમાડવા લાગી. "અરે ઢોંગી ! તમારી સમાધી હવે લાંબો વખત રહેવાની નથી. માટે હવે બસ આ ઢોંગ સમાપ્ત કરી મારી સાથે રમો ! મને તૃપ્ત કરો ! " પણ વ્યર્થ એનું પરિણામ કાંઇ આવ્યું નહીં.

પોતાના કેળના ગર્ભસમા નાજુક કોમળ હસ્ત કમળ મુનીવરની ગરદન આસપાસ વીંટાળતી "પ્યારા ? નહીં બોલો ! હું તમને છોડવાની નથી. નહીં બોલો ત્યાં લગી હુ તમને સતાવીશ ! પજવીશ ! તમારે માટે હું કેટલી ઉત્સુક—આતુર છું શા માટે મારી સામુ જોતા નથી. પ્રેમના કલહમાં આવી તે રીસ હોય !" વિગેરે બોલી સૂરિવરને ચલાયમાન કરવા લાગી.

પણ સૂરિજીતો પરમાત્મામાં એકાગ્ર ચિત્તવાળા થઇને સંસારની કોઇ પણ મોહક વસ્તુ જેમના ચિત્તમાંથી નીકળી ગઈ છે. એવા વૈરાગ્યની ઉત્કૃષ્ટ પરાકાષ્ઠાએ પહોંચેલા હતા. ત્યાગીયોને ગમે તેવી સુંદરીયો પણ ગમે તેવી ચેષ્ટાઓ છતાં ન ચલાવી શકે.

દરેક પ્રસંગે નાસીપાસ થવા છતાં નૃત્યકીનો ઉત્સાહ અનુપમ હતો. સૂરિવરસાથે રમવું—ખેલવું એ તેનો નિશ્ચય હતો. ગમે એ રીતે એમનું ધ્યાન છોડાવવા એ અનેક પ્રકારે ચેષ્ટા કરતી. ક્ષણુમાં સૂરિવર આગળ કાલાવાલા કરતી, ખોળા પાથરતી પ્રાર્થનાના મીઠામાં મીઠા શબ્દોથી આજીજી કરતી. " અરે મુનિવર ! તમે તો હૈયાના કઠણ થયા કે શું ! સાક્ષાત દયાના અવતાર તમે તો કહેવાઓ ! અત્યારે મારી દયા કાં ખાતા નથી ! જુઓ દુષ્ટ કામદેવ મારા અંગેઅંગને રગે રગમાં તલમાં તેલની જેમ ભરાઇ મને હેરાન કરી રહ્યો છે. દયાળુ ! મારી ઉપર દયા કરી એ દુષ્ટના પાશમાંથી મને છોડાવો ! આ અબળાનું રક્ષણ કરો ? શું આવી એક નજીવી દયા પણ તમે કરી શકતાં નથી તો મોટી દયા તે તમે કેવી કરવાના ! કૃપા કરી આ એક પંચિદ્રિય જીવને શિકારી કામના પંજામાંથી છોડાવી

એને બચાવી લ્યો ? " એ મધુર શબ્દોની પ્રાર્થના પણ દેવ સાંભળવા તૈયાર નહોતા. પરમાત્માના ધ્યાનમાં લીન થયેલાને એના કાકલુદી ભરેલા શબ્દો પહોંચતા પણ નહોતા. આશાતુર રમણી આશાભંગ થવા લાગી. પોતાની મહેનત વ્યર્થ જતી હોય એમ એને જણાયું.

નર્ત્તકીના અનેક પ્રકારના ઉપસર્ગ છતાં ધ્યાનમાં લીન થયેલા મુનિવરનું ચિત્ત લેશ પણ ચપળ ન થયું. નર્ત્તકીએ પોતાની સર્વ કળાઓ—ચેષ્ટાઓ કરી પણ જડ પ્રકૃતિને કરેલી ચેષ્ટાની માફક એ સર્વ વ્યર્થ ગઈ. એની જીંદગીમાં આ એકજ પુરૂષ આજે એણે જોયો કે આવી અનુકુળ સામગ્રી, સંયોગો છતાં જે કામદેવના તોફાનમાંથી સહીસલામત બચી શકયા. આખરે એ યૌવનનો મદ એનો ગળી ગયો. કામદેવનું તોફાની જોર નરમ પડયું એણે ધાર્યું કે " એતો પરમાત્મા સદૃશ છે. સંસારની કોઇ પણ ચીજ એના વૈરાગી દીલને આકર્ષી શકે એમ નથી. મહાત્માઓમાં પણ શિરોમણી એ પુરૂષ જ્યારે આટલી બધી મારી કામ ક્રિડા છતાં ચલાયમાન ન થયો એથી ખચીત એ વૈરાગ્યમાં પણ દ્રઢ અને વિતરાગી પુરૂષ છે. આવા મહાપુરૂષની મેં આશાતના કરી એ ઠીક ન કર્યું." ઇત્યાદિ વિચારતી નર્ત્તકી પોતાનાં વસ્ત્ર ઠીકઠાક કરી કંચુકીની કસ બરાબર બાંધી પડખે પડેલું ઉત્તરીય વસ્ત્ર પણ ધારણ કરી લીધું. ને જવાને તૈયાર થઇ. જતાં જતાં એ મહાપુરૂષને ખમાવતી કહેવા લાગી. " ભગવન્ ! દુન્યાના વિષય-

રૂપ વિષ્ટામાં પડેલી આ કીડા સરખી અબળાનો દોષ માફ કરજો ? આખી રાત મેં આપની આશાતના કરી આપને સતાવ્યા આમરાજાએ તો આપની ઉપર પ્રસન્ન થઇને આપની પાસે મને મોકલી હતી પણ એ રાજાને ક્યાંથી ખબર હોય કે આ પુરૂષ પુંગવ નર શ્રેષ્ઠ તો જગતને પૂજનીય છે. જેનું મનોબળ વજ્રથી પણ દુર્ભેદ્ય છે એને મારા જેવી અજ્ઞાન અબળા કેવી રીતે ચલાવી શકે. ? દુન્યાની ઘણી ખરી વસ્તુઓમાં તો કલંક રહેલું છે, પણ હે મુનિવર ! જગતમાં તમે તો ખરે નિષ્કલંક છો, જગતની કોઇ પણ શક્તિ તમારૂં ચિત્ત ચલાવવાને સમર્થ નથી. હે મહાપુરૂષ ? મારા અપરાધ ખમજો. " એ પ્રમાણે એ જગતપૂજ્ય પુરૂષને નમન કરી નર્ત્તકી ત્યાંથી પસાર થઇ ગઇ. રાત્રીના ત્રણ પ્રહર વહી ગયા હોવાથી કોઇનો અવરજવર—પગરવ સંભળાય અને આ મહાપુરૂષ પોતાના નિમિત્તે નિષ્કલંક છતાં જગતમાં કલંક પામે, એ તેને મન ઠીક જણાયું નહી, જેથી તેણી ત્યાંથી ચાલી ગઇ. અને એ મહાપુરૂષની અથાગ દૃઢતાનાં વખાણ રાજાને કહી સંભળાવી રાજાની રજા લઇ પોતાને વતન ચાલી ગઇ.

ભાગ ૧ લો સમાપ્ત.

NAVRANG
9428 500 401